श्रीनेमि-लावण्य-दक्ष-सुशीलग्रन्थमालारत्नम्-६



# શ્રીગુરુવંદનભાષ્યનો છંદોબદ્ધ ભાષાનુવાદ

[ વિવેચનાદિ સહિત ]




કર્તાઃ—

શાસનસમ્રાટ્—સૂરિચક્રચક્રવર્તિ—તપોગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય-
નેમિસૂરીશ્વરજી મ૦ શ્રીના પટ્ટાલંકાર વ્યાકરણવાચસ્પતિ-
કવિરત્ન—શાસ્ત્રવિશારદ શ્રીમદ્ વિજયલાવણ્યસૂરીશ્વરજી મ૦
શ્રીના પ્રધાન શિષ્યરત્ન—પંન્યાસપ્રવર શ્રીદક્ષવિજયજી ગણિ-
વરના શિષ્યરત્ન

પંન્યાસ શ્રી. સુશીલવિજયજી ગણી.

श्रीनेमि-लावण्य-दक्ष-सुशीलग्रन्थमालारत्नम्-६



# શ્રીગુરુવંદનભાષ્યનો છંદોબદ્ધ ભાવાનુવાદ

## [ વિવેચનાદિ સહિત ]



કર્ત્તાઃ—

શાસનસમ્રાટ્-સૂરિચક્રચક્રવર્તિ-તપોગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય-નેમિસૂરીશ્વરજી મ૦ શ્રીના પટ્ટાલંકાર વ્યાકરણવાચસ્પતિ-કવિરત્ન-શાસ્ત્રવિશારદ શ્રીમદ્ વિજયલાવણ્યસૂરીશ્વરજી મ૦ શ્રીના પ્રધાન શિષ્યરત્ન-પંન્યાસપ્રવર શ્રીદક્ષવિજયજી ગણિ-વરના શિષ્યરત્ન

પંન્યાસ શ્રી. સુશીલવિજયજી ગણી.

પ્રકાશક—
' શ્રીવિજયલાવણ્યસૂરીશ્વર જ્ઞાનમંદિર '
ના કાર્યવાહક શેઠી ઈશ્વરદાસ મૂલચંદ.
. બોટાદ, સૌરાષ્ટ્ર.

卐

સહાયક—
મુંબઈ–શાન્તાક્રુઝમાં વસતા ધર્મપ્રેમી શ્રમણોપાસક
વોરા ત્રિભોવનદાસ કાળીદાસ ભાવનગરવાળા
તરફથી તેમના સ્વ૦ પિતા કાળીદાસ અને
સ્વ૦ માતા ઉજમબાઈના સ્મરણાર્થે આ
પુસ્તિકા છપાવવા માટે દ્રવ્ય સહાય મળેલ છે.

વીર સં૦ ૨૪૮૪ ] નેમિ સં૦ ૯ [ વિક્રમ સં૦ ૨૦૧૪
નકલ ૧૦૦૦ — પ્રથમાવૃત્તિ — મૂલ્ય ૧-૮-૦


પ્રાપ્તિ-સ્થાન—

[ ૧ ]
વોરા ત્રિભોવનદાસ કાળીદાસ
ઠે. વિલરવિલા, વેસ્ટ શાન્તાક્રૂઝ
ઘોડબંદર રોડ, મુંબઈ નં. ૨૩

[ ૨ ]
સરસ્વતી પુસ્તક ભંડાર
ઠે. રતનપોળ, હાથીખાના,
મુ. અમદાવાદ (ગૂજરાત).

મુદ્રક : જયંતિ દલાલ વસંત પ્રિન્ટિંગ પ્રેસ, ઘીકાંટા, અમદાવાદ.

# પાંચ મુનિપુંગવો.



ધર્મલાભ.
પૂ. આચાર્યશ્રી વિજયલાવણ્ય સૂરીશ્વરજી મહારાજ.
પૂ. પંન્યાસ પ્રવર શ્રી દક્ષવિજયજી ગણિવર્ય.મ.
પૂ. પંન્યાસ પ્રવર શ્રી સુશીલ વિજયજી ગણિવર્ય.મ.
પૂ. મુનિવર્ય શ્રી ચંદ્રપ્રભ વિજયજી મહારાજ.
શાસન સમ્રાટ તપાગચ્છાધિપતિ
બાળ બ્રહ્મચારી પ.પૂ.આ.મ.
શ્રી વિજયનેમિસૂરીશ્વરજી
મહારાજ.
મહેન્દ્ર આર્ટ સ્ટુડીઓ, પાલીતાણા

# પ્રકાશકીય નિવેદન

શ્રી ગ્રંથપ્રકાશક સભા–અમદાવાદ તરફથી અગાઉ ભાષ્યત્રય પૈકી '**શ્રી ચૈત્યવંદનભાષ્યનો છંદોબદ્ધ ભાષાનુવાદ**' મુદ્રિત થયો હતો. ત્યાર પછી આ '**શ્રીગુરુવંદનભાષ્યનો છંદોબદ્ધ ભાષાનુવાદ**' અમારા તરફથી પ્રકાશિત કરવામાં આવે છે.

ભાષ્યત્રયના પ્રણેતા પૂજ્યપાદ આચાર્ય ભગવંત **શ્રીદેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજા** છે અને તેના વિવેચન સહિત છંદોબદ્ધ ભાષાનુવાદક શાસનસમ્રાટ્–સૂરિચક્રચક્રવર્તિ–તપોગચ્છાધિપતિ પરમપૂજ્ય આચાર્યદેવ **શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મ૦** શ્રીના પટ્ટાલંકાર, વ્યાકરણવાચસ્પતિ–કવિરત્ન–શાસ્ત્રવિશારદ પૂજ્યપાદ આચાર્યવર્ય **શ્રીવિજયલાવણ્યસૂરીશ્વરજી મ૦** શ્રીના પ્રધાનશિષ્યરત્ન–પ્રસિદ્ધવક્તા–વિદ્વત્શિરોમણિ–દેશનાદક્ષ પૂજ્ય પંન્યાસપ્રવર **શ્રીદક્ષવિજયજી ગણિવરના** સહોદર મુખ્ય શિષ્યરત્ન–પ્રખરવક્તા–વિદ્વદ્વર્ય–લેખપટુ પૂજ્ય પંન્યાસ **શ્રીસુશીલવિજયજી મહારાજ** છે.

આ ગ્રંથના પ્રસ્તાવનાકાર શતાવધાની **પંડિત ધીરજલાલ ટોકરશી શાહ** છે.

આ ગ્રંથની પ્રેસકોપી મેળવનાર પૂ૦ મુનિવર **શ્રીકલ્યાણપ્રભવિજયજી મ૦** તથા પ્રુફ સંશોધનકાર **પંડિત અંબાલાલ પ્રેમચંદ શાહ** છે.

ચાતુર્માસ વર્ણનકાર–**માસ્તર રતિલાલ છોટાલાલ સંઘવી** છે.

વયોવૃદ્ધ પૂજ્ય મુનિરાજ **શ્રીચંદ્રપ્રભવિજયજી મ૦** શ્રીના સદુપદેશથી આ ગ્રંથ પ્રકાશિત કરવામાં દ્રવ્યસહાયક મુંબઈ–શાન્તાક્રુઝમાં વસતા જ્ઞાનોપાસક–ધર્મનિષ્ઠ **વોરા ત્રિભોવનદાસ કાળીદાસ ભાવનગરવાળા** છે.

આ ગ્રંથનું મુદ્રણકાર્ય અમદાવાદ–વસંત પ્રિન્ટિંગ પ્રેસના માલિક **શા. જયંતિલાલ દલાલે** કરેલ છે.

ઉપરોક્ત સર્વે વ્યક્તિનો આભાર માનતાં, આ ગ્રંથના પ્રકાશનમાં પ્રેસદોષાદિકને લઈ જે કાંઈ અશુદ્ધિ વગેરે રહેલ હોય તેને હંસવૃત્તિથી સુધારી લેવા અને અમને જણાવવા ભલામણ છે.

પ્રકા૦

# પ્રસ્તાવના

મધ્યાહ્ન કરતાં પ્રભાત અને સંધ્યા વિશેષ સ્મરણીય લાગે છે; સાગર કરતાં સરિતાનો તટ વિશેષ સોહામણો જણાય છે; અને પુરુષ કરતાં નારીની કાયામાં રૂપ તથા લાવણ્યનું પ્રમાણ અધિક જોવામાં આવે છે. તે જ રીતે અર્થપ્રચુર ગંભીર ગદ્યકૃતિઓ કરતાં તેમાંથી તારવેલાં નાનાં નાનાં પ્રકરણો અને તેમાંથી સ્ફુરેલા વિવિધ છંદોમય સ્તવન–સ્તોત્રોમાં રસાદિનું પ્રમાણ અધિક હોય છે; અને તે જ કદાચ તેની લોકપ્રિયતા તથા વિશેષ પ્રચારનું કારણ હોય.

જૈન સાહિત્યમાં આવાં અનેક પ્રકરણો તથા સ્તવન–સ્તોત્રો વિદ્યમાન છે પણ તેમાંનાં કેટલાંક પ્રાકૃત ભાષામાં, કેટલાંક સંસ્કૃત ભાષામાં તો કેટલાંક અપભ્રંશ વગેરે ભાષામાં હોઈ સામાન્ય જનતા તેનો લાભ લઈ શકતી નથી. તેથી વ્યાકરણવાચસ્પતિ કવિરત્ન શાસ્ત્રવિશારદ પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી મહારાજના પ્રધાન શિષ્યરત્ન કાવ્યકલાકોવિદ પંન્યાસ શ્રી દક્ષવિજય મહારાજના ચરણચંચરીક પંન્યાસ શ્રી સુશીલવિજયજી ગણિવર્યે એ કૃતિઓના ગૂર્જર ભાષામાં ભાવાનુવાદો કરવા માંડ્યા છે અને તે લઘુ પુસ્તિકાકારે પ્રકટ થઈ રહ્યા છે એ શ્રુતોપાસક વર્ગ માટે તો અસીમ આનન્દનો જ વિષય ગણી શકાય.

જૈન પરંપરામાં ગુરુપદનું મહત્ત્વ ઘણું છે અને મોક્ષમાર્ગના સાધકો માટે તો એ ધ્રુવતારક જ મનાયેલું છે. તેથી જ સર્વ સાધકો ગુરુકુલમાં વાસ કરે છે, ગુરુના આદેશ મુજબ વર્તે છે અને ગુરુનો પૂરેપૂરો વિનય સાચવીને જ શ્રુતાધ્યયનાદિ સર્વ કાર્યો સંપન્ન કરે છે. વાચકમુખ્ય શ્રી ઉમાસ્વાતિ મહારાજ 'પ્રશમરતિપ્રકરણ'માં આપણને આ વિનયગુણની મહત્તા સમજાવતાં કહે છે કે—

विनयफलं शुश्रूषा, गुरुशुश्रूषाफलं श्रुतज्ञानम् ।
ज्ञानस्य फलं विरतिर्विरतिफलं चास्रवनिरोधः ॥

संवरफलं तपोबलमथ तपसो निर्जराफलं दृष्टम् ।
तस्मात् क्रियानिवृत्तिः, क्रियानिवृत्तेरयोगित्वम् ॥

योगनिरोधाद् भवसन्ततिक्षयः सन्ततिक्षयान्मोक्षः ।
तस्मात् कल्याणानां, सर्वेषां भाजनं विनयः ॥

વિનયનું ફળ ગુરુ-શુશ્રૂષા છે, ગુરુશુશ્રૂષાનું ફળ શ્રુત-જ્ઞાનની પ્રાપ્તિ છે, શ્રુતજ્ઞાનની પ્રાપ્તિનું ફળ વિરતિ છે અને વિરતિનું ફળ આસ્રવ નિરોધ એટલે સંવર, તેનું ફળ તપોબળ છે અને તપોબળનું ફળ નિર્જરા છે કે જેનાથી ક્રિયાની નિવૃત્તિ થાય છે. ક્રિયાની નિવૃત્તિ થતાં અયોગિત્વ એટલે યોગરહિતપણું પ્રાપ્ત થાય છે અને યોગરહિતપણું પ્રાપ્ત થતાં ભવપરંપરાનો ક્ષય થાય છે. ભવપરંપરાનો ક્ષય એ જ મોક્ષ છે. આમ વિનય એ સર્વ કલ્યાણોનું ભાજન છે

અધિકારભેદથી આ વિનયના સ્વરૂપો અનેક પ્રકારના છે પણ તેનું મુખ્ય સ્વરૂપ વિધિપૂર્વકનું વંદન છે અને તેથી જ તે પરમાત્મ-પદના પથિકો માટે અત્યંત આવશ્યક મનાયેલું છે. શાસ્ત્રકાર મહર્ષિઓ કહે છે કે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપથી યુક્ત એવા ગુરુને વિધિ-પૂર્વક વંદન કરવાથી તે ગુણોની શુદ્ધિ થાય છે, તાત્પર્ય કે ગુરુવંદનનું ફળ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપનો લાભ છે અને તે જ પરમ-જ્ઞાનીઓએ પ્રબોધેલો પરમાત્મપદ પામવાનો પ્રશસ્ત માર્ગ છે.

ગુરુને વંદન કેટલા પ્રકારે થાય ? તેમાં ઉત્કૃષ્ટ વંદન કયું ? અને તેનો સમુચિત વિધિ શો ? એ સંબંધમાં શાસ્ત્રકારોએ વિસ્તૃત વિવેચન કરેલું છે. તેનો સાર ગ્રહણ કરીને શ્રીમાન્ દેવેન્દ્રસૂરિએ પ્રાકૃતભાષામાં 'ગુરુવન્દન-ભાષ્ય'ની રચના કરી છે અને તે માત્ર ૪૧ ગાથાપ્રમાણ

હોવાથી અભ્યાસીઓને કંઠસ્થ કરવામાં ઘણી સરળ જણાય છે. આજે પંચપ્રતિક્રમણ તથા ચાર પ્રકરણોનો અભ્યાસ કર્યા પછી તરત જ ત્રણ ભાષ્યો કંઠસ્થ કરવાનો રિવાજ છે, તેમાં આ ગુરુવન્દન ભાષ્યનો પણ સમાવેશ થાય છે, એટલે તેની લોકપ્રિયતા અને વ્યાપકતાનો ખ્યાલ આવી શકે છે.

પૂજ્ય પંન્યાસજીની શોધક દૃષ્ટિને આ કૃતિમાં કંઈક અવનવું જણાયું, કંઈક હૃદયસ્પર્શી લાગ્યું અને તેમની હૃદયવીણાના તાર ઝણ-ઝણવા લાગ્યા. તેમાંથી હરિગીત છંદ પ્રકટ થયો અને તેણે ગૂર્જર ભાષામાં ૫૫ પગથીઓ માંડીને સારીયે કૃતિને આવરી લીધી. છેવટે શાર્દૂલવિક્રીડિતનાં બે પદ્યો વડે તેની પ્રશસ્તિ ઉચ્ચારી ને એ રીતે આજે એ કૃતિ શ્રી ગુરુવન્દનભાષ્યના છન્દોબદ્ધ ભાવાનુવાદ તરીકે આપણી સમક્ષ આવી રહી છે.

આ ભાવાનુવાદની ભાષા સરળ છે અને તેમાં કેટલેક સ્થળે પ્રસાદ પણ ઝળકી રહ્યો છે. તેણે વસ્તુના મૂળ સ્વરૂપને સ્ફુટ કરવા તરફ જ પ્રધાન લક્ષ્ય રાખ્યું છે એટલે કોઈ પણ સ્થળે વિષયાંતર થયું નથી કે કલ્પનાના ઉડ્ડયનને અવકાશ મળ્યો નથી. આપણે તેને સ્વેચ્છાએ સ્વીકારેલો સંયમ માનીને આનંદ પામીએ અને સાથે સાથે તેઓશ્રીના હાથે કેટલીક પદ્યમય મૌલિક કૃતિઓ પણ રચાય એવું ઇચ્છી આ લઘુ પ્રસ્તાવનાને સમાપ્ત કરીશું.

તા. ૧૦–૧૨–૫૭
મુંબઈ

સંઘસેવક
ધીરજલાલ ટોકરશી શાહ

॥ श्रीकुंथुनाथाय नमः ॥

## —: વોરા ત્રિભોવનદાસ કાળીદાસનો જીવનપરિચય :—


જ્યાં ધર્મ શ્રદ્ધાથી રંગાયેલી આપણા જૈનોની વિશાળ વસ્તી છે એવા ભાવનગર શહેરમાં સામાન્ય સ્થિતિવાળું એક કુટુંબ હતું, જે વોરા કુટુંબમાં કાલીદાસભાઈના નામે ખ્યાત ધર્મનિષ્ઠ પુરુષ હતા. તેમની ધર્મ-પત્નીનું નામ ઉજમબાઈ હતું. તેમને ત્યાં સં. ૧૯૪૬ના અષાડ સુદિ ૯ના રોજ એક પુત્રનો જન્મ થયો. તેમનું નામ ત્રિભોવનદાસ રાખવામાં આવ્યું. દશેક વર્ષની ઉંમર થયા પછી તેમના પિતાશ્રીનો સં. ૧૯૫૬ની સાલમાં દેહોત્સર્ગ થયો. તે પછી પોતે પોતાના અનુભવથી જ અભ્યાસ કરી અને મુંબઈ જેવી વિશાળ નગરીમાં આવ્યા. અભ્યાસ ગુજરાતી સાત અને અંગ્રેજી ૭ ચોપડીનો જ કરેલ છે. છતાં ધીરે ધીરે અનુભવથી આગળ વધતાં તેઓ વેપારીક્ષેત્રમાં પૂછવાલાયક યોગ્યતા ધરાવી શક્યા. તેમનાં ધર્મપત્નીનું નામ હરકોરબેન હતું. તેઓ પણ ધર્મની સુણી જ સુંદર ભાવનાવાળાં અને માસક્ષમણ, ઓળી વગેરેની તપસ્યાના સંસ્કારોવાળાં અને ધાર્મિક જીવનનું ઘડતર પામેલાં હતાં. શેઠ ત્રિભોવનદાસ પોતાના વતનમાં કોઈ પણ સાધર્મિક બંધુઓ અથવા બહેનોને આર્થિક સ્થિતિમાં રીબાતા જુએ–જાણે ત્યારે તેમને ગુપ્તપણે મદદો કરવામાં ઉત્સાહી રહ્યા છે. આજે પણ તેઓ પોતાંની શક્તિ અનુસાર એવાં કાર્યો કરે છે. વળી, પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજયલાવણ્યસૂરીશ્વરજી મહારાજ સાહેબનું સંવત ૨૦૧૨ની સાલમાં શાંતાક્રુઝમાં ચોમાસુ થયું ત્યારે નીચે પ્રમાણે લક્ષ્મીનો સદુપયોગ કરેલ છે.

પ. પૂ. પંન્યાસજી મહારાજ સાહેબ શ્રી સુશીલવિજયજી મહારાજ સાહેબના પુનિત હસ્તે લખાયેલ નીચેનાં પુસ્તકો તેમની આર્થિક સહાયથી છપાયેલ છે.

૧. દીક્ષાનો દિવ્ય પ્રકાશ.

૨. શ્રી. નવાણું અભિષેકની પૂજા.

શ્રીયુત ત્રીભોવનદાસ કાળીદાસ વોરા



જન્મ: વિ. સંવત ૧૯૪૬ ના અશાડ શુદિ નવમી.
ભાવનગર.

૩. દ્વાત્રિંશતદ્વાત્રિંશિકા. ભા. ૪થો.

તે સિવાય રૂા. ૧૦૦૧) બોટાદ જૈન જ્ઞાન મંદિરમાં અર્પણ કરેલ છે.

મલાડ–દેવચંદનગરમાં ઉપધાનની માળ પ્રસંગે પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજયનેમિસૂરીશ્વરજીની પ્રતિમાને પધરાવવાનો લાભ પણ તેમણે લીધો હતો.

હાલ પણ પ. પૂ. પંન્યાસજી મહારાજ સાહેબ શ્રી રામવિજયજી ગણીએ 'શ્રી કુંથુનાથ જિનપૂજા' નવીન બનાવેલ છે તે પણ તેમની આર્થિક સહાયથી છપાવાય છે અને પૂ. પં. શ્રીદક્ષવિજયજી મહારાજશ્રીએ રચેલી વ્યાકરણની શબ્દરૂપાવલી પણ તેમની ઉદારતાથી ટૂંક સમયમાં પ્રગટ થશે.

અંતમાં તેઓશ્રીના પિતાશ્રી અવસાન પામ્યા ત્યારે ઘણી જ સામાન્ય સ્થિતિ હતી. પરંતુ બુદ્ધિબળથી આગળ વધીને જેમ વેપારી ક્ષેત્રમાં નામના નોંધાવી છે તેમ ધર્મકાર્યોમાં પણ તેઓ ઉજ્જવળ કારકીર્દિ મેળવી શક્યા છે. હજી પણ તેઓ વિશેષપણે કાર્ય કરતા રહે અને શાસનદેવ તેમનાં કાર્યોમાં સદા સહાય કરતા રહે એ જ ઇચ્છીએ.

રતિલાલ છોટાલાલ ઝવેરી
સુરેલવાળા

# વિ...ષ...યા...નુ...ક્ર...મ...ણિ...કા.


| વિષય | પૃષ્ઠ નંબર |
|---|---|
| ૧. પ્રકાશકીય નિવેદન– | ૩ |
| ૨. પ્રસ્તાવના– | ૫ |
| ૩. આર્થિક સહાયકનું જીવનચરિત્ર– | ૮ |
| ૪. વિષયાનુક્રમણિકા– | ૧૦ |
| ૫. આચાર્યદેવ શ્રીમદ્દ વિજયલાવણ્ય–સૂરીશ્વરજીનાં મુંબઈના ઉપનગરોમાં થયેલાં બે ચાતુર્માસોનું વર્ણન– | ૧૩ |
| ૬. પ્રભુ પ્રાર્થનાષ્ટક– | ૪૧ |
| ૭. પંચિંદિય–ગુરુસ્થાપના સૂત્ર– | ૪૩ |
| ૮. ગુરુનું શરણ– | ૪૫ |
| ૯. ગુરુગુણવર્ણન– | ૪૮ |
| ૧૦. ગુરુપ્રાર્થનાષ્ટક– | ૪૯ |
| ૧૧. શ્રીશાસન સમ્રાટ્ સ્તુત્યષ્ટક– | ૫૧ |
| ૧૨. પરિશિષ્ટ ચોથાનું અનુસંધાન | ૫૩ |
| ૧. [ ગ્રંથસંબંધ અને ગુરુવંદનના ત્રણ પ્રકાર ] | ૧ |
| ૨. ( ફેટાવંદન આ રીતે થાય– ) | ૨ |
| ૩. ( છોભવંદન આ રીતે થાય– ) | ૨ |
| ૪. ( બે વાર વંદના કરવાનું કારણ ) | ૨ |
| ૫. ( ગુરુને વંદના કરવાની આવશ્યકતા ) | ૩ |
| ૬. ( દ્વાદશાવર્ત્તવંદન કેવી રીતે કરાય ? ) | ૪ |
| ૭. ( ત્રણ વંદન કોને કોને થાય ?– ) | ૫ |
| ૮. [ વંદનના પાંચ નામ અને તેને લગતું આવશ્યક નિર્યુક્તિનું કથન ] | ૬ |
| ૯. [ વંદનાનાં ૨૨ દ્વાર અને તેમાં આવતી હકીકતનું સંક્ષિપ્ત સ્પષ્ટીકરણ ] | ૮ |

૧૦. [ ૨૨ પ્રકારના મૂળ દ્વારના ૪૯૨ ઉત્તરભેદોને જણાવનારું કોષ્ઠક ] ૧૦
૧૧. [ ગુરુવંદનનાં પાંચ નામને પ્રતિપાદન કરતું દ્વાર પહેલું ] ૧૨
૧૨. [ વંદનના પાંચ દૃષ્ટાંતને બતાવતું દ્વાર બીજું ] ૧૪
૧૩. [ વંદનકર્મ ઉપર શીતલાચાર્યનું દૃષ્ટાંત ] ૧૫
૧૪. [ ચિતિકર્મ ઉપર ક્ષુલ્લકાચાર્યનું દૃષ્ટાંત ] ૧૭
૧૫. [ કૃતિકર્મ પર કૃષ્ણ અને વીરકશાલવીનું દૃષ્ટાંત ] ૧૯
૧૬. [ વિનયકર્મ પર બે રાજસેવકનું દૃષ્ટાંત ] ૨૧
૧૭. [ પૂજાકર્મ પર પાલક અને શામ્બકુમારનું દૃષ્ટાંત ] ૨૨
૧૮. ભેદ અને દૃષ્ટાંતપૂર્વક વંદનનાં પાંચ નામો ૨૩
૧૯. [ પાસત્થાદિક પાંચ અવંદનીયનું દ્વાર ત્રીજું ] ૨૪
૨૦. અવંદનીય પાંચ સાધુ અને ભેદો ૩૦
૨૧. [ આચાર્યાદિક પાંચ અવંદનીયનું દ્વાર ચોથું ] ૩૧
૨૨. [ દીક્ષિત ચાર પાસે વંદના ન કરાવવી, તે સંબંધી દ્વાર પાંચમું ] ૩૨
૨૩. [ ચાર પાસે વંદના કરાવવી, તે સંબંધી દ્વાર ૬ઠું ] ૩૩
૨૪. [ પાંચ સ્થાને વંદન ન કરવાનું દ્વાર ૭ મું ] ૩૩
૨૫. [ ચાર સ્થાને વંદન કરવાનું દ્વાર ૮ મું ] ૩૪
૨૬. [ આઠ કારણે વંદના કરવાનું દ્વાર ૯ મું ] ૩૫
૨૭. [ દ્વાદશાવર્ત વંદનના પચીશ આવશ્યકનું દ્વાર ૧૦ મું ] ૩૮
૨૮. ( પૂર્વોક્ત પચીશ આવશ્યકમાંથી એક પણ આવશ્યકને વિરાધવાથી કર્મનિર્જરા થતી નથી ) ૩૯
૨૯. [ મુહપત્તિની પચ્ચીશ પડિલેહણાનું દ્વાર ૧૧ મું ] ૪૪
૩૦. [ શરીરની પચીશ પડિલેહણાનું દ્વાર ૧૨ મું. ] ૪૯
૩૧. [ મુહપત્તિના ૫૦ બોલનું યંત્ર ] ૫૩
૩૨. ગુરુવંદનમાં ટાળવા યોગ્ય ૩૨ દોષને જણાવતું દ્વાર ૧૩ મું. ] ૫૫

૩૩. [ વંદનથી ઉત્પન્ન થતા ૭ ગુણને જણાવનારું દ્વાર ૧૪ મું. ] ૬૫

૩૪. [ ગુરુના અભાવમાં ગુરુસ્થાપના સ્થાપવા સંબંધી દ્વાર ૧૫ મું. ] ૬૭

૩૫. [ બે પ્રકારના અવગ્રહને જણાવનારું દ્વાર ૧૬ મું. ] ૭૧

૩૬. ( વંદનસૂત્રના સર્વવર્ણ સંખ્યાનું દ્વાર ૧૭ મું. ] ૭૩

૩૭. [ વંદનસૂત્રની પદસંખ્યાનું દ્વાર ૧૮ મું. ] ૭૩

૩૮. [ વંદન કરનાર શિષ્યનાં ૬ સ્થાનનું દ્વાર ૧૯ મું. ] ૭૫

૩૯. [ વંદનના ૬ સ્થાનમાં ગુરુના ૬ વચનનું દ્વાર ૨૦ મું. ] ૭૬

૪૦. [ ગુરુ પ્રત્યે થતી તેત્રીશ આશાતના ટાળવાનું દ્વાર ૨૧ મું ] ૭૯

૪૧. [ બૃહદ્ ગુરુવંદન કરવાની બે વિધિનું દ્વાર ૨૨ મું. ] ૮૯

૪૨. [ વિધિપૂર્વક વંદન કરવાથી પ્રાપ્ત થતો મહાન્ લાભ. ] ૯૩

૪૩. [ ગ્રંથકારની લઘુતા અને ગીતાર્થોને ભલામણ ] ૯૫

૪૪. છંદોબદ્ધ ભાષાનુવાદ કર્તાની પ્રશસ્તિ. ૯૬

૪૫. પરિશિષ્ટ પહેલું – ગુરુવંદન ભાષ્ય મૂળ. ૯૭

૪૬. પરિશિષ્ટ બીજું – ગુરુવંદન ભાષ્યની સંસ્કૃત છાયા. ૧૦૧

૪૭. પરિશિષ્ટ ત્રીજું – ગુરુવંદન ભાષ્યનો સંક્ષિપ્ત સાર. ૧૦૫

૪૮. પરિશિષ્ટ ચોથું – ગુરુવંદન ભાષ્યનો છંદોબદ્ધ ભાષાનુવાદ. ૧૨૭

卐 ॐ अर्हं नमः 卐

॥ शासनसम्राट् श्रीनेमिसूरिसद्गुरवे नमः ॥

## પરમશાસનપ્રભાવક–અજોડ વ્યાખ્યાનકાર–
### સાતલાખ શ્લોકપ્રમાણ સંસ્કૃત સાહિત્યના સ્રષ્ટા
### પૂજ્યપાદ
# આચાર્યદેવ શ્રીમદ્‌વિજયલાવણ્યસૂરીશ્વરજી મ૦
### નાં મુંબઈનગરના ઉપનગરમાં થયેલાં
### ચિરસ્મરણીય બે ચાતુર્માસ.

**સુપ્રસિદ્ધ** મહારાષ્ટ્રના પૂના શહેરમાં પૂનાના ઇતિહાસમાં અંકિત થયેલ અપૂર્વશાસનપ્રભાવક એવાં બન્ને [ વિક્રમ સં૦ ૨૦૦૯ ને ૨૦૧૦ નાં ] ચાતુર્માસ પૂર્ણ કરી, ૨૦૧૧ ના ચૈત્ર શુદ ૧૩ ના શ્રમણ ભગવાન્ મહાવીર પરમાત્માનો જન્મ કલ્યાણક દિવસ અને વૈશાખ શુદ ત્રીજ–પાંચમના શ્રીઋષભદેવ કેશરાદિ મંદિરની અંજનશલાકા–પ્રતિષ્ઠાનો પ્રથમ સાલગીરી મહોત્સવ સુંદર રીતે ઊજવી, તથા સંઘમાં શાન્તિ અને એકતા સ્થાપી, ખાપોલીમાં કપડવંજનિવાસી શા૦ હીરાલાલ શંકરલાલના નવવર્ષની વયના સુપુત્ર રમેશકુમારને વૈશાખ વદ પાંચમના દીક્ષા આપીને મુનિરાજ શ્રીચંદનવિજયજીના શિષ્ય તરીકે બાલમુનિ શ્રીરત્નશેખરવિજયજી નામ સ્થાપન કરી, પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયલાવણ્યસૂરીશ્વરજી મ૦ પૂજ્ય પંન્યાસ શ્રી સુશીલવિજયજી ગણિ આદિ વિશાલ પરિવાર સહિત થાણા–શ્રી સંઘની સાગ્રહ વિનંતિને સ્વીકારી થાણાનગરમાં ચાતુર્માસ કરવા પધાર્યા.

# ૨૦૧૧ની સાલનું ચાતુર્માસ

## [ થાણાનગર ]

(૧) શ્રી સંઘે જેઠ શુદ બીજના દિને કરેલું ભાવભીનું સામૈયું.

(૨) પૂ આચાર્ય મહારાજ અને પૂ. પંન્યાસજી મ. ના સદુપદેશથી શ્રી સંઘે ચાર મહિના પર્યંત આયંબિલ તપ-ખાતાની કરેલી સ્થાપના અને તેનો શ્રી ચતુર્વિધ સંઘે લીધેલો અનુપમ લાભ.

(૩) પરમપૂજ્ય આચાર્ય ભગવંતના ૩૯મા દીક્ષાપર્યાય વર્ષનો, અને બાલમુનિ શ્રીરત્નશેખરવિજયજીની વડી દીક્ષાનો ઉજવાયેલો અશાડ શુદિ ૫નો દિવસ. તે દિવસે મુનિ શ્રીજીતેન્દ્રવિજયજીએ જ્ઞાનપંચમી, સાધ્વીજીએ વીશ સ્થાનક અને સાદડીવાળા શ્રેષ્ઠી શ્રી તારાચંદજી આદિ ભાઈ બહેનોએ વીશ સ્થાનક, જ્ઞાનપંચમી, રોહિણી, વર્ધમાનતપાદિ ઉચ્ચર્યાં હતાં.

(૪) અશાડ વદિ ૫ને રવિવાર, તા. ૧૦–૭–૧૯૫૫ના બપોરે પૂજ્ય શ્રી ભગવતીજી સૂત્રનો ભવ્ય વરઘોડો, અને રાતના રાત્રિજાગરણ શેઠ શ્રી ગુલાબચંદજી નરસીંહજીને ત્યાં થયેલ. તથા અશાડ વદ ૬ને સોમવાર, તા. ૧૧–૭–૫૫ના દિવસે પણ સવારના વરઘોડો, પાંચ ગીનીથી પૂજન અને વિધિસહિત, અજોડ વ્યાખ્યાનકાર પૂજ્યપાદ આચાર્યદેવના મુખથી પરમ-પાવન પૂજ્ય ‘ શ્રી ભગવતીજી સૂત્ર ’નો તથા ‘ શ્રીવિક્રમચરિત્ર ’નો મંગલમય પ્રારંભ. બપોરે ૧૧ અંગની પૂજા–પ્રભાવના તથા રાતના ભાવનાદિ.

અખંડ એક મહિના સુધી પૂજ્યપાદ આચાર્ય ભગવંતે, ત્યારપછી પૂજ્ય પંન્યાસજી મહારાજે પૂજ્ય 'શ્રી ભગવતીજી સૂત્ર' અને 'શ્રીવિક્રમચરિત્ર'ના વ્યાખ્યાનનો આપેલો અપૂર્વ લાભ.

તેનો પ્રતિદિન ત્યાંના સ્થાયી સંઘે તથા અવારનવાર મુંબઈ-નગર અને ઉપનગરના ભાવુકોએ સહર્ષ લીધેલો લાભ.

(૫) શ્રી પર્યુષણાપર્વાધિરાજની સુંદર આરાધના. આઠ દિવસ પૂજા-પ્રભાવના-આંગી ભાવનાદિ તપસ્વી મુનિ શ્રીકંચનવિજયજીએ ૨૦ ઉપવાસની મુનિ શ્રીવિકાશવિજયજીએ આઠ ઉપવાસની, સાધ્વીજીએ આઠ ઉપવાસની તથા ન્યાલચંદ તારાચંદજીએ ૧૬ ઉપવાસની તપશ્ચર્યા કરી હતી. એ ઉપરાંત ચતુર્માસ દરમ્યાન ચતુર્વિધ સંઘમાં પણ વર્ધમાનતપ, વીશ સ્થાનક અને અન્ય નાનાં તપોની આરાધના થયેલ હતી.

(૬) થાણા ડીસ્ટ્રીકટ પોલિસ સુપ્રીટેન્ડન્ટ ઠોન્ડ શેકરભાઈ, સર ચુનીલાલ ભાઈચંદ, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રેસીડેન્ટ કસ્તૂરભાઈ લાલભાઈ, શેઠ હાથીભાઈ ગલાલચંદ શેઠ જીવતલાલ પ્રતાપસિંહ, શેઠ ભોગીલાલ લહેરચંદ, શેઠ બાબુભાઈ ફકીરચંદ, શેઠ અમરતલાલ કાળીદાસ, શેઠ રમણલાલ દલસુખભાઈ, શેઠ દામજી જેઠાભાઇ, શેઠ ખુશાલભાઈ ખેંગારભાઈ, શેઠ કાન્તિલાલ ઈશ્વરલાલ તથા સેવંતીભાઇ, શેઠ બાપાલાલ ગભરૂચંદ, શેઠ હિમ્મતલાલ મણીલાલ, શેઠ છોટાલાલ મગનલાલ, શેઠ ચિનુભાઇ રવિચંદ, શેઠ મૂળજીભાઈ દુર્લભદાસ, શેઠ નગીનદાસ જાદવજી, શેઠ ભાણજીભાઇ ધરમશી, શેઠ રતિલાલ મણીલાલ નાણાવટી, શેઠ સારાભાઈ નગીનદાસ, શેઠ ભવાનજી માણેકજી

બોના, શેઠ લાલભાઈ ફુલચંદ ઘીયા, શેઠ કેશવલાલ બુલાખીદાસ, શાહ પોપટલાલ રામચંદ (આમદાર), શેઠ ધીરજલાલ ગીરધરલાલ, શેઠ ફતેચંદ ઝવેરચંદ, શેઠ ફુલચંદ છગનલાલ, શેઠ ફતેચંદ પ્રેમચંદ વગેરે. એ ઉપરાંત માટુંગા–શાન્તાક્રુજ, બોરીવલી, મુલુંડ, ઘાટકોપર, અંધેરી, ભાંડુપ, થાણા અને મુંબઈના હજારો ભાઈ–બહેનોએ અવારનવાર વંદનાર્થે ચાતુર્માસ દરમ્યાન લાભ લીધો હતો. મુલુંડથી પૂજ્ય પંન્યાસ પ્રવર શ્રી યશોભદ્રવિજયજી મહારાજ પણ સપરિવાર વંદનાર્થે આવ્યા હતા. એ ઉપરાંત તેરાપંથી મુનિ શ્રીઅમુલખચંદજી તથા શ્રીનગરરાજજી પણ મળવાને આવ્યા હતા.

(૭) ચતુર્માસ પરાવર્તન રવિઈન્ડસ્ટ્રીજવાળા શેઠ રતિલાલ ઉજમશીભાઇને ત્યાં કર્યું હતું. પૂજામાં સુપ્રસિદ્ધ સંગીતકાર લક્ષ્મીચંદભાઈએ તથા ચાણસ્માવાળા રતિલાલ લહેરચંદે સારો રંસ જમાવ્યો હતો.

(૮) ચાતુર્માસ બાદ પૂજ્ય 'શ્રીભગવતીજીસૂત્ર'ના પ્રથમ શતકની પૂર્ણાહુતિ નિમિત્તે વરઘોડો, પૂજા–પ્રભાવના, તથા ગીનીથી પૂજન શ્રીમતી ચંદનબહેન તરફથી થયેલ હતું.

આ ચતુર્માસ કરાવવામાં અને તેને દીપાવવામાં મારવાડી સંઘના અગ્રગણ્ય શેઠ રૂપચંદજીનો મુખ્ય હિસ્સો હતો અને શ્રી સંઘે પણ સારો સહકાર આપ્યો હતો.

## [ મુલુન્ડ ]

થાણામાં ચતુર્માસ કર્યા બાદ મુલુન્ડમાં ૨૨ દિવસની સ્થિરતા. વ્યાખ્યાનાદિકનો શ્રીસંઘે લીધેલો અનુપમ લાભ.

પૂ. પંન્યાસજી મ. નાં '**સાચા સુખનાં સાધનો**' અને **વિશ્વશાન્તિ**ના સર્જક કોણ ?' એ ઉપર થયેલાં બન્ને જાહેર વ્યાખ્યાનો. દર રવિવારે પૂજા–પ્રભાવનાનો કાર્યક્રમ. મુંબઈના ખંભાતી મિત્રમંડળે પૂજા પ્રભાવના અને સ્વામીવાત્સલ્યનો લાભ લેવા ઉપરાંત પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રીના સદુપદેશથી ત્યાંના ઉપાશ્રયખાતે આપેલી ૨૫૦ રૂપિયાની રકમ.

## [ ભાંડુપ ]

મુલુન્ડથી વિહાર કરી ભાંડુપમાં ૧૫ દિવસની સ્થિરતા. તે દરમ્યાન શ્રીસંઘે લીધેલો વ્યાખ્યાનાદિકનો સુંદર લાભ. અમ્ચી મુંબઈનું તોફાન, મુંબઈ અને ઉપનગરમાં ફાટી નીકળવા છતાં પૂ. આચાર્યમહારાજશ્રીના પુણ્યપ્રભાવથી આખા ભાંડુપમાં અપૂર્વ શાંતિ. સ્થાનકવાસી સંપ્રદાયના સુપ્રસિદ્ધ મુનિ શ્રીસહસ્રમલજી આદિ પાંચ ઠાણાઓ પણ એક જ સ્થાનમાં ૧૫ દિવસ સુધી સાથે રહ્યા હતા અને પરસ્પર જ્ઞાનગોષ્ઠી વગેરેનો સુંદર સુમેળ સધાયો હતો. આથી શાસનની શોભામાં અભિવૃદ્ધિ થઈ હતી.

## [ ઘાટકોપર ]

ભાંડુપથી વિહાર કરી ઘાટકોપર પધાર્યા હતા. ત્યાં ૫–૬ દિવસ સ્થિરતા કરી હતી. તે દરમ્યાન અત્રે મુંબઈના ઉપનગર ઘાટકોપરમાં પ્રથમ જ વાર શાસનસમ્રાટ સૂરિચક્રચક્રવર્તિ પરમપૂજ્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ. શ્રીના ચારે આચાર્ય મહારાજો [ પૂ. આચાર્ય શ્રીવિજયવિજ્ઞાનસૂરિજી મ., પૂ. આચાર્ય શ્રી વિજયામૃતસૂરિજી મ., પૂ. આચાર્ય શ્રી વિજયલાવણ્યસૂરિજી મ. તથા પૂ. વિજય-

કસ્તૂરસૂરિજી મ૦], બે પંન્યાસો [પૂ. પંન્યાસ શ્રીસુશીલવિજયજી ગણી તથા પૂ. પંન્યાસ શ્રીપ્રિયંકરવિજયજી ગણી] અને વિશાલ મુનિસમુદાય એકત્રિત થયો હતો અને એ પ્રસંગે શેઠ શ્રીવાડીલાલ ચત્રભુજે ચારે આચાર્ય મહારાજોને મુંબઈ અને ઉપનગરમાં બિરાજતા પોતાના સકલ પરિવાર સહિત આ સાલ અત્રે ચાતુર્માસ કરવાની તથા પોતે ઉપધાન કરવા અને બીજાઓને કરાવવાની સહર્ષ વિનંતિ કરી હતી. શ્રી સંઘે વ્યાખ્યાદિકનો અનુપમ લાભ લીધો હતો.

## [ શાન્તાક્રુઝ ]

ઘાટકોપરથી વિહાર કરી શાન્તાક્રુઝમાં એક મહિનાની સ્થિરતા કરી હતી. તે દરમ્યાન અગાસીથી વિહાર કરી પૂજ્યપાદ આચાર્ય મ. શ્રીના મુખ્ય પટ્ટધર પૂજ્ય પંન્યાસજીમહારાજ શ્રી દક્ષવિજયજી ગણિવર્ય પણ સપરિવાર વંદનાર્થે પધાર્યા હતા. દેવાધિદેવ શ્રી કુંથુનાથ પરમાત્માની પ્રતિષ્ઠાનો ૧૪મો વાર્ષિક મહોત્સવ અને ચાણસ્મામંડન શ્રી ભટેવાજી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠાનો વાર્ષિકોત્સવ મુંબઈમાં વસતા ચાણસ્માના ૨૫૦ ભાઈ–બહેનોએ શાંતાક્રુઝ આવી શ્રીસંઘની સાથે ફાગણ શુદ ત્રીજનો દિવસ પૂજા, પ્રભાવના, આંગી, ભાવના અને જમણ વગેરેથી સુંદર રીતે ઊજવ્યો હતો. સુપ્રસિદ્ધ સંગીતકાર શાન્તિલાલ શાહે પૂજામાં સારો ભક્તિરસ જમાવ્યો હતો.

રાતના શ્રીસંઘના પ્રમુખ શેઠ પરસોત્તમદાસ પોપટલાલ વગેરેએ શ્રીસંઘ તરફથી પૂજ્યપાદ આચાર્ય મહારાજ સાહેબને બન્ને પંન્યાસ આદિ વિશાલ પરિવાર સહિત

ચતુર્માસ કરવાની ખૂબ જ આગ્રહભરી વિનંતિ કરી હતી. તેનો સ્વીકાર થતાં શ્રીસંઘમાં અપૂર્વ આનંદ ફેલાયો હતો.

ફાગણ શુદિ છઠ્ઠના દિવસે '**શ્રીસિદ્ધચક્ર બૃહદ્‌પૂજન**' ઘણા ઉલ્લાસપૂર્વક શ્રીસંઘે ભણાવ્યું હતું. તેમાં મુંબઈ અને ઉપનગરના સેંકડો ભાવુકોએ લાભ લીધો હતો. આ પ્રસંગે પૂ. પંન્યાસ શ્રીરામવિજયજી ગણિવર્યની તથા મુનિપ્રવર શ્રીચંદ્રોદયવિજયજી આદિની હાજરી હતી. વ્યાખ્યાનાદિકનો શ્રીસંઘે સારો લાભ લીધો હતો.

## [ વિલેપારલે ]

શાન્તાક્રુઝથી વિહાર કરી શેઠ ખુશાલભાઈ ખેંગારના બંગલે ૨૩ દિવસ સ્થિરતા કરી હતી. તે દરમ્યાન પૂજ્ય આચાર્ય મહારાજશ્રીનાં **સાધનાશ્રમમાં** 'વિશ્વશાન્તિનો સંદેશ' અને સ્થાનકવાસી **જૈનધર્મસ્થાનક**માં 'અહિંસા-મૂર્તિ વિભુ મહાવીર' તથા ખુશાલભાઈના બંગલે ક્રમશઃ જાહેર વ્યાખ્યાનો થયાં હતાં. તેનો જૈન-જૈનેતરોની વિશાલ મેદનીએ ઘણો સારો લાભ લીધો હતો. શેઠ ડાહ્યાભાઈ ઘેલાભાઈના સેનીટરીયમમાં પૂ. પંન્યાસપ્રવર શ્રી દક્ષવિજયજી મ. નાં છૂટાં અને શ્રીસિદ્ધચક્ર મહારાજની ઓળીનાં વ્યાખ્યાનો થયાં હતાં. પૂ. પંન્યાસપ્રવર શ્રી સુશીલવિજયજી મ૦ ઓળીના નવે દિવસે શાન્તાક્રુઝમાં પ્રતિદિન ઓળીનાં વ્યાખ્યાનો વાંચી, સાંજના પાછા આવતા હતા. ચૈત્રી પૂનમના દેવવંદન વિધિસહિત પૂ. પંન્યાસજી મ.ની નિશ્રામાં થયાં હતાં. મુંબઈના માજી ગવર્નર મંગળદાસ પકવાસાએ પૂજ્યપાદ આચાર્ય મહારાજના દર્શનનો લાભ લીધો હતો. એ ઉપરાંત મુંબઈ

અને ઉપનગરોમાંથી સેંકડો ભાવુકો દર્શન-વંદનાર્થે અવારનવાર આવ્યા હતા. તેમની ભક્તિનો અપૂર્વ લાભ શેઠ ખુશાલભાઈએ લીધો હતો. એક રવિવારે પોતાના બંગલેજ પ્રભુને પધરાવી બારવ્રતની પૂજા ઘણાજ ઠાઠમાઠપૂર્વક ભણાવી હતી. શાન્તિલાલ શાહે પૂજા અને ભાવનામાં સુંદર ભક્તિરસ જમાવ્યો હતો. પૂજા-ભાવનાને રેકોર્ડીંગ કરવામાં આવી હતી. કલિકાલ-સર્વજ્ઞ હેમચંદ્રસૂરિ ભગવંત રચિત બૃહન્ન્યાસ સહિત શ્રીસિદ્ધ-હેમવ્યાકરણના આ અગાઉ વિશાલકાય બે વૉલ્યુમ આચાર્યશ્રીએ પ્રગટ કરાવ્યાં હતાં. બાકીનાં પાંચ વૉલ્યુમને મુદ્રિત કરવા માટે ચૈત્ર વદ ૪ને રવિવાર તા. ૨૯-૪-૫૬ના દિવસે એક સમિતિ નીમવામાં આવી હતી. જેના નીચે પ્રમાણે પાંચ સભ્યો છે.

(૧) શેઠ ખુશાલભાઈ ખેંગારભાઇ, (૨) શેઠ ડાહ્યાભાઈ હીરાચંદ શ્રોફ, (૩) શેઠ કલ્યાણજીભાઈ હરકિશનદાસ, (૪) શેઠ રતિલાલ લલ્લુભાઈ અને (૫) શાહ નરોત્તમદાસ ગુલાબચંદ.

આ કાર્યનો પ્રારંભ પણ એ જ દિવસથી થયો હતો અને મુંબઈ તેમજ ઉપનગરના પ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થોએ ગ્રાહક તરીકે સેટો નોંધાવ્યા હતા.

## [ બોરીવલી ]

વિલેપાર્લેથી વિહાર કરી અંધેરી--કરમચંદ હોલમાં ત્રણ દિવસ, જોગેશ્વરી એક દિવસ, ગોરેગાંવ એક દિવસ, મલાડ એક દિવસ, અને કાંદીવલી એક દિવસ સ્થિરતા કરી બોરીવલી પધાર્યા હતા. ત્યાં શ્રી સંભવનાથ ભગવંતનો પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રથમ વાર્ષિક મહોત્સવ-પાંચ દિવસ સુધીનો અઢાર અભિષેક સહિત ઉજવાયો હતો.

મુનિ શ્રીમહાયશવિજયજીને વર્ષીતપનું પારણું વૈશાખ સુદિ ત્રીજના અત્રે થયું હતું. ત્યાંથી વૈશાખ વદિ એકમે દોલતનગર પધાર્યા હતા અને સાંજના પાછા આવી બીજને દિવસે બોરીવલીથી વિહાર કર્યો હતો.

## [ મલાડ ]

કાંદીવલી એક દિવસ શેઠ પરસોત્તમદાસ સુરચંદને બંગલે સ્થિરતા કરી, વૈશાખ વદિ ત્રીજે મલાડ પધાર્યા હતા અને ૧૩ દિવસ સ્થિરતા કરી હતી. તે દરમ્યાન શ્રી ગોડી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠાનો વાર્ષિક મહોત્સવ–પાંચ દિવસનો અઢાર અભિષેક અને સ્વામીવાત્સલ્ય સહિત સુંદર રીતે ઊજવાયો હતો. અત્રે પણ ઘાટકોપરની જેમ શાસનસમ્રાટ્ સૂરિચક્રચક્રવર્તિ બાલબ્રહ્મચારી શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મ. ના સમુદાયના ચાર આચાર્ય મહારાજાદિનો વિશાલ પરિવાર એકત્રિત થયો હતો. વ્યાખ્યાનાદિકનો સ્થાયી સંઘે તથા મુંબઈ અને ઉપનગરની જનતાએ સારો લાભ લીધો હતો. શ્રી સંઘમાં અપૂર્વ આનંદ ફેલાયો હતો.

બે દિવસ પૂ. આચાર્ય મહારાજાદિ દેવચંદ્રનગર પણ પધાર્યા હતા અને ત્યાંના સંઘને પણ વ્યાખ્યાનાદિકનો લાભ આપ્યો હતો.

મલાડથી વિહાર કરી જેઠ સુદ બીજ ગોરેગાંવ, ચોથ જોગેશ્વરી, પાંચમ--છઠ કરમચંદ પૌષધશાલા--અંધેરી ( શ્રી ચંદ્રપ્રભસ્વામી પ્રભુનો પ્રતિષ્ઠામહોત્સવનો વાર્ષિક ઉત્સવ જેઠ સુદ છઠનો પૂજ્ય પંન્યાસ પ્રવર શ્રી દક્ષવિજયજી ગણિવરની નિશ્રામાં અંધેરી ગામમાં ઉજવાયો હતો ), ૭-૮ દિને વિલેપાર્લે શેઠ

ખુશાલભાઈ ખેંગારના બંગલે સ્થિરતા કરી હતી. અત્રે પણ ત્રણ આચાર્યો. [ આ. વિજયામૃતસૂરિજી મ., આ. વિજયલક્ષ્ય-સૂરિજી મ. અને અંચળગચ્છીય આ. ગુણસાગરસૂરિજી મ. ] નું સંમિલન થયું હતું.

## ૨૦૧૨ની સાલનું ચાતુર્માસ

## [ શાન્તાક્રુઝ ]

(૧) જેઠ શુદિ ૯ ને રવિવાર તા. ૧૭-૬-૧૯૫૬ના દિવસે શાન્તાક્રુઝના શ્રી સંઘે ઘોડબંદર રોડ, બેસ્ટ બસ ડીપો પાસેથી કરેલું ભાવભીનું સામૈયું. મુંબઈ અને ઉપનગરના પ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થો શેઠ હાથીભાઈ ગલાલચંદ, શેઠ બાબુભાઈ ફકીરચંદ, શેઠ ખુશાલભાઈ ખેંગાર વગેરેની વિશાલ હાજરી હતી. સ્થળે સ્થળે થયેલી ગહુંલીઓ. સોનારૂપાના પુષ્પોથી અને અક્ષતથી વધાવવામાં આવ્યા. દેવાધિદેવ શ્રી કુંથુનાથ જિનમંદિરે દર્શનાદિ કરી જયંત પૌષધશાળામાં કરેલો મંગલમય પ્રવેશ. હસ્તરેખા-વિશારદ શ્રીભવાનજી માણેકજી ખોનારચિત પ્રવેશોત્સવ અનુરૂપ ગીત, ગવૈયા મણિલાલ સુરજમલે સંગીતના સાજ સહિત સુંદર રીતે ગાયું. ત્યાર બાદ પરમ પૂજ્ય આચાર્ય ભગવંતે મંગલા-ચરણ કર્યું અને પૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રીદક્ષવિજયજી ગણિવરે એક કલાક સુધી પ્રવચન કર્યું. બાદ શ્રીસંઘ સહર્ષ પ્રભાવના લઈ હર્ષભેર વિખરાયો હતો.

આ પ્રસંગે શાસ્ત્રવિશારદ કવિરત્ન પૂજ્યપાદ આચાર્ય મહારાજ શ્રી વિજયામૃતસૂરીશ્વરજી મ૦ પણ સાથે હતા. જેઠ સુદ ૧૦ થી અષાઢ વદિ પાંચમ સુધી પૂજ્ય પંન્યાસજી

મહારાજ શ્રી સુશીલવિજયજી ગણીએ વ્યાખ્યાનનો લાભ આપ્યો હતો.

(૨) શ્રી ધનકોરબહેન હીરાલાલ જૈન પાઠશાળાનો મેળાવડો પૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રી સુશીલવિજયજી ગણિવર્યની અધ્યક્ષતામાં યોજવામાં આવ્યો હતો. એ પ્રસંગે પાઠશાળાના બાળકોએ મંગલાચરણ-સંવાદ ગરબા વગેરેનો આકર્ષક કાર્યક્રમ રજુ કર્યો હતો. ધાર્મિક શિક્ષક રતિલાલ છોટાલાલભાઈએ પાઠશાળાનો રિપોર્ટ વાંચી સંભળાવ્યો હતો. પૂજ્ય પંન્યાસજી મહારાજ સાહેબે ધાર્મિક શિક્ષણ અંગે સંક્ષિપ્ત સુંદર પ્રવચન આપ્યું હતું. ગાંધી પ્રાણજીવનદાસ હરગોવિંદદાસે તથા મણિલાલ લલ્લુભાઈએ પણ ધાર્મિક કેળવણી અંગે ભાષણો કર્યાં હતાં અને બાળકોને રૂ. ૨૫૦નાં ઈનામો શ્રીસંઘના પ્રમુખ શેઠ પરસોત્તમદાસ પોપટલાલના હસ્તક આપવામાં આવ્યાં હતાં. એ ઉપરાંત એક સદ્‌ગૃહસ્થ તરફથી ઉચ્ચ અભ્યાસ કરનાર બે બાળાઓને રૂ. પચાસનું ઈનામ આપવામાં આવ્યું હતું. ત્યારબાદ સર્વમંગલના શ્રવણ-પૂર્વક મેળાવડો વિસર્જન કરવામાં આવ્યો હતો.

(૩) શ્રીસંઘના આગ્રહથી વ્યાખ્યાનમાં ગ્રંથ શરૂ કરવાની વાત નીકળતાં પરમપાવન '**પૂજ્ય શ્રી ભગવતીજી સૂત્ર**' અને ભાવનાધિકારે '**સમરાઈચ્ચકહા**' વાંચવાનો નિર્ણય થતાં તેનો વરઘોડો, રાત્રી જાગરણ અને પ્રથમ ગીનીથી પૂજન કરવાનો ૫૧ મણ ઘી બોલી વોરા ત્રિભોવનદાસ કાળીદાસે આદેશ લીધો હતો અને ૧૫ મણ ઘી બોલી સમરાઈચ્ચકહા વહોરાવવાનો આદેશ શા. પોપટલાલ જુઠાભાઈએ લીધો હતો.

અષાઢ વદ ૬ રવિવાર તા. ૨૯–૭–૫૬ ના સવારે આઠ વાગ્યે પૂજ્ય શ્રી ભગવતીં સૂત્રનો વરઘોડો, નવ વાગ્યે પાંચગીનીથી શ્રીસંઘે સોના–રૂપાના પુષ્પોથી અને રૂપાનાણુાથી કરેલ પૂજન. વિશાલ મેદની સમક્ષ અજોડ વ્યાખ્યાનકાર પૂજ્યપાદ આચાર્ય ભગવંતે પૂજ્ય શ્રી ભગવતીજી સૂત્રનો અને સમરાઇચ્ચકહાનો કરેલ મંગલમય પ્રારંભ. તેનો શ્રોતાજનોએ લીધેલો અપૂર્વ લાભ. પ્રાંતે પ્રભાવના. બપોરે ભણુાવેલ ૧૧ અંગની પૂજા.

પૂજ્યપાદ આચાર્ય ભગવંતે નાદુરસ્ત તબિયતના કારણે ચાર–પાંચ દિવસ વાંચ્યા બાદ પૂજ્ય પંન્યાસજી મ૦ શ્રી દક્ષવિજયજી ગણિવરે થોડા દિવસ સુધી લાભ આપ્યો હતો અને પૂ. શ્રી ભગવતીજીસૂત્રની મંગલમય પ્રસ્તાવના પૂર્ણ કરી હતી.

ત્યાર પછી પૂર્વે ૨૦૦૯ ના ચાતુર્માસમાં પૂજ્ય પંન્યાસ શ્રીદક્ષવિજયજી મહારાજે પ્રથમ શતક વાંચેલ હોવાથી, આ વખતે પૂજ્ય પંન્યાસ શ્રી સુશીલવિજયજી મહારાજે દ્વિતીય શતકથી પ્રારંભ કર્યો હતો. અને શ્રીસંઘને પૂ. ભગવતીસૂત્રના દ્વિતીય–તૃતીય શતકના વાંચનનો અખંડ સુંદર લાભ આપ્યો હતો.

પ્રાંતે તૃતીય શતકના ચરમ પ્રશ્નની પૂર્ણાહુતિ પૂજ્યપાદ આચાર્ય ભગવંતે કરી હતી. એ સમયે ગીનીથી પૂજન શેઠ રતિલાલ મોહનલાલ વાઢેલવાલાએ કર્યું હતું, વરઘોડો કાઢવામાં આવ્યો હતો. બપોરે ૪૫ આગમની પૂજા સ્વ. શેઠ છોટાલાલ છગનલાલ કોઠારી તરફથી ભણાવાઈ હતી. શ્રીસંઘ તરફથી પાંચ દિવસનો ઓચ્છવ કરવામાં આવ્યો હતો. તેમાં કાર્તિક વદ ૧૩ ના અંગની પૂજા નવા ચૂંટાઈને આવેલા પ્રમુખ

હીરાલાલ લલ્લુભાઈ શેઠ તરફથી, અને ૧૪ ના શ્રીસિદ્ધચક્ર મહારાજની પૂજા સ્વ. શેઠ જમનાદાસ મોરારજી તરફથી ભણાવવામાં આવી હતી.

(૫) ચાતુર્માસ દરમ્યાન પૂજ્યપાદ આચાર્ય ભગવંતની દર રવિવારે "મુક્તિ મંદિરનાં સોપાન"ની જાહેર વ્યાખ્યાન-માળા ગોઠવવામાં આવી હતી. તેને અંગે પ્રકાશિત કરેલી પત્રિકા.

શ્રી. શાંતાક્રુઝ, જૈનતપગચ્છસંઘ એન્ડ્રુઝ રોડ,
શાંતાક્રુઝ, મુંબઈ નં. ૨૩.

## "મુક્તિમંદિરનાં સોપાન"ની જાહેર વ્યાખ્યાનમાળા.

॥ ॐ अर्हं नमः ॥

શાસનસમ્રાટ સૂરિચક્રચક્રવર્તિ ભારતીય ભવ્યવિભૂતિ નૈષ્ટિક બાળબ્રહ્મચારી મહાપ્રતાપી તીર્થોદ્ધારક સ્વ. ૫૦ પૂજ્ય આચાર્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજશ્રીના પટ્ટાલંકાર વ્યાકરણવાચસ્પતિ કવિરત્ન શાસ્ત્રવિશારદ ૫ પૂજ્ય આચાર્યવર્ય શ્રીમદ્ વિજયલાવણ્યસૂરીશ્વરજી મહારાજ સાહેબ, અમારા શ્રીસંઘની સાગ્રહ વિજ્ઞપ્તિથી પોતાના શિષ્યરત્ન વિદ્વદ્શિરોમણિ પ્રસિદ્ધવક્તા દેશનાદક્ષ પૂજ્ય પંન્યાસજી શ્રીદક્ષવિજયજી મહારાજ તથા તેમના શિષ્યરત્ન વિદ્વદ્વર્ય પ્રખરવક્તા પૂજ્ય પંન્યાસજી શ્રીસુશીલવિજયજી મહારાજશ્રી આદિ વિશાળ સમુદાય સહિત અત્રે ચાતુર્માસ બિરાજે છે. તેઓશ્રીના વિશાળ જ્ઞાનનો આપણી પ્રજાને લાભ મળે એ દૃષ્ટિથી અમારી વિજ્ઞપ્તિને માન આપી આ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે.

વ્યાખ્યાનકાર પૂજ્ય સૂરીશ્વરજી મ. શ્રીએ જ્ઞાનોપાસનામાં સમગ્ર જીવન પસાર કર્યું છે. તેમાંથી તેઓશ્રીએ પ્રૌઢ સંસ્કૃત સાહિત્યનું સાત લાખ શ્લોકપ્રમાણ નૂતન સર્જન કરેલ છે.

ક્રમશઃ વ્યાખ્યાનમાલા નીચે મુજબ છે—

**સમય:**—દર રવિવારે સવારે ૯ થી ૧૦ાા સ્ટા. ટા.

**સ્થળ:**—શ્રી. જયંત પૌષધશાળા, એન્ડ્રુયુઝ રોડ, શાંતાક્રુઝ મુંબઈ નં. ૨૩

| વ્યાખ્યાન નંબર. | વિષય | વિક્રમ સંવત્ ૨૦૧૨ |
|---|---|---|
| વ્યાખ્યાન ૧લું | "વિશ્વશાંતિનો સંદેશ" | અષાડ સુદ ૮ તા. ૧૫–૭–૫૬ |
| ,, ૨જું | "વિશ્વવાત્સલ્યનું વશીકરણ" | ,, સુદ ૧૫ તા. ૨૨–૭–૫૬ |
| ,, ૩જું | "પ્રામાણિકતાનો પાલક" | ,, વદ ૬ તા. ૨૯–૭–૫૬ |
| ,, ૪થું | "વિશ્વાસનો નિવાસ" | ,, વદ ૧૪ તા. ૫–૮–૫૬ |
| ,, ૫મું | "આરોગ્યની સંજીવની" | શ્રાવણ સુદ ૭ તા. ૧૨–૮–૫૬ |
| ,, ૬ઠું | "નિધાનનું સંનિધાન" | ,, સુદ ૧૩ તા. ૧૯–૮–૫૬ |
| ,, ૭મું | "અજેયચક્ર" | ,, વદ ૫ તા. ૨૬–૮–૫૬ |
| ,, ૮મું | "સદ્ગુણોનો શિરતાજ" | ભાદરવા સુદ ૧૨ તા. ૧૬-૯-૫૬ |
| ,, ૯મું | "વિશ્વોપકારક સંસ્થા" | ,, વદ ૩ તા. ૨૩–૯–૫૬ |
| ,, ૧૦મું | "જૈન જગત્" | ,, વદ ૧૧ તા. ૩૦–૯–૫૬ |
| ,, ૧૧મું | "કર્મવાદ શા માટે?" | આસો સુદ ૩ તા. ૭–૧૦–૫૬ |
| ,, ૧૨મું | "અંતે શું?" | ,, સુદ ૧૦ તા. ૧૪-૧૦-૫૬ |

સર્વે જૈન તેમજ જૈનેતર ભાઈઓ તથા બહેનોને આ વ્યાખ્યાનોના શ્રવણનો અમૂલ્ય લાભ લેવા પધારવા સપ્રેમ ખાસ વિનંતિ છે.

લી. દર્શનાભિલાષી

**તુલસીદાસ ખીમજી, વિશ્ણુપ્રસાદ દેસાઈ**
**રામપ્રસાદ બક્ષી, જયંતિલાલ માનકર**
**ધનસુખલાલ કે. મહેતા, સખારામ રામા પાટીલ**

મંગળદાસ કાળીદાસ ચોકસી, પોપટલાલ ગોવિંદલાલ શાહ
હરિલાલ રામજી મહેતા, અંબાલાલ કે. પટેલ
બી. વી. મોદી, શાંતિલાલ વૈદ્ય
પરસોત્તમદાસ પોપટલાલ (પ્રમુખ), ખુશાલભાઈ ખેંગારભાઈ
હીરાલાલ જી. શાહ, ચંદુલાલ ટી. શાહ
રતિલાલ મ. નાણાવટી

---

ઉક્ત વ્યાખ્યાનમાળાનો મુંબઈ અને ઉપનગરની જૈન-જૈનેતરની વિશાલ જનતાએ તથા અત્રેના સ્થાયીસંઘે ઘણો જ સારો લાભ લીધો હતો.

એ ઉપરાંત મુંબઈ જૈન ધાર્મિક શિક્ષણસંઘ તરફથી યોજાયેલ 'કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્ય મ૦' એ વિષય પરના જાહેર વ્યાખ્યાનનો પણ જનતાએ સુંદર લાભ લીધો હતો અને જૈન કોન્ફરન્સ સંસ્થાના પ્રમુખ આમદાર પોપટલાલ શાહે, તથા શ્રી પ્રાણજીવનદાસ ગાંધીએ પોતાના ભાષણમાં પૂ૦ આચાર્ય ભગવંતના પ્રવચનની ભૂરિભૂરિ પ્રશંસા કરી હતી.

આ સિવાય પ્રભાત કોલોની ચાહવાલાની ચાલ, શાન્તાક્રુઝ ઈસ્ટમાં 'માનવજાતને સંદેશ' એ વિષય પર જાહેર વ્યાખ્યાન ૨૫-૧૧-૫૬ ના થયું હતું. જૈન-જૈનેતર જનતાએ સારો લાભ લીધો હતો. પૂ. આચાર્ય શ્રી વિજયપ્રેમસૂરિજી મ૦ ના શિષ્યરત્ન મુનિરાજ શ્રી ચંદ્રશેખરવિજયજી આદિ પણ વ્યાખ્યાનમાં પધાર્યા હતા.

જુની પોલીસ ચોકી, શાન્તાક્રુઝ વેસ્ટમાં 'સુકૃતની ખાણો' એ વિષર પર ૯-૧૨-૫૬ ના અને શેઠ રતિલાલ મોહનલાલ વાઢેલવાલાના બંગલે 'સર્વમાન્ય ધર્મ' એ વિષય પર

૧૬–૧૨–૫૬ ના થયેલ જાહેર વ્યાખ્યાનનો જનતાએ સારો લાભ લીધો હતો.

૬. ચાતુર્માસ દરમ્યાન પૂ૦ સાધુમહારાજોને મહાનિશીથ–ઉત્તરાધ્યયન, આચારાંગ આદિનો યોગ થવા ઉપરાંત ક્ષીરસમુદ્ર તપ, અક્ષયનિધિતપ, તથાં આયંબિલ સહિત સમુદિત દોઢ લાખ શ્રીનવકાર મહામંત્રનો જાપ આદિ થયાં હતાં. જેમાં સારી સંખ્યામાં ૧૦ વર્ષના બાળકોથી માંડી વૃદ્ધ સુધી જોડાયા હતા.

શ્રીપર્યુષણા પર્વાધિરાજની પણ અપૂર્વ આરાધના થઈ હતી. તપસ્વી મુનિ શ્રી કંચનવિજય મહારાજે માસક્ષમણ, મુનિ શ્રીમહાયશવિજયજી મહારાજે ૧૬ ઉપવાસ તથા મુનિશ્રી વર્ધમાનવિજયજી મહારાજે પણ ૧૬ ઉપવાસની તપશ્ચર્યા કરી હતી.

શા. પરમાણંદ ગિરધરલાલ દેપલાવાળાએ તથા તેમનાં અ. સો. ધર્મપત્ની સમરતબહેને પણ મુંબઈથી અત્રે આવી પૂજ્યપાદ આચાર્ય મહારાજાદિની નિશ્રામાં માસક્ષમણની તપશ્ચર્યા રૂડી રીતે કરી હતી. આ સિવાય અનેક અઠ્ઠાઈઓ, સાત, છ, પાંચ, ચાર અને અઠ્ઠમાદિકની તપશ્ચર્યાઓ પણ સારા પ્રમાણમાં થઈ હતી.

ચોસઠ પહોરી પૌષધો પણ સારી સંખ્યામાં થયા હતા. પૂ. પા. આચાર્ય મહારાજશ્રીની નિશ્રામાં ભાદરવા શુદ એકમે શેઠ ડાહ્યાભાઈ હીરાચંદ શ્રોફે રૂ. ૫૦૦૧)ની ઉદાર સહાય કરી પોતાના માતુશ્રીના નામથી ચાલતી પાઠશાળાના મકાનને 'શ્રીધનકોરબહેન હીરાચંદ જૈન પાઠશાળા'ના હોલ તરીકે

જાહેર કર્યું હતું તથા પૂ. આચાર્ય મ. શ્રી અને પૂ. પંન્યાસજી મ૦ના સદુપદેશથી ચાલતા વર્ધમાન તપની કાયમી અનેક તિથિઓ અનેક ભાઈબહેનો તરફથી નોંધાઈ હતી. જીવદયા વગેરેની ટીપો પણ સારા પ્રમાણમાં થઈ હતી.

શ્રીપર્યુષણા મહાપર્વની પૂર્ણાહુતિ નિમિત્તે અઠ્ઠમથી માંડીને માસક્ષમણ સુધીની તપશ્ચર્યાવાળા ભાઈ–બહેનોને શા. પ્રેમજી લાલજી તથા શા. લખમશી ગોશર તરફથી પારણાં કરાવવામાં આવ્યા હતાં. તેમજ અષ્ટાન્હિકા મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. ભાદરવા શુદ ૮ને મંગળવારના રોજ સવારે ૯ વાગે રથયાત્રાનો વરઘોડો, તપસ્વીઓનો વરઘોડો સુંદર રીતે કાઢવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મુંબઈથી તથા આસપાસના પરાઓમાંથી સારી સંખ્યામાં પણ ભાઈ–બહેનોએ લાભ લીધો હતો અને શ્રીસંઘ તરફથી સાધર્મિકવાત્સલ્ય શેઠ પરસોત્તમદાસ પોપટલાલના બંગલે કરવામાં આવ્યું હતું.

જ્યારથી પૂ૦ આચાર્ય મહારાજ સાહેબ અને પૂ. બન્ને પંન્યાસજી મ૦ આદિ ચાતુર્માસ અર્થે અત્રે પધાર્યા ત્યારથી દર રવિવારે જાહેર વ્યાખ્યાન, બપોરના પૂજા–પ્રભાવના અને રાતના ભાવનાનો ભરચક પ્રોગ્રામ રહેતો. મુંબઈ અને ઉપનગરમાંથી આવનાર સેંકડો ભાઈ–બહેનોની ભક્તિ નિમિત્તે નાસ્તો ચાપાણી વગેરે સ્થાયી શ્રીસંઘ તરફથી તથા બહારના પણ અનેક સદ્-ગૃહસ્થો તરફથી થતાં રહેતાં.

શેઠ હાથીભાઈ ગલાલચંદ તરફથી એક રવિવારે પૂજા

ભણાવવામાં આવી હતી. દેરાસર અને ઉપાશ્રયને ખૂબ જ આકર્ષક ડેકોરેશનથી શણગારવામાં આવ્યાં હતાં. સુપ્રસિદ્ધ સંગીતકાર દેવેન્દ્રવિજયે અને રાજકોટવાળા રસિકલાલ ગવૈયાએ પૂજામાં ભક્તિરસ સુંદર જમાવ્યો હતો. મુંબઈ અને ઉપનગરમાંથી આવેલા ૭૦૦ સાધર્મિક બંધુઓની ભક્તિનો લાભ શેઠ હાથીભાઈએ લીધો હતો.

તપસ્વી મુનિ શ્રીકંચનવિજયજી મ.ની માસક્ષમણની તપશ્ચર્યા નિમિત્તે પાલીતાણાવાળા સંઘવી અમરચંદ હકમચંદ તરફથી પૂજા પ્રભાવના, સાધર્મિક ભક્તિ, રાત્રિજાગરણ કરવામાં આવ્યાં હતાં અને એમના તરફથી તપસ્વીની તપશ્ચર્યાની યાદગીરી નિમિત્તે રૂ. ૨૦૧) ની રકમ શ્રીવર્ધમાન તપખાતામાં આપી કાયમી તિથિ નોંધાવી હતી. આ પ્રસંગે મુંબઈ અને ઉપનગરમાં વસતા પાલીતાણાવાળા સેંકડો ભાઈ–બહેનો આવ્યા હતા. અત્રે સ્થાયી વસતા પાલીતાણાવાળા ભાઈઓ તરફથી પણ પૂજા–પ્રભાવના સાધર્મિક ભક્તિ રાત્રિજાગરણ થયાં હતાં. સજોડે એક મહિનાના ઉપવાસ કરનાર દેપલાવાળા શા. પરમાણંદ ગિરધરલાલ તરફથી પણ ભાદરવા સુદ ૧૨ રવિવાર તા. ૧૬–૯–૫૬ ના રોજ સત્તરભેદી પૂજા ભણાવવામાં આવી હતી.

(૮) આસો માસની શાશ્વતી ઓળીની આરાધનામાં ભાઈ–બહેનો સારી સંખ્યામાં જોડાયા હતા. નવે દિવસ પૂજા–પ્રભાવના–આંગી–ભાવનાદિ સુંદર થયાં હતાં પૂજા અને ભાવનામાં સંગીતકાર રસિકલાલ ગવૈયાએ સુંદર ભક્તિરસ જમાવ્યો હતો. મુંબઈ વિભાગમાં પ્રથમ જ વાર અત્રે શ્રી અષ્ટાપદ મહાતીર્થની અત્યંત આકર્ષક ચલિત રચના કરવામાં આવી હતી. તેના દર્શનાદિકનો લાભ મુંબઈ

અને ઉપનગરના જૈન-જૈનેતરની હજારો જનતાએ લીધો હતો. ખૂબ જ શાસન પ્રભાવના થઇ હતી. વિજયાદશમીએ શ્રી અષ્ટાપદજી મહાતીર્થની પૂજા ભણાવવામાં આવી હતી અને શેઠ પ્રાગજીભાઇ ઝવેરચંદ તરફથી લાડવાની પ્રભાવના કરવામાં આવી હતી. આ પ્રસંગે દાદરથી પૂજ્યપાદ આચાર્ય મહારાજ શ્રી વિજયામૃત-સૂરીશ્વરજી મ૦, વિલેપારલેથી પૂ૦ મુનિરાજશ્રી પ્રભાવવિજયજી મ., અને અંધેરી કરમચંદ હૉલમાંથી પૂ. મુનિરાજ શ્રી યશોભદ્ર-વિજયજી મ. આદિ પધાર્યા હતા.

ઓળીના નવે દિવસ શ્રીપાલચરિત્ર, પૂ. પંન્યાસજી મ. શ્રી દક્ષવિજયજી ગણિએ વ્યાખ્યાનમાં વાંચ્યું હતું શ્રીસંઘ તરફથી પ્રમુખ પરસોત્તમદાસ પોપટલાલ શેઠ હસ્તક સંગીતકાર રસિકલાલને અને શ્રીઅષ્ટાપદ મહાતીર્થની રચના કરનાર પાલી-તાણાવાળા ભાઈ પ્રીતમલાલને સુવર્ણચંદ્રકનાં ઇનામ અપાયાં હતાં.

(૮) ચાતુર્માસ પરાવર્તન ૨૦૧૩ના કાર્તિક પૂર્ણિમાએ કેશરીચંદ ભાણાભાઈવાળા શેઠ ડાહ્યાભાઈ હીરાચંદ શ્રોફને ત્યાં કરવામાં આવ્યું હતું. એ પ્રસંગે જૈન બેન્ડ મુંબઇથી બોલાવેલ હતું. પોતાના બંગલે આકર્ષક ડેકોરેશનથી શણગારેલા ભવ્ય મંડપમાં પૂ. આચાર્ય મ. શ્રી અને પૂ. પંન્યાસજી શ્રીદક્ષ-વિજયજી મ.નું સુંદર પ્રવચન થયું હતું અને ત્યાં બાંધેલા તીર્થાધિરાજ શ્રી શત્રુંજયગિરિરાજનાં દર્શનાદિક શ્રીસંઘે કર્યાં હતાં. બપોરના નવ્વાણું પ્રકારની પૂજામાં તથા રાતના ભાવનામાં સંગીતકાર શાન્તિલાલ શાહે સુંદર ભક્તિરસ જમાવ્યો હતો. વ્યાખ્યાનમાં, પૂજામાં અને ભાવનામાં પ્રભાવના કરવામાં આવી

હતી. તથા બહારથી આવેલ સેંકડો સાધર્મિક બંધુઓની ભક્તિનો લાભ શેઠ ડાહ્યાભાઈએ લીધો હતો.

કાર્તિક વદ એકમે પૂ૦ આચાર્ય મ૦ શ્રી અને પૂ. બન્ને પંન્યાસજી મહારાજાદિ પોરબંદરવાળા શેઠ કલ્યાણજી હરિકિશન-દાસના બંગલે પધાર્યા હતા. ત્યાં પૂજ્યપાદ આચાર્ય મહારાજ સાહેબે સુંદર પ્રવચન કર્યું હતું. પ્રાંતે શ્રીસંઘ પ્રભાવના લઈ વિખરાયો હતો.

કાર્તિક વદ બીજે પૂ. પંન્યાસ શ્રી સુશીલવિજયજી મ૦ને દીક્ષાનાં ૨૫ વર્ષ પૂર્ણ થતાં હોવાથી તે દિવસે પણ પૂજા ભણાવવામાં આવી હતી.

(૯) ચાતુર્માસ પૂર્વે, ચાતુર્માસમાં અને ચાતુર્માસ બાદ મુંબઈ અને ઉપનગરના પ્રતિષ્ઠિત જૈન સદ્‌ગૃહસ્થો અનેકવાર આવ્યા હતા. મોટો ભાગ અનેક વાર વંદનાર્થે આવ્યો હતો. તેમજ પ્રતિષ્ઠિત ઘણા જૈનેતર ભાઈઓએ પણ દર્શનાદિકનો લાભ લીધો હતો. પૂજ્ય આચાર્ય મહારાજ શ્રીવિજયપ્રેમસૂરિજી મ., પૂજ્ય આચાર્ય શ્રીવિજયજંબૂસૂરિજી મ, પૂ. પંન્યાસ શ્રી માનવિજયજી મ., પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી મ., પૂ. મુનિરાજ શ્રી ભાનુવિજયજી ગણી તથા પૂ. મુનિરાજ શ્રી પદ્મવિજયજી ગણી આદિ વિશાલ સમુદાયનું પણ શિષ્ટતાભર્યું સંમિલન થયું હતું.

આ સિવાય પૂજ્ય પંન્યાસ શ્રી પ્રેમવિજયજી મ., પૂ. પંન્યાસ શ્રી સુબોધવિજયજી મ., પૂ. પં. શ્રી નિપુણમુનિજી, ખરતરગચ્છીય પૂ. શ્રી બુદ્ધિમુનિજી, પૂ. મુનિ શ્રી પ્રભાવવિજયજી

તથા ડહેલાવાળા પૂ. મુનિ શ્રી જયંતવિજયજી મ. આદિનું પણ સંમિલન થયું હતું.

મૌન એકાદશીની સુંદર આરાધના કરાવી છેવટે માગશર વદ બીજના પૂ. આચાર્ય મ. અને પૂ. બન્ને પંન્યાસજી મહારાજાદિએ મલાડ–દેવચંદ્રનગર તરફ વિહાર કર્યો હતો. શ્રીસંઘે સાશ્રુ લોચને ભાવભીની વિદાય આપી હતી અને ફરી શાન્તાક્રુઝમાં પધારવા સાગ્રહ વિનંતિ કરી હતી.

[ શાન્તાક્રુઝના શ્રીસંઘે પૂ. આચાર્ય મહારાજશ્રીનું આ પ્રથમવાર જ ચાતુર્માસ કરાવ્યું હતું. અને તેઓશ્રીએ પણ પહેલવહેલું જ આ ચાતુર્માસ શાન્તાક્રુઝમાં કર્યું હતું. ]

## પૂર્વ મલાડ દેવચંદ્ર નગરમાં ઉપધાન તથા પ્રતિષ્ઠા મહોત્સવ

માગશર વદ ત્રીજના દિવસે શ્રીસંઘે અતિ ઉત્સાહપૂર્વક પૂજ્યપાદ આચાર્ય મ. શ્રી અને પૂ. બન્ને પંન્યાસાદિ વિશાલ મુનિ મહારાજોનો મંગલમય પ્રવેશ દેવચંદ્રનગરમાં કરાવ્યો હતો અને તેઓશ્રીની જ નિશ્રામાં મંગલમય ઉપધાન અને પ્રતિષ્ઠાના શુભ પ્રસંગો નિર્વિઘ્નપણે ઉજવાય એમ સૌએ ઇચ્છયું હતું. માગશર વદ ૮ના દિવસે એલ્યુમિનિયમનાં નવાં પતરાંઓથી બાંધેલ અને ખૂબ જ શણગારેલ મહાકાય વિશાલ મંડપમાં અનેક ભાઈ–બહેનોને શ્રી ઉપધાન તપમાં મંગલમય પ્રવેશ પૂ. આચાર્ય ભગવંતે કરાવ્યો હતો. ત્યાર પછીના પ્રવેશો પૂ. પંન્યાસજી મ. શ્રી દક્ષવિજયજી ગણિવરે કરાવ્યા હતા.

કુલ ૧૩૫ ભાઈ–બહેનોની સંખ્યા થઈ હતી. પ્રતિદિન પ્રવચન પૂ. પંન્યાસજી મ. શ્રી સુશીલવિજયજી ગણીએ સુંદર રીતે આપ્યું હતું. ૪૭ દિવસની અખંડ આરાધના વિધિપૂર્વક ઉપધાનવાહીઓએ સુંદર કરી હતી. અનેક ભાઇ–બહેનોએ વિવિધ પ્રકારનાં વ્રતો અવારનવાર ઉચ્ચર્યાં હતાં. પ્રભુજીને ભવ્ય આંગી જુદા જુદા ભાઈ–બહેનો તરફથી પ્રતિદિન થતી. દર રવિવારે પૂજા–પ્રભાવના અને ભાવનાદિનો કાર્યક્રમ રહેતો. બહારથી સેંકડો ભાઈ–બહેનો દર્શનાર્થે અવારનવાર આવતાં અને રવિવારે તો જાણે મેળો ભરાયો હોય તેમ જણાતું. શ્રી ઉપધાન તપ સમિતિ તથા સ્થાયી સંઘ વ્યવસ્થા અને સેવામાં સતત ઉદ્યમશીલ રહેતો.

પ્રતિષ્ઠા તથા માળારોપણના ભવ્ય મહોત્સવનો પ્રારંભ મહા વદ ૧૨થી શરૂ કરેલ હતો. મહા વદ બીજનો ભવ્ય વરઘોડો કાઢવામાં આવ્યો હતો અને મલાડ શહેરમાં ફેરવવામાં આવ્યો હતો. તેમાં પ્રભુનો મનોહર રથ, નિશાન ડંકાવાળી ગાડી, શણગારેલી અનેક મોટરો, શણગારેલા અનેક ઘોડાઓ, બગીઓ, વિશાલ માનવમેદની, ચાર આચાર્ય મહારાજો, સાત પંન્યાસજી મહારાજો અને વિશાલ મુનિ સમુદાય, સાધ્વીજી મ., બે બેન્ડ, પોતાના મસ્તક પર થાળમાં ધારણ કરેલી માળાઓવાળી બહેનો આદિ સુંદર શોભી રહ્યાં હતાં. હજારો જૈનેતર ભાઈ–બહેનોએ આ દશ્ય નિહાળ્યું હતું. જૈન ધર્મની ખૂબ જ અનુમોદના થઇ હતી.

બહારથી પધારેલ સાધર્મિક બન્ધુઓનું જમણ શેઠ દેવચંદ જેઠાલાલ તરફથી થયું હતું.

મહાવદ ત્રીજને રવિવાર તા. ૧૭–૨–૫૭ ના દિવસે ૧૫ હજાર માનવમેદનીની સમક્ષ સવારના બાર વાગ્યા સુધી વિધિ-પૂર્વક માળારોપણનો શુભ પ્રસંગ ઉલ્લાસભેર ઉજવાયો હતો. ઉપધાનવાહી મુમુક્ષુ બે બાળાઓએ ચતુર્થ બ્રહ્મચર્યવ્રત ઉચ્ચર્યું હતું.

સ્ટા. ટા. ૧૨ ક. ૪૨ મી. ૧૫ સેકંડે મૂળનાયક શ્રી શાન્તિનાથ આદિ સાત જિનબિંબોની, અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામી મ૦ ની, શાસનસમ્રાટ શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મ૦ની, તથા યક્ષ–યક્ષિણીની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. અને પૂ. પા. આચાર્યદેવ શ્રીમદ્ વિજયલાવણ્યસૂરીશ્વરજી મ. સાહેબે વિધિસહિત મંત્રોચ્ચાર–પૂર્વક વાસક્ષેપ કર્યા બાદ તરત જ મૂળનાયક શ્રી શાન્તિનાથ પ્રભુની મૂર્તિમાંથી અમી ઝરવું શરૂ થયું હતું, જે જોઈને સૌ આશ્ચર્યમુગ્ધ બન્યા હતા.

મૂળનાયક શ્રી શાન્તિનાથ આદિ સાત જિનબિંબોને તથા યક્ષ–યક્ષિણીને શેઠ દેવચંદભાઈએ તથા તેમના કુટુમ્બીઓએ પધરાવ્યા હતા. શ્રી ગૌતમસ્વામી મ.ની મૂર્તિને મુંબઈમાં રહેતા શા. હરજીવનદાસ જગજીવનદાસ બોટાદવાળાએ આદેશ લઈ પધરાવી હતી અને શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ૦ની મૂર્તિને શાન્તાક્રુઝમાં રહેતા વોરા ત્રિભોવનદાસ કાળીદાસ ભાવનગરવાળાએ આદેશ લઈ પધરાવી હતી.

સ્ટા. ટા. ૨ ક. ૭ મીનીટે અષ્ટોતરીસ્નાત્રનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ દિવસની નવકારશી પ્રતિષ્ઠા કરાવનાર શેઠ દેવચંદ જેઠાલાલ તરફથી થઈ હતી. જેમાં ૧૫ હજાર ઉપરાંત ભાઈ–બહેનો જમ્યા હતા. મહા વદ ૪ ને સોમવારને દિવસે

દ્વારોદ્ઘાટન ચતુર્વિધ સંઘ સહિત વાજતે ગાજતે શેઠ દેવચંદ જેઠાલાલ ભાઈએ કર્યું હતું.

આ શુભે પ્રસંગે શ્રી અષ્ટાપદજીતીર્થની ચલરચના સુંદર કરવામાં આવી હતી. એ ઉપરાંત શ્રીનમસ્કાર મહામંત્રાદિકનાં વિવિધ ચિત્રોવાળા પટ્ટો પણ મૂકવામાં આવ્યા હતા. આત્મ-જાગૃતિનાં સુંદર લખાયેલાં બોર્ડો પણ સ્થળે સ્થળે ગોઠવવામાં આવ્યાં હતાં.

આ પ્રસંગે શ્રીસંઘની વિનંતિને માન આપી પૂ૦ પા. આચાર્ય શ્રીમદ્ વિજયપ્રતાપસૂરિજી મ૦, પૂ. પા. આચાર્ય શ્રી વિજયદાનસાગરસૂરિજી મ., પૂ. પંન્યાસ શ્રી ચંદ્રવિજયજી મ., પૂ. પંન્યાસ શ્રી રામવિજયજી મ., પૂ. પંન્યાસ શ્રી પ્રેમવિજયજી મ., પૂ. પં. શ્રી સુબોધવિજયજી મ., અને પૂ. પંન્યાસ શ્રી શુભંકરવિજયજી મ. આદિ વિશાલ સમુદાય તથા સાધ્વીજી મ૦નો સમુદાય પણ પધાર્યો હતો. પૂજા તથા રાતના ભાવનાઓમાં મુંબઈની સંગીતમંડળીએ તથા અત્રેની સ્થાયી મંડળીએ ખૂબ ભક્તિરસ જમાવ્યો હતો. વિધિવાળા શેઠ ફુલચંદભાઈ તથા સંગીતકાર તેમના પુત્ર ભૂરાભાઈ આદિ પણ આવ્યા હતા. માળની ઉત્પન્ન થયેલ સાત હજારની રકમ બોડેલી જૈન દહેરાસરમાં આપવામાં આવી હતી તથા બોડેલી જૈન પાઠશાળા માટે ૨૫૦૦ ની ટીપ કરવામાં આવી હતી. ઉપધાનવાહીઓને ભેટ તરીકે ચરવળા, કટાસણાં, ધાર્મિક પુસ્તકો, માળાઓ તથા નાના મોટા ભાજનો મળ્યાં હતાં.

આ રીતે નિર્વિઘ્નપણે પ્રતિષ્ઠા તથા ઉપધાનમાળારોપણનો મહામહોત્સવ અભૂતપૂર્વ ઉજવાયો હતો, જે મુંબઈના ઇતિહાસમાં ચિરસ્મરણીય રહેશે.

[ અત્રે ઉપાશ્રયની આવશ્યકતા હોવાથી તે નિમિત્તે પૂજ્ય આચાર્ય મ. શ્રીના સદુપદેશથી 'આચાર્ય શ્રી વિજયનેમિ-સૂરીશ્વરજી પૌષધશાળા' પોતાની આપેલી ભેટની જગ્યામાં બાંધવા શેઠ દેવચંદ જેઠાલાલે સ્વીકાર્યું હતું. ]

ઉપાશ્રય બાંધવાને માટે શેઠ દેવચંદ જેઠાલાલે પોતાની જગ્યા સમર્પણ કરી અને થતા ઉપાશ્રયનું નામ 'આચાર્ય શ્રી વિજય-નેમિસૂરીશ્વરજી પૌષધવાળા' રાખવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

## અંધેરી નગરમાં પ્રતિષ્ઠા—મહોત્સવ.

શ્રી અંધેરી સંઘે પૂજ્યપાદ્ આચાર્ય મહારાજ સાહેબની નિશ્રામાં પ્રતિષ્ઠા મહોત્સવ કરવો એવો નિર્ણય કરી વિનંતિ અર્થે આવતાં પૂ. આ. મહારાજે સહર્ષ તેનો સ્વીકાર કર્યો હતો. મલાડ—દેવચંદ્રનગરમાં ચાલુ ઉપધાને પોષ વદ ૧૨ ને દિવસે પૂ. પંન્યાસજી મહારાજ શ્રી દક્ષવિજયજી ગણિવરાદિ અંધેરી પધાર્યા હતા. 'શ્રીસંઘનું કર્ત્તવ્ય' એ વિષય પર તેઓશ્રીએ સુંદર પ્રવચન કર્યું હતું. કુંભસ્થાપન વગેરેના આદેશો અપાયા હતા.

મહા શુદ ૩ ને રવિવારે પૂ. પા. આચાર્ય શ્રીમદ્-વિજયલાવણ્યસૂરીશ્વરજી મ. અંધેરી પધાર્યા હતા. શ્રીસંઘે ભાવભીનું ભવ્ય સામૈયું કર્યું હતું. પૂ. આચાર્ય મહારાજે દાનધર્મ પર સુંદર પ્રવચન કર્યું હતું. અને તે સમયે પ્રભુજીને પધરાવવા વગેરેના ચઢાવા બોલાતાં ૩૦ ત્રીશ હજારની ત્યાં નવી ઉપજ થઈ હતી.

મહા શુદ ૫ ને મંગળવારના દિવસે જળયાત્રાનો ભવ્ય વરઘોડો કઢાવ્યો હતો. આ પ્રસંગે મલાડ—દેવચંદ્ર નગરથી

પૂ. પંન્યાસ શ્રી સુશીલવિજયજીગણિ આદિ તથા અંધેરી કરમચંદ હૉલમાંથી પૂ. મુનિરાજ શ્રી પ્રભાવવિજયજી આદિ પધાર્યા હતા. મહા શુદ ૬ ને બુધવાર તા. ૬–૨–૫૭ના દિવસે સ્ટા. ૯ ક. ૩૬ મિનિટે ચતુર્મુખદેવકુલિકામાં શેઠ ભોગીલાલ લહેરચંદે, શેઠ ખુશાલભાઈ ખેંગારે, મુકાદમ શેઠ લાલચંદજીએ, તથા શેઠ દેવચંદભાઈ કચ્છીએ આદેશ લીધેલા પ્રભુજી પધરાવ્યા હતા. મૂળનાયક શ્રી ચંદ્રપ્રભસ્વામીજીના પ્રાસાદ પર કળશારોપણ કરવામાં આવ્યું હતું. તથા યક્ષિણી અને શ્રીમણિભદ્રવીરની સ્થાપના કરવામાં આવી હતી.

પૂજ્યપાદ્ આચાર્ય મહારાજશ્રીએ મંત્રોચ્ચારપૂર્વક સર્વ પર વાસક્ષેપ કર્યા બાદ પૂ. પંન્યાસજી મ. આદિએ વાસક્ષેપ કર્યો હતો.

સ્ટા. ટા. ૧૨ ક. ૧૫ મિ. અષ્ટોત્તરી સ્નાત્રનો પ્રારંભ કર્યો હતો. શ્રી સંઘ તરફથી નવકારશી બન્ને ટંકની કરવામાં આવી હતી.

મુંબઈ અને ઉપનગરમાંથી હજારો જૈન ભાઈ–બહેનો પધાર્યા હતા. વ્યવસ્થા ઘણી જ સુંદર હતી.

મહા વદ ૭ ગુરુવાર તા. ૭–૨–૫૭ના સવારે સાડા સાત વાગે દ્વારોદ્ઘાટન કરવામાં આવ્યું હતું. તે પછી પૂજ્ય આચાર્ય મહારાજ આદિ સકલ પરિવારે વિહાર કર્યો હતો. શ્રીસંઘે ભાવભીની વિદાય આપી હતી.

આ અંધેરી નગરનો પ્રતિષ્ઠા મહોત્સવ પણ ખૂબ જ ઉલ્લાસભેર નિર્વિઘ્ને સુંદર ઉજવાયો હતો, જે મુંબઈના ઇતિહાસમાં ચિરસ્મરણીય રહેશે.

## અગાસી તીર્થમાં શ્રીસિદ્ધચક્ર બૃહદ્પૂજન

દેવચંદ્ર નગરથી વિહાર કરી શ્રી સંઘના આગ્રહથી મલાડ

ઉપાશ્રયે પધાર્યા હતા. ત્યાંથી ત્યાંના પ્રમુખ શેઠ અમરતલાલ પદમશીભાઈને બંગલે બે દિવસ સ્થિરતા કરી હતી. વ્યાખ્યાન પૂજા–પ્રભાવનાદિ થયાં હતાં. પાર્શ્વદીપક મંડળે પૂજામાં ભક્તિ રસ સુંદર જમાવ્યો હતો.

ત્યાંથી કાંદીવલી શેઠ કીલાચંદ દેવચંદને બંગલે એક દિવસ સ્થિરતા કરી હતી. ત્યાં પૂ. આચાર્ય શ્રીવિજયપ્રતાપસૂરિજી મ નું સંમિલન થયું હતું. ત્યાંથી બોરીવલ્લી ઉપાશ્રયે બે–ત્રણ દિવસ સ્થિરતા કરી દોલતનગર શ્રીવિજયામૃત સૂરિજ્ઞાનશાળામાં પધાર્યા હતા. પૂજ્યપાદ્ આચાર્ય મહારાજ શ્રીવિજયામૃતસૂરિજી મ., પૂજ્ય પંન્યાસ શ્રી પુણ્યવિજયજી મ. અને પૂ. પંન્યાસ શ્રી ધુરંધરવિજયજી મ. આદિ સ્વસમુદાયનું સંમિલન થયું હતું. ત્યાં શ્રીવર્ધમાન તપ પુણ્યોદય શાળાના ઉદ્ઘાટન પ્રસંગમાં ભાગ લઈ બે દિવસ સ્થિરતા કરી વિહાર કરી દહીસર પધાર્યા હતા. ત્યાં ત્રણ દિવસ સ્થિરતા કરી હતી. વ્યાખ્યાનાદિક થયાં હતાં. તથા ત્યાં ઉપાશ્રય બંધાવવાનો સદુપદેશ આપ્યો હતો. અને ત્યાંના શ્રી સંઘે સહર્ષ સ્વીકાર કર્યો હતો. ત્યાંથી ભાયંદર થઈ વસઈ સ્ટેશને પધાર્યા હતા. ત્યાં ટેમ્પરેલી ધાતુના પ્રતિમાજી લાવવા અને સૌએ દર્શન પૂજા ભાવનાદિ કરવાં એમ સદુપદેશથી સ્થાયી સંઘે નક્કી કર્યું હતું. [ પછીથી શ્રીસંઘના આગેવાનો અગાસી તીર્થમાંથી ધાતુનાં પ્રતિમાજી લઇ આવ્યા અને દર્શન–પૂજન ભાવનાદિકનો લાભ લેતાં થયાં. ]

ત્યાંથી પૂ. આચાર્ય મહારાજાદિ અગાસી પધાર્યા હતા. અને શારીરાદિકના કારણે દોઢ મહિનો સ્થિરતા કરી હતી. પૂજ્ય પંન્યાસ શ્રી દક્ષવિજયજી મ. આદિએ વ્યાખ્યાનાદિકનો સુંદર લાભ આપ્યો હતો.

શાશ્વતી ઓળીની આરાધના સારી રીતે થઈ હતી ચૈત્ર શુદ તેરશે શ્રમણ ભગવાન્ મહાવીર પરમાત્માના જન્મકલ્યાણકનો વરઘોડો કાઢવામાં આવ્યો હતો અને ચૈત્ર શુદ પૂનમના દિવસે અત્રે પ્રથમ જ વાર શ્રીસિદ્ધચક્ર બૃહદ્‌પૂજન ઘણા જ ઉલ્લાસ-પૂર્વક ભણાવવામાં આવ્યું હતું. પૂજા પ્રભાવનાદિ અવારનવાર થતાં. ભાવના પ્રતિદિન બેસતી અને રવિવારે તો મુંબઈ અને ઉપનગરમાંથી સેંકડો ભાઈ–બહેનો દર્શનાર્થે આવતાં. અત્રે પણ પૂ. મુનિરાજ શ્રી ચંદ્રવિજયજી આદિ તથા પૂ. મુનિરાજ શ્રી જયંતવિજયજી આદિનું સંમિલન થયું હતું.

પૂર્વે પણ અનેકવાર અને જ્યારથી આ તરફ પૂ આચાર્ય મ. શ્રીનાં પુનિત પગલાં થયાં ત્યારથી અગાસીમાં સ્થિરતા કરી ત્યાં સુધી મુંબઇ નગરમાં લઇ જવા માટે અનેક પ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થોઓ તથા કોટ, ગોડીજી, લાલબાગ, નમિનાથજી, અને ભાયખલા વગેરેના ટ્રસ્ટીઓએ અનેકવાર ઘણી ઘણી આગ્રહ ભરી વિનંતિ કરી હતી, છતાં પણ તેઓશ્રી પોતાની વિચારણામાં દૃઢ રહી મુંબઈ પધાર્યા ન હતા.

પ્રાંતે વૈશાખ શુદ દશમે ત્યાંથી બીલીમોરા ચતુર્માસ કરવા પૂ. પા. આચાર્યદેવે સપરિવાર વિહાર લંબાવ્યો હતો.

આ રીતે પૂ. પા. આચાર્ય મ. શ્રીનાં ચિરસ્મરણીય એ ચાતુર્માસાદિ અને થયેલ અપૂર્વ શાસનપ્રભાવના મુંબઇના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે ચિરસ્થાયી રહેશે.

માસ્તર

**રતિલાલ છોટાલાલ સંઘવી**

# પ્રભુપ્રાર્થના – અષ્ટક

[ ભુજંગ છંદમાં ]

( અહો દેવના દેવ હે વિશ્વસ્વામી...એ રાગમાં )

[ ૧ ]

પ્રભો! આપ છો વિશ્વદેવાધિદેવા,
કરે આપની નિત્ય દેવો સુસેવા;
વળી માનવો ને પશુ પંખી સર્વે,
નમે આપને ને સ્તવે ભક્તિભાવે.

[ ૨ ]

નથી દોષ એકે જરા આપનામાં,
નથી કોઈ વૈરી દશે કો દિશામાં;
નથી રાગ કે દ્વેષ અજ્ઞાન કાંઈ,
રહે ભક્ત પ્રાણી પ્રભો! આપ જોઈ.

[ ૩ ]

દિનાનાથ! આ વિશ્વમાં આપ સાચા,
નથી કોઈ વાતે જરા એમ કાચા;
સુખો સિદ્ધિનાં સર્વદા ભોગવો છો,
અને મુક્તિના સ્થાનમાંહિ વસો છો.

[ ૪ ]

અનેકાંત ને સપ્તભંગી નયાદિ,
તથા કર્મ સિદ્ધાંત ષટ્ દર્શનાદિ;
સુકૈવલ્યથી સર્વને જાણનારા,
ત્રણે લોકના ભાવને ભાખનારા.

[ ૫ ]

અમારાં બધાં દુઃખને ટાળનારા,
સુખો સ્વર્ગનાં સિદ્ધિનાં આપનારા;
મનોવાંછિતો સર્વના પૂરનારા,
ભવાંભોધિથી ભક્તને તારનારા.

[ ૬ ]

પિતા ને જનેતા અમારા તમે છો,
ગુરુ ભ્રાત સન્મિત્ર નેતા તમે છો;
ભલે સર્વથી આપ દૂરે રહ્યા છો,
છતાં ભક્તના ચિત્તમાંહિ રમો છો.

[ ૭ ]

મહાસાર્થવાહ પ્રભો ! આપ છો ને,
મહાગોપ નિર્યામક શ્રેષ્ઠ છો ને;
મહામાહણ સ્વામી વિખ્યાત છો ને,
મહાસિદ્ધ ને બુદ્ધ વિશ્વેશ છો ને.

[ ૮ ]

ખરા આપ ચિંતામણિ કલ્પવૃક્ષ,
અને કામધેનુ પ્રભો ! પૂર્ણ દક્ષ;
વળી કામકુંભાદિ છો શ્રેષ્ઠ આપ,
ગુણો સર્વ છે આપના એ અમાપ.

[ ૯ ]

( હરિગીત – છંદમાં )

તપગચ્છનાયક પૂજ્યપાદા **નેમિસૂરિ** સમ્રાટ્ના,
પટ્ટોમે ભાનુ સરિખા, **લાવણ્યસૂરિ**રાજના;
શિષ્ય પંન્યાસ **દક્ષ**ના, પંન્યાસ **સુશીલ** સાધુએ,
'**પ્રભુ પ્રાર્થના અષ્ટક**' રચ્યું, જિતેન્દ્ર શિષ્ય સારુ એ.

卐

## પંચિદિય
## [ ગુરુ–સ્થાપના ]
## સૂત્ર

મૂળ—

પંચિદિયસંવરણો,
તહ નવવિહબંભચેરગુત્તિધરો,
ચઉવિહકસાયમુક્કો,
ઇઅ અટ્ઠારસગુણેહિં સંજુત્તો. ॥૧॥

પંચમહવ્વયજુત્તો,
પંચ વિહાયારપાલણસમત્થો,
પંચ સમિઓ તિગુત્તો,
છત્તીસગુણો ગુરુ મજઝ. ॥૨॥

સંસ્કૃત છાયા—

પંચેંદ્રિયસંવરણ
સ્તથા નવવિધબ્રહ્મચર્યગુપ્તિધરઃ,
ચતુર્વિધકષાયમુક્ત
ઇત્યષ્ટાદશગુણૈઃ સંયુક્તઃ. ॥૧॥

પંચ મહાવ્રતયુક્તઃ,
પંચવિધાऽऽચારપાલનસામર્થઃ
પંચસમિતસ્ત્રિગુપ્તઃ,
ષટ્ત્રિંશદ્ગુણો ગુરુર્મમ. ॥૨॥

ભાવાર્થ—

પાંચ ઇંદ્રિયોના વિષયોને રોકનારા, તથા નવ પ્રકારના બ્રહ્મચર્યવ્રતની વાડને ધારણ કરનારા, ચાર પ્રકારના કષાયથી મુકાયેલા. એ અઢાર ગુણોવડે સહિત પાંચ મહાવ્રતોએ યુક્ત, પાંચ પ્રકારના આચારો પાળવામાં સમર્થ, પાંચ પ્રકારની સમિતિ અને ત્રણ પ્રકારની ગુપ્તિએ કરી સહિત એવા છત્રીશ ગુણોવાળા મારા ગુરુમહારાજ છે: ( ૧–૨ )

## ગુરુનું શરણ

ससरीरे वि निरीहा, बज्झब्भिंतर परिग्गहविमुक्का ।
धम्मोवग्गरणमित्तं, धरंति चारित्तरक्खट्ठा ॥७॥

पंचिंदिय दमणपरा, जिणुत्तसिद्धन्तगहियपरमत्था ।
पंचसमिया तिगुत्ता, सरणं मह एरिसा गुरुणो ॥८॥
[ संबोधसप्ततिकायाम् ]

'સ્વ શરીર પર પણ સ્પૃહાવિનાના બાહ્ય અને અભ્યંતરરૂપ બંને પ્રકારના પરિગ્રહથી રહિત અને જેઓ સંયમ–ચારિત્રની રક્ષા માટે માત્ર ધર્મોપકારણને જ ધારણ કરે છે. (૭)

જેઓ સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિયરૂપ પાંચે ઇન્દ્રિયોને દમન કરવામાં તત્પર છે, જેમણે જિનેન્દ્રદેવના સિદ્ધાંતથી પરમાર્થ ગ્રહણ કર્યો છે, અને જેઓ પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિ સહિત છે એવા ગુરુ મારે શરણરૂપ હો. (૮)

रत्नत्रयविशुद्धः सन्, पात्रस्नेही परार्थकृत् ।
परिपालितधर्मो हि, भवाब्धेस्तारको गुरुः ॥

જે ખરેખર સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર રૂપ રત્નત્રયથી પવિત્ર છતાં સુપાત્ર, પરોપકારી, ધર્મનું પરિપાલન કરનાર અને સંસારસાગરથી તારનાર ગુરુ છે.

अज्ञानतिमिरान्धानां, ज्ञानाञ्जनशलाकया ।
नेत्रमुन्मिलितं येन, तस्मै श्रीगुरवे नमः ॥

અજ્ઞાનરૂપી અંધકારથી અંધ થયેલા એવા જીવોને જ્ઞાનરૂપી અંજનશલાકા વડે જેણે નેત્ર ખોલ્યું છે, એવા તે શ્રીગુરુને નમસ્કાર થાઓ.

महाव्रतधरा धीरा, भैक्ष्यमात्रोपजीविनः ।
सामायिकस्था धर्मोपदेशका गुरवो मताः ॥
[ योगशास्त्रे ]

પંચ મહાવ્રતને ધારણ કરનારા, ધીર, ભિક્ષામાત્રથી આજીવિકા ચલાવનારા, સામાયિકમાં સ્થિર અને ધર્મના ઉપદેશક એવા ગુરુઓ [જિનશાસનમાં] માનેલા છે.

धर्मज्ञो धर्मकर्त्ता च, सदा धर्मपरायणः ।
सत्त्वेभ्यो धर्मशास्त्रार्थदेशको गुरुरुच्यते ॥

ધર્મના જાણકાર, ધર્મના કરનાર, હમેશાં ધર્મમાં તત્પર અને પ્રાણીઓને ધર્મશાસ્ત્રના અર્થના ઉપદેશક જે હોય તે ગુરુ કહેવાય છે.

गिर्भिर्गुरूणां परुषाक्षराभि-
स्तिरस्कृता यान्ति नरा महत्त्वम् ।
अलब्धशाणोत्कषणा नृपाणां
न जातु मौलौ मणयो विशन्ति ॥
[ पं. जगन्नाथकृतभामिनीविलासे ]

કઠોર અક્ષરવાળી ગુરુની વાણી વડે તિરસ્કાર પામેલા જીવો મહત્ત્વને પામે છે. શરાણનો ઘસારો જેને નથી મળ્યો એવા મણિઓ રાજાના મુગટમાં પ્રવેશ કરી શકતા નથી.

उपरि करवालधाराकाराः क्रूरा भुजङ्गमपुङ्गवाः ।
अन्तः साक्षाद् द्राक्षादीक्षागुरवो जयन्ति केऽपि जनाः ॥
[ भामिनीविलासे ]

ઉપરથી તલવારની ધાર સરખા, ક્રૂર મોટા સર્પ જેવા અને અંદરથી સાક્ષાદ્ દ્રાક્ષ જેવા કોઈ પણ દીક્ષાગુરુઓ–જનો જયવંતા વર્તે છે.

સમકિતદાયક ગુરુતણો, પચ્ચુવયાર ન થાય;
ભવકોડા કોડી લગે, કરતાં સર્વ ઉપાય.

[ વાચકવર્ય શ્રીયશોવિજયજીકૃત સમકિતના
સડસઠ બોલની સજ્ઝાયમાંથી ]

ગુરુ દીવો ગુરુ દેવતા, ગુરુ વિના ઘોર અંધાર;
જે ગુરુવાણી વેગળા, તે રડવડીઆ સંસાર.

# ગુરુગુણવર્ણન

( હરિગીત – છંદમાં )

અરિહંતના સિદ્ધાંતને બહુમાનથી અવલોકતા,
તે કથનને અનુસાર નિત્યે પ્રેમપૂર્વક વર્તતા;
એ સમિતિધારી સદ્ગુરુને સુખદ કારણે પામજો,
ગુણિયલ ગણી ગુરુરાજ તેના ચરણમાં શિર નામજો. (૧)

કરી નયન નીચા માર્ગમાં મન મગ્ન થઈને ચાલતા,
કરુણારસે થઈ રસિક જે નિર્દોષ જંતુ પાળતા;
ઈર્યાસમિતિયુક્ત તે ગુરુને સ્તવી દુઃખ વામજો,
ગુણિયલ ગણી ગુરુરાજ તેના ચરણમાં શિર નામજો. (૨)

ભાષાસમિતિ સાચવી જે મધુર વચનો બોલતા,
નિર્દોષ લઈ આહાર જે શુભ એષણાગુણ તોલતા;
કરી ભક્તિ તે ગુરુરત્નની કદી તે થકી ન વિરામજો,
ગુણિયલ ગણી ગુરુરાજ તેના ચરણમાં શિર નામજો. (૩)

નિજ સર્વ સાધનયત્નથી જે ગ્રહણ કરતા મૂકતા,
મળમૂત્ર ભૂમિ પરઠવા ઉપયોગ જે નહિ ચૂકતા;
પાંચે સમિતિ સાધતા ગુરુપાસ જઈ વિશ્રામજો,-
ગુણિયલ ગણી ગુરુરાજ તેના ચરમાં શિર નામજો. (૪)

પાપી વિચારોને હરી મનગુપ્તિથી સુવિચારતા,
કર–નયનચેષ્ટા સંહરી જે વચનગુપ્તિ ધારતા;
પરિષહ ખમી વપુગુપ્તિધારક તે હૃદે સંક્રામજો,
ગુણિયલ ગણી ગુરુરાજ તેના ચરણમાં શિર નામજો (૫)

卐 卐 卐 卐 卐 卐

# ગુરુપ્રાર્થના—અષ્ટક

卐 卐 卐 卐 卐 卐

[ લલિત - છંદમાં ]

( અરર હે પ્રભો ! અર્જ હું કરું—એ રાગમાં. )

[ ૧ ]

સુગુરુરાજ છો વિશ્વમાં તમે,
ગુણનિધાન છો સર્વમાં તમે;
વિબુધનાથ છો જ્ઞાનમાં તમે,
પ્રણયથી નમીએ સદા અમે.

[ ૨ ]

શશિસમા તમે શીતવંત છો,
રવિસમા વળી તેજવંત છો;
જલધિ જેમ ગંભીર છો તમે,
પ્રણયથી નમીએ સદા અમે.

[ ૩ ]

કનકમેરુની જેમ ધીર છો,
શમ—દમાદિ ને ત્યાગ વીર છો;
તપ અને દયામૂર્તિ છો તમે,
પ્રણયથી નમીએ સદા અમે.

[ ૪ ]

છ જીવ કાયના રક્ષનાર છો,
સમિતિ—ગુપ્તિના પાળનાર છો;
સકલ કાર્યમાં દક્ષ છો તમે,
પ્રણયથી નમીએ સદા અમે.

[ ૫ ]

ભવ અરણ્યમાં સાર્થવાહ છો,
મુગતિ માર્ગના દાખનાર છો;
જગ પરોપકારી મહા તમે,
પ્રણયથી નમીએ સદા અમે.

[ ૬ ]

દરિસણે કરી નિર્મળા, તમે,
પરમ નાણુથી દીપતા તમે;
ચરણ રત્નથી શોભતા તમે,
પ્રણયથી નમીએ સદા અમે.

[ ૭ ]

મુગુટ છો અમારા જ શીર્ષના,
વિમળ હાર છો એ જ ચિત્તના,
નયનના જ તારા વળી તમે,
પ્રણયથી નમીએ સદા અમે.

[ ૮ ]

જીવન નાવના સત્ય નાવિક,
પરમ યોગ ને ક્ષેમ અર્પક;
સુજિનધર્મના સંત છો તમે,
પ્રણયથી નમીએ સદા અમે.

[ ૯ ]

( હરિગીત – છંદમાં. )

તપગચ્છસ્વામી ગુણધામી, **નેમિસૂરિ** મહારાજના,
પટ્ટાકાશે સૂર્ય સરિખા, **લાવણ્યસૂરિ**રાજના;
શિષ્ય પંન્યાસ **દક્ષ**ના, પંન્યાસ **સુશીલ** સાધુએ,
**'ગુરુ પ્રાર્થના અષ્ટક'** રચ્યું, **વર્દ્ધમાન** શિષ્ય કાજ એ.

卐

# 卐 શ્રી શાસનસમ્રાટ્-સ્તુત્યષ્ટક 卐

[ મન્દાક્રાન્તા - છંદમાં ]

( બોધાગાધં સુપદપદવીનીરપૂરાભિરામં—એ રાગમાં. )

[ ૧ ]

જેણે જન્મી લઘુ વય થકી, સંયમ શ્રેષ્ઠ પાળ્યું,
ને શાતાથી જીવન સઘળું, ધર્મ કાર્યે જ ગાળ્યું;
સાધ્યા બંને વિમળ દિવસો જન્મ ને મૃત્યુ કેરા,
વંદું તેવા જગગુરુવરા, **નેમિસૂરીશ** હીરા.

[ ૨ ]

જેની કીર્ત્તિ પ્રવર પ્રસરી, વિશ્વમાંહિ અનેરી,
ગાવે ધ્યાવે જગત જનતા, પૂજ્યભાવે ભલેરી;
જોતાં જેને પરમ પુરુષો, પૂર્વના યાદ આવે,
ને આનંદે ભવિજન સદા, ભવ્ય ઉલ્લાસ પાવે.

[ ૩ ]

મોટા જ્ઞાની જગતભરના, શાસ્ત્રનો પાર પામ્યા,
ને ન્યાયોના નયમિતિ તણા, સાર ગ્રંથો બનાવ્યા;
વાણી જેની અમૃત સમ ને, ગર્જના સિંહ જેવી,
ને તેજસ્વી વિમલ પ્રતિભા, સૂર્યના તેજ જેવી.

[ ૪ ]

જેણે બિંબો બહુ જિનતણાં, ભવ્ય પાસે ભરાવ્યાં,
ને ધર્મોના બહુ વિષયના, શ્રેષ્ઠ શાસ્ત્રો લખાવ્યાં;
નાના ગ્રંથો અભિનવ અને, પ્રાચ્ય સારા છપાવ્યા,
ને તીર્થોના અનુપમ મહા, કૈંક સંઘો કઢાવ્યા.

[ ૫ ]

જીર્ણોદ્ધારો જિનભવનના, નવ્ય ચૈત્યો ઘણેરાં,
તીર્થોદ્ધારો જસ સુવચને, કૈંક દીપે અનેરા;
આત્મોદ્ધારો ભવિક જનના, ખૂબ કીધા ઉમંગે,
ભૂપોદ્ધારો જગત ભરમાં કીધલા કૈંક રંગે.

[ ૬ ]

સૌરાષ્ટ્રે શ્રી મરુધર અને, મેદપાટ પ્રદેશે,
દેશોદેશે સતત વિચરી, ગૂજરાત પ્રદેશે;
સારાં સારાં અનુપમ ઘણાં, ધર્મનાં કાર્ય કીધાં,
સૌએ જેનાં વચન કુસુમો, શીઘ્ર ઝીલી જ લીધાં.

[ ૭ ]

જેના યત્ને થઈ સફળતા, સાધુસંમેલને જે,
જેથી લાધ્યો સુયશ વિમળો, વિશ્વમાં આત્મતેજે;
આચાર્યાદિ પ્રવર પદથી, ભૂષિતા કૈંક કીધા,
રંગે જેણે જગતભરને, યોગ ને ક્ષેમ દીધા.

[ ૮ ]

દીવાળીની વિમળ કુખને, જેહ દીપાવનારા,
લક્ષ્મીચંદ્ર-પ્રવર કુળને, નિત્ય શોભાવનારા;
સૌરાષ્ટ્રે શ્રી મધુપુર તણી, કીર્ત્તિ વિસ્તારનારા,
વંદું છું તે વિમળગુણના, ધામને આપનારા.

[ ૯ ]

( હરિગીત – છંદમાં )

તપગચ્છનાયક જગગુરુ **શ્રીનેમિસૂરીશ્વર** તણા,
પટ્ટ ગગને ભાનુ સમ, **લાવણ્યસૂરિ** તણા;
શિષ્ય દક્ષ મુનીશ કેરા, **સુશીલ** શિષ્યે એ રચ્યું,
નિજ શિષ્ય **શ્રીવિનોદની**, વિનતિ થકી જે ઉર જચ્યું.

**॥ ઇતિ શ્રી શાસનસમ્રાટ્-સ્તુત્યષ્ટકમ્ ॥**

## ૧૩૬ મા પેજનું અનુસંધાન

અનુત્થિત કથા[૨૯] આશાતના, એહ ઓગણત્રીશમી,
તથા સંથારપાદઘટ્ટન[૩૦], આશાતના એ ત્રીશમી;
એકત્રીશમી આશાતના, સંથારા અવસ્થાન[૩૧] છે,
બત્રીશમી ઉચ્ચાસન[૩૨], તેત્રીશમી સમાસન[૩૩] છે. (૪૮)

કહેવાયેલી આશાતના, તેત્રીશ એ ગુરુતણી,
વર્જવાની એ શિષ્યને, સદા થતી ગુરુ પ્રત્યેની;
આશાતના જઘન્ય–મધ્યમ, ને ઉત્કૃષ્ટ ત્રણ એ,
કહેલ નથી અહીં છતાં, વર્જવી શિષ્યે તેહ એ. (૪૯)

[ બૃહદ્‌ગુરુવંદન કરવાની બે વિધિનું દ્વાર ૨૨ મું ]

ઇરિયાવહિ પડિક્કમી, પર્યન્તે લોગસ્સ બોલવો,
કુસુમિણ દુસુમિણિનો, કાઉસ્સગ્ગ પછી કરવો;
બાદ ચૈત્યવંદન કરી, પડિલેહવી મુહપત્તિને,
દેઈ વાંદણાં આલોયણા, ફરી વંદણ દેઈને. (૫૦)

ખામી ખામણા બાદ વાંદણાં, પચ્ચક્ખાણ કર્યા પછી,
થોભવંદન ચાર કરવા, સજ્ઝાય આદેશ બે પછી;
એમ એ પ્રભાતનું, પ્રતિક્રમણ લઘુ થાય છે,
હવે સાંજનું લઘુ એ, પ્રતિક્રમણ કહેવાય છે. (૫૧)

ઇરિયાવહી પડિક્કમી, પર્યન્તે લોગસ્સ કહીને,
કરી ચૈત્યવંદન પછી, મુહપત્તિ પડિલેહીને;
દેઈ વંદણ દિવસચરિમ, પચ્ચક્ખાણને કરી,
પછી વંદણ ને આલોચના, કરી વંદણ ફરી. (૫૨)

ખામણા ખામી પછી, થોભવંદન ચઉ કરે,
દેવસિય પાયચ્છિત્તના, કાઉસ્સગ્ગને પછી કરે;
આદેશ બે સજ્ઝાયના, માગી સ્વાધ્યાય કરે,
એમ ગુરુવંદન તણી, બૃહદ્દવિધિને અનુસરે. (૫૩)

[ વિધિપૂર્વક વંદન કરવાથી પ્રાપ્ત થતો મહાન્ લાભ ]

એ રીતે કૃતિકર્મની, કરતા પૂર્વોક્ત વિધિને,
ચરણ–કરણસિત્તરીમાં, ઉપયોગવાળા થઈને;
અનેક ભવનાં એકઠાં, કરેલ અનંત કર્મને,
ખપાવે છે તે સાધુઓ, પામવા શિવશર્મને. (૫૪)

[ ગ્રંથકારની લઘુતા અને ગીતાર્થોને ભલામણ ]

અલ્પમતિવંત ભવ્ય પ્રાણી, બોધ અર્થે જે કહ્યું,
તે ગુરુવંદનભાષ્ય મેં, દેવેન્દ્રસૂરિએ રચ્યું;
તેમાં કંઈ મારા વડે, વિપરીત કહેલું હોય જો,
કદાગ્રહ ને ઇર્ષ્યા વિના ગીતાર્થો! તેહ સુધારજો. (૫૫)

## છંદોબદ્ધ ભાષાનુવાદ કર્ત્તાની પ્રશસ્તિ

( શાર્દૂલવિક્રીડિત—છંદમાં )

[ ૧ ]

પૂજ્ય શ્રીતપગચ્છમાં મણિસમા, શ્રીનેમિસૂરીશના,
પટ્ટાકાશ વિશે દિવાકરસમા, લાવણ્યસૂરીશના;
વિદ્વાન્ શ્રીમુનિરાજ દક્ષવિજય-પ્રખ્યાતિમાન્ શિષ્યના,
શિષ્યે ને અનુજે સુશીલવિજયે, શ્રીવિક્રમાદિત્યના.

[ ૨ ]

૧૦૦૨
ચંદ્રાકાશનભાક્ષિવર્ષ (૨૦૦૧) મધુની, શ્રીપૂર્ણિમાના દિને,
તીર્થે શ્રીગિરનાર નેમિજિનની, યાત્રા કરી અને;
બીજા શ્રીગુરુવંદનાભિધ તણા, એ ભાષ્યનો છંદમાં,
કીધો એ અનુવાદને શિશુહિતે, નિત્યે રહો વિશ્વમાં.

॥ ઇતિ શ્રીગુરુવંદનભાષ્યનો છંદોબદ્ધ-ભાષાનુવાદ સમાપ્ત ॥

卐 शुभं भवतु श्रीसङ्घस्य 卐

卐 ॐ अर्हं नमः 卐

# શ્રી ગુરુવંદન ભાષ્યનો છંદોબદ્ધ ભાષાનુવાદ

મૂળકર્ત્તા–પૂ૦ આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરિજી મહારાજ.
અનુવાદકાર–પંન્યાસ શ્રી સુશીલવિજયજી મહારાજ.

मूल—

* गुरुवंदणमह तिविहं, तं फिट्टा छोभ बारसावत्तं ।
सिरनमणाइसु पढमं, पुन्नखमासमणदुगि बीअं ॥१॥

( હરિગીત–છંદમાં )

[ ગ્રંથ સંબંધ અને ગુરુવંદનના ત્રણ પ્રકાર ]

**દેવવંદન**[1] બાદ હવે,[2] **ગુરુવંદન**[3] કહેવાય છે,
ફેટા૦[4] છોભ૦[5] દ્વાદશા૦[6] એમ, ત્રણ રીતે તે થાય છે;

---

*संस्कृतछाया—गुरुवन्दनमथ त्रिविधं तत् फिट्टा–छोभ–द्वादशा–ऽऽवर्त्तम् ।
शिरोनमनादिषु प्रथमं पूर्ण–क्षमा–श्रमण–द्विके द्वितीयम् ॥१॥

૧ દેવવંદનનું સ્વરૂપ '**ચૈત્યવંદન ભાષ્ય**'માં પ્રતિપાદન કર્યા બાદ ( અર્થાત્–દેવવંદન સંબંધી પ્રથમ ભાષ્ય કહ્યા પછી ).

૨ ગાથામાં 'अह' શબ્દ પડેલો છે. તેનું સંસ્કૃતમાં 'अथ' થાય છે. તે 'अथ' શબ્દ મંગલવાચી છે.

[ અર્થાત્ अथ શબ્દથી આ ગુરુવંદન ભાષ્યનું મંગલાચરણ ગ્રંથકારે (શ્રી દેવેન્દ્રસૂરિજીએ) સૂચવ્યું છે. ] તેનો ગુજરાતી અર્થ હવે થાય છે.

૩ ગુરુવંદન એટલે ગુરુવંદન ભાષ્ય.

૪ ફેટાવંદન. ૫ થોભવંદન. ૬ દ્વાદશાવર્ત્તવંદન.

( ફેટાવંદન આ રીતે થાય- )

તેમાં પહેલું ફેટા વંદન, શિર નમનાદિ[૭] વડે,

( છોભવંદન આ રીતે થાય- )

ને[૮] છોભ[૯] બીજું પૂર્ણ બે, ખમાસમણ દેવા વડે. (૧)

मूल—

*जह दुओ रायाणं, नमिउं कज्जं निवेइउं पच्छा ।
विसज्जिओ वि वंदिय, गच्छइ एमेव इत्थ दुगं ॥२॥

( બે વાર વંદના કરવાનું કારણ )

જિમ દૂત[૧] રાજાને નમી, કાર્ય જણાવ્યા પછી,
રાજાએ વિસર્જ્યો થકો[૨] પણ, જાય નમીને પછી;
તિમ થોભ ને દ્વાદશાવર્ત્ત-વંદનમાંહી માનીએ,
દૂત તણા દ્રષ્ટાંત જિમ, બે વાર વંદના જાણીએ. (૨)

---

૭ મસ્તક નમાવવા વડે. આદિ શબ્દથી બે હાથ જોડવા વડે, અંજલિ રચવા વડે, અથવા પાંચ અંગમાં યથાયોગ્ય ૧-૨-૩ અથવા ૪ અંગવડે નમસ્કાર કરવાથી.

૮ છોભવંદનને બદલે થોભવંદન પણ બોલાય છે. આને 'પંચાંગ-વંદન' પણ કહેવામાં આવે છે.

૯ પાંચે અંગ (બે હાથ, બે જાનુ અને મસ્તક) નમાવવા પૂર્વક સંપૂર્ણ બે ખમાસમણ વડે.

॥ ગાથાંક—૧, અનુવાદાંક—૧ ॥

* 'આવશ્યક નિર્યુક્તિ' ગ્રંથની આ ગાથા છે.

* संस्कृतछाया—यथा दूतो राजानं नत्वा कार्यं निवेद्य पश्चात् ।
विसर्जितोऽपि वन्दित्वा गच्छत्येवमेवात्र द्विकम् ॥२॥

મૂલ—

* आयारस्स उ मूलं, विणओ सो गुणवओ य पडिवत्ती ।
सा य विहि वंदणाओ, विहि इमो बारसावत्ते ॥३॥

( ગુરુને વંદના કરવાની આવશ્યકતા )

આચારનું[1] વળી મૂળ વિનય,[2] કથન જે કરાય છે,
ગુણવંત એવા ગુરુ તણી તે, ભક્તિરૂપ ગણાય છે;
વિધિપૂર્વક ભક્તિ તે, વંદન થકી થાય છે,
આગળ દ્વાદશાવર્તમાં,[3] એ વિધિ જણાવાય છે. (૩)

---

[ પૂર્વગાથામાં ફેટાવંદન અને થોભવંદન કહ્યું. હવે ત્રીજું દ્વાદશાવર્ત્ત વંદન કહેવું જોઈએ, છતાં થોભવંદન અને દ્વાદશાવર્ત્ત-વંદનમાં જે બે વાર વંદના કરવી કહી છે; તેનું શું કારણ ?

તે શિષ્ય જિજ્ઞાસાના પ્રત્યુત્તરરૂપે પ્રથમ આ ગાથા જણાવાય છે. ]

૧ રાજસેવક.

૨ વિસર્જન કર્યો છતાં પણ અર્થાત્ રાજાએ વિદાય કર્યા પછી પણ.

॥ ગાથાંક—૨, અનુવાદાંક—૨ ॥

* પ્રસંગવશાત્-વંદના તે શું ? અને તે કઈ રીતે થાય ? આ બન્ને વાત ( બાકી રહેલ ત્રીજા પ્રકારના ગુરુવંદન પહેલાં ) ગ્રંથકાર બતાવે છે.

* संस्कृतछाया—आचारस्य तु मूलं विनयः सगुणवतश्च प्रतिपत्तिः ।
सा च विधिवन्दनतो विधिश्चासौ द्वादशा-ऽऽवर्ते ॥३॥

૧ ધર્મનું–જિનેન્દ્રશાસનનું.

૨ વિનયની વ્યાખ્યા–

मूल— .

* तइयं तु छंदणदुगे, तत्थ मिहो आइमं सयलसङ्घे ।
बीयं तु दंसणीण य, पयट्ठियाणं च तइयं तु ॥४॥

( દ્વાદશાવર્ત્તવંદન કેવી રીતે કરાય? )

બે[1] વાંદણાં દેવા વડે, વંદન ત્રીજું [2]કરાય છે,

---

" जम्हा विणयइ कम्मं, अट्ठविहं चाउरंतमुकखाए ।
तम्हा उ वयंति विऊ, विणउ त्ति विलीनसंसारा ॥१२१७॥ "

इति आवश्यकनिर्युक्तौ प्रोक्तम्.

" જે કારણથી ચાર ગતિરૂપ સંસારના વિનાશ અર્થે (જે આચાર-ક્રિયા ) આઠ પ્રકારનાં કર્મને વિનયતિ=વિશેષતઃ નાશ પમાડે છે, તે કારણથી વિનષ્ટ સંસારવર્તી વિદ્વાનો ( શ્રી સર્વજ્ઞ દેવો તેવા આચારને ) 'વિનય' એમ કહે છે. "

[ દ્વાદશાંગ શ્રુતજ્ઞાનરૂપી શ્રી જિનેન્દ્રશાસનનું મૂળ 'વિનય' છે. જુઓ–' विणओ सासणे मूलं०

આવશ્યકનિર્યુક્તિ–૧૨૧૬ મી ગાથા.

શ્રી ઉત્તરાધ્યયનસૂત્રનાં ૩૬ અધ્યયનોમાં પણ સર્વથી પહેલું 'વિનય અધ્યયન' પ્રતિપાદન કર્યું છે ]

૩ દ્વાદશાવર્તવંદનમાં.

॥ ગાથાંક—૩, અનુવાદાંક—૩ ॥

*संस्कृतछाया – तृतीयं तु छन्दनक–द्विके तत्र मिथः आदिमं सकल–सङ्घस्य ।
द्वितीयं तु दर्शनिनश्च पद–स्थितानां च तृतीयं तु ॥४॥

१ 'अहो कायं काय' એ પ્રસિદ્ધ પદવાળા વંદનકસૂત્રવડે.

२ દ્વાદશાવર્ત્ત નામનું.

( ત્રણે વંદન કોને કોને થાય ?- )

**તેમાં પહેલું[૩] માંહોમાંહે, સર્વ [૪]સંઘમાં થાય છે;**
**સાધુ-સાધ્વીને જ વંદન, બીજું [૫]થોભ કરાય છે,**
**ને ત્રીજું[૬] આચાર્ય [૭]આદિ, પદવીધરને થાય છે. (૫)**

---

૩ ફિટ્ટાવંદન-ફેટાવંદન.

૪ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ સકલ સંઘમાં. અર્થાત્ સાધુ સાધુએ પરસ્પર, સાધ્વી સાધ્વીએ પરસ્પર, શ્રાવક શ્રાવકે પરસ્પર, અને શ્રાવિકા શ્રાવિકાએ પરસ્પર પહેલું ફેટાવંદન કરવું. અથવા શ્રાવક સાધુ આદિ ચારેયને, શ્રાવિકા પણ સાધુ આદિ ચારેયને, સાધ્વી સાધુને તથા સાધ્વીને, અને સાધુ તો કેવળ સાધુને જ ફિટ્ટાવંદન કરે.

૫ નાના સાધુ મોટા સાધુને બીજા થોભવંદનથી વાંદે-વંદના કરે.
નાની સાધ્વી મોટી સાધ્વીને ,, ,,
સાધ્વી દીર્ઘ કે લઘુ પર્યાયવાળા સાધુને ,, ,,
[ ભલેને સો વર્ષની દીક્ષિત સાધ્વી હોય તેમજ જ્ઞાનાદિકમાં અધિક હોય, છતાં પણ એક જ દિવસના દીક્ષિત લઘુવયવાળા સાધુને અવશ્ય થોભવંદન-એ ખમાસમણ પૂર્વક વંદના કરે. શાથી? पुरुषप्रधानत्वात्-પુરુષનું પ્રધાનપણું હોવાથી. ધર્મમાં પુરુષની પ્રધાનતા એ જૈનદર્શનની મર્યાદા છે. ]
શ્રાવક સાધુને બીજા થોભવંદનથી વાંદે-વંદના કરે.
શ્રાવિકા સાધુને તથા સાધ્વીને ,, ,,

૬ દ્વાદશાવર્તવંદન. આ વંદન સાધુ સાધ્વી શ્રાવક અને શ્રાવિકા એ ચારે કરે.

૭ આદિપદથી ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર અને રાત્નિક (રત્નાધિક) એ પાંચ પદવીધરવાળા સાધુને જ થાય છે. વળી સમાનપદવાળા સાધુઓ વધારે દીક્ષાપર્યાયવાળા ( રત્નાધિક )ને કરે.

॥ ગાથાંક—૪, અનુવાદાંક—૪ ॥

मूल—

* वंदण—चिइ—किइकम्मं, पूयाकम्मं च विणयकम्मं च ।
कायव्वं कस्स व केण वावि काहे व कइखुत्तो ॥५॥

कइ ओणयं कइ सिरं, कइहिँ व आवस्सएहिँ परिशुद्धं ।
कइदोसविप्पमुक्कं, किइकम्मं कीस कीरइ वा ॥६॥

[ વંદનનાં પાંચ નામ અને તેને લગતું આવશ્યકનિર્યુક્તિનું કથન. ]

આવશ્યક નિર્યુક્તિમાં, વર્ણવેલ વંદન વિધિનાં,
નામ પાંચ ને દ્વાર નવ, છે અહીં પણ તેહનાં;
વંદનકર્મ ચિતિકર્મ, કૃતિકર્મને જાણીએ,
તથા પૂજાકર્મને, વિનયકર્મ જ માનીએ. (૫)

*તે કોને કરવું ? કોણે કરવું ? ક્યારે કરવાનું વળી ?,
કરવું કેટલી વાર એ ? કેટલા અવનતો વળી ?;
શિર નમન કેટલાં ? અને, કેટલા આવશ્યક વડે–,
કરાય શુદ્ધ ? ને રહિત, કેટલા દોષો વડે ?. (૬)

કૃતિકર્મ શા માટે કરાય ? સર્વ એ પ્રશ્નો તણા,
જવાબ ગાથામાં નથી તે, જાણવા નીચે તણા;
આચાર્યાદિને સંઘે શાંત, હોય તો વંદન કરે,
બે વારની ગણતરીમાંહે, તેહને એ અનુસરે. (૭)

---

*संस्कृतछाया—वन्दन—चिति—कृति—कर्म पूजा—कर्म च विनय—कर्म च ।
कर्त्तव्यं कस्य वा केन वाऽपि कदा वा कति—कृत्वः ॥५॥
कत्यवनतं कति—शिरः कतिभिर्वाऽऽवश्यकैः परिशुद्धम् ।
कति दोष—विप्रमुक्तं कृति—कर्म कस्मात् क्रियते वा? ॥६॥

નમન બે વાર શિષ્યનું, સિદ્ધાંતથી એ જાણવું,
નમન શિરનું ચાર વારે, વંદનમાંહે માનવું;
વંદન શુદ્ધ કરાય છે, પચ્ચીશ આવશ્યકથી,
ને નિર્જરાર્થે થાય છે એ, દોષ બત્રીશ શૂન્યથી. (૮)

मूल—

* पण नाम पणाहरणा, अजुग्गपण जुग्गपण चउ अदाया ।
चउदाय पणनिसेहा, चउ अणिसेहट्ठकारणया ॥७॥
आवस्सय मुहणंतय, तणुपेहपणीस दोसबत्तीसा ।
छगुण गुरुठवण दुग्गह, दुछवीसक्खर गुरुपणीसा ॥८॥

---

* ૯ પ્રશ્નો અને તેના ૯ જવાબો—

| | |
|---|---|
| [૧] કોને કરવું ? | [૧] આચાર્ય વગેરેને |
| [૨] કોણે કરવું ? | [૨] સંઘે (સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘે.) |
| [૩] ક્યારે કરવાનું ? | [૩] શાંત હોય ત્યારે |
| [૪] કેટલીવાર કરવું ? | [૪] બેવાર |
| [૫] (શિષ્યના) કેટલા અવનત (પ્રણામ) ? | [૫] બે |
| [૬] શીર્ષનમન કેટલાં ? | [૬] ચાર વાર |
| [૭] કેટલા આવશ્યકવડે શુદ્ધ કરાય ? | [૭] ૨૫ આવશ્યક વડે |
| [૮] કેટલા દોષ વડે રહિત કરાય ? | [૮] ૩૨ દોષ વડે |
| [૯] કૃતિકર્મ (વંદનક–વાંદણાં) શા માટે કરાય ? | [૯] નિર્જરા માટે |

॥ ગાથાંક—૫–૬, અનુવાદાંક—૫–૮ ॥

पय अडवन्न छठाणा, छग्गुरुवयणा असायणतितीसं ।
दुविही दुवीस दारेहिं चउसया बाणउइ ठाणा ॥९॥

[ વંદનાનાં ૨૨ દ્વાર અને તેમાં આવતી હકીકતનું સંક્ષિપ્ત સ્પષ્ટીકરણ. ]

પ્રથમ દ્વારે આવશે, વંદન પાંચ નામનાં,
બીજા દ્વારે આવશે, દ્રષ્ટાંત પાંચ જ તેહનાં;
વંદન[1] અયોગ્ય પાંચ મુનિ, કહેશે ત્રીજા દ્વારમાં,
વંદન[2] યોગ્ય પાંચ મુનિ, કહેશે ચોથા દ્વારમાં. (૯)
અદાતા[3] ચાર વંદનાના, કહેશે પાંચમા દ્વારમાં,
ચાર[4] દાતા વંદનાના, કહેશે છઠ્ઠા દ્વારમાં;

---

*संस्कृतछाया—

पञ्च-नामानि पञ्चोदाहरणान्ययोग्य-पञ्चकं चत्वारोऽदातारः ।
चत्वारो दातारः पञ्च-निषेधाश्चत्वारोऽनिषेधा अष्ट करणानि ॥७॥

आवश्यक-मुखा-ऽनन्तक-तनु-प्रेक्षा-पञ्च-विंशतिर्दोषा द्वात्रिंशत् ।
षड-गुणा गुरु-स्थापना द्व्यवग्रहो द्वि-षड्-विंशत्यक्षर-गुरु-पञ्च-विंशतिः ॥८॥

पदान्यष्ट-पञ्चाशत् षट्-स्थानानि षड्-गुरु-वचनान्याशातनास्त्रयस्त्रिंशत् ।
द्वौ विधिद्वाविंशति-द्वारैश्चतुः-शतानि द्वि-नवतिः स्थानानि ॥९॥

૧ વંદન નહીં કરવા લાયક.

૨ વંદન કરવા લાયક.

૩ વંદના કરાવવાના અદાતા ચાર, એટલે ચાર જણ પાસે વંદના ન કરાવવી તે. ( અર્થાત્ ચાર પ્રકારના સાધુ વંદના ન કરે તે. )

૪ વંદના કરનાર ચાર દાતા, એટલે ચાર જણ પાસે વંદના કરાવવી તે. ( અર્થાત્ ચાર પ્રકારના સાધુ વંદના કરે તે. )

નિષેધ[૫] વંદન પાંચ સ્થાને, કહેશે સાતમા દ્વારમાં,
અનિષેધ[૬] વળી ચાર સ્થાને, કહેશે આઠમા દ્વારમાં. (૧૦)

વંદનતણા એ આઠ કારણ, કહેશે નવમા દ્વારમાં,
પચ્ચીશ આવશ્યક વળી, કહેશે દશમા દ્વારમાં;
પચ્ચીશ પડિલેહણા, મુહપત્તિની અગિયારમાં[૭] ,
દેહની પણ તે જ[૮] રીતે, કહેશે બારમા દ્વારમાં. (૧૧)

તજવા[૯] યોગ્ય દોષ બત્રીશ, કહેશે તેરમા દ્વારમાં,
છ ગુણ વંદનથી થતા, કહેશે ચઉદમા દ્વારમાં;
કહેશે સ્થાપના ગુરુની, પંદરમા એ દ્વારમાં,
અવગ્રહ[૧૦] બે રીતનો એ, કહેશે સોળમા દ્વારમાં. (૧૨)

કહેશે વંદનસૂત્રના, અક્ષર બસો છવ્વીશને,
સત્તરમા દ્વારે વળી, પચ્ચીશ ગુરુ[૧૧] વર્ણને;

---

૫ પાંચ સ્થાનમાં વંદનનો નિષેધ (અર્થાત્ વંદન નહિ કરવાના અવસર).

૬ ચાર સ્થાનમાં વંદનનો અનિષેધ, એટલે વંદન કરવાના અવસર (અર્થાત્ ચાર સ્થાનમાં વંદનનો નિષેધ કરવો નહીં.)

૭ અગિયારમા દ્વારમાં.

૮ મુહપત્તિની પડિલેહણા માફક શરીરની પણ પચ્ચીશ પડિલેહણા સમજવી.

૯ વંદન સમયે ટાળવા લાયક.

૧૦ ગુરુથી દૂર ઊભા રહેવાની ક્ષેત્રમર્યાદા.

૧૧ ગુરુ અક્ષરને ( સંયુક્ત—જોડાક્ષરને ).

કહેશે દ્વાર અઢારમામાં, પદ અઠ્ઠાવન તેહનાં,
ઓગણીશમા એ દ્વારમાં, છ[12]સ્થાન શિષ્ય પ્રશ્નનાં. (૧૩)
કહેશે છ ગુરુનાં [13]વચણુ, વીશમા એ દ્વારમાં,
[14]આશાતના તેત્રીશ કહેશે, એકવીશમા એ દ્વારમાં;
વંદન તણી એ વિધિ કહેશે, બાવીશમા એ દ્વારમાં,
એ રીતે બાવીશ દ્વારો, અહીં કહ્યા સંક્ષેપમાં. (૧૪)

વંદન[15] તણા કહેવાયેલા એ, મૂળ બાવીશ દ્વાર છે,
ઉત્તરભેદો તેહના એ, ચારસો ને બાણું છે;
વિસ્તારથી એ વંદનાનાં, દ્વાર બાવીશ વર્ણવું,
ક્રમથી વર્ણન તેહનું, નીચે પ્રમાણે જાણવું. (૧૫)

## 卐 ૨૨ પ્રકારનાં મૂળદ્વારના ૪૯૨ ઉત્તરભેદને 卐 જણાવનારું કોષ્ટક

| | | | | | |
|---|---|---|---|---|---|
| [૧] | વંદનનાં નામ | ૫ | [૬] | વંદનના દાતા | ૪ |
| [૨] | વંદનનાં દૃષ્ટાંત | ૫ | [૭] | વંદનનાં નિષેધસ્થાન | ૫ |
| [૩] | વંદનને અયોગ્ય | ૫ | [૮] | વંદનનાં અનિષેધ-સ્થાન | ૪ |
| [૪] | વંદનને યોગ્ય | ૫ | [૯] | વંદનનાં કારણ | ૮ |
| [૫] | વંદનના અદાતા | ૪ | [૧૦] | આવશ્યક | ૨૫ |

---

૧૨ વંદનસૂત્રમાં આવતા શિષ્યને પૂછવાલાયક પ્રશ્નરૂપે છ સ્થાન (છ અધિકાર).
૧૩ વંદનસૂત્રમાં આવતા શિષ્ય પ્રશ્નના પ્રત્યુત્તરરૂપે ગુરુનાં છ વચન.
૧૪ ગુરુ પ્રત્યે થતી તેત્રીશ આશાતના.
૫ વંદનસૂત્રના.

॥ ગાથાંક—૭-૯, અનુવાદાંક—૯-૧૫ ॥

[૧૧] મુહપત્તિની પાડિલેહણા ૨૫

[૧૨] શરીરની પડિલેહણા ૨૫

[૧૩] વંદન સમયે ટાળવા યોગ્ય દોષ ૩૨

[૧૪] વંદનથી થતા ગુણ ૬

[૧૫] ગુરુની સ્થાપના ૧

[૧૬] અવગ્રહ (ગુરુથી દૂર ઊભા રહેવાની ક્ષેત્રમર્યાદા) ૨

[૧૭] વંદન સૂત્રના અક્ષરની સંખ્યા (તેમાં આવતા ગુરુ અક્ષર ૨૫) ૨૨૬

[૧૮] વંદનસૂત્રના પદની સંખ્યા ૫૮

[૧૯] શિષ્યના પ્રશ્નરૂપે વંદનનાં સ્થાન ૬

[૨૦] વંદન સમયે ગુરુને પ્રત્યુત્તરરૂપે બોલવા-યોગ્ય વચન ૬

[૨૧] ગુરુ પ્રત્યે થતી આશાતના ૩૩

[૨૨] વંદનની વિધિ (રાત્રિ સમયની અને દિવસની) ૨

મૂળદ્વારની સંખ્યા—૨૨ } ઉત્તરભેદની સંખ્યા—૪૯૨ *

* શાસ્ત્રની અંદર દ્વાદશાવર્ત્ત વંદનના બોલ ૧૯૮ કહેલા છે. તેમાં ૨૨૬ અક્ષર, ૫૮ પદ, ૪ વંદનદાતા, ૪ વંદનઅદાતા, ૪ અનિષેધસ્થાન, ૨ વિધિ, અને ૧ ગુરુસ્થાપના એ ૨૯૯ ભેદ ગણાવ્યા નથી. વળી, અવગ્રહ પણ એને બદલે ૧ બતાવેલ હોવાથી સર્વ મળી ૩૦૦ ભેદ ગણાવ્યા નથી. એ ઉપરાંત માન—અવિનય—નિંદા. નીચગોત્ર બંધ—અબોધિ—અને ભવવૃદ્ધિ એ ૬ દોષ અધિક (વંદન નહિ કરનારને ગણાવ્યા) છે. અર્થાત્ એ ૪૯૨ ભેદમાંથી ૩૦૦ બાદ કરતાં ૧૯૨ રહે છે. તેમાં માનાદિક ૬ દોષ ઉમેરતાં ૧૯૮ બોલ (એ દ્વાદશા૦ વંદનના) ગણાવ્યા છે. [ ધ. સં૦ વૃત્તિ. ]

मूल—

* वंदणयं चिइकम्मं, किइकम्मं विणयकम्म पूअकम्मं ।
गुरुवंदणपणनामा, दव्वे भावे दुहोहेण (दुहाहरणा) ॥१०॥

[ ગુરુવંદનનાં પાંચ નામને પ્રતિપાદન કરતું દ્વાર પહેલું ]

પહેલું વંદન [1]કર્મ વળી, બીજું [2]ચિતિકર્મ છે,
ત્રીજું કૃતિ [3]કર્મ અને, ચોથું વિનય[4] કર્મ છે;
પૂજા[5] કર્મ પાંચમું એ, પાંચ વંદન નામ છે,
તે સર્વના દ્રવ્ય-ભાવથી, ઓઘે [6]કરી બે[7] ભેદ છે. (૧૬)

---

* संस्कृतछाया—वन्दनकं चिति-कर्म कृति-कर्म पूजा-कर्म विनय-कर्म ।
गुरु-वन्दन-पञ्चनामानि द्रव्यतो भावतो द्विधौघेन
( द्विधोदाहरणानि ) ॥१०॥

૧ પ્રશસ્ત મન વચન અને કાયાવડે વંદના જે કરાય તે 'વંદન-કર્મ' નામનું પહેલું વંદન કહેવાય છે.

૨ રજોહરણ ( ઓઘો ) વગેરે ઉપધિ સહિત કુશલકર્મનું સંચયન-એકઠું જે કરવું તે 'ચિતિકર્મ' નામનું બીજું વંદન કહેવાય છે.

૩ મોક્ષને અર્થે નમસ્કાર વગેરેની વિશિષ્ટ ક્રિયા જે કરવી તે 'કૃતિકર્મ' નામનું ત્રીજું વંદન કહેવાય છે.

૪ જેના વડે કર્મનો વિનાશ થાય ( તેવી ગુરુના પ્રત્યે જે સાનુકૂળ પ્રવૃત્તિ ) તે 'વિનયકર્મ' નામનું ચોથું વંદન કહેવાય છે.

૫ મન, વચન અને કાયાના પ્રશસ્ત જે વ્યાપાર તે 'પૂજાકર્મ' નામનું પાંચમું વંદન કહેવાય છે.

૬ સામાન્યથી.

૭ એ પાંચે વંદન દ્રવ્યથી અને ભાવથી બે પ્રકારે છે. તેમાં દ્રવ્ય શબ્દ અપ્રાધાન્યવાચક અને ભાવશબ્દ પ્રાધાન્ય વાચક સમજવાનો છે.

'સમ્યક્ પ્રકારના ફળને ન આપી શકે એવી જે વંદનાદિ ક્રિયા તે દ્રવ્યથી જાણવી.'

'સમ્યક્ પ્રકારના ફળને આપી શકે એવી જે વંદનાદિ ક્રિયા તે ભાવથી જાણવી.'

**પાંચ પ્રકારના વંદનમાં ક્રમશઃ દ્રવ્યથી અને ભાવથી ઘટના—**

[૧] વંદનકર્મના બે ભેદ. દ્રવ્યવંદનકર્મ અને ભાવવંદન કર્મ.

(૧) મિથ્યાદૃષ્ટિ જીવે અથવા ઉપયોગ રહિત સમ્યગ્દૃષ્ટિ જીવે કરેલી જે ગુરુસ્તવના તે '**દ્રવ્યવંદનકર્મ**' કહેવાય છે

(૨) ઉપયોગ સહિત સમ્યગ્દૃષ્ટિ જીવે કરેલી જે ગુરુસ્તવના તે '**ભાવવંદનકર્મ**' કહેવાય છે.

[૨] ચિતિકર્મના બે ભેદ. દ્રવ્યચિતિકર્મ અને ભાવચિતિકર્મ.

(૧) તાપસ વગેરે મિથ્યાદૃષ્ટિ જીવોની તાપસાદિ યોગ્ય ઉપધિ-ઉપકરણના સંચય–ગ્રહણ અને તત્પૂર્વક જે તાપસી આદિક્રિયા, અથવા સમ્યગ્દૃષ્ટિ જીવોની ઉપયોગ રહિત રજોહરણાદિ ઉપધિ પૂર્વક કુશળ જે ક્રિયા તે '**દ્રવ્યચિતિકર્મ**' કહેવાય છે.

(૨) ઉપયોગસહિત સમ્યગ્દૃષ્ટિ જીવની રજોહરણાદિ ઉપકરણ પૂર્વક જે ક્રિયા તે '**ભાવચિતિકર્મ**' કહેવાય છે.

[૩] કૃતિકર્મના બે ભેદ. દ્રવ્યકૃતિકર્મ અને ભાવકૃતિકર્મ.

(૧) નિહ્નવાદિક (મિથ્યાદૃષ્ટિઓ)ની અને ઉપયોગ રહિત સમ્યગ્દૃષ્ટિ જીવોની જે નમસ્કાર ક્રિયા તે '**દ્રવ્યકૃતિકર્મ**' કહેવાય છે.

(૨) ઉપયોગ સહિત સમ્યગ્દૃષ્ટિ જીવોની જે નમસ્કાર ક્રિયા તે '**ભાવકૃતિકર્મ**' કહેવાય છે.

मूल—

* सीयलय खुड्डुए वीर–, कन्ह सेवगदु पालए संबे ।
पंचे ए दिट्ठंता, किइकम्मे दव्वभावेहिं ॥११॥

[ વંદનનાં પાંચ દ્રષ્ટાંતને બતાવતું દ્વાર બીજું. ]

વંદન કર્મ પરે કહ્યું, દષ્ટાંત [૧]શીતલાચાર્યનું,
ચિતિકર્મ પરે કહ્યું, દષ્ટાંત [૨]ક્ષુલ્લકાચાર્યનું;
દષ્ટાંત કૃતિકર્મ પરે, વીરકશાલવી– [૩]કૃષ્ણનું,
કહ્યું વિનય કર્મ પરે, દષ્ટાંત એ [૪]સેવકનું. (૧૭)

દષ્ટાંત [૫]પાલક–શામ્બનું, પૂજા કર્મ પરે જાણીએ,
પાંચે એ કૃતિકર્મમાંહે, દ્રવ્ય–ભાવથી માનીએ;

---

[૪] વિનયકર્મના બે ભેદ. દ્રવ્યવિનયકર્મ અને ભાવવિનયકર્મ.

(૧) મિથ્યાદ્રષ્ટિ જીવોનો અને ઉપયોગ રહિત સમ્યગ્દ્રષ્ટિ જીવોનો જે ગુરુપ્રત્યેનો વિનય તે '**દ્રવ્યવિનયકર્મ**' કહેવાય છે.

(૨) ઉપયોગપૂર્વક સમ્યગ્દ્રષ્ટિ જીવોએ કરેલો જે ગુરુપ્રત્યેનો વિનય તે '**ભાવવિનયકર્મ**' કહેવાય છે.

[૫] પૂજાકર્મના બે ભેદ. દ્રવ્યપૂજાકર્મ અને ભાવપૂજા કર્મ.

(૧) મિથ્યાદ્રષ્ટિ જીવોની અને ઉપયોગ રહિત સમ્યગ્દ્રષ્ટિ જીવોની જે મન વચન અને કાયા સમ્બન્ધી ક્રિયા તે '**દ્રવ્યપૂજાકર્મ**' કહેવાય છે.

(૨) ઉપયોગ પૂર્વક સમ્યગ્દ્રષ્ટિ જીવોની પ્રશસ્ત જે મન વચન અને કાયા સમ્બન્ધિ ક્રિયા તે '**ભાવપૂજાકર્મ**' કહેવાય છે.

॥ ગાથાંક—૧૦, અનુવાદાંક—૧૬॥

* शीतलकः क्षुल्लको वीर–कृष्णौ सेवकद्वयं पालकः शाम्बः ।
पञ्चैते दृष्टान्ताः कृति–कर्मणि द्रव्य–भावाभ्याम् ॥११॥

**૧ [ વંદનકર્મ ઉપર શીતલાચાર્યનું દૃષ્ટાંત– ]**

**શ્રીપુર** નગરના **શીતલ** નામના નરપતિએ જૈનાચાર્ય **શ્રીધર્મઘોષસૂરિ** મ૦ પાસે પરમપાવની પરમપદદાયિની પારમેશ્વરી પ્રવ્રજ્યા સ્વીકારી. ક્રમશઃ ગુરુમહારાજાએ આચાર્યપદવીથી અલંકૃત કર્યા. **શીતલાચાર્ય** એ નામથી જગતમાં પ્રખ્યાત થયા.

એ શીતલાચાર્ય મ૦ને સંસારીપણાની **શૃંગારમંજરી** નામની એક ભગિની ( બ્હેન ) હતી. તેણીને અદ્ભુત સૌન્દર્યશાળી તદ્ભવમોક્ષગામી ચાર પુત્રરત્નો હતા. માતા પોતાના ચાર પુત્રરત્નોને 'તમારા મામાએ રાજવૈભવને તિલાંજલી દઈ આત્મ કલ્યાણનો પવિત્ર માર્ગ સ્વીકાર્યો છે. સંયમની સુંદર આરાધના કરતાં અને જૈન શાસનનો વિજય વાવટો ફરકાવતાં મહીતલ ઉપર વિચરી રહ્યા છે.' ઈત્યાદિ અને સંસારની અસારતા વગેરેનો સદુપદેશ સર્વદા આપતી.

પૂર્વભવની આરાધના ને દૃઢસંસ્કાર, ધર્મનું અનુપમ આલંબન અને ધર્મી માતાનો સુંદર સદુપદેશ એ ત્રિપુટીનો અત્યુત્તમ સંયોગ પછી બાકી જ શું રહે ?

તદ્ભવમોક્ષગામી ચારે પુત્રરત્નોએ વૈરાગ્ય પામી વૈભવવિલાસને તિલાંજલિ દઈ કોઈ સ્થવિર મુનિવર પાસે દીક્ષાને સ્વીકારી. સંયમની સુંદર આરાધના પૂર્વક તથા પ્રકારનો જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થતાં ચારે મુનિઓ મહાગીતાર્થ થયા. પોતાના સંસારીપણાના મામા પૂજ્ય શ્રીશીતલાચાર્ય મ૦ને વંદન કરવાની ભાવના ઉદ્ભવતાં અને ગુરુવર્યની આજ્ઞા મળતાં ચારે જણે વિહાર કર્યો.

ક્રમશઃ ગ્રામાનુગ્રામ વિહાર કરતાં જે નગરીમાં શ્રીશીતલાચાર્ય મહારાજ બિરાજમાન છે તે જ નગરીના બહારના વિભાગમાં આવી

પહોંચ્યા. સંધ્યા સમય થઈ જવાથી બહાર જ સ્થિરતા કરી. કોઈ ધર્મશ્રદ્ધાવંત શ્રાવકદ્વારા નગરીમાં બિરાજતા પૂજ્ય આચાર્ય ભગવંતને વંદના પૂર્વક કહેવરાવ્યું કે—

'આપના સંસારીપણાના ચાર ભાણેજ મુનિઅવસ્થામાં આપને વંદન કરવાને અત્રે આવ્યા છે, પણ સંધ્યા સમય થઈ જવાથી નગરીની બહાર રોકાયા છે. પ્રભાતે આપની પાસે આવી પહોંચશે.'

એ શુભ સમાચારથી સૂરીશ્વરજીને અપૂર્વ આનંદ થયો. ક્યારે બીજા દિવસનું પ્રભાત ખીલે, સૂર્યરશ્મિ પૃથ્વીપટ પર પથરાય અને ભાણેજ ચાર મુનિઓ મળે એની જ રાહ સૂરીશ્વરજી જોઈ રહ્યા.

આ બાજુ નગરની બહાર ધ્યાનસ્થ રહેલા ચારે મુનિવરો રાત્રિએ શુક્લધ્યાન ધ્યાવતાં અને ઘાતી કર્મને ચકચૂર કરતાં લોકાલોકપ્રકાશક કેવલજ્ઞાનને પામ્યા. ત્રણ કાળના ભાવોને નિર્મળ આરિસાની માફક પ્રત્યક્ષ નિહાળ્યા.

રાત્રિ પૂર્ણ થઈ. પ્રભાત ખીલ્યું. પૂર્વદિશામાંથી સૂર્યે સહસ્રકિરણો પૃથ્વીપટ પર પાથર્યાં. સૂરીશ્વરજી મહારાજને તો લેશમાત્ર પણ ખબર નથી કે ચારે મુનિઓને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું છે. એ તો રાહ જોઈને જ બેઠા છે કે હમણાં આવશે. ખૂબ રાહ જોવા છતાં પણ ન જ આવ્યા ત્યારે અત્યંત ઉત્સુક એવા ખુદ આચાર્ય મહારાજ એમને મળવા એમના સ્થાનમાં આવ્યા.

ચારે ભાણેજ મુનિઓ ચાર ઘાતિકર્મના ક્ષયથી કેવલી થયેલા હોવાથી તેમણે શ્રીશીતલાચાર્યનો સત્કાર અને વંદનાદિક ન કર્યાં. આથી રોષે ભરાયેલા એવા આચાર્ય મહારાજ આ તો અવિનયી અને અશિષ્ટ શિષ્યો છે એમ સમજી પોતે જ આ ચારે કેવલી મુનિઓને વંદના કરી.

હૃદયમાં લેશમાત્ર પણ ભાવ નહિ હોવાથી આ જે વંદના કરી તે 'દ્રવ્યવંદન કર્મ' થયું.

પછી કેવલી મુનિઓએ કહ્યું કે, 'એ તો દ્રવ્યવંદના થઈ, સાચી ભાવવંદના કરો.'

આ સાંભળી શ્રીશીતલાચાર્યે પૂછ્યું કે, 'શી રીતે જાણ્યું ?'

કેવલીઓએ કહ્યું કે, 'જ્ઞાનથી.' પુનઃ આચાર્યમહારાજે પૂછ્યું કે, 'કયા જ્ઞાનથી ?' ત્યારે કેવલી મુનિઓએ કહ્યું કે, 'અપ્રતિપાતી જ્ઞાનથી.'

એમ સાંભળતાંની સાથે જ સૂરીશ્વરજી મહારાજનો ક્રોધ એકદમ શમી ગયો. રોષ ઊતરી ગયો.

'અરે ! મેં કેવલી મહર્ષિઓની આશાતના કરી' એમ પોતાના હૃદયમાં પશ્ચાત્તાપ થયો. પોતાના અપરાધની ક્ષમા માગીને ચારે કેવલી મુનિવરોને પુનઃ વંદના કરી. શુભ અધ્યવસાયે ચડતાં અને ઘાતી કર્મનો ઘાત કરતાં ત્યાં ને ત્યાં તત્કાલ શ્રીશીતલાચાર્ય મહારાજ કેવલજ્ઞાનને પામ્યા.

આ બીજી વારની શ્રીશીતલાચાર્ય મ૦ની વંદના તે '**ભાવ-વંદન કર્મ**' જાણવું.

## [ ૨. ચિતિકર્મ ઉપર ક્ષુલ્લકાચાર્યનું દૃષ્ટાંત— ]

શ્રીગુણસુંદરસૂરિ નામના આચાર્ય મહારાજ પોતાના એક ક્ષુલ્લક (બાલ) સાધુને શ્રીસંઘની સમ્મતિપૂર્વક સૂરિપદે સ્થાપન કરી સમાધિ-પૂર્વક પંડિતમરણે કાળધર્મ પામ્યા. સમસ્ત સાધુ સમુદાય તે ક્ષુલ્લકા-ચાર્યની આજ્ઞામાં વર્તી રહ્યો છે. ક્ષુલ્લકાચાર્ય પણ ગીતાર્થ પાસે શ્રુતાભ્યાસ કરી રહ્યા છે.

આમ કેટલોક સમય પસાર થયા બાદ એક વખતે મોહનીય કર્મના પ્રબળ ઉદયથી પતિત પરિણામ થતાં ક્ષુલ્લકાચાર્યને ચારિત્ર છોડવાની ઈચ્છા થઈ. એક મુનિને સાથે લઈ તે ક્ષુલ્લકાચાર્ય ઠલ્લે જવાના બહાને બહાર નીકળ્યા. સાથે આવેલા સાધુ વૃક્ષોને આંતરે

ઊભા રહેતાં તે ન જુએ તેવી રીતે ક્ષુલ્લકાચાર્ય ત્યાંથી એક દિશા તરફ તત્કાલ ચાલતા થયા.

આગળ જતાં એક સુંદર વન આવ્યું. તેની શોભા કોઈ અનેરી હતી. નંદનવનને સ્મરણ કરાવે તેવું એ ભાસતું હતું. વિવિધ જાતનાં વૃક્ષો અને તેની ફૂલીફાલી ફળાદિકની સંપત્તિ નવપલ્લવિત દેખાતી હતી. પંથિજનો, નગરવાસીઓ અને સંતો વગેરે આ વનમાં આવતા, વિશ્રાંતિ લેતા, મધુરાં ફળો ખાતા, સુગંધી ફૂલો સૂંઘતા, વૃક્ષો પૂજતા અને આનંદની લિજ્જત ઉડાવતાં.

ક્ષુલ્લકાચાર્ય આવા નૈસર્ગિક વનથી આગળ વધતાં લોકસમૂહને પીઠથી બદ્ધ ( પીઠિકાવાળા – ચોતરાવાળા ) એવા એક ખીજડાના વૃક્ષને પૂજતો પ્રત્યક્ષ નિહાળ્યો. જોતાંની સાથે જ મનમાં વિચાર આવ્યો કે આવા સુંદર વનમાં બીજાં અશોક, સહકાર, તિલક અને બકુલાદિક અનેક ઉત્તમ વૃક્ષો વિદ્યમાન હોવા છતાં આ લોકો કેવલ ખીજડાના જ વૃક્ષને કેમ પૂજે છે? જરૂર કંઇ પણ કારણ હોવું જ જોઈએ; નહિતર એમ કરે જ નહિ.

મને તો એમ લાગે છે કે, 'આ વૃક્ષને પૂજવામાં તેને જ પૂજ્ય ઠરાવીને આ બાંધેલી પીઠિકા જ કારણ છે; નહીંતર બીજાં ઉત્તમ વૃક્ષોને પણ કેમ ન પૂજે?'

લોકોને પૂછતાં પણ એ જ પ્રત્યુત્તર મળ્યો કે—

"અમારા પૂર્વજો પણ આ ખીજડાના વૃક્ષને જ પૂજતા આવ્યા છે, માટે અમે પણ તેને જ પૂજીએ છીએ."

આ સાંભળતાં જ ક્ષુલ્લકાચાર્યના ચિત્તમાં કોઈ અનેરો ચમકાર થયો.

"અહો! આ ખીજડાના વૃક્ષ સરખો હું નિર્ગુણ છું. ગચ્છમાં અશોક, સહકાર, તિલક અને બકુલ વગેરે ઉત્તમ વૃક્ષ સમાન અનેક રાજકુમાર મુનિઓ વિદ્યમાન હોવા છતાં, પૂજ્ય ગુરુવર્ય આચાર્ય-

દેવે તેમને સૂરિપદથી અલંકૃત ન કરતાં મને કર્યો. મારી લઘુવય હોવા છતાં ગચ્છના સમગ્ર મુનિઓ મને પૂજે છે અને મારી આજ્ઞાને શિરોમાન્ય કરે છે; તેનું કારણ શું?

"મારું મન તો ચલિત થયેલ હોવાથી, મારામાં શ્રમણપણું તો નથી જ; છતાં પણ ચારિત્રનો કેવલ બાહ્ય વેષ અને પૂજ્ય ગુરુ ભગવંતે આપેલ આચાર્યપદ એ બેને લઈને જ મને વાંદે છે અને મારી આજ્ઞાને શિરોમાન્ય કરે છે."

આ રીતે હૃદયમાં બળાપો થતાં પશ્ચાત્તાપ થયો. પોતાની ભૂલ સમજાઈ. તરત જ ત્યાંથી પાછા વળ્યા અને પોતાના સ્થાનકે–ઉપાશ્રયે આવ્યા. તેમની શોધ કરનારા સાધુઓએ પૂછતાં દેહચિંતાએ જતાં શૂલની વેદનાથી આટલો વિલંબ થયેલ છે એમ ક્ષુલ્લકાચાર્યે જણાવ્યું.

ત્યાર પછી ગચ્છ પણ સ્વસ્થ થયો અને ક્ષુલ્લકાચાર્ય પણ પ્રાયશ્ચિત્ત સ્વીકારી શુદ્ધ થયા.

અહીં ક્ષુલ્લકાચાર્યને મોહનીયકર્મના ઉદયથી પોતાની ભાવનામાં પલટો થતાં સંયમ – ચારિત્ર છોડવાની ઇચ્છા થઈ, તે સમયનો તેમનો રજોહરણાદિ ઉપકરણોનો [ ચિતિ કહેતાં ] જે સંચય તે '**દ્રવ્ય ચિતિ-વંદન**' અને કરેલ ભૂલનું પ્રાયશ્ચિત્ત કરતી વખતે એ જ ઉપકરણોનો સંચય તે '**ભાવ ચિતિવંદન**' જાણવું.

## [ ૩. કૃતિકર્મ પર કૃષ્ણ અને વીરકશાલવીનું દૃષ્ટાંત— ]

બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી સુવર્ણમય સ્વર્ગ-સમી એવી દ્વારિકાનગરીમાં **કૃષ્ણવાસુદેવ** રાજ્યનું રૂડી રીતે પરિપાલન કરી રહ્યા હતા. આ જ નગરીમાં **વીરકશાલવી** નામનો એક રાજસેવક કૃષ્ણવાસુદેવનું વદન ( મુખ ) જોયા પછી જ પ્રતિદિન ભોજન કરતો હતો.

ચાતુર્માસમાં – ચોમાસામાં કૃષ્ણવાસુદેવ રાજવાડીએ જતા ન

હોવાથી રાજમહેલની બહાર જ નીકળતા નહીં. તેથી તેમના દર્શનના અભાવે વીરકશાલવી દુર્બળ થયો.

ચાતુર્માસ પૂર્ણ થયા બાદ તાબેદાર સર્વ રાજાઓ આવ્યા, અને રાજસેવક વીરકશાલવી પણ આવ્યો, કૃષ્ણવાસુદેવે તેનો દુર્બળ દેહ જોતાં પૂછ્યું કે, 'આમ શાથી ?'

જવાબમાં વીરકશાલવીએ જણાવ્યું કે, 'મહારાજા વાસુદેવ ! ચાર મહિના સુધી આપના દર્શન વિના ખાધા પીધા સિવાય બેસી રહેવાથી.' આ સાંભળી વાસુદેવે તે વીરકશાલવીને પોતાના અંતઃપુરમાં પણ રજા સિવાય પ્રવેશ કરવાની આજ્ઞા આપી.

આ બાજુ કૃષ્ણમહારાજાની જે જે પુત્રી વિવાહને લાયક થાય તેને તેની માતા વસ્ત્ર–આભૂષણ અને અલંકાર વગેરેથી સુંદર રીતે શણગારી પુત્રીને તેના પિતા કૃષ્ણવાસુદેવની પાસે મોકલે.

ક્ષાયિક સમકિતી કૃષ્ણમહારાજા રખેને પુત્રીની અધોગતિ ન થાય અને આદર્શ જીવન જીવી સદ્‌ગતિને પામે એવી શુભ ભાવનાથી પૂછે કે, '**તારે રાણી થવું છે કે દાસી ?**'

'મારે રાણી થવું છે' એમ કહેનાર પુત્રીને કૃષ્ણ મહોત્સવપૂર્વક બાલબ્રહ્મચારી શ્રીનેમિનાથ પ્રભુ પાસે પ્રવ્રજ્યા અપાવે.

એકદા એક માતાએ પોતાની પુત્રીને શીખવ્યું કે, 'તારા પિતા જ્યારે તને રાણી થવું છે કે દાસી ?' એમ પૂછે ત્યારે 'મારે દાસી થવું છે' એમ કહેવું. આ રીતે માતાએ શીખવેલી એક પુત્રીએ 'મારે દાસી થવું છે' એમ કહેતાં તત્કાલ તેને રાજસેવક વીરકશાલવી સાથે કૃષ્ણમહારાજાએ પરણાવી, અને પોતાની પુત્રી પાસે સખત ઘર કામ-કાજ કરાવવાની જમાઈ વીરકશાલવીને ફરજ પાડી.

થોડા દિવસ થતાં રાજપુત્રી અત્યંત કંટાળી ગઈ. છેવટે પોતાના પિતા પાસે આવીને રાણી થવાનું કહેતાં વીરકશાલવીની અનુમતિ

લઈને કૃષ્ણમહારાજાએ બાલબ્રહ્મચારી બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવંત પાસે તેણીને દીક્ષા અપાવી.

એક વખત શ્રી નેમિનાથ તીર્થંકર અઢારહજાર મુનિવરોથી પરિ-વરેલા રૈવતકગિરિ (ગિરનાર) ઉપર સમવસર્યા. તે વખતે કૃષ્ણ મહારાજા પણ અનેક રાજાઓ આદિ અને વીરકશાલવી સાથે વંદનાર્થે આવ્યા.

ત્રણ ખંડના અધિપતિ એવા કૃષ્ણ વાસુદેવે સર્વ સાધુઓને ભક્તિભાવપૂર્વક દ્વાદશાવર્તવંદન કર્યું. તેમની સાથે બીજા રાજાઓ વંદના કરતાં કરતાં થાકી જવાથી થોડા ઘણા મુનિઓને વંદના કરી બેસી ગયા, પણ વીરકશાલવીએ તો કૃષ્ણમહારાજાની અનુવૃત્તિએ સર્વ સાધુઓને વંદન કર્યું.

કૃષ્ણ પરિણામે સખત થાકી ગયા ત્યારે તેમણે શ્રીનેમિનાથ પ્રભુને કહ્યું કે, 'પ્રભો! ૩૬૦ સંગ્રામમાં પણ આવો થાક મને નથી લાગ્યો, આજ તો હું ખૂબ જ થાકી ગયો છું.'

પ્રભુએ કહ્યું: 'હે કૃષ્ણ! આજે તો તમે ઘણાં કર્મોની નિર્જરા કરી છે. સાતમી તમસ્તમપ્રભા નરકનું બાંધેલું આયુષ્ય તોડીને ત્રીજી વાલુકાપ્રભા નરકનું કર્યું છે. ઈત્યાદિ...'

અહીં કૃષ્ણમહારાજાની અઢારહજાર સાધુઓને ભાવપૂર્વક કરેલી જે દ્વાદશાવર્ત વંદના તે '**ભાવ કૃતિકર્મ**' અને કૃષ્ણમહારાજાનું મન સાચવવા વીરકશાલવીએ કરેલી જે વંદના તે '**દ્રવ્ય કૃતિકર્મ**' જાણવું.

## [ ૪. વિનયકર્મ પર બે રાજસેવકનું દૃષ્ટાંત— ]

એક નગરની નિકટમાં આવેલ બે ગામમાં વસતા બે રાજસેવકોને પોતપોતાના ગામની સીમા માટે પરસ્પર વાદવિવાદ થયો. તેનો ન્યાય કરાવવા રાજદરબારમાં જતાં એક મુનિ મહાત્માના શુકન થયા.

તે બે પૈકી એક રાજસેવક તો 'અહો! એ મુનિમહાત્માના દર્શનથી મારું કાર્ય અવશ્ય સિદ્ધ થશે.' એમ કહી ભાવપૂર્વક પ્રદ-

ક્ષિણા દઈ વંદના કરીને રાજદરબારમાં ગયો. બીજો પણ એની જ જેમ અનુકરણ કરી (ભાવરહિત) મુનિમહાત્માને વાંદી રાજદરબારમાં ગયો. રાજાએ બન્ને રાજસેવકનો વૃત્તાંત સાંભળ્યા બાદ ન્યાય કર્યો. ભાવથી વંદન કરનાર રાજસેવકની જીત થઈ અને ભાવરહિત અનુકરણ કરનાર રાજસેવકનો પરાજય થયો.

અહીં મુનિમહાત્માને ભાવપૂર્વક વંદન કરનાર પહેલા રાજસેવકનું '**ભાવ વિનયકર્મ**' અને કેવલ અનુકરણ કરનાર બીજા રાજસેવકનું '**દ્રવ્ય વિનયકર્મ**' જાણવું.

**[ ૫. પૂજાકર્મ પર પાલક અને શામ્બકુમારનું દૃષ્ટાંત— ]**

દ્વારિકા નગરીના નરેશ કૃષ્ણવાસુદેવને પાલક અને શામ્બકુમાર વગેરે અનેક પુત્રો હતા.

એક સમયે બાલબ્રહ્મચારી શ્રીનેમિનાથ તીર્થંકર નગરીના ઉદ્યાનમાં સમવસર્યા. કૃષ્ણ મહારાજાને ખબર પડતાં પોતાના પુત્રોને કહ્યું કે, 'આવતી કાલે જે પુત્ર પ્રભુને પહેલી વંદના કરશે તેને હું મારો અશ્વ આપીશ.' એ સાંભળીને સૌ પોતપોતાના સ્થાનકે ગયા.

પ્રભાતનો સમય થતાં શામ્બકુમારે તો શય્યા પરથી ઊઠીને ત્યાં રહ્યા રહ્યા જ ભાવથી પ્રભુને વંદના કરી, અને પાલકે તો કેવલ અશ્વ મેળવવાની અભિલાષાથી જ પ્રભાતે શીઘ્ર ઊઠી અશ્વ પર બેસી જ્યાં પ્રભુ છે ત્યાં જઈને અભવ્ય હોવાથી ભાવરહિત કેવલ કાયાથી જ વંદના કરી.

કૃષ્ણમહારાજાએ જઈને વંદનાપૂર્વક પ્રભુને પૂછ્યું કે–'પ્રભો! આપને પ્રથમ વંદના કોણે કરી?' પ્રભુએ પ્રત્યુત્તર આપ્યો કે, 'હે કૃષ્ણ! પાલકકુમારે પ્રથમ અહીં આવીને દ્રવ્યવંદના કરી અને શામ્બકુમારે શય્યા પરથી ઊઠીને ત્યાં રહ્યા રહ્યા જ ભાવથી વંદના કરી છે.'

એ સાંભળીને કૃષ્ણમહારાજાએ ભાવથી વંદન કરનાર શામ્બકુમારને પોતાનો અશ્વ આપ્યો.

અહીં ભાવથી વંદન કરનાર શામ્બકુમારનું 'ભાવ પૂજાકર્મ' અને દ્રવ્યથી વંદન કરનાર અભવ્ય પાલકનું 'દ્રવ્ય પૂજાકર્મ' જાણવું.

॥ ગાથાંક—૧૧, અનુવાદાંક—૧૭ થી ૧૮ ॥

## 卐 ભેદ અને દૃષ્ટાંતપૂર્વક વંદનનાં પાંચ નામો 卐

| નામ | ભેદ | દૃષ્ટાંત |
|---|---|---|
| [૧] વંદનકર્મ | ૧. દ્રવ્યવંદનકર્મ અને ૨. ભાવવંદનકર્મ | શ્રી શીતલાચાર્યનું. (પહેલાં દ્રવ્યથી, પછી ભાવથી.) |
| [૨] ચિતિકર્મ | ૧. દ્રવ્યચિતિકર્મ અને ૨. ભાવચિતિકર્મ | શ્રી ક્ષુલ્લકાચાર્યનું. (ચારિત્ર ત્યાગ કરવાની ઇચ્છા સમયે રજોહરણાદિ ઉપકરણનો જે સંચય તે દ્રવ્યથી, અને પ્રાયશ્ચિત્ત વખતે એ જ ઉપકરણનો જે સંચય તે ભાવથી.) |
| [૩] કૃતિકર્મ | ૧. દ્રવ્યકૃતિકર્મ અને ૨. ભાવકૃતિકર્મ | કૃષ્ણ અને વીરકસાલવીનું. (કૃષ્ણનું જે વંદન તે ભાવથી, અને વીરકસાલવીનું જે વંદન તે દ્રવ્યથી.) |

| | | | |
|---|---|---|---|
| [૪] વિનયકર્મ | ૧. દ્રવ્યવિનયકર્મ અને ૨. ભાવવિનયકર્મ | | એ રાજસેવકોનું. (જેની તરફેણમાં ન્યાય ઊતર્યો તેનું વંદન ભાવથી, અને જેનો પરાજય થયો તેનું વંદન દ્રવ્યથી.) |
| [૫] પૂજાકર્મ | ૧. દ્રવ્યપૂજાકર્મ અને ૨. ભાવપૂજાકર્મ | | પાલક અને શામ્બકુમારનું. (પાલકનું જે વંદન તે દ્રવ્યથી, અને શામ્બકુમારનું જે વંદન તે ભાવથી.) |

मूल—

* पासत्थो ओसन्नो, कुसील संसत्तओ अहाछंदो ।
दुग-दुग–ति–दु–णेगविहा, अवंदणिज्जा जिणमयंमि ॥११॥

[ પાસાત્થાદિક પાંચ અવંદનીયનું દ્વાર ત્રીજું ]

પાશસ્થ[૧] પહેલો ઓસન્ન બીજો, કુશીલ ત્રીજો જાણીએ,
સંસક્ત ને યથાછંદ એ, ચોથો પાંચમો માનીએ; (૧૮)

* पार्श्वस्थोऽवसन्नः कुशीलः संसक्तो यथाछन्दः ।
द्वि–द्वि–त्रि–द्व्यनेकविधा अवन्दनीया जिनमते ॥१२॥

૧ આ અવંદનીય પાશસ્થનું બીજું નામ 'પાર્શ્વસ્થ' છે. પાસત્થા તરીકે પણ તેની પ્રસિદ્ધિ છે.
પાર્શ્વસ્થનું લક્ષણ—
જ્ઞાન, દર્શન અને ચારિત્રની પાર્શ્વ એટલે પાસે અને સ્થ એટલે રહે (અર્થાત જ્ઞાનાદિકને પાસે રાખે પરંતુ સેવે નહીં) તે **'પાર્શ્વસ્થ'** કહેવાય છે.

અથવા કર્મબંધનના કારણભૂત જે મિથ્યાત્વાદિ તે રૂપ **પાશ** (જાળ)માં વર્તે તે પણ **'પાશસ્થ'** કહેવાય છે.

ભેદ તેના ક્રમથી બે બે, ત્રણ બે અનેક છે,
નથી નામ એ ગાથા મહીં, તે અહીં જણાવેલ છે;
દેશથી અને સર્વથી, પાશસ્થના બે[2] ભેદ છે,
એ રીતે ઓસન્નના[3] પણ, બેજ[4] ભેદ કહેલ છે. (૧૯)

કુશીલના[5] ત્રણ ભેદ એ, દર્શન–જ્ઞાન–ચારિત્ર છે,
સંસક્તના[6] પણ ભેદ બે, સંકિલષ્ટ અસંકિલષ્ટ છે;
પાંચમા યથાછંદના,[7] અનેક ભેદ કહેલ છે,
અવંદનીય[8] ઉક્ત પાંચે, જિનદર્શને જણાવેલ છે. (૨૦)

---

૨ 'દેશપાર્શ્વસ્થ' અને 'સર્વપાર્શ્વસ્થ'.

દેશપાર્શ્વસ્થનું લક્ષણ—૧. શય્યાતરાહૃતપિંડ, ૨. રાજપિંડ, ૩. નિત્યપિંડ અને ૪. અગ્રપિંડ એ ચારે પ્રકારના પિંડને વિના કારણે ભોગવે, ૫. કુલનિશ્રાએ વિચરે, ૬. સ્થાપના કુલમાં પ્રવેશ કરે, સંખડી (ગૃહસ્થનાં જમણવાર) જોતો ફરે, અને ગૃહસ્થની સ્તવના કરે તે '**દેશપાર્શ્વસ્થ**' કહેવાય છે.

[૧] જે માલિકના મકાનમાં (સાધુ–સાધ્વી) રાત રહ્યા હોય તે માલિક શય્યાતર કહેવાય છે. તેના ઘરેથી ગોચરીમાં લાવેલો જે આહાર તે '**શય્યાતરાહૃતપિંડ**' કહેવાય છે.

[૨] રાજા અને રાજાના અમુક મુખ્ય અધિકારીઓના ઘરનો ગોચરીમાં ગ્રહણ કરેલો જે આહાર તે 'રાજપિંડ' કહેવાય છે.

[૩] નિમંત્રણ કરી ગયેલ એવા ગૃહસ્થના એક ઘેરથી પ્રથમ કરી રાખેલ નિમંત્રણ પ્રમાણે નિત્ય ગોચરીમાં જે આહાર ગ્રહણ કરાય તે '**નિત્યપિંડ**' કહેવાય છે.

[૪] ભાત વગેરેનો પ્રથમનો અગ્ર (ઉપલો) ભાગ ગોચરીમાં જો ગ્રહણ કરે તો ( **અર્થાત્–ગૃહસ્થે** પોતાના માટે કરેલ જે આહાર તેને કાઢયા પહેલાંજ ગોચરીમાં જો ગ્રહણ કરે તો ) તે '**અગ્રપિંડ**' કહેવાય છે.

[૫] ગોચરીમાં આટલાં મારાં જ (ભાવિત કરેલાં) કુળ ( સમુદાય વિશેષ ) છે, એમ જાણીને ત્યાં જ આહાર અર્થે વિચરે તે '**કુલનિશ્રા**' કહેવાય છે.

[૬] ગુરુ વગેરેની વિશેષ ભક્તિ કરનારા જે કુળ (સમુદાય) તે '**સ્થાપના કુલ**' કહેવાય છે.

સર્વપાર્શ્વસ્થનું લક્ષણ—સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર એ સર્વથી શૂન્ય કેવલ વેષધારી ( સાધુના ચિહ્નભૂત માત્ર વસ્ત્ર જ ધારણ કર્યાં ) હોય તે '**સર્વપાર્શ્વસ્થ**' કહેવાય છે. [ આ રીતે દેશપાર્શ્વસ્થ અને સર્વપાર્શ્વસ્થ એ બન્ને પ્રકારના સાધુ અવંદનીય અર્થાત્ વંદન કરવા લાયક નથી. ]

૩ ઓસન્નના—અવસન્નના. અવસન્નનું લક્ષણ–સાધુની સામાચારીમાં જે શિથિલ હોય તે '**અવસન્ન**' કહેવાય છે.

૪. 'દેશઅવસન્ન' અને 'સર્વ અવસન્ન.'

દેશ અવસન્નનું લક્ષણ—પ્રતિક્રમણ, પ્રતિલેખના, સ્વાધ્યાય, ભિક્ષાચર્યા, ધ્યાન, ઉપવાસાદિ, આગમન[૧], નિર્ગમન[૨], સ્થાન[૩], નિષીદન (બેસવું) અને શયન કરવું એ સર્વ સાધુ સામાચારીને ન કરે, અને કરે તો પણ હીનાધિક કરે, અથવા ગુરુના વચનની ખાતર અનિચ્છાએ બલાત્કારે કરે તે '**દેશ-અવસન્ન**' કહેવાય છે.

[૧] ઉપાશ્રય વગેરે સ્થળમાં પ્રવેશ કરતી વખતે પાદપ્રમાર્જનાદિક વિધિ કરવી તથા 'નિસીહિ' કહેવી તે '**આગમન સામાચારી**' કહેવાય છે.

[૨] ઉપાશ્રય વગેરે સ્થળમાંથી બહાર નીકળતી વખતે 'આવસ્સહિ' કહેવા વગેરેની જે વિધિ તે '**નિર્ગમન સામાચારી**' કહેવાય છે.

[૩] કાઉસ્સગ્ગ—કાયોત્સર્ગ વગેરે કરતી વખતે ઊભા રહેવાની જે વિધિ તે '**સ્થાન સામાચારી**' કહેવાય છે.

**સર્વ અવસન્નનું** લક્ષણ—૧. ઋતુબદ્ધ પીઠ ફલકનો ઉપભોગી, ૨. સ્થાપનાભોજી, અનેક પ્રાભૃતિકાભોજી જે હોય તે '**સર્વ અવસન્ન**' કહેવાય છે.

[૧] વર્ષાઋતુમાં (ચોમાસામાં) સંસ્તારક—સંથારા માટે પાટ વગેરેનું સાધન ન મળે તો વાંસ વગેરેના અનેક ટુકડાઓને દોરી દ્વારા બાંધી સંથારો કરે, પરંતુ તેની પુનઃ પડિલેહણા બંધ છોડીને જે કરવી જોઈએ તે ન કરે તો '**ઋતુબદ્ધ પીઠ**:**ફલક**' નામનો દોષ લાગે છે.

અથવા વારંવાર શયન અર્થે સંથારો કરે, સંથારો પાથર્યો જ રાખે, અને ચતુર્માસ સિવાય પણ પાટ પાટલા પ્રમુખ વાપરે તો પણ તે '**ઋતુબદ્ધ પીઠ ફલક**' દોષ લાગે છે.

[૨] સાધુને વહેવરાવવા માટે જે આહાર રાખી મૂકવો તે '**સ્થાપના**' કહેવાય છે, અને તેવા આહારને ગોચરીમાં લાવીને વાપરવો તે '**સ્થાપના ભોજી**' કહેવાય છે.

[૩] પોતાના ઈષ્ટ હોય તેને અથવા પૂજ્ય મુનિને બહુમાન-પૂર્વક જે ઈષ્ટ આહાર વહોરાવવો તે '**પ્રાભૃતિકા**' કહેવાય છે, અને તેવા આહારનું ભોજન કરે તે 'પ્રાભૃતિકા ભોજી' કહેવાય છે.

૫ કુશીલનું લક્ષણ—કુત્સિત આચારવાળો જે હોય તે '**કુશીલ**'

કહેવાય છે. તેના ત્રણ ભેદ ૧. જ્ઞાનકુશીલ ૨. દર્શનકુશીલ અને ૩. ચારિત્ર કુશીલ.

[૧] " काले विणए बहुमाणे, उवहाणे तह अनिण्हवणे ।
वंजण–अत्थ–तदुभये, अट्ठविहो नाणमायारो ॥२॥
[ अइयार–वियारण–गाहा ]

(૧) કાલને વિષે, (૨) વિનયને વિષે, (૩) બહુમાનને વિષે, (૪) ઉપધાનને વિષે, (૫) અનિહ્નવતાને વિષે, [ ગુરુ, જ્ઞાન અને સિદ્ધાંત વગેરેનો અપલાપ ન કરવા વિષે ] (૬) વ્યંજન, અક્ષરને વિષે, (૭) અર્થને વિષે, (૮) અને તદુભયને વિષે; એ આઠ પ્રકારના જ્ઞાનાચારની જે વિરાધના કરે તે '**જ્ઞાનકુશીલ**' કહેવાય છે.

[૨] " निस्संकिअ निक्कंखिअ, निव्वितिगिच्छा अमूढदिट्ठी अ ।
उववूह–थिरीकरणे, वच्छल्ल–पभावणे अट्ठ ॥३॥ "
[ अइयार–वियारण–गाहा ]

(૧) નિઃશંકતા–નિઃશંકિતપણું, (૨) નિષ્કાંક્ષતા–નિષ્કાંક્ષિતપણું, (૩) નિર્વિચિકિત્સા–મતિવિભ્રમથી રહિતપણું, (૪) અમૂઢદૃષ્ટિતા–મૂઢતારહિત દૃષ્ટિમાં, (૫) ઉપબૃંહણા, (૬) સ્થિરીકરણ, (૭) વાત્સલ્ય, અને (૮) પ્રભાવના;
એ આઠ પ્રકારના દર્શનાચારની જે વિરાધના કરે તે '**દર્શનકુશીલ**' કહેવાય છે.

[૩] યંત્ર અને મંત્રાદિક કરે, એક અંગમાં ગોળા નાખીને બીજા અંગમાંથી કાઢે, અથવા મુખમાંથી અગ્નિ બહાર કાઢે ઇત્યાદિ અનેક ચમત્કાર દેખાડે; સ્વપ્નનું ફળ કહે, જ્યોતિષને પ્રકાશે, ભૂત અને ભાવીનો લાભાલાભ કહે, જડીબુટ્ટી કરે, પોતાનાં જાતિ અને કુલ પ્રકાશે, પુરુષ અને

સ્ત્રી વગેરેનાં લક્ષણુ કહે, કામણુ-વશીકરણુ કરે, અને સ્નાનાદિકથી અંગની વિભૂષા કરે વગેરે વિવિધ પ્રકારે ચારિત્રની વિરાધના કરે તે '**ચારિત્ર કુશીલ**' કહેવાય છે.

[ એ જ્ઞાનકુશીલ, દર્શનકુશીલ અને ચારિત્રકુશીલ ત્રણે અવંદનીય જાણુવા. ]

૬ સંસક્તનું લક્ષણ—ગુણુ અને દોષ એ બન્ને વડે સંસક્ત એટલે મિશ્ર જે હોય તે '**સંસક્ત**' કહેવાય છે.

ઉદાહરણ—જેમ ગાય, ભેંસ વગેરે પશુઓને પોતાના ખાવાના ટોપલાદિકમાં માલિકે ખોળ, કપાસિયા વગેરે નાખ્યા હોય, તેમાં ગાય, ભેંસ વગેરે પોતાનું મોઢું નાખતાં એઠું અથવા સારું બધુંયે મિશ્ર થયેલું ખાય છે; તેમ આ સંસક્ત સાધુના મૂળગુણ ( પાંચ મહાવ્રત ) અને ઉત્તરગુણ ( પિંડવિશુદ્ધિ–આહારશુદ્ધિ ) રૂપ ગુણોમાં તથા તેથી વ્યતિરિક્ત અન્ય પણ ગુણોમાં ઘણા દોષ પ્રાપ્ત થયેલા હોય છે. તેથી જ તે અવંદનીય સંસક્ત સાધુ કહેવાય છે. તેના બે ભેદ છે. [૧] સંક્લિષ્ટ સંસક્ત અને [૨] અસંક્લિષ્ટ સંસક્ત.

[૧] પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, અને પરિગ્રહ એ પાંચ આશ્રવયુક્ત, રસ-ઋદ્ધિ-શાતા એ ત્રણ ગારવ સહિત જે હોય તે '**સંક્લિષ્ટ સંસક્ત**' કહેવાય છે.

[૨] પાર્શ્વસ્થાદિ સાધુ પાસે જાય ત્યારે તેવા ગુણવાળો થાય, અને સંવિગ્ન સાધુઓ પાસે જઈને રહે ત્યારે સંવિગ્નના ગુણવાળો થાય. અર્થાત્ જ્યાં જાય ત્યાં તેવા પ્રકારનો આચાર પાળે તે '**અસંક્લિષ્ટ સંસક્ત**' કહેવાય છે. [ આ રીતે સંક્લિષ્ટ સંસક્ત અને અસંક્લિષ્ટ સંસક્ત બન્ને પ્રકારના સાધુ અવંદનીય છે. ]

૭ યથાછંદનું લક્ષણ—ઉત્સૂત્ર પ્રરૂપણા કરે, સ્વમતિ કલ્પના પ્રમાણે અર્થ પ્રરૂપે, ગૃહસ્થના કાર્યમાં પ્રવર્તે, અન્ય મુનિથી કે સ્વશિષ્યથી થયેલ અલ્પ અપરાધમાં પણ વારંવાર ક્રોધ-આક્રોશ કરે, સ્વમતિ કલ્પનાથી આગમનો અર્થ વિચારી વિગઈ વગેરેના ઉપભોગ-પૂર્વક સુખશીલ થઈ વિચરે, ઋદ્ધિગારવ, રસગારવ અને શાતાગારવ એ ત્રણ ગારવ યુક્ત બને, ઈત્યાદિ અનેક પ્રકારના લક્ષણવાળો જે હોય તે 'યથાછંદ' [ એટલે આગમથી નિરપેક્ષ બની સ્વચ્છંદપણે ચાલનાર હોય તે ] કહેવાય છે. તે પણ અવંદનીય છે.

[ ઉપરોક્ત અવંદનીય પાસત્થાદિક પાંચ સાધુનું વિશેષ વર્ણન 'શ્રીઆવશ્યકનિર્યુક્તિ' આદિમાં પ્રતિપાદન કરેલું છે. વિશેષ જિજ્ઞાસુઓએ ત્યાંથી જાણી લેવું. ]

**અવંદનીય પાંચ સાધુ અને ભેદો.**

| મૂલ નામ. | ભેદોના નામ. | |
|---|---|---|
| ૧ પાર્શ્વસ્થ [ પાશસ્થ ] ( પાસત્થા તરીકે પણ પ્રસિદ્ધિ છે ). | દેશપાર્શ્વસ્થ<br>સર્વપાર્શ્વસ્થ | ૨ |
| ૨ અવસન્ન | દેશ અવસન્ન<br>સર્વ અવસન્ન | ૨ |
| ૩ કુશીલ ( કુશીલિયા તરીકે પણ ઓળખાય છે. ) | જ્ઞાન કુશીલ<br>દર્શન કુશીલ<br>ચારિત્ર કુશીલ | ૩ |
| ૪ સંસક્ત. | સંક્લિષ્ટ સંસક્ત<br>અસંક્લિષ્ટ સંસક્ત | ૨ |
| ૫ યથાછંદ. | તેના ભેદ અનેક. | |

मूल—

* आयरिअ उवज्झाए, पवत्ति थेरे तहेव रायणिए।
किइकम्म निज्जरट्ठा, कायव्वमिमेसि पंचण्हं ॥१३॥
माय–पिय–जिट्ठभाया, ओमावि तहेव सव्वरायणिए।
किइकम्म न कारिज्जा, चउ समणाई कुणंति पुणो ॥१४॥

[ આચાર્યાદિક પાંચ વંદનીયનું દ્વાર ચોથું. ]

આચાર્ય[1] પહેલા બીજા વાચક,[2] ત્રીજા પ્રવર્તક[3] જાણીએ,
ચોથા સ્થવિર[4] ને પાંચમા રત્નાધિકને[5] માનીએ;

---

* आचार्य उपाध्यायः प्रवर्तकः स्थविरस्तथैव रात्निकः।
कृतिकर्म निर्जरार्थं, कर्तव्यमेतेषां पञ्चानाम् ॥१३॥
माता पिता ज्येष्ठभ्राताऽवमा अपि तथैव सर्वरात्निकः।
कृतिकर्म न कारयेच्चत्वारः श्रमणाऽऽदयः कुर्वन्ति पुनः ॥१४॥

૧ ગણના નેતા, સૂત્ર–અર્થના જ્ઞાતા અને અર્થની વાચના દાતા જે હોય તે '**આચાર્ય**' કહેવાય છે.

૨ ગણના નેતા–નાયક થવાને લાયક, સૂત્ર અને અર્થ બન્નેના જ્ઞાતા, તથા સૂત્ર વાંચનાના દાતા જે હોય તે '**ઉપાધ્યાય**' કહેવાય છે.

૩ મુનિઓને ક્રિયાકાંડ વગેરેમાં જે પ્રવર્તાવે તે '**પ્રવર્તક**' કહેવાય છે.

૪ મુનિમાર્ગમાં ખેદ પામતા અને પતિત પરિણામી થતા એવા મુનિઓને, અથવા પ્રવર્તકે મુનિઓને જે માર્ગમાં પ્રવર્તાવેલા હોય તે માર્ગમાંથી ખેદ પ્રામી પતિત પરિણામી થતા હોય તેવા મુનિઓને ઉપદેશાદિ દ્વારા તે માર્ગમાં જે સ્થિર કરે તે '**સ્થવિર**' કહેવાય છે.

૫ પર્યાયમાં ( જ્ઞાનપર્યાય, દીક્ષા પર્યાય અને વયપર્યાયમાં ) વડિલ–

નિર્જરાર્થે પાંચ એ, આચાર્ય[6] આદિને વાંદવા,
[ દીક્ષિત ચાર પાસે વંદના ન કરાવવી, તે સંબંધી દ્વાર પાંચમું. ]
વળી દીક્ષિત ચાર પાસે, વંદના ન કરાવવા. (૨૧)
તે માતા[7] પિતા વડીલ[8] બન્ધુ, દીક્ષિત થયેલા કહ્યા,

---

મોટા જે હોય તે 'રાતિનક' અથવા 'રત્નાધિક' કહેવાય છે.
[ 'આવશ્યકવૃત્તિ'માં ગણાવચ્છેદકને–ગણીને સ્થવિર સાથે ગણાવેલ છે, અને 'ભાષ્ય'ની 'અવચૂરિ'માં રત્નાધિકનું જ બીજું નામ 'ગણાવચ્છેદક' જણાવેલ છે.

ગચ્છના કાર્ય અર્થે ક્ષેત્રઉપધિ વગેરેના લાભાર્થે વિચરનાર હોય, અને સૂત્ર તથા અર્થ બંનેના જ્ઞાતા હોય તે 'ગણાવચ્છેદક' કહેવાય છે. ]

૬ એ પાંચેમાં આચાર્યાદિ ચાર દીક્ષાપર્યાયમાં નાના હોય, છતાં પણ કર્મનિર્જરાર્થે દ્વાદશાવર્તવંદન તેમને કરવું જોઈએ. તેમજ એ પાંચેને ક્રમશઃ વંદન કરવું.

આ બાબતમાં કેટલાએક આચાર્યો એમ પણ કહે છે કે–સૌથી પ્રથમ આચાર્ય મહારાજને ત્યાર પછી રત્નાધિકપણાની યોગ્ય મર્યાદા વડે ક્રમશઃ વંદન કરવું. અર્થાત્ દીક્ષાપર્યાય જેનો અધિક હોય તેને પ્રથમ વંદન કરવું. (–આવશ્યકનિર્યુક્તિવૃત્તિ. )

૭ 'આવશ્યકવૃત્તિ'માં અવિ (अपि) શબ્દથી માતામહ ( માતાના પિતા ) અને પિતામહ ( પિતાના પિતા ) વગેરેનું ગ્રહણ કરેલ છે, અને 'ભાષ્ય'ની 'અવચૂરિ'માં પણ માતાપિતાના ઉપલક્ષણથી માતામહ અને પિતામહ વગેરેનું ગ્રહણ કરેલ છે.
આથી એ ફલિત થાય છે કે–દીક્ષિત થયેલા માતા, પિતા, માતામહ અને પિતામહ વગેરે પાસે વંદન ન કરાવવું.

૮ દીક્ષિત મોટા ભાઈ.

તેમજ વયે લઘુ છતાં, સર્વ [૯] રત્નાધિક અહ્યા;
[ ચાર પાસે વંદના કરાવવી, તે સંબંધી દ્વાર છઠ્ઠું. ]
એ ચાર વિના શેષ[૧૦] સર્વે, શ્રમણ[૧૧] ઈત્યાદિકને,
શાસ્ત્રે કહ્યું કરાવવું, અવશ્ય એ વંદનને. (૨૨)

મૂલ—

* विक्खित्त–पराहुत्ते, अपमत्ते मा कयाइ वंदिज्जा ।
आहारं नीहारं, कुणमाणे काउकामे अ ॥१५॥
पसंते आसणत्थे अ, उवसंते उवट्ठिए ।
अणुन्नवित्तु मेहावी, किइकम्मं पउंजइ ॥१६॥

[ પાંચ સ્થાને વંદન ન કરવાનું દ્વાર ૭ મું. ]
જ્યારે ગુરુ ધર્મકાર્યમાં, વ્યગ્ર[૧] મનના હોય તો,
વળી પરાઙ્ગમુખ[૨] ને, પ્રમાદમાં[૩] એ હોય તો;

---

૯ જ્ઞાનાદિમાં અધિક એવા રત્નાધિક લઘુ હોય તો પણ તેમની પાસે વંદન ન કરાવવું. તે જ્ઞાનાદિગુણનું બહુમાન છે. તેમજ ઉચિત વ્યવહાર પણ છે.

૧૦ બાકીના બધા.

૧૧ શ્રમણ એટલે સાધુ. અને ઈત્યાદિથી સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા પાસે.

॥ ગાથાંક—૧૩-૧૪, અનુવાદાંક ૨૧–૨૨ ॥

* व्यक्षिप्तं पराङ्मुखं च प्रमत्तं मा कदाचिद् वन्देत ।
आहारं निहारं कुर्वन्तं कर्त्तुकामं च ॥१५॥
प्रशान्तमासनस्थं चोपशान्तमुपस्थितम् ।
अनुज्ञाप्य मेधावी कृति–कर्म प्रयुनक्ति ॥१६॥

૧ વ્યાકુળચિત્તવાળા. ૨ સમ્મુખ બેઠેલા ન હોય. ૩ ક્રોધ, નિદ્રા વગેરે પ્રમાદમાં વર્તતા હોય.

આહાર[૪] યા નિહાર કરતા, અથવા [૫]ઇચ્છા હોય તો,
ત્યારે નહિ કદી વાંદવા, વાંદે દોષિત[૬] થાય તો. (૨૩)

[ ચાર સ્થાને વંદન કરવાનું દ્વાર ૮મું. ]

ગુરુ જ્યારે પ્રશાંતચિત્તે વર્તતા સ્થિર હોય ને,
સુખાસને બેઠેલા વળી, જણાતા ઉપશાંત[૭] હોય ને;
છંદેણ[૮] આદિ વચન કહેવા, તત્પર જો એ હોય તો,
ત્યારે આજ્ઞા માગી ગુરુને, વાંદે મેધાવી[૯] શિષ્ય તો. (૨૪)

मूल—

* पडिक्कमणे सज्झाए, काउस्सग्गा–वराह–पाहुणए ।
आलोयण-संवरणे, उत्तमट्ठे य वंदणयं ॥१७॥

---

૪ આહાર એટલે વાપરવું (ભોજન કરવું), અને નિહાર એટલે લઘુનીતિ (પેશાબ), વડીનીતિ (ઠલ્લો) કરતા હોય. ૫ લઘુનીતિ અથવા વડીનીતિ કરવાની ઇચ્છા હોય. ૬ એ પાંચ વખતે વંદના કરવાથી દોષિત થવાય છે. ક્રમશઃ પ્રત્યેકના દોષ આ રીતે છે—(૧) ધર્મનો અંતરાય, (૨) વંદનનું અનવધારણ [અલક્ષ્ય], (૩) ક્રોધ, (૪) આહારનો અંતરાય, અને (૫) નિહારનું અનિર્ગમન (એટલે લઘુનીતિ અથવા વડીનીતિ બરાબર ન થાય તે) વગેરે દોષ પ્રાપ્ત થાય છે.

૭ ક્રોધ વગેરે રહિત.

૮ છંદેણ (તારી ઇચ્છા) વગેરે.

૯ બુદ્ધિમાન

॥ ગાથાંક ૧૫–૧૬, અનુવાદાંક ૨૩–૨૪ ॥

[ આઠ કારણે વંદના કરવાનું દ્વાર કહું છું.
પ્રતિક્રમણ[૧] સજ્ઝાય[૨] ને, કાયોત્સર્ગમાં[૩] અને,
અપરાધને ખમાવવા,[૪] આવેલ મોટા[૫] સાધુને;

---

* प्रतिक्रमणे स्वाध्याये कायोत्सर्गेऽपराधे प्राघुर्णके ।
आलोचने संवरणे उत्तमाऽर्थे च वन्दनकम् ॥१॥

૧ પ્રતિક્રમણમાં ચાર વખત બે બે વાંદણાં જે દેવાય છે તે '**પ્રતિક્રમણ માટે**' ગુરુવંદન જાણવું.

૨ ગુરુ પાસે વાચના લેતી વખતે પ્રથમ ગુરુ મહારાજને ત્રણ વાર વંદન જે કરવું તે '**સજ્ઝાય–સ્વાધ્યાય માટે**' ગુરુવંદન જાણવું.

[ પટ્ઠવણાનું પવેયણાનું અને પઠન કર્યા બાદ કાળવેળાનું જે ગુરુવંદન તે સ્વાધ્યાયનાં ત્રણ વંદન સાધુ–સામાચારી દ્વારા જાણવા યોગ્ય છે. ]

૩ યોગોદ્વહન વખતે આયંબિલ છોડી નીવીનું પચ્ચક્ખાણ કરવા પહેલાં ગુરુમહારાજને જે વંદન કરવું તે '**કાઉસ્સગ્ગ–કાયોત્સર્ગ માટે**' ગુરુવંદન જાણવું.

૪ ગુરુ પ્રત્યે થયેલ અપરાધને ખમાવવા માટે પ્રથમ ગુરુમહારાજને જે વંદન કરવું તે '**અપરાધ માટે**' ગુરુવંદન જાણવું.

૫ વડિલ સાધુ પ્રાહુણા બહારથી જ્યારે પધારે ત્યારે તેમને ( સાંભોગિક-સમાન સામાચારીવાળા જો હોય તો ગુરુમહારાજને પૂછીને, અને અસાંભોગિક–અસમાન સામાચારીવાળા જો હોય તો પ્રથમ ગુરુમહારાજને વંદન કરીને પૂછે, અને જો ગુરુમહારાજ આદેશ આપે તો ) જે વંદન કરવું તે '**પ્રાહુણા માટે**' જાણવું.

[ આવનાર પ્રાહુણા મુનિ જો નાના હોય તો તે પ્રાહુણા મુનિએ જ વંદન કરવું, અને જો પ્રાહુણા મુનિ મોટા હોય તો તેમને તત્રસ્થ લઘુ મુનિઓએ વંદન કરવું. ]

આલોચના[૬] સંવર[૭] વળી, સંલેખનાદિ[૮] કાર્યમાં,
ગુરુવંદન કરવા કહ્યું, એ જ આઠ[૯] નિમિત્તમાં. (૨૫)

---

૬ કોઈ પણ અતિચાર કે અનાચારનું આલોચનાદિ પ્રાયશ્ચિત્ત સ્વીકારવું હોય ત્યારે પ્રથમ ગુરુમહારાજને જે વંદન કરવું તે '**આલોચના માટે**' ગુરુવંદન જાણવું.

વિહારગમન સમયે પણ જે વંદન કરાય છે તેનો સમાવેશ આમાં થાય છે.

જુઓ—' आलोचनायां विहारापराधभेदभिन्नायां [ आवश्यकवृत्तौ ].

૭ અનેક આગારવાળા એકાશનાદિ પચ્ચક્ખાણને ભોજન કર્યા પછી ન્યૂન-ઓછા આગારવાળું જે કરવું તે દિવસચરિમ પચ્ચક્ખાણરૂપ **સંવર** ( એટલે સંક્ષેપ ) કહેવાય. અથવા નમુક્કારસહિયં આદિ કરેલ લઘુ પચ્ચક્ખાણ બદલીને ઉપવાસાદિક મોટું પચ્ચક્ખાણ જે કરવું તે પણ **સંવર** (સંવરણ) કહેવાય. આ સંવર એટલે પચ્ચક્ખાણ-પ્રત્યાખ્યાન કરવા પહેલાં ગુરુમહારાજને જે વંદન કરવું તે '**પચ્ચક્ખાણ-પ્રત્યાખ્યાન માટે**' સમજવું

૮ સંલેખના અને શબ્દથી અનશન વગેરે ( રૂપ ઉત્તમ અર્થ ) સ્વીકારવા માટે પ્રથમ જે ગુરુવંદન કરવું તે '**ઉત્તમાર્થ માટે**' જાણવું.

૯ એ જ આઠ નિમિત્તે-કારણે જે ગુરુવંદન કરવાનું કહેલ છે તેના બે ભેદ છે. (૧) '**ધ્રુવવંદન**' અને (૨) '**અધ્રુવવંદન**'.

ધ્રુવવંદનમાં પ્રતિક્રમણનાં ચાર વંદન અને સજ્ઝાય-સ્વાધ્યાયનાં ત્રણ વંદન એ કુલ સાત વંદન દિવસના પૂર્વાર્ધનાં અને સાત વંદન ઉત્તરાર્ધનાં મળી ૧૪ (ધ્રુવવંદન) થાય છે.

જુઓ—

" चत्तारि पडिक्कमणे. किइकम्मा तिन्नि हुंति सज्झाए ।
पुव्वण्हे अवरण्हे, किइकम्मा चउदस हवंति ॥१२०१॥ "
[ आवश्यकनिर्युक्तौ ]

" एवमेतानि ध्रुवाणि प्रत्यहं कृतिकर्माणि चतुर्दश भवन्ति । "
[ आवश्यकवृत्तौ ]

આ ધ્રુવવંદનો પ્રતિદિન અવશ્ય કરવા લાયક છે. શેષ કાયોત્સર્ગ વગેરેનાં વંદનો કારણુ પ્રસંગે કરવાનાં હોવાથી તે અધ્રુવવંદનો કહેવાય છે.

॥ ગાથાંક–૧૭, અનુવાદાંક–૨૫ ॥

मूल—

* दोऽवणययहाजायं, आवत्ता बार चउसिर तिगुत्तं ।
दुपवेसिगनिक्खमणं, पणवीसावसय किइकम्मे ॥१८॥

किइकम्मं पि कुणंतो, न होइ किइकम्मनिज्जराभागी ।
पणवीसामन्नयरं, साहू ठाणं विराहंतो ॥१९॥

* द्वयवनतं यथाजातमावर्त्ता द्वादश चतुःशिरस्त्रिगुप्तम् ।
द्विप्रवेशमेकनिष्क्रमणं पञ्चविंशत्यावश्यकानि कृतिकर्मे ॥१८॥

कृतिकर्माऽपि कुर्वन्न भवति कृतकर्मनिर्ज्जराभागी ।
पञ्चविंशतीनामन्यतरं साधुः स्थानं विराधयन् ॥१९॥

[ દ્વાદશાવર્ત વંદનના પચીશ આવશ્યકનું દ્વાર ૧૦મું. ]

**અવનત[1] બે યથાજાત[2] એક, અને આવર્ત્ત[3] બાર છે,**

---

૧ અવનતનું લક્ષણ—ગુરુ મહારાજને પોતાની વંદન કરવાની ઇચ્છા છે, એમ જાણવા માટે પ્રથમ શિષ્યે इच्छामि खमासमणो वंदिउ जावणिज्जाए निसिहियाए એ પાંચ પદ કહેવાપૂર્વક કિંચિત્ મસ્તક ( સહિત શરીર ) જે નમાવવું તે '**અવનત**' કહેવાય છે. તે બે પ્રકારે છે. પહેલીવાર વંદન વખતે પહેલું અવનત, બીજી વાર વંદન વખતે બીજું અવનત. તે પણ પાંચ પદના ઉચ્ચારપૂર્વક જ સમજવું. આ રીતે અવનત આવશ્યક બે પ્રકારે છે.

૨ યથાજાતનું લક્ષણ—અહીં શિષ્ય યથા એટલે જેવી રીતે જાત એટલે જન્મ્યો હતો તેવા આકારવાળો થઈને ગુરુમહારાજને જે વંદન કરવું ( એટલે વાંદણાનો સૂત્રપાઠ જે ઉચ્ચારવો તે જન્મ સમાન મુદ્રા ) તે '**યથાજાત**' કહેવાય છે.

જન્મ બે પ્રકારનો છે. એક સંસારમાંથી ( એટલે સંસાર માયારૂપી સ્ત્રીની કુક્ષીમાંથી ) બહાર જે નીકળવું તે **દીક્ષાજન્મ** અને દ્વિતીય જન્મદાતા જનેતાની (માતાની) કુક્ષીમાંથી બહાર જે નીકળવું તે **ભવજન્મ.**

આ બન્ને જન્મનું અહીં પ્રયોજન છે. તે આ રીતે—

દીક્ષા જન્મ સમયે ( એટલે સંસાર છોડી દીક્ષા સ્વીકારતી વખતે ) જેમ ચોલપટ્ટ–કટિવસ્ત્ર, રજોહરણ–ઓઘો અને મુખપોતિકા–મુહપત્તિ એ ત્રણ જ ઉપકરણ હતાં તેમ આ દ્વાદશાવર્ત્ત વંદન કરતી વખતે પણ એ ત્રણ જ ઉપકરણ રાખવાં જોઈએ.

ભવજન્મ સમયે લલાટે–કપાળે લગાડેલા બન્ને હાથ સહિત જેમ જન્મ્યો હતો તેમ આ ગુરુવંદન વખતે પણ શિષ્યે કપાળે બન્ને હાથ લગાડી ( અર્થાત્ અંજલી જોડી ) વંદન કરવું જોઇએ. તે બન્ને પ્રકારના જન્મના આકારવાળું આ **યથાજાત** આશ્યક એક પ્રકારનું જાણવું.

૩ આવર્ત્તનું લક્ષણ—વંદનસૂત્રના 'अहो कायं काय.' ઇત્યાદિ

ચાર વાર[4] શીર્ષ નમન, તથા ગુપ્તિ[5] ત્રણ છે;
પ્રવેશ[6] બે વાર વળી, નિષ્ક્રમણ[7] એકવાર છે,
વંદન દ્વાદશાવર્તમાં, આવશ્યક[8] પચીશ એ જ છે. (૨૬)
(પૂર્વોક્ત પચીશ આવશ્યકમાંથી એક પણ
આવશ્યકને વિરાધવાથી કર્મનિર્જરા થતી નથી)
જે સાધુ દ્વાદશાવર્તથી, વંદન કરતાં ગુરુને,
ઉક્ત એ પચીશમાંથી, વિરાધતાં એક સ્થાનને;
વંદન વડે થતી કર્મની જે, નિર્જરાના ફળતણો,
ભાગી તે બનતો નથી, ઉપયોગ રાખો તે તણો. (૨૭)

---

પદોચ્ચાર પૂર્વક ગુરુમહારાજના ચરણ પર પોતાના બન્ને હાથ સ્પર્શીને પોતાના લલાટે સ્પર્શવારૂપ જે કાયવ્યાપારવિશેષ તે '**આવર્ત્ત**' કહેવાય છે.

તેના વંદનસૂત્રમાં આવતા અમુક પદોના નામથી બાર પ્રકારે તે (આવર્ત્ત આવશ્યક) આ રીતે છે—

[૧] अहो, [२] कायं, [३] काय संफासं, [४] खमणिज्जो मे किलामो अप्पक्किलंताणं बहुसुमेण मे दिवसो वइक्कंतो जत्ता मे [५] जवणि, [६] जं च मे ।

આ આવર્ત્ત પ્રથમ વંદન વખતે અવગ્રહમાં પ્રવેશ કરીને કરવાનાં હોય છે, એને અવગ્રહમાંથી બહાર નીકળીને પુનઃ દ્વિતીય (બીજા) વંદન વખતે પણ અવગ્રહમાં પ્રવેશ કરીને એ જ ૭ આવર્ત્ત બીજી વાર કરવાનાં હોય છે. તેથી આવર્ત્ત આવશ્યક બાર પ્રકારે છે.

ઉક્ત એ ૭ આવર્ત્તમાં પ્રથમનાં ત્રણ આવર્ત્ત 'अहो कायं काय' એ રીતે બબ્બે અક્ષરના ગણવાં, તેમાં પહેલા अ અક્ષરના ઉચ્ચાર

સમયે પોતાના હાથની બન્ને હથેલી ઊંધી કરી રજોહરણને ( ગુરુના ચરણે ) લગાડવી–સ્પર્શાવી.

બીજા हो અક્ષરના ઉચ્ચાર વખતે પોતાના હાથની બન્ને હથેલી ચત્તી કરી સ્વ લલાટે–કપાળે લગાડવી–સ્પર્શાવી. આ રીતે कायं અને काय વખતે પણ સમજવું.

ત્રણે આવર્ત્તની સ્પષ્ટતા આ રીતે—

| | |
|---|---|
| अ–નો ઉચ્ચાર કરતાં પોતાના હાથની બન્ને હથેલી ઊંધી કરી રજોહરણને–ગુરુના ચરણે સ્પર્શાવી. | हो–નો ઉચ્ચાર કરતાં પોતાના હાથની બન્ને હથેલી ચત્તી કરી પોતાના કપાળે લગાડવી. |
| का– ,, | यं– ,, |
| का– ,, | य– ,, |

આ રીતે अहो, कायं, कायનો ઉચ્ચાર કર્યા બાદ संफासंના ઉચ્ચાર વખતે પોતાનું મસ્તક–માથું ગુરુચરણની સ્થાપના પર સવળા બન્ને હાથ રાખી નમાવવું.

હવે બાકી રહેલા ત્રણ આવર્ત્ત–'जत्ता मे, जवणि ज्जं च मे' એ રીતે ત્રણ ત્રણ અક્ષરના ગણવા. તેમાં પહેલા અને ત્રીજા અક્ષરોચ્ચાર વખતે ઉપરોક્ત જણાવ્યા પ્રમાણે કરવું, અને મધ્ય–વચલા અક્ષરના ઉચ્ચાર વખતે સવળી કરેલી હથેલીઓને ગુરુચરણથી પોતાના કપાળના વિભાગ તરફ લાવતાં વચમાં જ સહજ અટકાવવી, અર્થાત્ વિસામો આપવો.

એની સ્પષ્ટતા આ પ્રમાણે—

| | | |
|---|---|---|
| ज–નો ઉચ્ચાર કરતાં પોતાના હાથની બન્ને હથેલી અવળી કરી ગુરુની ચરણ સ્થાપનાને સ્પર્શવી. | त्ता–નો ઉચ્ચાર કરતાં ચરણસ્થાપના પરથી ઉઠાવીને સવળી કરેલ બન્ને હથેલીને પોતાના કપાળના વિભાગ તરફ લાવતાં વચમાં સહજ અટકાવવી. | मे–નો ઉચ્ચાર કરતાં પોતાના હાથની બન્ને હથેલી સવળી કરી પોતાના કપાળે લગાડવી |
| ज– ” | व– ” | णि– ” |
| ज्जं– ” | च– ” | मे– ” |

આ રીતે ૭ અવર્ત્તો એક વખતના વંદનમાં વાંદણામાં થાય છે. તે જ રીતે બીજી વખતનાં વાંદણાંનાં ૭ આવર્તો મળીને કુલ ૧૨ આવર્ત્ત થાય છે.

[ વિશેષ–ત્રીજા આવર્ત્તમાં संफासं પદ અને ચોથા આવર્ત્તમાં खमणिज्जो० થી वइक्कंतो સુધીનાં પદ કાયવ્યાપારપૂર્વક થતા આવર્ત્તમાં ગણાતાં નથી, છતાં સૂત્રનો અસ્ખલિત સમ્બન્ધ ચાલુ રહે તેની ખાતર સાથે દર્શાવવામાં આવેલ છે.

આ બાબતનો ઉલ્લેખ 'આવશ્યકવૃત્તિ' આદિમાં પણ મળી શકે છે. ]

( અવગ્રહની મર્યાદા—

વંદન કરનાર શિષ્યે ગુરુમહારાજથી સાડા ત્રણ હાથ દૂર રહેવું જોઈએ. એ સાડા ત્રણ હાથ વચ્ચેનું જે અંતર–આંતરું એનું નામ જ **અવગ્રહ** કહેવાય છે.

એ અવગ્રહમાં ગુરુમહારાજની આજ્ઞા માગીને જ શિષ્ય પ્રવેશ કરી શકે છે. )

૪ અહીં મૂળ ગાથામાં चउसिर એટલે ચાર શીર્ષ (નમન) કહેલ

છે. તે બે ગુરુનાં અને બે શિષ્યનાં. ગુરુ બેવાર કિંચિત્ શીર્ષ–મસ્તક નમાવે અને શિષ્ય બે વાર ( संफासं ) એ પદ બોલતી વખતે ) વિશેષ શીર્ષ–મસ્તક નમાવે. આ રીતે વંદનમાં ચાર શિરોનમન જાણવાં.

અહીં કેટલાએક આચાર્યમહારાજો કહે છે કે–વંદનમાં આવતાં બે ખામણા વખતનાં બે શીર્ષનમન અને બે संफासं એ પદ બોલતી વખતે બે શીર્ષનમન એ ચારે શિષ્યનાં ગણવાં પણ ગુરુનાં નહીં.

પ્રસિદ્ધિમાં પણ આ ચાર શીર્ષનમન શિષ્યનાં એ મતાંતર પ્રમાણે જ ગણાય છે.

[ અવનત આવશ્યકમાં શિષ્યના યદૃકિંચિત્ શીર્ષનમનની મુખ્યતા છે, અને આ શીર્ષ આવશ્યકમાં સર્વશીર્ષની તેમજ શિષ્યના વિશેષ શીર્ષનમનની પણ મુખ્યતા છે. બન્નેમાં આટલી જ ભિન્નતા છે. ]

૫ મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ.

(૧) ગુરુને વંદન કરતી વખતે મનની જે એકાગ્રતા રાખવી તે **મનગુપ્તિ** કહેવાય છે.

(૨) વંદનસૂત્રના અક્ષરોનો શુદ્ધ રીતે અસ્ખલિત જે ઉચ્ચાર કરવો તે **વચનગુપ્તિ** કહેવાય છે.

(૩) કાયાવડે આવર્ત આદિ સમ્યક્ પ્રકારે વિરાધ્યા વિના દોષ રહિત જે કરે તે **કાયગુપ્તિ** કહેવાય છે.

૬ ગુરુને પ્રથમ વંદન કરતી વખતે આવર્ત્ત કરવા પહેલાં અવગ્રહથી બહાર જ રહેવાનું હોવાથી તેમની ( ગુરુની ) અનુજ્ઞા–આજ્ઞા લઈને અવગ્રહમાં પ્રથમ પ્રવેશ જે કરવો તે પહેલો પ્રવેશ કહેવાય છે, અને અવગ્રહમાંથી બહાર નીકળ્યા બાદ બીજા

વંદન વખતે પણ આજ્ઞા માગીને જે બીજીવાર પ્રવેશ કરવો તે બીજો પ્રવેશ કહેવાય છે.

આ રીતે પ્રવેશ આવશ્યક બે રીતે છે.

૭ ગુરુના અવગ્રહમાંથી બહાર જે નીકળવું તે નિષ્ક્રમણ (નિર્ગમન) આવશ્યક કહેવાય છે.

તે બે વંદનમાં (અથવા બે પ્રવેશમાં) એક જ વાર હોય છે, કારણ કે પહેલી વખતના વાંદણામાં ગુરુના અવગ્રહમાં પ્રવેશ કર્યા બાદ ૬ આવર્ત્ત કરી, आवस्सिआए એ પદને કહી, શીઘ્ર અવગ્રહમાંથી બહાર નીકળી અને ઊભા રહી બાકી રહેલ વાંદણાનો સૂત્રપાઠ બોલવાનો હોય છે અને બીજીવારના વાંદણા વખતે તો બીજીવાર ગુરુના અવગ્રહમાં પ્રવેશ કરી બીજીવારના ૬ આવર્ત્ત કરી રહ્યા બાદ પણ તે અવગ્રહમાં રહીને જ ઊભા થઈ બાકીનો સૂત્રપાઠ બોલવાનો હોય છે.

આવા પ્રકારનો વિધિમાર્ગ હોવાથી ગુરુના અવગ્રહમાં પ્રવેશ બે વાર અને અવગ્રહમાંથી નિષ્ક્રમણ-નિર્ગમન એકવાર છે. અર્થાત્ અવગ્રહમાંથી નીકળવાનું એક જ વખત છે, પણ બીજીવાર નહીં. આ જ કારણથી બીજીવારના વાંદણામાં आवस्सियाए એ પદ બોલાતું નથી.

(બીજીવારનું નિષ્ક્રમણ દ્વાદશાવર્ત્તવંદન કરવા નિમિત્તે ન હોવાથી, તે આવશ્યક તરીકે ગણાતું નથી.)

૮ બે અવનત, એક યથાજાત, બાર આવર્ત્ત, ચાર શીર્ષનમન ત્રણ ગુપ્તિ, બે પ્રવેશ, અને એક નિષ્ક્રમણ; એ પચ્ચીશ આવશ્યકો અવશ્ય દ્વાદશાવર્ત્તવંદનમાં સાચવવાયોગ્ય છે.

૯ કૃતિકર્મ-દ્વાદશાવર્તવંદનમાં.

૧૦ साधु એ પદના ઉપલક્ષણથી સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા લેવાં.

॥ ગાથાંક ૧૮-૧૯, અનુવાદાંક ૨૬-૨૭ ॥

मूल —

[1]दिट्ठिपडिलेह एगा, छ उड्ढ पप्फोड तिगतिगंतरिया ।
अक्खोड पमज्जणया, नव नव मुहपत्ति पणवीसा ॥२०॥

[ મુહપત્તિની પચ્ચીશ પડિલેહણાનું દ્વાર ૧૧ મું. ]

દૃષ્ટિતણી[1] પડિલેહણા, એકવાર કરવાની જ છે,
પપ્ફોડા[2] છ ઊર્ધ્વ વળી, કરવાના પછી તેહ છે;
અખોડા[3] પખોડા[4] નવ નવ, ત્રણ ત્રણને આંતરે,
કરતાં મુહપત્તિની,[5] પડિલેહ[6] પચ્ચીશ થાય રે. (૨૮)

---

१ दृष्टि–प्रतिलेखनैका षडूर्ध्व–प्रस्फोटास्त्रिक–त्रिकाऽन्तरिताः ।
अक्षोटाः प्रमार्जना नव नव मुखवस्त्रिकायाः पञ्चविंशतिः ॥२०॥

ગુરુવંદન કરવાની અભિલાષાવાળા જીવે પ્રથમ ખમાસમણ દઈ ગુરુની આજ્ઞા માગી પગના ઉત્કટિક આસને ( એટલે બે પગ વાળી બન્ને ઘુંટણ ઊંચા રહે તેમ ઊભે પગે ભૂમિથી અધર જે બેસવું તે અહીં ઉત્કટિકાસને ) બેસીને મૌનપણે મુહપત્તિની પડિલેહણા–પ્રતિલેખના બન્ને હાથ ને બન્ને પગના આંતરામાં–વચમાં રાખીને કરવાની છે. તે ૨૫ પડિલેહણા આ પ્રમાણે—

૧. दृष्टिपडिलेहणा—મુહપત્તિનીપડિલેહણા જ્યારે કરવી હોય ત્યારે પ્રથમ મુહપત્તિની દૃષ્ટિ. પડિલેહણા કરવાની હોય છે. તે આ રીતે—

પોતાના હાથમાં રહેલ મુહપત્તિનાં પડ ઉખેડી ખુલ્લાં કરી તેને દૃષ્ટિ સન્મુખ તિર્ચ્છી વિસ્તારી, દૃષ્ટિથી દૃષ્ટિ સન્મુખ રહેલું પહેલું પાસું બરાબર તપાસવું; અને તેમાં જો કોઈ પણ જીવજંતુ જોવામાં આવે તો તેને જયણાપૂર્વક ઉચિત સ્થાનકે મૂકવાં. ત્યાર પછી બન્ને હાથે પકડેલા મુહપત્તિની ઉપરના ભાગને

---

જમણા હાથવડે ડાબા હાથ ઉપર નાખીને બીજું પાસું એવી રીતે બદલવું કે પ્રથમ ડાબા હાથમાં દાબેલો ખૂણો જ્યારે જમણા હાથમાં આવે ત્યારે બીજું પાસું દષ્ટિસન્મુખ થાય. આ રીતે કર્યા બાદ દષ્ટિસન્મુખ આવેલા બીજા પાસાને પણ પહેલા પાસાની જેમ દષ્ટિથી તપાસવું.

આ રીતે મુહપત્તિનાં બન્ને પાસાં દષ્ટિથી જે તપાસવાં તે **દષ્ટિપડિલેહણા** એક પ્રકારની જાણવી.

[ આ પડિલેહણાના એક પાસે '**સૂત્ર**' અને બીજે પાસે '**અર્થ તત્ત્વ કરી સદ્દહું**' એમ મનમાં ચિંતવવાનું હોય છે. ]

૨ ૬ ऊर्ध्व पप्फोडा [ प्रस्फोटक ]—મુહપત્તિના દ્વિતીય (બીજા) પાસાની દષ્ટિપડિલેહણા કરીને તે ऊर्ध्व [ 'कायोर्ध्व' ( ઉત્કટિકાસને બેસવું તે ) અને वस्त्रोर्ध्व ( મુહપત્તિનો તીર્ચ્છો વિસ્તાર તે ) એ બન્ને પ્રકારે ઊર્ધ્વ ] એટલે તીર્ચ્છી વિસ્તારેલી એવી મુહપત્તિ, તેના ઉપરના બે છેડા બન્ને હાથે પકડી રાખી, મુહપત્તિનો પ્રથમ ડાબા હાથ તરફનો ભાગ ત્રણ વાર નચાવવો અથવા ખંખેરવો તે પ્રથમના ત્રણ પુરિમ [ મુહપત્તિને તીર્ચ્છી વિસ્તારીને જે પુરિમ એટલે પૂર્વક્રિયા કરવામાં આવે તે ] કહેવાય.

ત્યાર બાદ દષ્ટિપડિલેહણામાં જે રીતે જણાવ્યું છે તે રીતે મુહપત્તિનું બીજું પાસું બદલીને અને દષ્ટિથી તપાસીને જમણા હાથ તરફનો ભાગ ત્રણ વાર નચાવવો અથવા ખંખેરવો તે બીજા ત્રણ પુરિમ કહેવાય.

એ રીતે કરેલા પહેલા ત્રણ અને બીજા ત્રણ એમ ૬ પુરિમ, તે જ ૬ ऊर्ध्वपप्फोडा અથવા ૬ ऊर्ध्वप्रस्फोटक કહેવાય છે. [ ૭ ઊર્ધ્વ પપ્ફોડા કરતી વખતે મુહપત્તિની ડાબી બાજુ ને ડાબા હાથથી ત્રણ વાર નચાવતાં '**સમકિત મોહનીય, મિશ્ર-મોહનીય, મિથ્યાત્વમોહનીય પરિહરું**' એમ ચિંતવવું.

ત્યારપછી મુહપત્તિની જમણી બાજુને પણ જમણા હાથથી ત્રણ વાર નચાવતાં-ખંખેરતાં '**કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ પરિહરું**' એમ ચિંતવવું ]

૩ ९ अखोडा [ आखोटक-आस्फोटक ]—ઉપરોક્ત ૬ ઊર્ધ્વ પપ્ફોડા (૬ પુરિમ) થઈ ગયા બાદ, મુહપત્તિનો મધ્ય ભાગ ડાબા હાથ ઉપર નાખવો અને ગડીવાળો મધ્યમ ભાગનો છેડો જમણા હાથે એવી રીતે ખેંચવો કે જેથી એ પડની ગડી બરાબર વળી જઈ, મુહપત્તિ દૃષ્ટિસમ્મુખ આવી જાય. ત્યાર પછી તરત જ તેના ત્રણ ( અથવા બે ) વધૂટક [ સ્ત્રી જેમ લજ્જાવડે મસ્તકનું વસ્ત્ર મુખસન્મુખ લટકતું-લંબાયમાન રાખે છે, તેમ મુહપત્તિના ત્રણ વળને ચાર આંગલીઓના ત્રણ આંતરા વચ્ચે ભરાવી નીચે લટકતા-લંબાયમાન જે રાખવા તે વધૂટક ] કરીને જમણા હાથની ચાર અંગુલિઓના ત્રણ આંતરા વચ્ચે ભરાવવા. તેવી રીતે ત્રણ વધૂટક કરેલી મુહપત્તિને ( જમણા હાથ વડે ) ડાબા હાથની હથેલી ઉપર ઊંચે અધર રાખી, નીચે રહેલ હથેલીને તળિયાને તે ન અડે-ન સ્પર્શે તેમ ડાબા હાથના કાંડા તરફ લઈ જતાં આદરવારૂપ ( અંદર લેવા ) ત્રણ અખોડા કરવા. અને એ પ્રમાણે ત્રણ વખત વચ્ચે વચ્ચે આગળ કહેવાતા ડાબા હાથના તળિયાને મુહપત્તિ ત્રણવાર અડે-સ્પર્શ કરે એ રીતે ઘસીને કાઢવારૂપ ત્રણ પખોડા કરવા.

આ રીતે ત્રણ ત્રણ વખત ઘસીને કાઢવા રૂપ પખોડા કરવાથી નવ અખ્ખોડા અને નવ પખ્ખોડા થાય છે.

૪ ९ पखोडा [ **प्रस्फोटक, प्रमार्जना** ]—

ઉપર કહ્યા પ્રમાણે પહેલીવાર જમણા હાથની ચાર અંગુલીઓના ત્રણ આંતરામાં ભરાવેલ મુહપત્તિ દ્વારા ડાબા હાથના કાંડા તરફ

ચઢતાં ત્રણ અખ્ખોડા કરીને, નીચે ઊતરતી વખતે ડાબા હાથના તળિયાને મુહપત્તિ અડે-સ્પર્શે એ રીતે મુહપત્તિ દ્વારા ત્રણ ઘસરકા ડાબા હાથની હથેલી ( તળિયા ) પર જે કરવા તે પહેલા ત્રણ પખોડા ( ત્રણ પ્રમાર્જના ) થાય છે. ત્યારપછી બીજીવાર ડાબા હાથના કાંડા તરફ ચઢતાં ત્રણ અખોડા કરી, ફરી બીજી વાર નીચે ઊતરતાં બીજા ત્રણ પખોડા થાય છે.

એ જ રીતે ત્રીજી વાર પણ અખોડા કરી નીચે ઊતરતાં પુનઃ ત્રીજા ત્રણ પખોડા થાય છે.

કુલ નવ પખોડા ડાબા હાથના તળિયા પર ઘસીને કાઢવા રૂપ થાય છે.

ઉપરોક્ત એ નવ અખ્ખોડાને નવ પક્ખોડા પરસ્પર ત્રણ ત્રણને આંતરે થાય છે. તે આ રીતે—

**૯ અક્ખોડા-**

(૧) પ્રથમ ડાબા હાથના કાંડા તરફ તળ અણુસ્પર્શતાં આવતાં પહેલાં ત્રણ અખ્ખોડા.

(૩) પક્ખોડા બાદ પુન; ડાબા હાથના કાંડા તરફ તળિયાને સ્પર્શ્યા વિના આવતાં પુનઃ બીજીવાર ત્રણ અખ્ખોડા.

(૫) પખોડા બાદ ફરી હાથના તળને અડકયા વગર આવતાં ત્રીજી વાર ત્રણ અખોડા.

**૯ પખ્ખોડા-**

(૨) પછી ડાબા હાથના કાંડાથી નીચે ઊતરતાં એટલે હાથના તળિયાને સ્પર્શી આંગળીઓ તરફ જતાં પહેલાં ત્રણ પખ્ખોડા.

(૪) અખોડા બાદ પુનઃ હાથના તળને સ્પર્શી નીચે ઊતરતાં પુનઃ બીજી વાર ત્રણ પખ્ખોડા.

(૬) અખોડા બાદ ફરી હાથના તળિયાને સ્પર્શી આંગળીઓ તરફ નીચે ઊતરતાં ત્રીજી વાર ત્રણ પખોડા.

હવે તેમાં ૧૮ બોલની ચિંતવના કઈ રીતે કરવી તે જણાવાય છે.

[ જમણા હાથમાં રાખેલ મુહપત્તિદ્વારા ડાબા હાથના તળિયા પર પહેલા ત્રણ અખોડા કરતાં '**સુદેવ, સુગુરુ, સુધર્મ આદરું**,' પછી પહેલા ત્રણ પખોડા કરતાં '**કુદેવ, કુગુરુ, કુધર્મ પરિહરું**,' બાદ બીજા ત્રણ અખોડા કરતાં '**જ્ઞાન, દર્શન, ચારિત્ર આદરું**,' પછી ત્રણ પખોડા કરતાં '**જ્ઞાન વિરાધના, દર્શન-વિરાધના, ચારિત્રવિરાધના પરિહરું**,' બાદ ત્રીજા ત્રણ અખોડા કરતાં '**મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ આદરું**' ત્યારબાદ ત્રીજા ત્રણ પખોડા કરતાં '**મનદંડ, વચનદંડ, કાયદંડ પરિહરું**' એમ ચિંતવવું. ]

૫ મુહપત્તિનું બીજું નામ मुखपोतिका અથવા मुखवस्त्रिका છે. તેનું પ્રમાણ આ પ્રમાણે—

'શ્વેત વસ્ત્રની એક વેંત અને ચાર આંગલ પ્રમાણવાળી સમચોરસ તે હોવી જોઈએ. તેનો એક છેડો બંધાયેલી કોરવાળો હોવો જોઈએ. તે કોરવાળો ભાગ જમણા હાથ તરફ રહે એ રીતે પ્રથમ સમ અર્ધભાગની એક ગડી વાળવી. પછી ફેર બીજી ગડી લગભગ બે આંગલ પહોળી દૃષ્ટિ સમ્મુખ પાડવી. જેથી બે આંગલ જેટલા ઉપરના ભાગમાં ચાર પડ થાય, અને નીચે ચાર અંગુલ જેટલા ભાગમાં બે પડ થાય.'

૬ પડિલેહણા–પ્રતિલેખના પચ્ચીશ [ નવ અખોડાને નવપ્રમાર્જનની ૯, ૯, અને પૂર્વની ૭ મેળવતાં મુહપત્તિની કુલ ૨૫ પડિલેહણા વિધિપૂર્વક એ મુહપત્તિની થાય છે. ]

॥ ગાથાંક–૨૦, અનુવાદાંક–૨૮ ॥

मूल—

* पायाहिणेण तिय तिय, वामेयरबाहु-सीस-मुह हियए ।
अंसुड्ढाहो पिट्ठे, चउ छप्पय देहपणवीसा ॥ २१ ॥

आवस्सएसु जह जह, कुणइ पयत्तं अहीणमइरित्तं ।
तिविहकरणोवउत्तो, तह तह से निज्जरा होइ ॥२२॥

[ શરીરની પચીશ પડિલેહણાનું દ્વાર ૧૨ મું. ]

પ્રથમ ડાબા હાથની, ત્યાર બાદ જમણા હાથની,
પછી શિરની[1] વળી મુખની, તે પછી હૃદયતણી;
ત્રણ ત્રણ પડિલેહણા, એ પ્રદક્ષિણા ક્રમે કહી,
પછી ખભાની ઉપર નીચે, પીઠ પર ચાર ગ્રહી. (૨૯)

બાદ છ પડિલેહણા, એ પગની કરવી કહી,
એમ એ પચ્ચીશ દેહની,[2] પડિલેહણા છે સહી;
(પૂર્વોક્ત પચીશ આવશ્યક, મુહપત્તિની અને શરીરની,
૨૫ પડિલેહણા કરવાથી શું ફળ થાય?—)
એ જ ગુરુવંદનતણા, પચ્ચીશ આવશ્યક વિષે,
વળી ઉપલક્ષણ થકી, મુહપત્તિ ને કાયા વિષે. (૩૦)

કહેલા ક્રમે પડિલેહણા, પચ્ચીશ પચ્ચીશમાં વળી,
ત્રિવિધ[3] કરણે કરી, ઉપયોગવંત થઈ વળી,
અન્યૂનાધિક[4] યત્ન, જિમ જિમ જે જીવ આદરે,
તિમ તિમ કર્મનિર્જરા, તે જીવને થયા કરે. (૩૧)

---

* प्रदक्षिणया त्रिकं त्रिकं वामेतर–बाहु–शीर्ष–मुख–हृदयेषु ।
अंसोर्ध्वा–ऽधः–पृष्ठे चतस्रः षट् पादयोर्देहस्य पञ्चविंशतिः ॥२१॥

आवश्यकेषु यथा यथा करोति प्रयत्नम–हीना–ऽतिरिक्तम् ।
त्रि–विध–करणयोपयुक्तस्तथा तथा तस्य निर्जरा भवति ॥२२॥

૧ મસ્તકની—માથાની.

૨ **પુરુષના શરીરની ૨૫ પડિલેહણા આ પ્રમાણે—**

મુહપત્તિની (૨૫ બોલથી) પડિલેહણા કર્યા બાદ હવે શરીરની (૨૫ બોલથી) પડિલેહણા નીચે પ્રમાણે કરવાની છે.

જમણા હાથમાં વધૂટક કરેલી મુહપત્તિવડે પ્રથમ ડાબા હાથની ક્રમશઃ ભુજા પર પ્રદક્ષિણાકારે એટલે ક્રમશઃ ડાબાહાથના મધ્યભાગને, જમણા ભાગને અને ડાબાભાગને અનુક્રમે જે પ્રમાર્જવા તે વામભુજાની એટલે ડાબા હાથની ત્રણ પડિલેહણા જાણવી.

(આ વામભુજાની પ્રદક્ષિણાકારે ત્રણ પડિલેહણા કરતાં '**હાસ્ય, રતિ, અરતિ પરિહરું**' એમ ચિંતવવું.)

ત્યારપછી મુહપત્તિને ડાબા હાથમાં વધૂટક કરી (ડાબા હાથની જેમ) દક્ષિણભુજાને એટલે જમણા હાથને પ્રદક્ષિણાકારે અનુક્રમે જે પ્રમાજવા તે દક્ષિણભુજાની ત્રણ પડિલેહણા જાણવી.

(આ દક્ષિણભુજાની--જમણા હાથની પ્રદક્ષિણાકારે ત્રણ પડિલેહણા કરતાં '**ભય, શોક, દુગંછા પરિહરું**' એમ ચિંતવવું.)

ત્યાર બાદ વધૂટક છૂટા કરી દઈ, જમણા ને ડાબા બન્ને હાથથી મુહપત્તિના બે છેડા ગ્રહણ કરી મુહપત્તિ વડે મસ્તકના મધ્ય ભાગને જમણા ભાગને અને ડાબા ભાગને ક્રમશઃ જે પ્રમાર્જવા તે શીર્ષની—મસ્તકની ત્રણ પડિલેહણા જાણવી.

(આમ મસ્તકની ત્રણ પડિલેહણા કરતાં '**કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા પરિહરું**' એમ ચિંતવવું.)

ત્યાર પછી એ જ ક્રમે મુખની ત્રણ પડિલેહણા અને હૃદયની ત્રણ પડિલેહણા જાણવી.

(મુખની ત્રણ પડિલેહણા કરતાં '**રસગારવ, રિદ્ધિગારવ, શાતાગારવ પરિહરું**' અને હૃદયની ત્રણ પડિલેહણા કરતાં

'માયાશલ્ય, નિયાણશલ્ય, મિથ્યાત્વશલ્ય પરિહરું' એમ ચિંતવવું.)

એ રીતે પાંચે અંગની (વામભુજા, દક્ષિણભુજા, મસ્તક, મુખ અને હૃદયની ક્રમશઃ ત્રણ ત્રણ પડિલેહણા એટલે–) કુલ ૧૫ પડિલેહણા થઈ ગયા બાદ, મુહપત્તિને જમણા હાથમાં લઈ જમણા ખભા પરથી ફેરવી પીઠનો–વાંસાનો જમણો ભાગ ઉપરનો જે પ્રમાર્જવો તે પીઠની પહેલી પડિલેહણા જાણવી. પછી મુહપત્તિને ડાબા હાથમાં લઈ ડાબા ખભા પરથી ફેરવી, પીઠનો ઉપરનો જે ડાબો ભાગ પ્રમાજવો તે પીઠની બીજી પડિલેહણા જાણવી. ત્યાર બાદ તે જ ડાબા હાથમાં રાખેલી મુહપત્તિને જમણા હાથની કક્ષા–કાખના સ્થાનમાં ફેરવી, જમણા વાંસાનો નીચેનો ભાગ જે પ્રમાર્જવો તે પીઠની (એટલે ચાલુ રીતિ પ્રમાણે કાખની) ત્રીજી પડિલેહણા જાણવી. ત્યારપછી મુહપત્તિને જમણા હાથમાં લઇ ડાબા હાથની કક્ષા–કાખના સ્થાનમાં ફેરવી, ડાબા વાંસાનો નીચેનો ભાગ જે પ્રમાર્જવો તે પીઠની (કાખની) ચોથી પડિલેહણા જાણવી.

[ પીઠની એ ચારે પડિલેહણા બે ખભાની અને બે કાખની ગણવાનો વ્યવહાર પ્રસિદ્ધ છે, કારણ કે મુહપત્તિને પ્રથમ ત્યાંથી જ ફેરવીને લઈ જવાતી હોવાથી. ]

( આ રીતે બન્ને ખભાની ઉપર નીચે અને પીઠ પરની પડિલેહણા કરતાં ક્રમશઃ જમણી તરફ '**ક્રોધ, માન પરિહરું**' અને ડાબી તરફ '**માયા, લોભ પરિહરું**' એમ ચિંતવવું.)

ત્યાર પછી સાધુ–સાધ્વીને રજોહરણ (ઓઘા) વડે અને શ્રાવક શ્રાવિકાને ચરવળા વડે પ્રથમ જમણા પગનો મધ્યભાગ જમણો ભાગ અને ડાબો ભાગ ક્રમશઃ પ્રમાર્જવો. ત્યાર બાદ એ જ રજોહરણ અથવા ચરવળા વડે ડાબા પગનો મધ્યભાગ જમણો ભાગ અને

ડાબો ભાગ અનુક્રમે પ્રમાર્જવો. એ રીતે બન્ને પગની ૭ પડિલેહણા જાણવી.

( આ ૭ પડિલેહણા પૈકી જમણા પગની પડિલેહણા કરતાં 'પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાયની જયણા કરું' એમ ચિંતવવું. [ સાધુ-સાધ્વી તો ૭ જીવનિકાયના રક્ષક હોવાથી તેઓને બન્ને સ્થળે રક્ષા કરું ચિંતવવું. ] )

[ પ્રવચનસારોદ્ધારવૃત્તિમાં પગની ૭ પડિલેહણા મુહપત્તિથી કરવાની કહી છે, છતાં મુખ આગળ રાખવાની મુહપત્તિને પગે અડાવવી યોગ્ય ન હોવાથી રજોહરણ યા ચરવળાથી પગની પડિલેહણા કરવાનો વ્યવહાર છે. ]

આ રીતે પૂર્વોક્ત પાંચે અંગની ૧૫ પડિલેહણા, બે ખભાની અને બે પીઠની ૪ પડિલેહણા, અને બન્ને પગની ૬ પડિલેહણા મળી કુલ શરીરની ૨૫ પડિલેહણા થાય છે.

## સ્ત્રીના શરીરની ૧૫ પડિલેહણા આ રીતે—

ઉપર જણાવેલ પુરુષના શરીરની ૨૫ પડિલેહણા પૈકી સ્ત્રીને પોતાના શરીરની ૧૫ પડિલેહણા કરવાની હોય છે, કારણ કે– સ્ત્રીને પોતાનું મસ્તક, હૃદય અને ખભા વસ્ત્રથી આવૃત્ત-ઢંકાયેલ હોવાથી. અર્થાત્ મસ્તકની ત્રણ, હૃદયની ત્રણ અને ખભા-પીઠની ચાર એમ કુલ ૧૦ પડિલેહણા સ્ત્રીને કરવાની નથી હોતી. એ સિવાયની ૧૫ પડિલેહણા કરવાની હોય છે.

સાધ્વીજીને તો ઉઘાડે મસ્તકે પ્રતિક્રમણ કરવાનો વ્યવહાર હોવાથી તેમને મસ્તકની ત્રણ પડિલેહણા વધારે થવાથી કુલ ૧૮ પડિલેહણા થાય છે.

૩ ત્રણે પ્રકારના કરણે કરી એટલે મન, વચન અને કાયાએ કરી.

૪ અન્યૂનાધિક એટલે ન્યૂન પણ નહિ અને અધિક પણ નહિ.

॥ ગાથાંક-૨૧-૨૨, અનુવાદાંક-૨૯-૩૧ ॥

## મુહપત્તિના ૫૦ બોલનું યંત્ર.

મુહપત્તિ અને શરીરની ક્રમવાર ૨૫–૨૫ પડિલેહણા વખતે ક્રમશઃ ચિંતવવા યોગ્ય ૫૦ બોલ.

| | કઈ પડિલેહણા વખતે ? | કયા બોલ ? | |
|---|---|---|---|
| ૧ દૃષ્ટિ પડિલેહણા | પ્રથમ મુહપત્તિ ઉકેલી તેનું પહેલું પાસુ તપાસતાં– બીજું પાસુ તપાસતાં– | સૂત્ર, અર્થ–તત્ત્વ કરી સદ્દહું' [ શ્રદ્ધાપૂર્વક હૃદયમાં ધારણ કરું ] એમ ચિંતવવું. | ૧ બોલ. |
| ૬ ઊર્ધ્વ પપ્ફોડા | ઊર્ધ્વ પપ્ફોડા કરતાં [ મુહપત્તિ ખંખેરતાં ] પહેલા ત્રણ પુરિમ વખતે– | 'સમકિત (સમ્યક્ત્વ) મોહનીય, મિશ્રમોહનીય, મિથ્યાત્વ મોહનીય પરિહરું' એમ ચિંતવવું. | ૩ બોલ. |
| | બીજા ત્રણ પુરિમ વખતે– | 'કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિ રાગ પરિહરું' એમ ચિંતવવું. | ,, |
| ૯ અક્ખોડા ૯ પક્ખોડા ત્રણ ત્રણ ને આંતરે | પહેલા ત્રણ અખોડા કરતાં– | 'સુદેવ, સુગુરુ, સુધર્મ આદરું' | ,, |
| | પહેલા ત્રણ પખોડા કરતાં– | 'કુદેવ, કુગુરુ, કુધર્મ પરિહરું' | ,, |
| | બીજા ત્રણ અખોડા કરતાં– | 'જ્ઞાન, દર્શન, ચારિત્ર આદરું' | ,, |
| | બીજા ત્રણ પખોડા કરતાં– | 'જ્ઞાનવિરાધના, દર્શનવિરાધના, ચારિત્રવિરાધના પરિહરું' | ,, |
| | ત્રીજા ત્રણ અખોડા કરતાં– | 'મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ આદરું' | ,, |
| ૨૫ | ત્રીજા ત્રણ પખોડા કરતાં– | 'મનદંડ વચનદંડ, કાયદંડ પરિહરું' એમ ચિંતવવું. | ,, ૨૫ |

## એ રીતે મુહપત્તિની ૨૫ પડિલેહણા જાણવી.

| | | | |
|---|---|---|---|
| ૩ પડિલેહણા ડાબા હાથની | ડાબા હાથના ત્રણ ભાગ પડિલેહતાં– | ‘ હાસ્ય, રતિ, અરતિ પરિહરું ’ એમ ચિંતવવું. | ૩ બોલ. |
| ૩ પડિલેહણા જમણા હાથની | જમણા હાથના ત્રણ ભાગ પડિલેહતાં– | ‘ ભય, શોક, દુગંછા પરિહરું ’ એમ ચિંતવવું | ,, |
| ૩ પડિલેહણા મસ્તકની | માથાના ત્રણ ભાગ પડિલેહતાં– | ‘ કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કપોતલેશ્યા પરિહરું ’ એમ ચિંતવવું. | ,, |
| ૩ પડિલેહણા મુખની | મુખ પરના ત્રણ ભાગ પડિલેહતાં– | ‘ રસગારવ, ઋદ્ધિગારવ, શાતાગારવ પરિહરું ’ એમ ચિંતવવું. | ,, |
| ૩ પડિલેહણા હૃદયની | હૃદયના ત્રણ ભાગ પડિલેહતાં– | ‘ માયાશલ્ય, નિયાણશલ્ય, મિથ્યાત્વશલ્ય પરિહરું ’ એમ ચિંતવવું | ,, |
| ૪ પડિલેહણા બન્ને ખભા ઉપર નીચે અને પીઠ પરની | બે ખભાની ઉપર નીચે અને પીઠ પરની પડિલેહણા કરતાં– | ક્રમશઃ ‘ ક્રોધ, માન પરિહરું ’ અને ‘ માયા, લોભ પરિહરું ’ એમ ચિંતવવું. | ૪ બોલ. |
| ૬ પડિલેહણા બન્ને પગની | રજોહરણ અથવા ચરવળાથી જમણા પગના ત્રણ ભાગ પડિલેહતાં– અને ડાબા પગના ત્રણ ભાગ પડિલેહતાં– | ‘પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાયની જયણા કરું ’ અને ‘ વાયુકાય, વનસ્પતિકાય ત્રસકાયની રક્ષા કરું ’ એમ ચિંતવવું. | ૬ બોલ. |
| ૨૫ | | | ૨૫ |

## એ રીતે શરીરની ૨૫ પડિલેહણા જાણવી.

**[ મુહપત્તિની ૨૫ પડિલેહણાના અને શરીરની ૨૫ પડિલેહણાના મળી કુલ મુહપત્તિના ૫૦ બોલ જાણવા. ]**

मूल—

* दोस अणाढिय थड्ढिय, पविद्ध परिपिंडियं च टोलगइं ।
अंकुस कच्छभरिंगिय, मच्छुव्वत्तं मणपउट्ठं ॥२३॥
वेइयबद्ध भयंतं, भय गारव मित्त कारणा तिन्नं ।
पडणीय रुट्ठ तज्जिय, सढ हीलिय विपलिउंचिययं ॥२४॥
दिट्ठमदिट्ठं सिंगं, कर तम्मोअण अलिद्धणालिद्धं ।
ऊणं उत्तर चूलिअ, मूअं ढड्ढर चुडलियं च ॥२५॥
बत्तीसदोस परिसुद्धं, किइकम्मं जो पउंजइ गुरूणं ।
सो पावइ निव्वाणं, अचिरेण विमाणवासं वा ॥२६॥

[ ગુરુવંદનમાં ( દ્વાદશાવર્ત્તવંદનમાં ) ટાળવા
યોગ્ય ૩૨ દોષને જણાવતું દ્વાર ૧૩ મું. ]

દોષ અનાદૃત[૧] સ્તબ્ધ[૨] પ્રવિદ્ધ[૩] પરિપિંડિત[૪] છે,
ટોલગતિ[૫] ને અંકુશ,[૬] કચ્છપરિંગિત[૭] દોષ છે;
મત્સ્યોદ્વૃત્ત[૮] મનઃ પ્રદુષ્ટ,[૯] અને વેદિકાબદ્ધ[૧૦] છે,
ભજન્ત[૧૧] ને ભય[૧૨] ગૌરવ[૧૩] મૈત્રી[૧૪]ને કારણુ[૧૫] છે. (૩૨)

---

*दोषाः—अनादृतं स्तब्धं प्रविद्धं परिपिण्डितं च टोल-गतिः ।
अङ्कुशं कच्छप-रिङ्गितं मत्स्योद्वृत्तं मनः-प्रदुष्टम् ॥२३॥
वेदिका-बद्धं भजन्तं भयं गौरवं मित्रं कारणं स्तैन्यम् ।
प्रत्यनीकं रुष्टं तर्जितं शठं हीलितं विपरिकुञ्चितम् ॥२४॥
दृष्टाऽदृष्टं शृङ्गं करं तन्मोचनमाश्लिष्टा-ऽनाश्लिष्टम् ।
ऊनमुत्तर-चूलिकं मूकं ढड्ढरं चूडलिकं च ॥२५॥
द्वा-त्रिंशद्दोष-परिशुद्धं कृति-कर्म यः प्रयुनक्ति गुरूणाम् ।
स प्राप्नोति निर्वाणमचिरेण विमान-वासं वा ॥२६॥

વળી સ્તેન[૧૬] પ્રત્યનીકને[૧૭], રુષ્ટ[૧૮] અને તર્જિત[૧૯] છે,
શઠ[૨૦] તથા હીલિત[૨૧] ને, વિપરિકુંચિત[૨૨] દોષ છે;
દૃષ્ટાદૃષ્ટ[૨૩] શૃંગ[૨૪] ને, કર[૨૫] ને કરમોચન[૨૬] છે,
આશ્લિષ્ટ અનાશ્લિષ્ટ[૨૭] ને, ઊન[૨૮] ઉત્તરચૂડ[૨૯] છે. (૩૩)
મૂક[૩૦] ને ઢઢ્ઢર[૩૧] તથા, ચૂડલિક[૩૨] ચરમ દોષ છે,
ગુરુવંદને બત્રીશ એ, દોષ તજવા યોગ્ય છે;
એ દોષ બત્રીશ શૂન્ય જે, કૃતિકર્મ કરે ગુરુને,
પામે તે અલ્પકાળમાં, મોક્ષ કે વળી સ્વર્ગને. (૩૪)

---

૧. ગુરુને અનાદરપણે સંભ્રમ ( એટલે ચિત્તની ઉત્સુકતા ) સહિત જે વંદન કરવું તે '**અનાદૃત**' ( અનાદર ) નામનો પહેલો દોષ કહેવાય છે. [ અર્થાત્ આદર રહિત વંદન કરે તે. ]

[ પ્રાકૃતમાં अणाढिय, સંસ્કૃતમાં 'अनादृत' અને ભાષામાં અનાદર – આદરરહિત એમ સમજવું. ]

૨. ( જાતિ વગેરે ) મદ વડે સ્તબ્ધ – અક્કડ – અભિમાની થઈને ગુરુને જે વંદન કરવું તે '**સ્તબ્ધ**' નામનો બીજો દોષ કહેવાય છે. [ અર્થાત્ અક્કડતા રાખીને વંદન કરે તે. ] આના બે ભેદ છે. द्रव्यस्तब्ध અને भावस्तब्ध. (૧) વાયુ વગેરેના વિકારથી નહિ નમતું જે અંગ તે द्रव्यस्तब्ध કહેવાય, અને (૨) વાયુ વગેરેના વિકાર વિના અભિમાનથી નહિ નમવું તે भावस्तब्ध કહેવાય. આ બન્નેની ચઉભંગી આ પ્રમાણે–

[૧] દ્રવ્યથી સ્તબ્ધ અને ભાવથી અસ્તબ્ધ.
[૨] ભાવથી સ્તબ્ધ અને દ્રવ્યથી અસ્તબ્ધ.
[૩] દ્રવ્યથી સ્તબ્ધ અને ભાવથી સ્તબ્ધ.
[૪] દ્રવ્યથી અસ્તબ્ધ અને ભાવથી અસ્તબ્ધ.

આ ચઉભંગીમાં ચોથો ભંગ શુદ્ધ છે. બાકીના ત્રણ ભંગ પહેલો ભંગ શુદ્ધ અને બીજો–ત્રીજો ભંગ અશુદ્ધ છે.

૩. ગુરુવંદના અસ્થાને છોડીને ( એટલે પ્રથમ પ્રવેશ વગેરે સાચવવા યોગ્ય સ્થાનો અધૂરાં રાખીને ) ભાડૂતની પેઠે ( એટલે ભાડૂતી ગાડીવાળો કોઈ વ્યાપારીનાં ભાજનો–વાસણો કોઈ નગરથી તે તે વ્યાપારીને ત્યાં લાવ્યો, ત્યારે વ્યાપારીએ કહ્યું કે હું ભાજનો ઉતારવાનું સ્થળ જોઉં ત્યાં સુધી તું જરા થોભજે. ભાડૂતી ગાડીવાળાએ કહ્યું કે ભાડુ નગર સુધી લાવવાનું ઠરાવ્યું છે. પણ થોભીને તમારા બતાવેલા સ્થાને ભાજનો ઉતારવાનું ઠરાવેલું નથી, એમ કહી અસ્થાને જ તે ભાજનો મૂકીને જતો રહ્યો તેમ ) તત્કાલ જે નાસી જાય તે '**પ્રસિદ્ધ**' નામનો ત્રીજો દોષ કહેવાય છે. [ અર્થાત્ ભાડૂતની જેમ વંદન કરીને તરત નાસી જાય તે. ] ( આ દોષવાળું જે વંદન તે अनुपचार-वंदन જાણવું. )

૪. આ પરિપિંડિત દોષના ત્રણ અર્થ છે. તે આ રીતે—

(૧) એકત્ર થયેલા અનેક આચાર્યદિકને ભિન્ન ભિન્ન વંદન વડે ન વાંદતાં માત્ર એક જ વંદનથી સર્વને જે વાંદે તે '**પરિપિંડિત**' નામનો ચોથો દોષ કહેવાય છે. [ અર્થાત્ એક જ વંદનથી સામટાં સાધુઓને વંદન કરે તે. ]

(૨) અથવા આવર્તો અને સૂત્રાક્ષરોને યથાયોગ્ય જુદા ન પાડતાં, ભેગા કરીને વંદન જો કરે તો પણ '**પરિપિંડિત**' દોષ કહેવાય છે.

(૩) અથવા બે કુક્ષી ઉપર ( કેડ પર ડાબો અને જમણો એમ ) બે હાથ સ્થાપવાથી પિંડિત–ભેગા થયેલા હાથ-પગપૂર્વક જો વંદન કરે તો પણ '**પરિપિંડિત**' દોષ કહેવાય છે.

૫ વંદન કરતી વખતે તીડની જેમ પાછો હઠે અને આગળ ( સન્મુખ ) ખસે એમ આગળ પાછળ કૂદકા મારતો વાંદે, અથવા ઢોલની જેમ ઊપડીને જે વાંદે તે 'ટોલગતિ' નામનો પાંચમો દોષ કહેવાય છે.

[ અર્થાત્ તીડની જેમ કૂદકા મારતો અથવા ઢોલની જેમ ઊપડીને વંદન કરે તે. ]

૬ આ અંકુશ દોષના ત્રણ અર્થ છે. તે આ પ્રમાણે—

(૧) અંકુશથી હાથીને યથાસ્થાને જેમ લઈ જવાય છે અથવા બેસાડાય છે, તેમ વંદનાભિલાષી શિષ્ય પણ આચાર્યાદિકનો હાથ પકડી અથવા તેમનું વસ્ત્ર ખેંચી યથાસ્થાને લાવી અગર બેસાડી જે વંદન કરે તે 'અંકુશ' નામનો છઠ્ઠો દોષ કહેવાય છે.

(૨) અથવા ઓઘાને–રજોહરણને અંકુશની જેમ બે હાથે ગ્રહણ કરી, વંદન કરે તો પણ 'અંકુશ' દોષ કહેવાય છે.

(૩) અથવા અન્ય આચાર્યો કહે છે કે – અંકુશથી હાથીના મસ્તકની જેમ વંદન કરતી વખતે શિષ્ય પોતાના માથાને ઊંચું નીચું કરે તો પણ 'અંકુશ' દોષ કહેવાય છે.

૭ કચ્છપ ( કાચબાની જેમ અભિમુખ–સન્મુખ અને પશ્ચાત્ મુખ ( એટલે કાચબો જેમ પોતાની ડોકને પીઠમાંથી વારંવાર બહાર કાઢે અને ફેર પાછી ખેંચી લે તેમ ) વંદન કરતી વખતે શિષ્ય પોતાના શરીરને ચલાયમાન કરતો વંદન કરે એટલે ઊભા રહીને 'तित्तीसन्नायराए' ઇત્યાદિ વંદનાક્ષરોનું ઉચ્ચારણ કરતી વખતે અને નીચે બેસીને 'अहोकायं' વગેરે અક્ષરો ઉચ્ચારતી વખતે શિષ્ય પોતાના શરીરને ગુરુ સન્મુખ અને પાછું પોતાના તરફ ઊભા ઊભા તેમજ બેઠાં બેઠાં હિંડોલાની જેમ હલાવ્યા કરે તે 'કચ્છપરિંગિત' નામનો સાતમો દોષ કહેવાય છે.

[ અર્થાત્ કાચબાની પેઠે રીંગતો એટલે શરીરને ચલાયમાન કરતો વંદન કરે તે. ]

૮ મત્સ્ય ( માછલું ) જેમ જળમાં ઉછાળો મારતું જલદી ઉપર આવે છે અને ફેર જળમાં નીચે ડૂબતી વખતે પોતાના શરીરને ઉલટાવી શીઘ્ર ડૂબી જાય છે તેમ વંદન કરતી વખતે શિષ્ય પણ ઊભા થતાં અને બેસતાં એકદમ ઉછળવા સદૃશ શીઘ્ર ઊઠે અને બેસે તે '**મત્સ્યોદ્વૃત્ત**' અથવા '**મત્સ્યોદ્ધૃત**' નામનો આઠમો દોષ કહેવાય છે.

[ અર્થાત્ માછલાની માફક ઊછળતો વંદન કરે તે. ]

વળી '**મત્સ્યાવર્ત્ત**' દોષનો પણ સમાવેશ આ મત્સ્યોદ્વૃત્તદોષમાં થાય છે. તે દોષ આ પ્રમાણે છે—

માછલું ઊછળીને ડૂબતી વખતે એકદમ શરીરને જેમ ફેરવી નાખે છે તેમ શિષ્ય પણ, એકને વંદન કરતો પુનઃ પાસે પડખે અથવા પાછળ બેઠેલા બીજા આચાર્ય વગેરેને વંદનાર્થે ત્યાં ને ત્યાં જ બેઠો છતો એકદમ પોતાનું શરીર ઘુમાવે-ફેરવે, પણ જયણાપૂર્વક ઊઠીને ત્યાં ન જાય તે '**મત્સ્યાવર્ત્ત**' દોષ કહેવાય છે.

૯ વંદનીય આચાર્યાદિ કોઈ પણ ગુણે કરીને ન્યૂનહીન હોય તો તે ન્યૂન ગુણને મનમાં ચિંતવી અરુચિપૂર્વક જે વંદન કરે તે '**મનઃપ્રદુષ્ટ**' નામનો નવમો દોષ કહેવાય છે.

[અર્થાત્ મનમાં આચાર્ય વગેરેના દોષને ચિંતવીને વંદન કરે તે.]

અથવા આત્મપ્રત્યયથી ( ગુરુએ શિષ્યને પોતાને કહ્યું હોય તેથી ) અને પરપ્રત્યયથી ( ગુરુએ શિષ્યને શિષ્યના મિત્રાદિક સન્મુખ કહ્યું હોય તેથી ) ઉત્પન્ન થયેલ મનોદ્વેષપૂર્વક ગુરુને જો વાંદે તો પણ '**મનઃપ્રદુષ્ટ**' દોષ કહેવાય છે.

૧૦ આ વેદિકાબદ્ધ દોષ પાંચ પ્રકારે છે. તે આ રીતે—

(૧) બે જાનુ (ઘુંટણ) પર બન્ને હાથ સ્થાપીને ગુરુને જે વંદન કરે તે 'વેદિકાબદ્ધ' નામનો દશમો દોષ કહેવાય છે.

(૨) અથવા બે જાનુની નીચે બન્ને હાથ સ્થાપીને વંદન કરે તો પણ 'વેદિકાબદ્ધ' દોષ કહેવાય છે.

(૩) અથવા બે જાનુના પડખે બે હાથ સ્થાપીને કહેવાય છે.

(૪) અથવા બે હાથ ખોળામાં રાખીને કહેવાય છે.

(૫) અથવા એક જાનુને બે હાથની વચ્ચે રાખીને કહેવાય છે.

[ वेदिकाबद्ध–એટલે હાથની રચના–સ્થાપના વડે યુક્ત જે હોય તે.]

૧૧ આ ગુરુ મને ભજે છે–સેવે છે– અનુસરશે એવા અભિપ્રાયથી ગુરુને જે વંદન કરે તે '**ભજન્ત**' નામનો અગિયારમો દોષ કહેવાય છે.

અથવા વિદ્યા–મંત્ર વગેરેની લાલચથી વંદન કરે, અથવા 'હે ગુરુજી ! અમે તમને વંદન કરતા ઊભા છીએ.' એમ કહેવામાં આવે તો પણ 'ભજન્ત' દોષ કહેવાય છે.

૧૨ ગુરુને જો વંદન નહિ કરુ તો ગુરું મને સંઘથી, કુલથી, ગચ્છથી, અથવા ક્ષેત્રથી બહાર કરશે (અર્થાત્ કાઢશે) એવા ભયથી જે વંદન કરે તે '**ભય**' નામનો બારમો દોષ કહેવાય છે.

૧૩ અન્ય મુનિઓ એમ જાણે કે 'આ મુનિ વંદન વગેરેની સમાચારીમાં અતિકુશળ છે' એવા ગર્વથી શિષ્ય ગુરુને આવર્ત્ત વગેરે વંદનવિધિ યથાર્થ જે કરે તે '**ગૌરવ**' નામનો તેરમો દોષ કહેવાય છે.

૧૪ આચાર્યાદિ મારા મિત્ર છે, અથવા આચાર્યાદિ સાથે મારી મૈત્રી (મિત્રતા) થશે એમ સમજીને જે વંદન કરે તે '**મૈત્રી**' નામનો ચૌદમો દોષ કહેવાય છે.

૧૫ જ્ઞાન, દર્શન અને ચારિત્રના લાભ સિવાય શેષ વસ્ત્ર પાત્ર વગેરેના લાભના કારણથી ગુરુને જે વંદન કરે તે 'કારણ' નામનો પંદરમો દોષ કહેવાય છે.
[જો કે જ્ઞાનાદિકના લાભને આ કારણ દોષમાં કહ્યો નથી, છતાં લોકમાં પૂજા મહત્ત્વાદિ અર્થે જ્ઞાનાદિકના લાભની ઈચ્છા પણ કારણ દોષમાં ગણાય છે.]

૧૬ વંદન કરવાથી મારી લઘુતા જણાશે એમ સમજી ચોરની જેમ છાના છૂપા રહી, ગુરુને જે વંદન કરવું તે 'સ્તેન' નામનો સોળમો દોષ કહેવાય છે. [અર્થાત્ ચોરની જેમ છુપાતો વંદન કરે તે.] અથવા કોઈ દેખે ન દેખે તેમ ઉતાવળથી એકદમ જે વંદન કરવું તે પણ 'સ્તેન' દોષ કહેવાય છે.

૧૭ 'विक्खित्त-पराहुत्ते०' એ ૧૫ મી ગાથામાં કહેલ [વ્યગ્રચિત્ત-વાળા હોય, પરાઙ્મુખ હોય, પ્રમાદયુક્ત હોય, આહાર અને નિહાર કરતા હોય અથવા કરવાની ઈચ્છાવાળા હોય એવા ગુરુને એ સમયે વંદન કરવું નહિ] વંદનના અનવસરે જે ગુરુને વંદન કરે તે 'પ્રત્યનીક' નામનો સત્તરમો દોષ કહેવાય છે. [અર્થાત્ અનવસરે વંદન કરે તે.]

૧૮ ગુરુ રોષાયમાન—ક્રોધવાળા થયા હોય, એ સમયે જે વંદન કરવું તે 'રૂષ્ટ' નામનો અઢારમો દોષ કહેવાય છે.
અથવા શિષ્ય પોતે ક્રોધાયમાન થયો હોય, એ સમયે ગુરુને જે વંદન કરવું તે પણ 'રૂષ્ટ' દોષ કહેવાય છે.
[આ દોષ ૧૭મા પ્રત્યનીક દોષમાં ગૌણપણે આવી જાય છે, તો પણ રોષની મુખ્યતા બતાવવા માટે જુદો જણાવ્યો છે.]

૧૯ 'કાષ્ઠના મહાદેવ સમાન હે ગુરુ! આપને વંદન ન કરવાથી (આપ) રોષ કરતા નથી અને વંદન કરવાથી પ્રસન્ન પણ થતા નથી, માટે વંદન કરીએ કે ન કરીએ તો પણ આપને મન

બધું સરખું જ છે' એ રીતે વચનથી તર્જના કરતો શિષ્ય ગુરુને જે વંદન કરે તે '**તર્જના**' નામનો ઓગણીશમો દોષ કહેવાય છે.

અથવા અંગુલિ વગેરે દ્વારા કાયાથી તર્જના કરતો શિષ્ય ગુરુને જે વંદન કરે તે પણ '**તર્જિત-તર્જના**' દોષ કહેવાય છે.

૨૦ 'વંદન એ વિશ્વાસ ઉત્પન્ન કરવાનું કારણ છે' એમ સમજી લોકમાં વિશ્વાસ ઉત્પન્ન કરવાના હેતુથી કપટપૂર્વક યથાર્થ વિધિ સાચવી જે વંદન કરે તે '**શઠ**' નામનો વીશમો દોષ કહેવાય છે. અથવા કપટપૂર્વક શરીરની અસ્વસ્થતા-માંદગી વગેરેનું બહાનું કાઢી, વિધિપૂર્વક જે વંદન ન કરે તે પણ '**શઠ**' દોષ કહેવાય છે.

૨૧ હે ગુરુ! તમને વંદન કરવાથી શું? વગેરે વચનો દ્વારા ગુરુની હેલના-અવજ્ઞા કરતો શિષ્ય જે વંદન કરે તે '**હીલિત**' નામનો એકવીશમો દોષ કહેવાય છે.

૨૨ ગુરુને વંદન કરતાં વચમાં દેશકથા વગેરે વિકથાઓ કરે તે '**વિપરિતકુંચિત**' નામનો બાવીશમો દોષ કહેવાય છે.

૨૩ અનેક મુનિઓ જ્યારે વંદન કરતા હોય ત્યારે કોઈ મુનિની ઓથે રહીને, અથવા અંધારામાં ગુરુ ન દેખે તેવી રીતે વંદન કર્યા વિના એમ ને એમ ઊભો રહે અગર બેસી રહે, અને જ્યાં ગુરુ દેખે કે તરત જ ત્યાં વંદન કરવા માંડે તે '**દષ્ટાદષ્ટ**' નામનો તેવીશમો દોષ કહેવાય છે.

[ ૧૬મા સ્તેન દોષમાં દષ્ટાદષ્ટ જે કહેલ છે તે લોકવડે દષ્ટાદષ્ટ છે, અને આ ૨૩મા દોષમાં દષ્ટાદષ્ટ જણાવેલ છે તે ગુરુ વડે દષ્ટાદષ્ટ શિષ્ય સમજવાનો છે.]

૨૪ પશુનાં જેમ બન્ને શિંગડાં માથાના ડાબા અને જમણા એમ બે ભાગમાં હોય છે, તેમ અહીં પણ પોતાના કપાલ-લલાટના બન્ને પડખે વંદન કરે એટલે ' अहो कायं काय ' એ

પદોના ઉચ્ચાર વખતે લલાટના મધ્ય ભાગમાં બે હાથની અંજલિને સ્પર્શી આવર્ત કર્યા વિના જ લલાટના ડાબા અને જમણા એ બન્ને પડખે હાથ લગાડીને જે વંદન કરે તે 'શૃંગ' નામનો ચોવીશનો દોષ કહેવાય છે.

[ અર્થાત્ પશુના શીંગડાની જેમ કપાલના બે પડખે વંદન કરે તે. ]

૨૫ આ વંદન જે કરવું તે અરિહંત ભગવંત રૂપી રાજાનો અથવા ગુરુનો કર છે એમ સમજીને જે વંદન કરવું તે ' કર ' નામનો પચીશમો દોષ કહેવાય છે.

[ અર્થાત્ રાજાના કરની જેમ વેઠપૂર્વક વંદન કરે તે. ]

૨૬ સંસાર છોડી સાધુ થવાથી લૌકિક ( રાજાના ) કરથી તો છૂટયા, પણ હજી અરિહંતરૂપી રાજાના વંદન કરવાના કરથી છૂટયા નથી, એમ વંદનને કર ચૂકવવા સમાન સમજીને જે વંદન કરે તે ' **કરમોચન** ( તનમોચન ) ' નામનો છવ્વીશમો દોષ કહેવાય છે.

[ અર્થાત્ તેમનાથી કયારે મુકાશું ? એમ ( કર સમાન ) સમજીને જે વંદન કરે તે. ]

૨૭ વંદનમાં ' अहो कायं काय० ' વગેરે ૬ આવર્ત્ત કરતી વખતે બન્ને હાથ રજોહરણને ( ઓઘાને ) અને મસ્તકે ( માથે ) સ્પર્શવા-લગાડવા જોઈએ, છતાં તે યથાવિધિ જો ન સ્પર્શે-ન લગાડે તો ' આશ્લિષ્ટ ( સ્પર્શ ) ' **અનાશ્લિષ્ટ** ' ( અસ્પર્શ ) નામનો સત્તાવીશમો દોષ કહેવાય છે. અર્થાત્ એ દોષ લાગે છે. આ દોષની ચઉભંગી આ રીતે છે—

[૧] બે હાથ વડે ઓઘાને-રજોહરણને સ્પર્શે, અને મસ્તકને સ્પર્શે
[૨] ,, ,, સ્પર્શે, અને મસ્તકને ન સ્પર્શે.
[૩] ,, ,, ન સ્પર્શે અને મસ્તકને સ્પર્શે.
[૪] ,, ,, ન સ્પર્શે અને મસ્તકને ન સ્પર્શે.

ઉક્ત એ ચઉભંગી પૈકી પ્રથમ ભંગ-ભાંગો શુદ્ધ છે, અને બાકીના ત્રણ અશુદ્ધ છે.

૨૮ ગુરુને વંદન કરતી વખતે શિષ્ય વંદનસૂત્રના વ્યંજન ( એટલે અક્ષર, ) અભિલાપ ( એટલે પદ, વાકય ) અને પૂર્વે કહેલ પચીસ આવશ્યક એ સર્વ ન્યૂન-ઓછા કરે અર્થાત્ પરિપૂર્ણ ન કરે તે ' **ન્યૂન** ' નામનો અઠ્ઠાવીશમો દોષ કહેવાય છે.
[ અર્થાત્ વંદનસૂત્રના અક્ષરો વગેરે ઓછા બોલીને વંદન કરે તે. ]

૨૯ ગુરુને વંદન કર્યા બાદ પ્રાંતે શિષ્ય, મોટા સાદે ' **मत्थएण** वंदामि ' એ ચૂલિકા – શિખારૂપે અધિક જે કહે તે ' **ઉત્તરચૂડ** ' ( **ઉત્તર ચૂલિકા** ) નામનો ઓગણત્રીશમો દોષ કહેવાય છે.
[ અર્થાત્ વંદન કર્યા પછી મોટા સાદે ' ' મત્થએણ વંદામિ ' બોલે તે. ]

૩૦ ગુરુને વંદન કરતી વખતે શિષ્ય, મૂક-મૂંગા મનુષ્યની માફક વંદન સૂત્રના અક્ષરોનો આલાપકનો કે આવર્ત્તનો પ્રગટ ઉચ્ચાર ન કરે, પરંતુ મોંથી ગુણગુણાટ કરીને અથવા મનમાં બોલીને-વિચારીને જે વંદન કરે તે ' મૂક ' નામનો ત્રીશમો દોષ કહેવાય છે.
[ અર્થાત્ મૂંગા મનુષ્યની જેમ મનમાં બોલીને વંદન કરે તે. ]

૩૧ શિષ્ય મોટા સાદે વંદનસૂત્ર બોલીને ગુરુને જે વંદન કરે તે ' **ઢઢ્ઢર** ' નામનો એકત્રીશમો દોષ કહેવાય છે.

૩૨ બળતા ઉંબાડિયાને છેડાથી પકડીને બાળકો જેમ ગોળ ભમાવે છે તેમ રજોહરણને-ઓઘાને છેડેથી પકડીને ભમાવતો શિષ્ય જે વંદન કરે તે ' ચૂડલિક ' નામનો બત્રીશમો દોષ કહેવાય છે. અથવા પોતાનો હાથ લાંબો કરીને ' હું વંદન કરું છું ' એમ કહેતો છતો વંદન કરે અથવા હાથ લાંબો કરી ભમાવતો છતો વંદન તે પણ ' ચૂડલિક ' દોષ કહેવાય છે.

॥ ગાથાંક-૨૩-૨૬, અનુવાદાંક ૩૨-૩૪ ॥

मूल—

* इह छच्च गुणा विणओ—वयार माणाइभंग गुरुपूआ।
तित्थयराण य आणा, सुयधम्माराहणाऽकिरिया ॥२७॥

[ વંદનથી ઉત્પન્ન થતા છ ગુણને જણાવનારું દ્વાર ૧૪ મું ]

વિનયોપચાર[1] માનાદિભંગ,[2] ને પૂજા ગુરુજનની,[3]
તીર્થંકર [4]આજ્ઞા–પાલન, આરાધના[5] શ્રુતધર્મની;
પરંપરાએ પ્રાપ્તિ વળી, પરમપદની[6] થાય છે,
વંદનથી એ છ ગુણો, અવશ્ય ઉત્પન્ન થાય છે.* (૩૫)

*अत्र षट् च गुणा–विनय उपचारो मानादिभङ्गो गुरु–पूजा।
तीर्थकराणां चाज्ञा श्रुत–धर्मा–ऽऽराधनाऽक्रिया ॥२७॥

૧ '**વિનયનું આરાધન**' એ નામનો પહેલો ગુણ.

૨ '**અભિમાન વગેરેનો વિનાશ**' એ નામનો બીજો ગુણ.

૩ '**ગુરુજનની પૂજા**' (એટલે માનરહિત વિનીતપણે વંદન કરવાથી જે સમ્યગ્ ગુરુપૂજા ગણાય છે તે) એ નામનો ત્રીજો ગુણ.

૪ '**શ્રી તીર્થંકર પરમાત્માની આજ્ઞાનું પાલન**' એ નામનો ચોથો ગુણ.

૫ વંદનપૂર્વક જ શ્રુત ગ્રહણ કરાય છે, માટે ગુરુને વંદન કરવાથી '**શ્રુતધર્મની આરાધના**' એ નામનો પાંચમો ગુણ.

૬ અને ગુરુવંદનથી પરંપરાએ પ્રાંતે '**પરમપદની પ્રાપ્તિ**' એ નામનો છઠ્ઠો ગુણ ઉત્પન્ન થાય છે.

આને અંગે શ્રીસિદ્ધાંતમાં પણ પ્રશ્ન–પ્રત્યુત્તરરૂપે કહ્યું છે કે—

'तहारूवाणं भंते समणं वा माहणं वा वंदमाणस्स वा पज्जुवासमाणस्स वा वंदणा पज्जुवासणा य किंफला पन्नत्ता ?

गोयमा! सवणफला० ' ઈત્યાદિ.

એ આલાપકનો અર્થ આ રીતે છે—

'પ્રશ્ન—હે ભગવન્! તથા સ્વરૂપવાળા શ્રમણ અથવા માહણને વંદન કરતા અથવા પર્યુપાસના કરતા, એવા સાધુની તે તે વંદના ને પર્યુપાસના શું ફળવાળી હોય ?

પ્રત્યુત્તર—હે ગૌતમ! શાસ્ત્ર શ્રવણરૂપ ફળ હોય.

| | |
|---|---|
| પ્રશ્ન —તે શ્રવણનું શું ફળ ? | પ્રત્યુત્તર—જ્ઞાનફળ. |
| „ —જ્ઞાનનું શું ફળ? | „ —વિજ્ઞાનફળ. |
| „ —વિજ્ઞાનનું શું ફળ ? | „ —પચ્ચક્ખાણફળ. |
| „ —પચ્ચક્ખાણનું શું ફળ ? | „ —સંયમફળ. |
| „ —સંયમનું શું ફળ ? | „ —અનાશ્રવ (સંવર)ફળ. |
| „ —અનાશ્રવનું શું ફળ ? | „ —તપફળ. |
| „ —તપનું શું ફળ ? | „ —નિર્જરાફળ. |
| „ —નિર્જરાનું શું ફળ ? | „ —અક્રિયાફળ. |
| „ —અક્રિયાનું શું ફળ ? | „ —મોક્ષફળ. |

* ગુરુને વંદન કરવાથી ૬ પ્રકારના ગુણ પ્રાપ્ત થાય છે, તેમ વંદન નહિ કરવાથી ૬ પ્રકારના દોષ પ્રાપ્ત થાય છે. જુઓ તે આ રીતે—

"माणो अविणय खिसा, नीयागोयं अबोहि भववुड्ढी ।
अनमंते छद्दोसा एवं अडनउयसय महियं ॥१॥"

[ धर्मसंग्रहवृत्तौ- ]

'અભિમાન, અવિનય, ખિંસા (નિંદા અથવા લોકનો તિરસ્કાર), નીચગોત્રનો બંધ, સમ્યક્ત્વનો અલાભ અને ભવની-સંસારની વૃદ્ધિ એ ૬ દોષ ઉત્પન્ન થાય છે.

[ એ પ્રમાણે દ્વાદશાવર્ત વંદનના ૧૯૮ બોલ જાણવા. ]

॥ ગાથાંક-૨૭, અનુવાદાંક-૩૫ ॥

मूल—

* गुरुगुणजुत्तं तु गुरुं, ठाविज्जा अहव तत्थ अक्खाई ।
अहवा नाणाइतियं, ठविज्ज सक्खं गुरुअभावे ॥२८॥

अक्खे वराडए वा, कट्ठे पुत्थे अ चित्तकम्मे अ ।
सब्भावमसब्भावं, गुरुठवणा इत्तरावकहा ॥२९॥

गुरुविरहंमी ठवणा, गुरूवएसोवदंसणत्थं च ।
जिणविरहंमि जिणबिंब-सेवणामंतणं सहलं ॥३०॥

[ ગુરુના અભાવમાં ગુરુસ્થાપના સ્થાપવા સંબંધી દ્વાર ૧૫મું. ]

પ્રત્યક્ષ ગુરુતણા અભાવે, ગુરુગુણ યુક્ત ગુરુની,
સદ્ભૂત[1] સ્થાપના સ્થાપવી, અથવા કહેલી નીચેની;
તત્ સ્થાને અક્ષાદિકની[2] , અથવા [3] જ્ઞાનાદિત્રિકના–
સાધનતણી એ સ્થાપવી, અસદ્ભૂત[4] સ્થાપના. (૩૬)

---

* गुरु-गुण-युक्तं तु गुरुं स्थापयेदथवा तत्रा-ऽक्षादीन् ।
अथवा ज्ञानाऽऽदि-त्रिकं स्थापयेत् साक्षाद्-गुर्वभावे ॥२८॥

अक्षे वराटके वा काष्ठे पुस्ते च चित्र-कर्मणि च ।
सद्भावाऽसद्भावा गुरु-स्थापनेत्वरा यावत्कथिका ॥२९॥

गुरु-विरहे स्थापना गुरूपदेशोपदर्शनाऽर्थं च ।
जिन-विरहे जिन-बिम्ब-सेवना-ऽऽमन्त्रणं सफलम् ॥३०॥

૧ ગુરુના સરખી પુરુષ આકારવાળી જે મૂર્ત્તિ તે ગુરુની ‘ સદ્ભૂત સ્થાપના ’ કહેવાય છે.

(કયા કયા પદાર્થોમાં ગુરુસ્થાપના કરાય ? તેમજ તે સ્થાપના કેવા પ્રકારની ? અને કેટલા કાળ સુધીની ગણવી ?)

કરાય છે ગુરુ સ્થાપના, અક્ષમાં[૫] ને [૬]કોડામાં,
કરાય છે વળી [૭]કાષ્ઠમાં, પુસ્તકમાં[૮] ને [૯]ચિત્રમાં;
સદ્‌ભાવ–અસદ્‌ભાવની, તે બે રીતે છે સ્થાપના,
ફરી ભેદ બે ઈત્વર[૧૦] અને, યાવત્[૧૧] કથિત બેઉના. (૩૭)

(ગુરુના અભાવે ગુરુની સ્થાપના કરવાનું કારણ શું ? અને તેના દ્વારા કાર્યસિદ્ધિ કેવી રીતે મનાય ? એ દૃષ્ટાંત સહિત દર્શાવાય છે— )

ગુરુના વિરહે ગુરુની, જે સ્થાપના કરાય છે,
ઉપદેશ તે ગુરુતણો, દર્શાવવા અર્થે જ છે;
જિન વિરહે જિનબિંબની, સેવા અને આમંત્રણ–
જિમ સફળ થાય છે, તિમ જાણવું અહીં પણ. (૩૮)

---

૨ અરિયા વગેરેની.

૩ જ્ઞાન, દર્શન અને ચારિત્રના.

૪ પુરુષઆકાર સિવાય કોઈ પણ આકારવાળી વસ્તુમાં ગુરુપણું જે આરોપવું તે ગુરુની 'અસદ્‌ભૂત સ્થાપના' કહેવાય છે.

૫ અક્ષ એટલે અરિયા કે જે વર્તમાન કાળમાં મુનિ મહાત્માઓ સ્થાપનામાં રાખે છે તે.

આ અરિયા સમુદ્રમાં શંખની પેઠે ઉત્પન્ન થતા બેઇન્દ્રિય જીવોનું અચિત્ત (જીવ વિનાનું) કલેવર–શરીર છે.

શંખ વગેરેની માફક આ અક્ષ–અરિયા પણ અતિ ઉત્તમ હોવાથી તેમાં ગુરુની સ્થાપના કરવાનું શાસ્ત્રમાં કહેલ છે. તથા

તેનાં લક્ષણુ અને ફળ વગેરે ચૌદપૂર્વધર શ્રુતકેવલી નિર્યુક્તિકાર ભગવાન્ શ્રીભદ્રબાહુસ્વામી મહારાજે 'સ્થાપના કલ્પ'માં જણાવેલ છે.

[ વર્તમાન કાલમાં અક્ષ–અરિયા વગેરેની જે ગુરુસ્થાપના કરાય છે, તે વર્તમાન સાધુપરંપરાના પ્રથમગુરુ શ્રી સુધર્માસ્વામી ગણધર મહારાજાની જાણવી. કારણ કે–ગણની અનુજ્ઞા ચરમ-તીર્થંકર વર્તમાન શાસનાધિપતિ શ્રીમહાવીર પરમાત્માએ શ્રીઇન્દ્રભૂતિ આદિ અગિયાર ગણધર પૈકી દીર્ઘાયુષી પંચમ ગણધર શ્રીસુધર્માસ્વામીજીને જ કરી હતી. તેથી તેમની જ શિષ્ય-પરંપરા પાંચમા આરાના છેડા સુધી ચાલવાની છે. ]

[ શ્રીસુધર્માસ્વામી ગણધરને અક્ષના આકારે પગમાં ચિહ્ન હોવાથી અક્ષની સ્થાપના કરાય છે. એ અક્ષ–અરિયામાં કરવામાં આવતી જે ગુરુ સ્થાપના તે 'અસદ્ભાવ સ્થાપના' સમજવી. ]

૬ ત્રણ લીટીવાળા કોડામાં–વરાટકમાં. વર્તમાનમાં જો કે તે સ્થાપ-નાચાર્ય તરીકે જોવામાં આવતા નથી, તો પણ તેમાં ગુરુની સ્થાપના થઈ શકે છે.

[ આ કોડામાં વરાટકમાં કરવામાં આવતી જે ગુરુસ્થાપના તે 'અસદ્ભાવ સ્થાપના' સમજવી. ]

૭ ચંદનના કાષ્ઠ સમાન અન્ય પણ ઉત્તમ કાષ્ઠમાં ગુરુના સરખો આકાર બનાવી, તેમાં ગુરુના છત્રીશ ગુણો પ્રતિષ્ઠાવિધિપૂર્વક સ્થાપી, તેને ગુરુ તરીકે જે માનવા તે ગુરુની 'સદ્ભાવ સ્થાપના' જાણવી.

તથા ચારિત્રના ઉપકરણ તરીકે દાંડો અથવા ઓઘાની દાંડી આદિ જે સ્થાપવાં તે ગુરુની કાષ્ઠ સંબંધી 'અસદ્ભાવ સ્થાપના' જાણવી.

[ વર્તમાનમાં ખરતરગચ્છના મુનિઓ ગુરુસ્થાપના તરીકે સુખડની એક જ નાની પેટીમાં ઘડેલી પાંચ સોગઠી સરખા આકારવાળી પંચપરમેષ્ઠિસૂચક ‘ અસદ્ભાવ સ્થાપના ’ સ્થાપે છે. ]

૮ પુસ્ત એટલે લેપ્ય કર્મ અર્થાત્ રંગ વગેરેથી ગુરુની જે મૂર્ત્તિ આલેખવી તે. અથવા જ્ઞાનનું ઉપકરણ જે પુસ્તક તેમાં ગુરુ તરીકે ગુરુ સ્થાપના કરવી તે.

[ આમાં કરાતી જે સ્થાપના તે સદ્ભાવ અને અસદ્ભાવ એમ બન્ને રીતે સંભવી શકે છે. જે સ્વબુદ્ધિથી વિચારવી. ]

૯ ચિત્રકર્મ એટલે પાષાણ વગેરે પદાર્થ ઘડીને અથવા કોરીને બનાવેલી ગુરુમૂર્ત્તિમાં જે ગુરુસ્થાપના કરવી તે.

[ આમાં કરાતી જે સ્થાપના તે પણ સદ્ભાવ અને અસદ્ભાવ એમ બન્ને રીતે સંભવી શકે છે. જે સ્વબુદ્ધિથી વિચારવી. ]

૧૦ ઉક્ત બન્ને પ્રકારની [ સદ્ભાવ (આકારવાળી) અને અસદ્ભાવ (આકાર વિનાની) ] સ્થાપના, ગુરુવંદન અથવા સામાયિક વગેરે ધર્મક્રિયા કરતા હોય ત્યાં સુધી જ અલ્પકાળ જે સ્થાપવી તે ‘ **ઇત્વર સ્થાપના** ’ ( અલ્પકાળની સ્થાપના ) કહેવાય છે.

આ ઇત્વરકથિત સ્થાપનાને સાક્ષાત્ ગુરુ સદશ ગણી તેની સાક્ષીએ ધર્મક્રિયા કરવી, અને સાક્ષાત્ ગુરુની જેમ તે ગુરુ સ્થાપનાની આશાતના કરવી નહિ.

૧૧ ઉક્ત બન્ને પ્રકારની [ સદ્ભાવ અને અસદ્ભાવની ] સ્થાપના, પ્રતિષ્ઠા પ્રમુખ વિધિપૂર્વક કરેલી જે હોય તે દ્રવ્ય–વસ્તુ જ્યાં સુધી કાયમ રહે ત્યાં સુધી ગુરુ તરીકે સ્વીકારાય છે, માટે તે ‘ **યાવત્કથિત સ્થાપના** ’ (દીર્ઘકાળની–લાંબાકાળની સ્થાપના) કહેવાય છે.

मूल—

*चउदिसि गुरुग्गहो इह, अहुट्ठ तेरस करे सपरपरके ।
अणणुन्नायस्स सया, न कप्पए तत्थ पविसेउ ॥३१॥

( બે પ્રકારના અવગ્રહને જણાવનારું દ્વાર ૧૬મું.)

ચઉદિશિ[1] ગુરુ અવગ્રહ, સાડા ત્રણ જ હાથનો,
સ્વપક્ષે[2] અહીં કહ્યો, પરપક્ષે[3] તેર [4]હસ્તનો;
કહેલ એ અવગ્રહમાં, લીધા વિના ગુરુ આજ્ઞાને,
પ્રવેશ કરવો કલ્પે[5] નહિ, સર્વદા[6] સાધુ[7] આદિને. (૩૯)

---

આ યાવત્કથિત સ્થાપનાને પણ પ્રત્યક્ષ ગુરુ તુલ્ય ગણી તેની સાક્ષીએ ધર્મક્રિયા કરવી, અને સાક્ષાત્ ગુરુની જેમ તે ગુરુ સ્થાપનાની આશાતના કરવી નહિ.

[ સ્થાપના અને જ્ઞાનની આશાતના પણ સાક્ષાત્ ગુરુની જેમ વર્જવાની છે, કારણ કે—તેને પગ લાગવાથી જઘન્ય, આશાતના ફેંકવાથી-પટકવાથી મધ્યમ આશાતના અને અગ્નિ આદિ દ્વારા વિનાશ કરવાથી ઉત્કૃષ્ટ આશાતના થાય છે. ]

॥ ગાથાંક ૨૮-૩૦, અનુવાદાંક ૩૬-૩૮ ॥

संस्कृतछाया —

* चतुर्दिक्षु गुर्ववग्रहोऽत्राध्युष्ट-त्रयोदश-कराः स्व-पर-पक्षयोः ।
अननुज्ञातस्य सदा न कल्पते तत्र प्रवेष्टुम् ॥३१॥

१ ચારે દિશામાં.

૨ પોતાના પક્ષમાં અહીં પુરુષની અપેક્ષાએ પુરુષ સ્વપક્ષ અને સ્ત્રીની અપેક્ષાએ સ્ત્રી સ્વપક્ષ, એમ બે પ્રકારનો સ્વપક્ષ છે. એ સ્વપક્ષમાં ગુરુથી દૂર રહેવાનો સાડા ત્રણ હાથનો અવગ્રહ સાચવવાનો કહેલો છે.

સાડાત્રણ હાથનો અવગ્રહ—

| | | |
|---|---|---|
| ૧ | ગુરુથી સાધુને<br>,, શ્રાવકને | બે પ્રકારનો સ્વપક્ષ |
| ૨ | ગુરુણીથી સાધ્વીને<br>,, શ્રાવિકાને | |

૩ બીજાના પક્ષમાં. અહીં પુરુષની અપેક્ષાએ સ્ત્રી પરપક્ષ અને સ્ત્રીની અપેક્ષાએ પુરુષ પરપક્ષ, એમ બે પ્રકારનો પરપક્ષ છે. એ પરપક્ષમાં ગુરુથી દૂર રહેવાનો તેર હાથનો અવગ્રહ સાચવવાનો કહેલો છે.

તેર હાથનો અવગ્રહ—

| | | |
|---|---|---|
| ૧ | ગુરુથી સાધ્વીને<br>,, શ્રાવિકાને | બે પ્રકારનો પરપક્ષ |
| ૨ | ગુરુણીથી સાધુને<br>,, શ્રાવકને | |

૪ તેર હાથનો.

૫ કહેલ એ અવગ્રહમાં ગુરુની અથવા ગુરુણીની આજ્ઞા લીધા સિવાય પ્રવેશ થઈ શકે નહિ.

અર્થાત્ એ અવગ્રહથી ગુરુનું સન્માન સચવાય છે, આશાતનાઓથી બચાય છે, અને સમ્યગ્ રીતે સ્વશીલ–સદાચાર આદિ પણ સચવાય છે. ઈત્યાદિ અનેક ગુણનો લાભ થતો હોવાથી તરણતારણ દેવાધિદેવ શ્રીજિનેન્દ્ર ભગવંતોએ આ અવગ્રહની મર્યાદા બાંધેલી છે. એ અવગ્રહની મર્યાદા સમ્યગ્ પ્રકારે સાચવવી એ જ પરમકલ્યાણનું કારણ છે.

૬ હમેશાં. ૭ આદિને એટલે સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાને.

॥ ગાથાંક ૩૧, અનુવાદાંક ૩૯ ॥

मूल—

* पण तिग बारसदुग तिग, चउरोछट्ठाण पय इगुणतीसं ।
गुणतीस सेस आवस्सयाइ सव्वपय अडवन्ना ॥३२॥

[ વંદનસૂત્રના સર્વ વર્ણ સંખ્યાનું દ્વાર ૧૭ મું. ]

અક્ષર દ્વાર સત્તરમું, સુગમ હોવાથી અહીં,
ગાથામાં કહેલું જે નથી, તે કહ્યું નીચે સહી;
વંદનસૂત્રમાંહિ સર્વે, વર્ણ બસો છવ્વીશ છે,
તેમાં લઘુ બસો એક ને, ગુરુ અક્ષર[૧] પચ્ચીશ છે. (૪૦)

[ વંદનસૂત્રની પદસંખ્યાનું દ્વાર ૧૮ મું. ]

ક્રમે પાંચ[૨] ત્રણ[૩] બાર[૪] બે ને[૫] ત્રણ[૬] ચાર[૭] જાણીએ,
પદ ઓગણત્રીશ એ, છ[૮] સ્થાનમાંહે માનીએ;
બાકીના આવસ્સિઆ એ, [૯]આદિ ઓગણત્રીશ છે,
સર્વે મળી અઠ્ઠાવન, પદ સૂત્ર વંદનમાંહિ છે. (૪૧)

---

* संस्कृतछाया—

पञ्च-त्रि-द्वादश-द्वि-त्रि-चत्वारि षट्-स्थान-पदान्येकोन-त्रिंशत् ।
एकोन-त्रिंशच्छेषाणि 'आवसिआए' इत्यादीनि सर्वपदान्यष्ट-पञ्चाशत्
॥ ३२ ॥

૧ च्छा[१], ज्जा[२], ग्ग[३], ज्जो[४], प्प[५], क्कं[६], त्ता[७], ज्जं[८], क्क[९], क्क[१०], त्ती[११], न्न[१२], च्छा[१३], क्क[१४], क्क[१५], क्क[१६], व्व[१७], व्व[१८], च्छो[१९], व्व[२०], म्मा[२१], क्क[२२], स्स[२३], क्क[२४], प्पा[२५].

એ ૨૫ જોડાક્ષર એટલે ગુરુઅક્ષર છે.

---

૨ ' इच्छामि[१]–खमासमणो[२]–वंदिउं[३]–जावणिज्जाए[४]– निसीहियाए[५] ' એ વંદનસૂત્રમાં આવતા પહેલા સ્થાનનાં ૫ પદ છે.

૩ ' अणुजाणह[१]–मे[२]–मिउग्गहं[३] ' એ વંદનસૂત્રમાં આવતા બીજા સ્થાનનાં ૩ પદ છે.

૪ 'निसीहि[१]–अहो[२]–कायं[३]-कायसंफासं[४]–खमणिज्जो[५]-मे[६]–किलामो[७] –अप्पकिलंताणं[८]–बहुसुभेण[९]–मे[१०]–दिवसो[११]–वइक्कंतो[१२]' એ વંદનસૂત્રમાં આવતા ત્રીજા સ્થાનનાં ૧૨ પદ છે.

૫ ' जत्ता[१]–भे[२] ' એ વંદનસૂત્રમાં આવતા ચોથા સ્થાનનાં ૨ પદ છે.

૬ ' जवणिज्जं[१]–च[२]–भे[३] ' એ વંદનસૂત્રમાં આવતા પાંચમા સ્થાનનાં ૩ પદ છે.

૭ ' खामेमि[१]–खमासमणो[२]–देवसिअं[३]–वइकम्मं[४] ' એ વંદનસૂત્રમાં આવતા છઠ્ઠા સ્થાનના ૪ પદ છે.

૮ આ ગુરુવંદન ભાષ્યની આગળ કહેલી ૩૩ મી ગાથામાં ' ઇચ્છા–અનુજ્ઞા–અવ્યાબાધ–સંયમયાત્રા–દેહસમાધિ–અપરાધ ખામણાં ' એ ૬ સ્થાનમાંહે.

૯ ' आवसियाए[१] – पडिक्कमामि[२] – खमासमणाणं[३] – देवसियाए[४] – आसायणाए[५] –तित्तीसन्नयराए[६]–जंकिंचि मिच्छाए[७] – मणदुक्कडाए[८] – वयदुक्कडाए[९] – कायदुक्कडाए[१०] – कोहाए[११] – माणाए[१२] – मायाए[१३]–लोभाए[१४]–सव्वकालियाए[१५]–सव्वमिच्छोवयाराए[१६] – सव्वधम्माइक्कमणाए[१७]–आसायणाए[१८]–जो[१९]-मे[२०]–अइआरो[२१] –कओ[२२]–तस्स[२३]–खमासमणो[२४]–पडिक्कमामि[२५]–निंदामि[२६] – गरिहामि[२७]–अप्पाणं[२८]–वोसिरामि[२९] ' એ બાકી રહેલા વંદન-સૂત્રના ૨૯ પદ છે.

॥ ગાથાંક–૩૨, અનુવાદાંક–૪૦–૪૧ ॥

मूल—

* इच्छा य अणुन्नवणा, अव्वाबाहं च जत्त जवणा य ।
अवराहखामणावि अ, वंदणदायस्स छट्ठाणा ॥३३॥
छंदेणणुजाणामि, तहत्ति तुब्भं पि वट्टए एवं ।
अहमवि खामेमि तुमं, वयणाइं वंदणरिहस्स ॥३४॥

[ વંદન કરનાર શિષ્યનાં ૬ સ્થાનનું દ્વાર ૧૯ મું. ]

ઈચ્છા[૧] અનુજ્ઞા[૨] સુખશાતા,[૩] સંયમયાત્રા[૪] વળી,

---

૧ વંદનસૂત્રના પ્રથમ 'इच्छामि[१] खमासमणो[२] वंदिउं[३] जावणिज्जाए[४] निसीहिआए[५]' એ પાંચ પદ બોલવાથી શિષ્યે, ગુરુને પોતાની વંદન કરવાની અભિલાષા–ઈચ્છા જે દર્શાવવી તે શિષ્યનું પહેલું વંદનસ્થાન '**ઇચ્છા**' છે.

૨ પ્રથમ સ્થાનમાં 'વંદન કરવા હું આવ્યો છું' એમ જણાવ્યા બાદ, 'अणुजाणह[१] मे[२] मिउग्गहं[३]' હવે મને હે ભગવંત ! આપના મિતાવગ્રહમાં ( मित–ગુરુના દેહમાનવાળો એટલે સાડા ત્રણ હાથ પ્રમાણનો अवग्रह–ચારે દિશાનો ક્ષેત્રવિભાગ, તેમાં ) પ્રવેશ કરવાની અનુજ્ઞા–આજ્ઞા આપો એમ એ ત્રણ પદ વડે અવગ્રહમાં પ્રવેશ કરવાની આજ્ઞા જે માગી તે શિષ્યનું બીજું વંદનસ્થાન '**અનુજ્ઞા**' છે.

૩ ત્યાર પછી 'निसीहि[१] अहो[२] कायं[३] कायसंफासं[४] खमणिज्जो[५] मे[६] किलामो[७] अप्पकिलंताणं[८] बहुसुमेण[९] मे[१०] दिवसो[११] वइक्कंतो[१२]' એ ૧૨ પદ બોલવા વડે શિષ્યે ગુરુને વંદન કરવાપૂર્વક સુખશાતા જે પૂછી તે **શિષ્યનું ત્રીજું વંદનસ્થાન 'અવ્યાબાધ–સુખશાતા'** છે.

શરીર સમાધિ[૫] અને, અપરાધ[૬] ખામણા વળી;
છ સ્થાન એ વંદન[૭] કર્ત્તા, શિષ્ય-પ્રશ્નનાં જાણીએ,

[ વંદનના ૬ સ્થાનમાં ગુરુના ૬ વચનનું દ્વાર ૨૦ મું ]
ગુરોત્તર રૂપ વયણ છ, છએ સ્થાને જણાવીએ. (૪૨)

---

૪ ત્યાર બાદ 'जत्ता[૧] मे[૨]' એ બે પદ વડે મે એટલે હે ભગવંત! આપની જત્તા એટલે સંયમયાત્રા સુખપૂર્વક વર્તે છે? એમ જે પૂછવું તે શિષ્યનું ચોથું વંદનસ્થાન '**યાત્રા**' છે.

૫ ત્યાર પછી 'जवणिज्जं[૧] च[૨] मे[૩]' એ ત્રણ પદ વડે શિષ્યે ગુરુની યાચના એટલે દેહસમાધિ ( શરીરની સમાધિ-સુખરૂપતા) જે પૂછી તે શિષ્યનું પાંચમું વંદનસ્થાન '**યાપના-શરીર સમાધિ**' છે.

૬ ત્યાર બાદ 'खामेमि[૧] खमासमणो[૨] देवसिअं[૩] वइक्कमं[૪]' એ ચાર પદ વડે શિષ્ય તે દિવસે થયેલા પોતાના અપરાધને સામાન્યથી ખમાવે છે. માટે એ '**અપરાધક્ષમાપના**' (અપરાધ ખામણાં) શિષ્યનું છઠ્ઠું વંદનસ્થાન છે.

[ ત્યાર પછીના વંદનસૂત્ર પાઠમાં વિશેષ પ્રકારનાં અપરાધ ખમાવેલા છે, પણ તે ક્ષમાપના કોઈ પણ સ્થળે ગણવામાં આવેલ નથી. ]

**પ્રશ્ન—**

અવ્યાબાધ ( સુખશાતા ), યાત્રા ( સંયમયાત્રા ) અને યાપના ( દેહસમાધિ ) એ ત્રણેમાં પરસ્પર પૃથક્તા-ભિન્નતા શું છે ?

**પ્રત્યુત્તર—**

વ્યાબાધાના ( પીડાના ) બે ભેદ છે. એક દ્રવ્ય વ્યાબાધા અને બીજી ભાવ વ્યાબાધા.

છંદેણુને[8] અણુજાણામિ,[9] તહત્તિ[10] ત્રીજું જાણવું,
ચોથું તુબ્ભંપિ[11] વટ્ટએ, પાંચમું એવં[12] માનવું;
અહમવિ ખામેમિ તુમં,[13] વયણ છઠ્ઠું એહ છે,
વંદન યોગ્ય ગુરુના, ક્રમથી એ છ વયણ છે. (૪૩)

---

(૧) શસ્ત્રાદિના (ખડ્ગ વગેરેના) અભિઘાતથી થયેલ જે વ્યાબાધા–પીડા તે 'દ્રવ્યવ્યાબાધા' કહેવાય છે.

(૨) મિથ્યાત્વ વગેરે શલ્યથી થતી જે વ્યાબાધા–પીડા તે 'ભાવવ્યાબાધા' કહેવાય છે.

આ બન્ને (દ્રવ્યવ્યાબાધા અને ભાવવ્યાબાધા)નો જે અભાવ તે અહીં '**અવ્યાબાધા**' જાણવી.

સુખપૂર્વક સંયમક્રિયા જે પ્રવર્તવી '**યાત્રા**' જાણવી.

યાપનાના બે ભેદ છે. એક દ્રવ્યયાપના અને બીજી ભાવયાપના.

(૧) ઔષધ વગેરે વડે વર્તતી જે શરીરસમાધિ તે 'દ્રવ્યયાપના' કહેવાય છે.

(૨) ઇન્દ્રિય અને મનના ઉપશમવડે વર્તતી જે શરીરસમાધિ તે 'ભાવયાપના' કહેવાય છે.

આ બન્ને પ્રકારની '**યાપના**' જાણવી.

ઉક્ત એ ત્રણેમાં પરસ્પર શું ભિન્નતા–જુદાઈ છે તે હવે સહેજે સમજી શકાય છે.

૭ વંદન કરનાર.

૮ શિષ્ય જ્યારે પોતાના પહેલા વંદનસ્થાનમાં 'इच्छामि[1] खमासमणो[2] वंदिउं[3] जावणिज्जाए[4] निसीहियाए[5]' એ પાંચ પદ વડે ગુરુને વંદન કરાવવાની જો ઇચ્છા હોય તો ગુરુ 'છંદેણ' એ પ્રમાણે જે કહે તે ગુરુનું પહેલું વચન જાણવું.

કોઈ પણ કારણથી શિષ્ય પાસે વંદન કરાવવાની ઇચ્છા જો ન હોય તો ગુરુ 'पडिक्खह' [प्रतीक्ष्व – થોભો] અથવા 'तिविहेण' [મન-વચન-કાયાવડે વંદન કરવાનો નિષેધ] કહે.

આ પ્રસંગે શિષ્ય સંક્ષિપ્ત વંદન કરીને (એટલે ખમાસમણ દઈને), અથવા તો 'मत्थएण वंदामि' એટલું જ કહીને જાય, પણ સર્વથા વંદન કર્યા સિવાય ન જાય એ શિષ્ટાચાર છે.

૯ ત્યાર પછી બીજા વંદનસ્થાનમાં 'अणुजाणह[1] मे[2] मिउग्गहं[3]' એ ત્રણ પદ વડે શિષ્ય જ્યારે વંદન કરવા માટે ગુરુના અવગ્રહમાં પ્રવેશ કરવાની આજ્ઞા માગે ત્યારે ગુરુ 'અણુજાણામિ' (હું આજ્ઞા આપું છું કે મારા અવગ્રહમાં પ્રવેશ કર) એમ જે કહે તે ગુરુનું બીજું વચન જાણવું.

૧૦ ત્યાર બાદ ત્રીજા વંદનસ્થાનમાં 'निसीहि[1] अहो[2] कायं[3] कायसंफासं[4] खमणिज्जो[5] मे[6] किलामो[7] अप्पकिलंताणं[8] बहुसुभेण[9] मे[10] दिवसो[11] वइक्कंतो[12]' એ બાર પદ વડે (ગુરુના ચરણને સ્પર્શ કરવાથી થયેલી જે અલ્પ કિલામણા તેને ખમાવીને) આપનો આજનો દિવસ ઘણો સારી રીતે વ્યતીત થયો? એ શિષ્ય જ્યારે સુખશાતા પૂછે ત્યારે ગુરુ 'તહત્તિ' (એટલે તેમજ. અર્થાત્ જે રીતે તું કહે છે તે રીતે મારો દિવસ શુભ વ્યતીત થયો છે.) એમ જે કહે તે ગુરુનું ત્રીજું વચન જાણવું.

૧૧ ત્યાર પછી ચોથા વંદનસ્થાનમાં 'जत्ता[1] मे[2]' એ બે પદ વડે "આપની સંયમયાત્રા સુખપૂર્વક વર્તે છે?" એ પ્રમાણે શિષ્ય જ્યારે પૂછે, ત્યારે ગુરુ 'તુબ્ભંપિ વટ્ટએ' (તને પણ વર્તે છે?) એમ જે કહે તે ગુરુનું ચોથું વચન જાણવું.

૧૨ ત્યાર બાદ પાંચમા વંદનસ્થાનમાં 'जवणिज्जं[1] च[2] मे[3]' એ ત્રણ પદ વડે ગુરુને શિષ્ય જ્યારે યાપના (દેહની સુખસમાધિ)

मूल—

* पुरओ पक्खासन्ने, गंता चिट्ठण निसीअणा—यमणे ।
आलोअणऽपडिसुणणे पुव्वालवणे य आलोए ॥३५॥

तह उवदंस निमंतण, खद्धाययणे तहा अपडिसुणणे ।
खद्धत्ति य तत्थगए, किं तुम तज्जाय नो सुमणे ॥३६॥

नो सरसि कहंछित्ता, परिसंभित्ता अणुट्ठियाइ कहे ।
संथारपायघट्टण, चिट्ठुच्च समासणे आवि ॥३७॥

[ ગુરુ પ્રત્યે થતી તેત્રીશ આશાતના ટાળવાનું દ્વાર ૨૧ મું. ]

ગુરુની થતી આશાતના, તેત્રીશ જણાવાય છે,
તેમાં પુરોગમન[1] પહેલી, બીજી પક્ષગમન[2] છે;
ત્રીજી પૃષ્ઠગમન[3] ને, ચોથી પુરઃસ્થ[4] છે,
પાંચમી પક્ષસ્થ[5] ને, છઠ્ઠી પૃષ્ઠસ્થ[6] છે. (૪૪)

---

પૂછે, ત્યારે ગુરુ 'એવં' [હા એમજ] એ પ્રમાણે જે કહે તે ગુરુનું પાંચમું વચન જાણવું.

૧૩ ત્યાર પછી છઠ્ઠા વંદનસ્થાનમાં 'खामेमि[1] खमासमणो[2] देवसिअं[3] वइक्कमं[4]' એ ચાર પદ વડે 'હે ક્ષમાશ્રમણ ! મારાથી આપનો આજના દિવસ સંબંધિ જે કંઈ પણ અપરાધ થયો હોય તે હું ખમાવું છું' એમ કહીને શિષ્ય જ્યારે ખમાવે ત્યારે ગુરુ 'અહમવિ ખામેમિ તુમં' (હું પણ તને ખમાવું છું) એ પ્રમાણે જે કહે તે ગુરુનું છઠ્ઠું વચન જાણવું.

॥ ગાથાંક ૩૩–૩૪, અનુવાદાંક ૪૨–૪૩ ॥

* पुरतः पक्षासन्ने गन्ता तिष्ठमानो निषीदना-ऽऽचमने ।
आलोचना-ऽप्रतिश्रवणे पूर्वा-ऽऽलापने चा-ऽऽलोचे ॥३५॥
तथोपदर्श-निमन्त्रण-खद्धादाऽदने तथाऽप्रतिश्रवणे ।
खद्धति च तत्र गत किं त्वं तज्जात नो-सुमनाः ॥३६॥
नो स्मरसि ! कथां छेत्ता परिषदं भेत्ताऽनुत्थिताया कथयेत् ।
संस्तारक-पाद-संघट्टन-स्थाने उच्च-समासने चापि ॥३७॥

૧ ગુરુની આગળ આગળ કારણ વિના જે ચાલે તે '**પુરોગમન**' [ पुरः = આગળ, गमन = ચાલે તે पुरोगमन ] નામની પહેલી આશાતના કહેવાય છે.

માર્ગ દેખાડવો વગેરે કારણથી જો શિષ્ય ગુરુની આગળ ચાલે તો આ આશાતના ગણાતી નથી.

૨ ગુરુની [ पक्ष = એટલે ] પડખે પડખે ( બરાબરીમાં દેખાય એ રીતે નજીકમાં જે ચાલવું તે '**પક્ષગમન**' નામની બીજી આશાતના કહેવાય છે.

[ નજીકમાં ચાલવાથી ગુરુને શ્વાસ લાગે, ખાંસી છીંક વગેરે આવતાં ગુરૂને શ્લેષ્માદિક ઉડે, માટે તેવી આશાતના ન થાય તેટલે દૂર ચાલવું. ]

૩ ગુરુની [ पृष्ठ=એટલે ] પાછળ નજીકમાં જે ચાલે તે '**પૃષ્ઠગમન**' ( આસન્નગમન ) નામની ત્રીજી આશાતના કહેવાય છે.

**શંકા**—મૂળ આ ૩૫ મી ગાથામાં आसन्ने શબ્દ છે, पृष्ठ શબ્દ તો છે જ નહિ તો પછી આસન્નગમનને બદલે પૃષ્ઠગમન આશાતના કેમ કહી ?

**સમાધાન**—ગુરુની पृष्ठे એટલે પાછળ ચાલવાનો તો અધિકાર છે જ પણ આસન્ન-નજીકમાં ચાલવાનો અધિકાર નથી, માટે ગાથામાં પૃષ્ઠ શબ્દને બદલે आसन्न શબ્દ કહેલ છે.

પુરોનિષીદન[૭] સાતમી, પક્ષેનિષીદન[૮] આઠમી,
પૃષ્ઠનિષીદન[૯] નવમી, ને આચમન[૧૦] દશમી;

---

આથી એ ભાવ સ્પષ્ટ થાય છે કે પાછળ ચાલે તે આશાતના નહિ પણ પાછળ નજીકમાં ચાલે તે આશાતના તરીકે ગણાય છે.

૪ ગુરુની [ પુરઃ એટલે ] આગળ જે [ સ્થ એટલે ] ઊભા રહેવું તે '**પુરઃસ્થ**' નામની ચોથી આશાતના કહેવાય છે.

૫ ગુરુની [ પક્ષ એટલે ] પડખે નજીકમાં જે ઊભા રહેવું તે '**પક્ષસ્થ**' નામની પાંચમી આશાતના કહેવાય છે.

૬ ગુરુની પાછળ પણ નજીકમાં જે ઊભા રહેવું તે '**પૃષ્ઠસ્થ**' ( આસન્ન તિષ્ઠન્ ) નામની છઠ્ઠી આશાતના કહેવાય છે.

૭ ગુરુની આગળ [ निषीदन એટલે ] જે બેસવું તે '**પુરોનિષીદન**' નામની સાતમી આશાતના કહેવાય છે.

૮ ગુરુની પડખે નજીકમાં જે બેસવું તે '**પક્ષનિષીદન**' નામની આઠમી આશાતના કહેવાય છે.

૯ ગુરુની પાછળ પણ નજીકમાં જે બેસવું તે '**પૃષ્ઠનિષીદન**' ( આસન્નનિષીદન ) નામની નવમી આશાતના કહેવાય છે.

[ ગુરુના આગળની ત્રણ, ગુરુના પડખાની ત્રણ, અને ગુરુના પાછળની ત્રણ આશાતનાઓ ( ચાલવા સંબંધી ઊભા રહેવા સંબંધી અને બેસવા સંબંધી ) ગણતાં એ ત્રણ ત્રિકની નવ આશાતના સમજવી. ]

૧૦ ગુરુની સાથે ઉચ્ચાર ભૂમિએ ( વડી નીતિને માટે ) ગયેલ જે શિષ્ય તે ગુરુની પહેલાં જો આચમન ( હાથપગની શુદ્ધિ ) કરે તો તે '**આચમન**' નામની દશમી આશાતના કહેવાય છે.

આલોચન[૧૧] અગિયારમી, અપ્રતિશ્રવણ[૧૨] બારમી,
પૂર્વાલાપન[૧૩] તેરમી, પૂર્વાલોચન[૧૪] ચૌદમી. (૪૫)

વળી આહાર વગેરે કરતી વખતે પણ શિષ્ય જો ગુરુની પહેલાં મુખ પ્રમુખની શુદ્ધિ કરે તો પણ એ ઉક્ત આશાતના કહેવાય છે. અર્થાત્ એ આશાતના લાગે છે.

૧૧ બહારથી ઉપાશ્રયે ગુરુની સાથે આવ્યા છતાં પણ શિષ્ય જો ગુરુએ ગમનાગમન આલોવ્યા પહેલાં જ પોતે ગમનાગમન આલોવે તો તે '**આલોચન**' નામની અગિયારમી આશાતના કહેવાય છે.

૧૨ 'કોણ ઊંઘે છે? કોણ જાગે છે?' એ રીતે રાત્રે ગુરુ જ્યારે પૂછે ત્યારે શિષ્ય જાગતો હોય, છતાં પણ જાણે [अप्रतिश्रवण એટલે] સાંભળતો જ ન હોય તેમ જવાબ જો ન આપે તો તે '**અપ્રતિશ્રવણ**' નામની બારમી આશાતના કહેવાય છે.

૧૩ કોઈ પણ આવેલ ગૃહસ્થ વગેરેને પ્રથમ ગુરુએ બોલાવ્યા પહેલાં જ પોતે જો બોલાવે તો તે '**પૂર્વાલાપન**' [पूर्व એટલે પ્રથમ અને आलापन બોલાવવું એ] નામની તેરમી આશાતના કહેવાય છે.

૧૪ ગૃહસ્થને ત્યાંથી ગોચરી–આહારાદિ ગ્રહણ કરીને ઉપાશ્રયે આવી શિષ્ય, પ્રથમ અન્ય કોઈ મુનિની આગળ (ઇરિયાવહિયા૦ પડિક્કમામિ ગોઅરચરિયાએ૦ અન્નત્થ૦ અહો જિણેહિં૦ અને લોગસ્સ૦ એ સૂત્રથી) તે ગોચરી આલોચે અને પછી ગુરુની પાસે જઈ ગુરુની આગળ જો આલોચે તો તે '**પૂર્વાલોચન**' નામની ચૌદમી આશાતના કહેવાય છે.

[ ૧૧ મી અને આ ૧૪ મી આશાતના નામથી સમાન છે, છતાં અર્થથી ભિન્ન છે. ]

**પંદરમી પૂર્વોપદર્શન,[૧૫] પૂર્વનિમંત્રણ[૧૬] સોળમી,**
**ખદ્ધદાન[૧૭] એ સત્તરમી, ખદ્ધાદન[૧૮] અઢારમી;**
**ઓગણીશમી અપ્રતિશ્રવણ,[૧૯] વીશમી ખદ્ધભાષણ,[૨૦]**
**વળી એ એકવીશમી, તત્રગત ભાષણ.[૨૧] (૪૬)**

---

૧૫ ગૃહસ્થને ત્યાંથી લાવેલી ગોચરી–ભિક્ષા ગુરુને દેખાડ્યા પહેલાં શિષ્ય બીજા કોઈ સાધુને જો દેખાડે તો તે '**પૂર્વોપદર્શન**' [પૂર્વ એટલે પહેલાં અને उपदर्शन એટલે દેખાડવું એ] નામની પંદરમી આશાતના કહેવાય છે.

૧૬ ગૃહસ્થને ત્યાંથી લાવેલાં આહાર પાણી [ભોજન માંડલીમાં] વાપરવા માટે બેસતાં પહેલાં શિષ્ય બીજા સાધુઓને પ્રથમ નિમંત્રણ કરે (બોલાવે) અને ત્યાર પછી ગુરુને જો નિમંત્રણ કરે તો '**પૂર્વનિમંત્રણ**' નામની સોળમી આશાતના કહેવાય છે.

૧૭ ગૃહસ્થને ત્યાંથી લાવેલ ભિક્ષાને શિષ્ય, ગુરુની આજ્ઞા સિવાય પોતે જ બીજા સાધુઓને જેમ ઠીક લાગે તેમ મધુર સ્નિગ્ધાદિ ખાદ્ય આહાર યથાયોગ્ય જો વહેંચી આપે તો તે '**ખદ્ધદાન**' [खद्ध એટલે ખાદ્ય પદાર્થ અને दान એટલે આપવું એ] નામની સત્તરમી આશાતના કહેવાય છે.

૧૮ ગૃહસ્થને ત્યાંથી લાવેલ ભિક્ષામાંથી ગુરુને કંઈક અલ્પ આપીને શિષ્ય ઉત્તમ દ્રવ્યોનો બનેલો સ્નિગ્ધ અને મધુર એવો આહાર પોતે જો વાપરે તો તે '**ખદ્ધાદન**' [खद्ध એટલે ખાદ્ય–મધુર આહાર અને अदन એટલે ખાવું એ] નામની અઢારમી આશાતના કહેવાય છે.

૧૯ ગુરુ જ્યારે બોલાવે ત્યારે શિષ્યનું જે ન બોલવું તે '**અપ્રતિશ્રવણ**' નામની ઓગણીશમી આશાતના કહેવાય છે.

બાવીશમી કિં ભાષણુ,[૨૨] તું ભાષણુ[૨૩] તેવીશમી,
ચોવીશમી તજ્જાતભાષણુ,[૨૪] નોસુમન[૨૫] પચ્ચીશમી;

---

[ ૧૨ મી અને આ ૧૯ મી આશાતના નામથી સમાન હોવા છતાં તેમાં ફેરફાર છે. ૧૨ મી આશાતના રાત્રે નિદ્રાના સમયની છે અને આ ૧૯ મી આશાતના દિવસે બોલાવવા સંબંધી છે. એમ 'પ્રવ૦ સારો૦' અને 'ધર્મસંગ્રહવૃત્તિ'માં જણાવેલ છે. ]

૨૦ ગુરુની સાથે શિષ્ય કઠિન, કર્કશ અને મોટા ધાંટા–બરાડા પાડીને જો બોલે તો તે 'खद्धभाषण' [ खद्ध એટલે પ્રચુર–ઘણું અને भाषण એટલે બોલવું એ ] નામની આશાતના કહેવાય છે.

૨૧ ગુરુ જ્યારે બોલાવે ત્યારે શિષ્ય 'मत्थएण वंदामि' ઇત્યાદિ બોલી આસન પરથી તરત ઊઠી ગુરુ પાસે જઈને નમ્રતાથી ગુરુ શું કહે છે તે સાંભળવું જોઈએ. તેને બદલે પોતાના આસને બેઠા બેઠા જ જો જવાબ આપે તો તે '**તત્રગત ભાષણુ**' નામની એકવીશમી આશાતના કહેવાય છે.

[ વર્તમાનમાં ગુરુ બોલાવતાની સાથે જ શિષ્ય તરત जी કહીને ઊઠવાનો રિવાજ એ પણ વિનય ભરેલો છે. ]

૨૨ ગુરુ જ્યારે બોલાવે ત્યારે શિષ્ય 'કેમ? શું છે? શું કહો છો?' વગેરે જો બોલે તો તે '**કિં ભાષણુ**' નામની બાવીશમી આશાતના કહેવાય છે.

[ ગુરુ બોલાવે ત્યારે શિષ્યે 'મત્થએણુ વંદામિ' કહેવું અને તત્કાલ ગુરુ પાસે જઈને 'આજ્ઞા ફરમાવો' ઇત્યાદિ નમ્ર વચન બોલવાથી એ આશાતનાનો દોષ લાગતો નથી. ]

૨૩ ગુરુને 'ભગવંત, શ્રી, પૂજ્ય, આપ' વગેરે મોટા માનવાળા (બહુવચનવાળા) શબ્દોથી બોલાવવા જોઈએ, તેને બદલે શિષ્ય 'તું, તને, તારા' ઇત્યાદિ તોછડાઈવાળા (એકવચનવાળા)

નો સ્મરણ[૨૬] છવ્વીશમી, કથાછેદ[૨૭] સત્તાવીશમી,
પરિષદ્ભેદ[૨૮] આશાતના, એ છે અઠ્ઠાવીશમી. (૪૭)

---

શબ્દોથી હુંકારા કરીને જો બોલાવે તો તે 'તું' ભાષણ' નામની તેવીશમી આશાતના કહેવાય છે.

૨૪ ગુરુ જ્યારે શિષ્યને કહે કે 'આ ગ્લાન (માંદા) સાધુની વેયાવચ્ચ કેમ કરતો નથી? કેમ આટલો બધો તું આળસુ થઈ ગયો છે?' ત્યારે શિષ્ય પોતાની ભૂલ કબૂલ ન કરતાં ઊલટો તેના જેવો જ સામો જવાબ આપે કે 'તમે પોતે જ કેમ વેયાવચ્ચ કરતા નથી? તમે પોતે જ આળસુ થઈ ગયા છો' ઇત્યાદિ જો કહે તો તે 'તજ્જાત ભાષણ' અથવા 'તજ્જાતવચન' નામની ચોવીશમી આશાતના કહેવાય છે.

૨૫ ગુરુ (અથવા રત્નાધિક) જ્યારે કથા આદિ કહેતા હોય ત્યારે 'અહો! આ વચન આપે ઉત્તમ કહ્યું' ઇત્યાદિ પ્રશંસાયોગ્ય વચનો ન કહે, તેમજ કથા આદિ સાંભળવાથી પોતાને સુંદર અસર થઈ છે એવો આશ્ચર્યજનક ભાવ અથવા હર્ષોત્પાદક ભાવ પણ ન દર્શાવે, કિન્તુ મનમાં શું મારા કરતાં પણ એમની વ્યાખ્યાનકળા અધિક છે?' એવી ઈર્ષ્યાથી જ જાણે દુભાતો હોય તેમ જો વર્તે તો તે 'નોસુમન' નામની પચીશમી આશાતના કહેવાય છે.

૨૬ ગુરુ જ્યારે ધર્મકથા કહેતા હોય ત્યારે શિષ્ય 'તમને આ અર્થ સ્મરણમાં નથી અર્થાત્ યાદ નથી, એ અર્થ એ પ્રમાણે ન હોય' ઇત્યાદિ જો કહે તો 'નોસ્મરણ' નામની છવીશમી આશાતના કહેવાય છે.

૨૭ ગુરુ જ્યારે ધર્મકથા કહેતા હોય ત્યારે શિષ્ય 'એ કથા પછીથી હું તમને (સભાજનને) સારી રીતે સમજાવીશ' વગેરે કહીને,

અનુત્થિત કથા[૨૯] આશાતના, એહ ઓગણત્રીશમી,
તથા સંથારપાદઘટ્ટન,[૩૦] આશાતના એ ત્રીશમી;

---

અથવા તે કથા પુનઃ સમજાવીને ચાલતી ધર્મકથામાં જો વ્યાઘાત–ભંગ કરે તો તે 'કથાછેદ' નામની સત્તાવીશમી આશાતના કહેવાય છે.

[એના સમર્થનમાં જુઓ–'तह किंचि भणइ जह न सा मिलइ' એ 'પ્રવચનસારોદ્ધારવૃત્તિ'નું વચન.

૨૯ પર્ષદા–સભા સમક્ષ ગુરુ કથા કહી રહ્યા બાદ, હજી સભા ઊઠીને ચાલી ગઈ ન હોય ત્યાં તો શિષ્ય, પોતાની પંડિતાઈ-ચતુરાઈ દર્શાવવા ગુરુએ કહેલી કથાનો અથવા તેના અર્થનો વિશેષ વિસ્તાર જો કહી બતાવે તો તે 'અનુત્થિત કથા' નામની ઓગણત્રીશમી આશાતના કહેવાય છે.

૩૦ ગુરુની શય્યાને તથા ગુરુના સંથારા વગેરેને પોતાનો પગ લગાડવો, તેમજ ગુરુની આજ્ઞા વિના હાથ લગાડવો, તથા તેમ કરીને પણ જો શિષ્ય લાગેલ તે દોષને ગુરુ સમક્ષ ખમાવે નહિ તો તે 'સંથારપાદઘટ્ટન' નામની ત્રીશમી આશાતના કહેવાય છે.

ગુરુની પેઠે ગુરુનાં ઉપકરણ પણ પૂજ્ય હોવાથી તેને પગ વગેરે લગાડી શકાય નહિ. તેમજ આજ્ઞા વિના સ્પર્શ પણ કરી શકાય નહિ. કદાચ ઉપકરણાદિકનો સ્પર્શ થઈ ગયો હોય તો તત્કાળ શિષ્ય 'પૂજ્ય! ફરીથી એવું નહિ કરું' એમ ગુરુ સમક્ષ બોલી થયેલ અપરાધને ખમાવે; નહિતર ઉક્ત એ આશાતનાનો દોષ લાગે.

[ અહીં શરીર પ્રમાણ અઢી હાથનો સંથારો કહેવાય છે, અને સાડાત્રણ હાથની શય્યા કહેવાય છે. ]

એકત્રીશમી આશાતના, સંથારા અવસ્થાન[31] છે,
બત્રીશમી ઉચ્ચાસન,[32] તેત્રીશમી સમાસન[33] છે. (૪૮)

---

૩૧ ગુરુની શય્યા તથા સંથારા વગેરે પર શિષ્ય જો અવસ્થાન એટલે ઊભો રહે (તથા ઉપલક્ષણથી) બેસે કે સૂએ તો તે '**સંથારાવસ્થાન**' નામની એકત્રીશમી આશાતના કહેવાય છે.

૩૨ ગુરુથી ઊંચાસને બેસે અથવા ગુરુની આગળ ગુરુ કરતાં ઊંચાસને બેસે તો તે 'ઉચ્ચાસન' નામની બત્રીશમી આશાતના કહેવાય છે.

[ ઉપલક્ષણથી ગુરુના વસ્ત્રાદિક કરતાં અધિક મૂલ્યવાળાં વસ્ત્રાદિક પણ શિષ્ય જો વાપરે તો તે આશાતના કહેવાય છે. તેનો અંતર્ગત સમાવેશ આ આશાતનામાં સંભવે છે. ]

૩૩ શિષ્ય જો ગુરુથી અથવા ગુરુની આગળ સમ–સરખા આસને બેસે તો તે '**સમાસન**' નામની તેત્રીશમી આશાતના કહેવાય છે.

[ ગુરુ પ્રત્યે થતી ઉક્ત એ ૩૩ આશાતના નહિ કરનાર શિષ્ય પર ગુરુની પરમકૃપા સ્વભાવિક થવાથી શિષ્યને જ્ઞાનાદિકની પ્રાપ્તિ થાય છે.

આ આશાતનાઓ મુખ્યતાએ સાધુ–સાધ્વીને ઉદ્દેશીને કહી છે. છતાં શ્રાવક–શ્રાવિકાને પણ યથાયોગ્ય વર્જવાની છે. ]

### ગુરુની જઘન્યાદિ ભેદથી ત્રણ આશાતના—

ઉક્ત એ ૩૩ આશાતનાની વિવક્ષા ન કરીએ તો પણ શિષ્યને જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ આશાતનાઓ વર્જવાની હોય છે.

(૧) ગુરુને પગ વગેરે જે લગાડવો ઈત્યાદિ તે **જઘન્ય આશાતના** કહેવાય છે.

**કહેવાયેલી આશાતના, તેત્રીશ એ ગુરુતણી,**
**વર્જવાની એ શિષ્યને, સદા થતી ગુરુ પ્રત્યેની;**
**આશાતના જઘન્ય-મધ્યમ, ને ઉત્કૃષ્ટ ત્રણ એ,**
**કહેલ નથી અહીં છતાં, વર્જવી શિષ્યે તેહ એ. (૪૯)**

---

(૨) ગુરુને થૂક વગેરે જે લગાડવું ઈત્યાદિ તે **મધ્યમ આશાનતા** કહેવાય છે.

(૩) ગુરુની આજ્ઞા ન માનવી, અથવા આજ્ઞાથી વિપરીત વર્તન કરવું. આજ્ઞા સાંભળવી નહિ અને કઠોર વચનો બોલવાં તે '**ઉત્કૃષ્ટ આશાતના**' કહેવાય છે.

**ગુરુની સ્થાપનાની ત્રણ આશાતના—**

(૧) ગુરુની સ્થાપનાને પગ લગાડવા વગેરે, અથવા સ્થાપનાને આમતેમ ચલવિચલ કરવી તે **જઘન્ય આશાતના** કહેવાય છે.

(૨) ગુરુની સ્થાપનાને ભૂમિ પર પાડી નાખવી અને અવજ્ઞાથી જેમ તેમ ગોઠવવી તે **મધ્યમ આશાતના** કહેવાય છે.

(૩) ગુરુની સ્થાપનાને ભાગી નાખવી તેનો વિનાશ કરવો વગેરે તે **ઉત્કૃષ્ટ આશાતના** કહેવાય છે.

ઉક્ત એ ગુરુની ૩૩ આશાતના, અથવા જઘન્યાદિ ત્રણ આશાતના તથા ગુરુની સ્થાપનાની જઘન્યાદિ ત્રણ આશાતના વર્જવાની છે, એમ 'શ્રાદ્ધવિધિવૃત્તિ'માં પણ જણાવેલ છે.

॥ ગાથાંક ૩૫–૩૭, અનુવાદાંક ૪૪–૪૯ ॥

મૂલ—

* इरिया कुसुमिणुसग्गो, चिइवंदण पुत्ति वंदणा-लोयं ।
वंदण खमण वंदण, संवर चउछोभ दुसज्झाओ ॥३८॥
इरिया–चिइवंदण–पुत्ति–वंदण–चरिम–वंदणा–लोयं ।
वंदण खामण चउछोभ दिवसुस्सग्गो दुसज्झाओ ॥३९॥

અનુવાદ—

[બૃહદ્ ગુરુવંદન કરવાની બે વિધિનું દ્વાર ૨૨ મું જે સવાર અને સાંજનું 'લઘુપ્રતિક્રમણ' ગણાય છે તે. તેમાં સવારનું લઘુપ્રતિક્રમણ આ પ્રમાણે—]

ઇરિયાવહિ પડિક્કમી,[1] પર્યન્તે લોગસ્સ બોલવો,

---

* ईर्या-कु-स्वप्नोत्सर्ग-चैत्य-वन्दन-मुख-वस्त्रिका-वन्दनका-ऽऽलोचनम् ।
वन्दनक-क्षमापना-वन्दनक-संवर-चतुश्छोभ-द्वि-स्वाध्यायः ॥३८॥
ईर्या-चैत्य-वन्दन-मुख-वस्त्रिका-वन्दनक-चरिम-वन्दनका-ऽऽलोचनम् ।
वन्दनक-क्षमापना-चतुश्छोभ-दिवसोत्सर्गो द्वि-स्वाध्यायः ॥३९॥

પ્રભાતનું પ્રતિક્રમણ કરવાની પ્રતિજ્ઞાવાળી વ્યક્તિએ કારણવશાત કોઈ વખતે પ્રતિક્રમણની સામગ્રીના અભાવે અથવા તેવી શક્તિના અભાવે પ્રભાતનું પ્રતિક્રમણ ન જ થયું હોય તો પણ તેણે આ ૩૭ મી ગાથામાં દર્શાવેલા વિધિ પ્રમાણે બૃહદ્ગુરુવંદન એટલે લઘુપ્રતિક્રમણ તો અવશ્ય કરવું જોઈએ.

૧ પ્રથમ ગુરુ પાસે ઇરિયાવહિયં પડિક્કમી, તસ્સ ઉત્તરી૦ અને અન્નત્થ૦ કહી, એક લોગસ્સનો કાઉસ્સગ્ગ ચંદેસુ નિમ્મલયરા સુધી કરવો. ત્યાર પછી કાઉસ્સગ્ગ પાળી 'નમો અરિહંતાણં' કહી, સંપૂર્ણ લોગસ્સ બોલાવો.

કુસુમિણુ દુસુમિણુનો,[૨] કાઉસ્સગ્ગ પછી કરવો;
બાદ ચૈત્યવંદન[૩] કરી, પડિલેહવી[૪] મુહપત્તિને,
દેઇ[૫] વાંદણાં આલોયણા,[૬] ફરી વંદણ[૭] દેઈને. (૫૦)
ખામી[૮] ખામણા બાદ વાંદણાં,[૯] પચ્ચક્ખાણ[૧૦] કર્યા પછી,

---

૨ પછી રાત્રે રાગથી આવેલા (સ્ત્રીગમનાદિક–) કુસ્વપ્ન, અને દ્વેષથી આવેલા દુઃસ્વપ્ન એ બન્નેના દોષ ટાળવા માટે ચાર (सागरवरगंभीरा સુધીનો) કાઉસ્સગ્ગ કરવો તે 'કુસુમિણુ દુસુમિણુ' નો કાઉસ્સગ્ગ સમજવો.

૩ ત્યારબાદ ચૈત્યવંદન કરવાનો આદેશ માગી જગચિંતામણિ ચૈત્યવંદન જયવીયરાય સુધીનું કરવું.

૪ ત્યાર પછી ખમાસમણ પૂર્વક આદેશ માગી [ પચાસ બોલ સહિત– ] મુહપત્તિને પડિલેહવી.

૫ ત્યાર બાદ બે વાર વાંદણાં દેવાં (એટલે બે વાર દ્વાદશાવર્ત વંદન કરવું.)

૬ ત્યાર પછી રાત્રિક આલોચનાનો આદેશ માગી રાઇયિ આલોયણા કરવી. (એટલે ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ રાઈયં આલોઉં? ઇચ્છં આલોએમિ જો મે રાઈઓ૦' ઈત્યાદિ પાઠ બોલવાપૂર્વક રાત્રિ આલોચના કરવી.)

૭ પછી ફરીને બે વાર વાંદણાં દેવાં (અર્થાત્ બે વાર દ્વાદશાવર્ત વંદન કરવું.)

૮ ત્યાર બાદ રાઈઅ અબ્ભુટ્ઠિઓ ખામવો.

૯ પછી પાછાં બે વાર વાંદણાં દેવાં (અર્થાત બે વાર દ્વાદશાવર્ત વંદન કરવું.

૧૦ ત્યાર બાદ ગુરુ મહારાજ પાસે યથાશક્તિ સંવર એટલે પચ્ચક્ખાણ કરવું.

થોભવંદન[11] ચાર કરવા, સજ્ઝાય[12] આદેશ બે પછી,
એમ એ પ્રભાતનું, પ્રતિક્રમણ લઘુ થાય છે,

(સાંજના બહદ્ ગુરુવંદનનો એટલે લઘુપ્રતિક્રમણનો વિધિ આ પ્રમાણે—)

હવે સાંજનુ[13]લઘુ એ, પ્રતિક્રમણ કહેવાય છે. (૫૧)

---

૧૧ ત્યાર પછી ચાર ખમાસમણપૂર્વક ચાર થોભવંદન કરવા. તે આ રીતે—

(૧) પ્રથમ ખમાસમણ પૂર્વક – 'ભગવાન્ હં' બોલવું.
(૨) બીજા ,, – 'આચાર્ય હં' ,,
(૩) ત્રીજા ,, – 'ઉપાધ્યાય હં' ,,
(૪) ચોથા ,, – 'સર્વસાધુ હં' ,,

૧૨ ત્યાર બાદ બે ખમાસમણપૂર્વક સજ્ઝાય – સ્વાધ્યાય કરવાના બે આદેશ [ 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! સજ્ઝાય સંદિસાહુ ? 'ઇચ્છં', અને 'ઇચ્છાકારેણ' સંદિસહ ભગવન્! સજ્ઝાય કરું ? 'ઇચ્છં' એ બે આદેશ માગવા, અને ગુરુ મહારાજ પાસે સ્વાધ્યાય કરવો.

॥ ઇતિ પ્રભાત લઘુપ્રતિક્રમણ વિધિઃ ॥

૧૩ સાંજનું પ્રતિક્રમણ કરવાની પ્રતિજ્ઞાવંત વ્યક્તિએ કારણવશાત્ કોઈ વખતે પ્રતિક્રમણની સામગ્રીના અભાવે અથવા તેવી શક્તિના અભાવે સાંજનું પ્રતિક્રમણ ન જ થયું હોય તો પણ તેણે પૂર્વે ૩૮ મી ગાથામાં જણાવેલ વિધિ પ્રમાણે બૃહદ્ગુરુવંદન એટલે લઘુપ્રતિક્રમણ તો અવશ્ય કરવું જોઈએ. તે આ રીતે—

ઇરિયાવહી[૧૪]પડિકકમી, પર્યન્તે લોગસ્સ કહીને,
કરી ચૈત્યવંદન[૧૫] પછી, મુહપત્તિ[૧૬] પડિલેહીને;
દેઈ વંદણુ[૧૭] દિવસ ચરિમ, [૧૮]પચ્ચક્ખાણુને કરી,
પછી [૧૯]વંદણુને આલોચના,[૨૦] કરી વંદણુ[૨૧] ફરી. (પર)
ખામણા[૨૨] ખામી પછી, થોભવંદન[૨૩] ચઉ કરે,

---

૧૪ પ્રથમ ઇરિયાવહિયં પડિક્કમી, તસ્સ ઉત્તરી૦ અને અન્નત્થ૦ કહી, એક લોગસ્સનો કાઉસ્સગ્ગ 'ચંદેસુ નિમ્મલયરા' સુધી કરવો. ત્યાર પછી કાઉસ્સગ્ગ પાળી 'નમો અરિહંતાણં' કહી સંપૂર્ણ લોગસ્સ બોલવો.

૧૫ પછી ખમાસમણુ દઈ ચૈત્યવંદનનો આદેશ માગી ચૈત્યવંદન કરવું.

૧૬ બાદ ખમાસમણુ દઈ આદેશ માગી મુહપત્તિ પડિલેહવી.

૧૭ પછી બે વાર દ્વાદશાવર્ત વંદન કરવું એટલે બે વાર વાંદણાં લેવાં.

૧૮ ત્યાર બાદ દિવસચરિમ પચ્ચક્ખાણુ કરવું.

૧૯ ત્યાર પછી બે વાર વાંદણાં લેવાં.

૨૦ બાદ દેવસિક આલોચનાનો આદેશ માગી દેવસિક આલોચના કરવી. (એટલે 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ દેવસિઅં આલોઉં? ઇચ્છં આલોએમિ જો મે દેવસિઓ૦' ઇત્યાદિ પાઠ બોલવાપૂર્વક દેવસિક (દિવસ સમ્બંધી) આલોચના કરવી.

૨૧ પછી પાછાં ફેર બે વાંદણાં દેવાં.

૨૨ ત્યાર બાદ આદેશ માગી દેવસિઅ અબ્ભુટ્ઠિઓ ખામવો.

૨૩ ત્યાર પછી ચાર ખમાસમણપૂર્વક ચાર થોભવંદન પૂર્વની જેમ કરવાં.

દેવસિય પાયચ્છિત્તના,[૨૪] કાઉસ્સગ્ગને પછી કરે;
આદેશ બે [૨૫]સજ્ઝાયના, માગી સ્વાધ્યાય કરે,
એમ ગુરુવંદણ તણી, બૃહદવિધિને અનુસરે. (૫૩)

मूल—

* एयं किइकम्मविहिं, जुंजुता चरणकरणमाउत्ता ।
साहू खवंति कम्मं, अणेगभवसंचिअमणंतं ॥४०॥

અનુવાદ—

[ વિધિપૂર્વક વંદન કરવાથી પ્રાપ્ત થતો મહાન્ લાભ. ]
એ રીતે કૃતિકર્મની,[૧] કરતા પૂર્વોક્ત[૨] વિધિને,
ચરણ-કરણ[૩] સિત્તરીમાં, ઉપયોગવાળા થઈને;

---

૨૪ ત્યાર બાદ આદેશ માગી દેવસિય પાયચ્છિત્તનો ચાર લોગસ્સનો ચંદેસુનિમ્મલયરા સુધીનો કાઉસ્સગ્ગ કરવો.

૨૫ ત્યાર પછી બે ખમાસમણપૂર્વક સજ્ઝાય કરવાના બે આદેશ પૂર્વની જેમ માગી સજ્ઝાય-સ્વાધ્યાય કરવો.

॥ ઇતિ સાયંકાલ લઘુપ્રતિક્રમણ વિધિઃ ॥

॥ ગાથાંક-૩૮-૩૯, અનુવાદાંક-૫૦-૫૩ ॥

* एनं कृति-कर्म-विधिं योक्तारश्चरेण-करणा-ऽऽयुक्ताः ।
साधवः क्षपयन्ति कर्माऽनेक-भव-संचितमनन्तम् ॥४०॥

૧ ગુરુવંદનની. ૨ પૂર્વે કહેલ વિધિને.

૩ ચરણસિત્તરીને જણાવનારી પ્રાચીન ગાથા—

'वय[५] समणधम्म[१०] संजम[१७], वेयावच्चं[१०] च बंभगुत्तीओ[९] ।
नाणाइ[३]तियं तव[१२], कोहनिग्गहाइ[४] चरणमेयं' ॥

અનેક ભવનાં એકઠાં, કરેલ અનંત કર્મને,
ખપાવે[4] છે તે સાધુઓ, પામવા શિવશર્મને.[5] (૫૪)

---

પાંચ પ્રકારનું મહાવ્રત, દશ પ્રકારનો યતિધર્મ, સત્તર પ્રકારનું સંયમ, દશ પ્રકારનું વૈયાવૃત્ય, નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિ, જ્ઞાનાદિ (જ્ઞાન-દર્શન-ચારિત્ર એ) ત્રણ, બાર પ્રકારનું તપ, અને ચાર પ્રકારનો કષાયનિગ્રહ એ સિત્તેરનું નામ '**ચરણ સિત્તરી**' કહેવાય છે. [૫-૧૦-૧૭-૧૦-૯-૩-૧૨-૪=૭૦]

કરણસિત્તરીને જણાવનારી પ્રાચીન ગાથા—

'पिंडविसोही[4] समिइ[5], भावण[12] पडिमा[12] य इंदियनिरोहो[5] ।
पडिलेहणं[25] गुत्तीओ[3], अभिग्गहा[4] चेव करणं तु' ॥२॥

ચાર પ્રકારની પિંડવિશુદ્ધિ, પાંચ પ્રકારની સમિતિ, બાર પ્રકારની ભાવના, બાર પ્રકારની સાધુપડિમા, પાંચ પ્રકારનો ઇન્દ્રિય નિરોધ, પચીશ પ્રકારની પડિલેહણા, ત્રણ પ્રકારની ગુપ્તિ, અને ચાર પ્રકારનો અભિગ્રહ, એ સિત્તેરનું નામ '**કરણસિત્તરી**' કહેવાય છે. [૪-૫-૧૨-૧૨-૫-૨૫-૩-૪=૭૦]

૪ આ બાબતમાં આગમમાં કહ્યું છે કે—

'वंदणएणं भंते? जीवे किं अज्जिअइ! गोअमा! अट्ठकम्मपगडीओ निविडबंधणबद्धाओ सिढिलबंधणबद्धाओ करेइ।'

પ્રશ્ન — હે ભગવંત! ગુરુવંદન વડે જીવ શું ઉપાર્જન કરે?

પ્રત્યુત્તર — હે ગૌતમ! આઠ કર્મની પ્રકૃતિઓ જે ગાઢ બંધનથી બંધાયેલી હોય તેને શિથિલ બંધનથી બંધાયેલી કરે, દીર્ઘકાળની સ્થિતિવાળી હોય તેને અલ્પકાળની સ્થિતિવાળી કરે, તીવ્ર રસવાળી હોય તેને મંદ રસવાળી કરે, ઘણા પ્રદેશ સમૂહવાળી હોય તેને અલ્પ પ્રદેશ સમૂહવાળી કરે, અને આ અનાદિ અનન્ત સંસારરૂપી અટવીમાં પરિભ્રમણ ન કરે અને તેનો પાર પામે.

મૂલ—

* अप्पमइभव्वबोहत्थ भासियं विवरियं च जमिह मए ।
तं सोहंतु गियत्था, अणभिनिवेसी अमच्छरिणो ॥४१॥

[ ગ્રંથકારની લઘુતા અને ગીતાર્થોને ભલામણ ]

અલ્પમતિવંત[1] ભવ્ય પ્રાણી, બોધ[2] અર્થે જે કહ્યું,
તે ગુરુવંદન ભાષ્ય મેં, દેવેન્દ્રસૂરિએ રચ્યું;
તેમાં કંઈ મારા વડે, વિપરીત કહેલું હોય જો;
કદાગ્રહ ને ઈર્ષ્યા વિના ગીતાર્થો ! તેહ સુધારજો. (૫૫)

---

શ્રી ઉત્તરાધ્યનસૂત્રના ૨૯ મા અજ્ઝયણમાં ( અધ્યયનમાં ) પણ જણાવે છે કે—

वंदएणं भंते ! जीवे किं जणयइ ? वंदणएणं नीयागोयं कम्मं खवेइ उच्चगोयं कम्मं निबंधइ, सोहग्गं च णं अपडिहयं आणाफलं निवत्तेइ, दाहिणभावं च णं जणयइ ॥१०॥'

પ્રશ્ન — હે ભગવંત ! વંદન કરવાથી જીવને શો લાભ થાય ?

ઉત્તર — વંદનાથી નીચ ગોત્રકર્મનો ક્ષય કરીને ઊંચ ગોત્રકર્મ બાંધે, તેમ જ સૌભાગ્યવાળું અપ્રતિહત એવું ( શ્રી. જિનેન્દ્રદેવની ) આજ્ઞાનું ફળ ( મુક્તિપદ ) પામે.

૫ શિવસુખને.

॥ ગાથાંક ૪૦, અનુવાદાંક ૫૪ ॥

* अल्प-मति-भव्य-बोधा-ऽर्थं भाषितं विपरीतं च यदत्र मया ।
तच्छोधयन्तु गीतार्था अनभिनिवेषिणोऽमत्सरिणः ॥४१॥

૧ અલ્પબુદ્ધિવાળા. ૨ બોધને માટે.

૩ સૂત્ર અને અર્થ વગેરેને જાણનારા હે ગીતાર્થ પુરુષો !

॥ ગાથાંક-૪૧, અનુવાદાંક-૫૫ ॥

## છંદોબદ્ધ ભાષાનુવાદ
## કર્ત્તાની પ્રશસ્તિ

☆

[ શાર્દૂલવિક્રીડિત—છંદમાં. ]

(૧)

પૂજ્ય શ્રીતપગચ્છમાં મણિસમા, **શ્રીનેમિસૂરીશના,**
પટ્ટાકાશ વિશે દિવાકરસમા, **લાવણ્યસૂરીશના;**
વિદ્વાન્ શ્રીમુનિરાજ **દક્ષવિજય**–પ્રખ્યાતિમાન્ શિષ્યના,
શિષ્યે ને અનુજે **સુશીલવિજયે,** શ્રીવિક્રમાદિત્યના.

(૨)

૧ ૦ ૦ ૨
ચંદ્રાકાશનભાક્ષિવર્ષ* મધુની, શ્રીપૂર્ણિમાના દિને,
તીર્થે **શ્રીગિરનાર નેમિજિનની,** યાત્રા કરી અને;
બીજા **શ્રીગુરુવંદનાભિધતણા, એ ભાષ્યનો છંદમાં,**
કીધો એ **અનુવાદને** શિશુહિતે,[૧] નિત્યે[૨] રહો વિશ્વમાં.[૩]

**॥ ઇતિ શ્રીગુરુવંદનભાષ્યનો છંદોબદ્ધ-ભાષાનુવાદ સમાપ્ત: ॥**

॥ शुभं भवतु श्रीसङ्घस्य ॥

---

* વિક્રમ સંવત્ ૨૦૦૧ ની સાલના ચૈત્ર શુદ પુનમને દિવસે.
૧. બાલજીવોને માટે. ૨. હંમેશાં. ૩. જગતમાં.

# श्रीगुरुवंदन-भाष्य – मूल

गुरु-वंदणमह तिविहं, तं फिट्टा छोभ बारसाऽऽवत्तं ।
सिरनमणाइसु पढमं पुन्नखमासमणदुगि बीअं ॥१॥

जह दूओ रायाणं, नमिउं कज्जं निवेइयं पच्छा ।
विसज्जिओ वि वंदिय गच्छइ, एमेव इत्थ दुगं ॥२॥

आयारस्स उ मूलं विणओ, सो गुणवओ य पडिवत्ती ।
सा य विहि वंदणाओ, विहि इमो बारसावत्ते ॥३॥

तइयं तु छंदण-दुगे, तत्थ मिहो आइमं सयल-संघे ।
बीयं तु दंसणीण य, पयट्ठियाणं च तइयं तु ॥४॥

वंदण–चिइ–किइकम्मं, पूया कम्मं च विणय-कम्मं च ।
कायव्वं कस्स व ? केण वावि ? काहे व ? कइ खुत्तो ? ॥५॥

कइ-ओणयं ? कइ-सिरं ? कइहिं व आवस्सएहि परिसुद्धं ? ।
कइ-दोस-विप्पमुक्कं किइ-कम्मं कीस कीरइ वा ? ॥६॥

पण-नामपणा-ऽऽहरणा अ-जुग्ग-पण जुग्ग-पणचउअ-दाया ।
चउ-दाय पण-निसेहा चउअ-णिसेह-ऽट्ठ-कारणया ॥७॥

आवस्सय मुहणंतय-तणु-पेह-पणीस दोस-बत्तीसा ।
छ-गुण गुरु-ठवण दुग्गह दु-छवीसक्खर गुरु-पणीसा ॥८॥

पय अड-वन्न छ-ठाणा छ-ग्गुरु-वयणा आसायण-ति-तीसं ।
दुविही दु-वीस-दारेहिं चउ-सया-बाणउइ ठाणा ॥९॥
वंदणयं चिइ-कम्मं किइ-कम्मं पूअ-कम्म विणय-कम्मं ।
गुरुवंदण पण-नामा दव्वे भावे दुहोहेण [दुहाहरणा] ॥१०॥
सीयलय खुड्डुए वीर-कन्ह सेवग-दु पालए संबे ।
पंचे ए दिट्ठंता किइ-कम्मे दव्व-भावेहिं ॥११॥
पासत्थो ओसन्नो कुसील संसत्तओ अहा-च्छंदो ।
दुग-दुग-ति-दुणेग-विहा अ-वंदणिज्जा जिण-मयम्मि ॥१२॥
आयरिय उवज्झाए पवत्ति थेरे तहेव रायणिए ।
किइ-कम्म-निज्जरऽट्ठा कायव्वमिमेसि पंचण्हं ॥१३॥
माय-पिय-जिट्ठ-भाया ओमावि तहेव सव्व-रायणिए ।
किइ-कम्म न कारिज्जा चउसमणाई कुणंति पुणो ॥१४॥
विक्खित्त पराहुत्ते अ पमत्ते मा कयाइ वंदणिज्जा ।
आहारं निहारं कुणमाणे काउ-कामे य ॥१५॥
पसंते आसण-त्थे अ उवसंते उवट्ठिए ।
अणुन्नवित्तु मेहावी किइ-कम्मं पउंजइ ॥१६॥
पडिकमणे सज्जाए काउस्सग्गा-ऽवराह-पाहुणए ।
आलोयण-संवरणे उत्तमऽट्ठे य वंदणयं ॥१७॥
दोऽवणयमहा-जायं आवत्ता बार चउ-सिरति-गुत्तं ।
दु-पवेसिग-निक्खमणं पण-वीसा-ऽऽवसय किइ-कम्मे ॥१८॥
किइ कम्मंपि कुणंतो न होइ किइ-कम्म-निज्जरा-भागी ।
पण-वीसामन्नयरं साहू ठाणं विराहंतो ॥१९॥

दिट्ठि-पडिलेह एगा छ उड्ढ पप्फोड तिग-तिगंतरिया ।
अक्खोड पमज्जणया नव नव मुहपत्ति पण-वीसा ॥२०॥
पायाहिणेण तिय तिय वामेयर-बाहु-सीस-मुह हियए ।
अंसुड्ढाहो पिट्ठे चउ छप्पय देह-पण वीसा ॥२१॥
आवस्सएसु जह जह कुणइ पयत्तं अ-हीणमइरित्तं ।
ति-विह-करणोवउत्तो तह तह से निज्जरा होइ ॥२२॥
दोस अणाढिय थड्ढिय पविद्ध परिपिंडियं च टोल-गइं ।
अंकुस कच्छभ रिंगिय मच्छुव्वत्तं मण-पउट्ठं ॥२३॥
वेइय-बद्ध भयंतं भय गारव मित्त कारणा तिन्नं ।
पडणीय रुट्ठ तज्जिय सढ हीलिय विपलिउंचियर्य ॥२४॥
दिट्ठमदिट्ठं सिंगं कर तम्मोअण अलिद्धणालिद्धं
ऊणं उत्तर-चूलिअ मूअं ढड्ढर चुडलियं च ॥२५॥
बत्तीस-दोस-परिसुद्धं किइ-कम्मं जो पउंजइ गुरूणं ।
सो पावइ निव्वाणं अचिरेण विमाण-वासं वा ॥२६॥
इह छच्च गुणा विणओवयार माणा-ऽऽइ-भंग गुरु-पूआ ।
तित्थयराण य आणा सुय-धम्मा-ऽऽराहणा किरिया ॥२७॥
गुरु-गुण-जुत्तं तु गुरुं ठाविज्जा अहव तत्थ अक्खाई ।
अहवा नाणाइ तियं ठविज्ज सक्खं गुरु-अभावे ॥२८॥
अक्खे वराडए वा कट्ठे पुत्थे अ चित्त-कम्मे अ ।
सब्भावमब्भावं गुरु-ठवणा इत्तरा-ऽऽव-कहा ॥२९॥
गुरुविरहंमि ठवणा गुरूवएसोवदंसणत्थं च ।
जिण-विरहम्मि जिण-बिंब-सेवणा-ऽऽमंतणं सहलं ॥३०॥

चउ-दिसि गुरुग्गहो इह अहुट्ठ तेरस करे स-पर-पक्खे ।
अणणुन्नायस्स सया न कप्पए तत्थ पविसेउं ॥३१॥
पण तिग बारस दुग तिग चउरो छट्ठाण पय इगुणतीसं ।
गुण-तीस सेस आवस्सयाइ सव्व-पय अड-वन्ना ॥३२॥
इच्छा य अणुन्नवणा अव्वाबाहं च जत्त जवणा य ।
अवराह खामणावि अ वंदण-दायस्स छ-ट्ठाणा ॥३३॥
छंदेणऽणुजाणामि तहत्ति तुब्भंपि वट्टए एवं ।
अहमवि खामेमि तुमं वयणाइं वंदण-ऽरिहस्स ॥३४॥
पुरओ-पक्खा-ऽऽसन्ने गंता चिट्ठण-निसीअणा-ऽऽयमणे ।
आलोअण-ऽपडिसुणणे पुव्वा-ऽऽलवणे य आलोए ॥३५॥
तह उवदंस निमंतण खद्धाययणे तहा अपडिसुणणे ।
खद्धत्ति य तत्थगए किं तुम तज्जाय नो सुमणे ॥३६॥
नो सरसि कहंछित्ता परिसंभित्ता अणुट्ठियाइ कहे ।
संथार-पाय-घट्टण-चिट्ठुच्च-समासणे आवि ॥३७॥
इरिया कुसुमिणुसग्गो चिइ-वंदण पुत्ति वंदणा-ऽऽलोयं ।
वंदण खामण वंदण संवर चउ—छोभ दु-सज्झाओ ॥३८॥
इरिया चिइ-वंदण पुत्ति वंदणं चरिम वंदणा-ऽऽलोयं ।
वंदण-खामण चउ छोभ दिवसुस्सग्गो दु-सज्झाओ ॥३९॥
एयं किइ-कम्म-विहिं जुंजंता चरण-करणमाउत्ता ।
साहू खवंति कम्मं अणेग-भव-संचिअमणंतं ॥४०॥
अप्प-मइ-भव्व-बोह-ऽत्थं भासियं विवरियं च जमिह मए ।
तं सोहंतु गीयत्था अणभिनिवेसी अ-मच्छरिणो ॥४१॥

# श्रीगुरुवन्दन भाष्यनी संस्कृत – छाया

गुरुवन्दनमथ त्रिविधं तत्फिट्टा-छोभ-द्वादशा-ऽऽवर्त्तम् ।
शिरोनमनादिषु प्रथमं पूर्ण-क्षमा-श्रमण-द्विके द्वितीयम् ॥१॥

यथा दूतो राजानं नत्वा कार्यं निवेद्य पश्चात् ।
विसर्जितोऽपि वन्दित्वा गच्छत्येवमेवात्र द्विकम् ॥२॥

आचारस्य तु मूलं विनयः स गुणवतश्च प्रतिपत्तिः ।
सा च विधि-वन्दनतो विधिश्चासौ द्वादशा-ऽऽवर्त्ते ॥३॥

तृतीयं तु छन्दनक-द्विके तत्र मिथ आदिमं सकलसङ्घस्य ।
द्वितीयं तु दर्शनिनश्च पद-स्थितानां च तृतीयं तु ॥४॥

वन्दन-चिति-कृति-कर्म्म पूजा-कर्म च विनय-कर्म च ।
कर्तव्यं कस्य वा केन वाऽपि कदा वा कति-कृत्वः ॥५॥

कत्यवनतं कति-शिरः कतिभिर्वाऽऽवश्यकैः परिशुद्धम् ।
कति दोष-विप्रमुक्तं कृति-कर्म कस्मात् क्रियते वा ? ॥६॥

पञ्च-नामानि पञ्चोदाहरणान्ययोग्य-पञ्चकं चत्वारोऽदातारः ।
चत्वारो दातारः पञ्च-निषेधाश्चत्वारोऽनिषेधा अष्ट कारणानि ॥७॥

आवश्यक-मुखा-ऽनन्तक-तनु-प्रेक्षा-पञ्च-विंशतिर्दोषा द्वात्रिंशत् ।
षड्-गुणा गुरु स्थापना द्व्यवग्रहो द्वि-षड्-विंशत्यक्षर-गुरु-पञ्च-विंशतिः ॥

पदान्यष्ट-पञ्चाशत् षट्-स्थानानि षड्-गुरु वचनान्याशातनास्त्रयस्त्रिंशत् ।
द्वौ विधी द्वा-विंशति-द्वारैश्चतुः-शतानि द्वि-नवतिः स्थानानि ॥९॥
वन्दनकं चिति-कर्म कृति-कर्म पूजा-कर्म विनय-कर्म ।
गुरु-वन्दन-पञ्चनामानि द्रव्यतो भावतो द्विधौघेन ( द्विधोदाहरणानि ) ॥
शीतलकः क्षुल्लको वीर-कृष्णौ सेवकद्वयः पालकः शाम्बः ।
पञ्चैते दृष्टान्ताः कृति कर्मे द्रव्य-भावाभ्याम् ॥११॥
पार्श्व-स्थोऽवसन्नः कु-शीलः संसक्तो यथा छन्दः ।
द्वि-द्वि-त्रि-द्व्यनेक-विधा अवन्दनीया जिन-मते ॥१२॥
आचार्य उपाध्यायः प्रवर्तकः स्थविरस्तथैव रात्निकः ।
कृति-कर्म निर्जरा-ऽर्थं कर्त्तव्यमेतेषां पञ्चानाम् ॥१३॥
माता पिता ज्येष्ठ-भ्राताऽवमा अपि-तथैव सर्व-रात्निकः ।
कृति-कर्म न कारयेच्चत्वारः श्रमणा-ऽऽदयः कुर्वन्ति पुनः ॥१४॥
व्याक्षिप्तं पराङ्-मुखं च प्रमत्तं मा कदाचिद् वन्देत ।
आहारं निहारं कुर्वन्तं कर्तु-कामं च ॥१५॥
प्रशान्तमासनस्थं चोपशान्तमुपस्थितम् ।
अनुज्ञाप्य मेधावी कृति-कर्म प्रयुनक्ति ॥१६॥
प्रतिक्रमणे स्वाध्याये कायोत्सर्गे ऽपराधे प्राघुर्णके ।
आलोचने संवरणे उत्तमा-ऽर्थे च वन्दनकम् ॥१७॥
द्व्यवनतं यथा-जातमावर्त्ता द्वादश चतुः-शिरस्त्रि-गुप्तम् ।
द्वि-प्रवेशमेक-निष्क्रमणं पञ्चविंशत्यावश्यकानि कृति-कर्मे ॥१८॥
कृति-कर्माऽपि कुर्वन्न भवति कृति-कर्म-निर्ज्जरा-भागी ।
पञ्च-विंशतीनामन्यतरं साधुः स्थानं विराधयन् ॥१९॥

दृष्टि-प्रतिलेखनैका षडुर्द्ध्व-प्रस्फोटास्त्रिक-त्रिकाऽन्तरिताः ।
अक्षोटाः प्रमार्जना नव नव मुख-वस्त्रिकायाः पञ्चविंशतिः ॥२०॥
प्रदक्षिणया त्रिकं त्रिकं वामेतर-बाहु-शीर्ष-मुख-हृदयेषु ।
अंसोर्ध्वा-ऽधः-पृष्ठे चतस्रः षट् पादयोर्देहस्य पञ्चविंशतिः ॥२१॥
आवश्यकेषु यथा यथा करोति प्रयत्नम-हीना-ऽतिरिक्तम् ।
त्रि-विध-करणोपयुक्तस्तथा तथा तस्य निर्जरा भवति ॥२२॥
दोषाः-अनादृतं स्तब्धं प्रविद्धं परिपण्डितं च टोल-गतिः ।
अङ्कुशं कच्छप-रिङ्गितं मत्स्योद्वृत्तं मनः-प्रदुष्टम् ॥२३॥
वेदिका-बद्धं भजन्तं भयं गौरवं मित्रं कारणं स्तैन्यम् ।
प्रत्यनीकं रुष्टं तर्जितं शठं हीलितं विपरिकुञ्चितम् ॥२४॥
दृष्टा-ऽदृष्टं शृङ्गं करं तन्मोचनमाश्लिष्टा-ऽनाश्लिष्टम् ।
ऊनमुत्तर चूलिकं मूकं ढड्ढरं चुडलिकम् ॥२५॥
द्वा-त्रिंशद्दोष-परिशुद्धं कृति-कर्म यः प्रयुनक्ति गुरूणाम् ।
स प्राप्नोति निर्वाणमचिरेण विमान-वासं वा ॥२६॥
अत्र षट् च गुणा-विनय उपचारो मानादिभङ्गो गुरु पूजा ।
तीर्थ-कराणां चाज्ञा श्रुत-धर्मा-ऽऽराधनाऽक्रिया ॥२७॥
गुरु-गुण-युक्तं तु गुरुं स्थापयेदथवा तत्रा-ऽक्षादीन् ।
अथवा ज्ञाना ऽऽदि-त्रिकं स्थापयेत् साक्षाद्-गुर्वभावे ॥२८॥
अक्षे वराटके वा काष्ठे पुस्ते च चित्र-कर्मणि च ।
सद्भावाऽसद्भावा गुरु-स्थापनेत्वरा यावत् कथिका ॥२९॥
गुरु-विरहे स्थापना गुरूपदेशोपदर्शना-ऽर्थं च ।
जिन-विरहे जिन-बिम्ब-सेवना-ऽऽमन्त्रणं स-फलम् ॥३०॥

चतुर्दिक्षु गुर्ववग्रहोऽत्राध्युष्ट-त्रयोदश-कराः स्व-पर-पक्षयोः ।
अननुज्ञातस्य सदा न कल्पते तत्र प्रवेष्टुम् ॥३१॥
पञ्च-त्रि-द्वादश-द्वि-त्रि-चत्वारि षट्-स्थान-पदान्येकोनत्रिंशत् ।
एकोन-त्रिंशच्छेषाणि 'आवसिआए' इत्यादीनि सर्वपदान्यष्टपञ्चाशत् ॥
इच्छा चानुज्ञापनाऽव्याबाधा च यात्रा यापना च ।
अपराधक्षमापनाऽपि च वन्दन दातुः षट्स्थानानि ॥३३॥
'छन्देण' 'अणुजाणामि' 'तहत्ति' 'तुब्भंपि' 'वट्टए' 'एवं'।
'अहमवि खामेमि तुमं' वचनानि वन्दनार्हस्य ॥३४॥
पुरतः पक्षासन्ने गन्ता तिष्ठमानो निषीदना-ऽऽचमने ।
आलोचनाऽप्रतिश्रवणे पूर्वा ऽऽलापने चा-ऽऽलोचे ॥३६॥
तथोपदर्श-निमन्त्रण-खद्धादाऽदने तथाऽप्रतिश्रवणे ।
खद्धति च तत्र-गत किं त्वं तज्जात नो-सुमनाः ॥३६॥
नो स्मरसि? कथां छेत्ता परिषदं भेत्ताऽनुत्थिताया कथयेत् ।
संस्तारक-पाद-संघट्टन-स्थाने उच्च-समासने चापि ॥३७।
ईर्या-कु-स्वप्नोत्सर्ग-चैत्य-वन्दन-मुख-वस्त्रिका-वन्दका-ऽऽलोचनम् ।
वन्दनक-क्षमापना-वन्दनक-संवर-चतुश्छोभ-द्वि-स्वाध्यायः ॥३८॥
ईर्या-चैत्य-वन्दन-मुख-वस्त्रिका-वन्दनक-चरिम-वन्दनका-ऽऽलोचनम् ।
वन्दनक-क्षमापना-चतुश्छोभ-दिवसोत्सर्गो द्वि-स्वाध्यायः ॥३९॥
एवं कृति-कर्म-विधिं योक्तारश्चरण-करणा-ऽऽयुक्ताः ।
साधवः क्षपयन्ति कर्माऽनेक-भव-संचितमनन्तम् ॥४०॥
अल्प-मति-भव्य-बोधा-ऽर्थं भाषितं विपरीतं च यदत्र मया ।
तच्छोधयन्तु गीतार्था अनभिनिवेषिणोऽमत्सरिणः ॥४१॥

---

# શ્રીગુરુવન્દન-ભાષ્યનો સંક્ષિપ્ત સાર.

૧લી ગાથામાં— **ગ્રન્થસંબંધ અને ગુરુવન્દનના પ્રકાર.**

પ્રથમ ભાષ્ય દેવ સંબંધી **ચૈત્યવંદન** વર્ણવ્યા પછી હવે દ્વિતીય ભાષ્ય ગુરુ સંબંધી **ગુરુવંદન** જણાવાય છે. તે ગુરુવંદન ફેટાવંદન, થોભવંદન અને દ્વાદશાવર્તવંદન એમ ત્રણ પ્રકારે છે. તેમાં પહેલું **ફેટાવંદન** મસ્તક નમાવવા વગેરેથી અને બીજું **થોભવંદન** સંપૂર્ણ બે ખમાસમણ દેવાથી થાય છે.

૨જી ગાથામાં— **બે વાર વંદના કરવાનું કારણ.**

જેમ દૂત રાજાને નમીને કાર્ય નિવેદન કરે, પછી રાજા જ્યારે જવાની રજા આપે ત્યારે પણ પુનઃ નમન કરીને જાય. એ રીતે અહીં પણ બે વાર વંદના સમજવી.

૩જી ગાથામાં— **વંદનની આવશ્યકતા.**

'**विणयमूलो धम्मो**' ધર્મનું મૂલ વિનય છે. એ ઉક્તિ અનુસાર આ ગાથામાં જણાવેલ '**आयारस्स उ मूलं विणओ**' આચારનું મૂલ તો વિનય છે. તે વિનય ગુણવંત ગુરુની સેવા–ભક્તિરૂપ છે. તે સેવા–ભક્તિ વિધિપૂર્વક વંદના કરવાથી થાય છે. એ વિધિ દ્વાદશાવર્ત વંદનમાં આગળ જણાવશે.

૪થી ગાથામાં— દ્વાદશાવર્તવંદન કેવી રીતે થાય? અને ત્રણે વંદન કોને કોને કરાય?

બે વાંદણાં દેવા વડે દ્વાદશાવર્ત્ત વંદન થાય છે. પહેલું ફેટાવંદન પરસ્પર ચતુર્વિધ સંઘમાં, બીજું થોભવંદન સાધુ (સાધ્વી)ઓને, અને ત્રીજું દ્વાદશાવર્ત વંદન આચાર્યાદિ પદવીધરોને થાય છે.

૫ મી ગાથામાં— વંદનના પાંચ નામો અને આવશ્યકનિર્યુક્તિ સૂચિત નવ દ્વારો.

પાંચ નામો—

(૧) વંદનકર્મ, (૨) ચિતિકર્મ, (૩) કૃતિકર્મ, (૪) પૂજાકર્મ અને (૫) વિનયકર્મ.

નવદ્વારો—

**વન્દન** [૧] કોને કરવું? [૨] કોણે કરવું? [૩] ક્યારે કરવું? [૪] કેટલી વાર કરવું?

૬ઠ્ઠી ગાથામાં—

**વન્દન** [૫] કેટલા નમનવાળું? [૬] કેટલા શીર્ષ નમસ્કારવાળું? [૭] કેટલા આવશ્યકો વડે શુદ્ધ કરાય? [૮] કેટલા દોષો વડે રહિત કરાય? અને [૯] કૃતિકર્મ શા માટે કરાય?

૭મી ગાથામાં— વંદનનાં બાવીશ દ્વારો.

(૧) વંદનનાં પાંચ નામો. (૨) વંદનનાં પાંચ દૃષ્ટાન્તો. ૩) વંદનને અયોગ્ય પાંચ. (૪) વંદનને યોગ્ય પાંચ.

(૫) વંદનના અદાતા ચાર. (૬) વંદનના દાતા ચાર. (૭) વંદનનો પાંચ સ્થાનકે નિષેધ. (૮) વંદનનો ચાર સ્થાનકે અનિષેધ. (૯) વંદન કરવાનાં આઠ કારણ.

૮મી ગાથામાં—

(૧૦) પચીશ આવશ્યક. (૧૧) પચીશ મુહપત્તિની પડિલેહણા. (૧૨) પચીશ શરીરની પડિલેહણા. (૧૩) બત્રીશ દોષ. (૧૪) વંદનથી થતા છ ગુણ. (૧૫) ગુરુ-મહારાજની સ્થાપના. (૧૬) બે પ્રકારનો અવગ્રહ. (૧૭) વાંદણાના બસો છવ્વીશ અક્ષરો, તેમાં પચીશ જોડાક્ષરો.

૯ મી ગાથામાં—

(૧૮) અઠ્ઠાવન પદો. (૧૯) શિષ્યને પૂછવાયોગ્ય છ સ્થાન–સ્થાનક. (૨૦) ગુરુમહારાજનાં છ વચનો. (૨૧) તેત્રીશ આશાતના. (૨૨) બે પ્રકારનો વંદનવિધિ.

[ એ બાવીશ દ્વારો વડે ગુરુવંદનના ૪૯૨ ઉત્તર ભેદો થાય છે. ]

૧૦મી ગાથામાં– ગુરુવંદનના પાંચ નામનું દ્વાર પહેલું.

[૧] વંદનકર્મ (સ્તુતિ કરવી.), [૨] ચિતિકર્મ (રજોહરણાદિ રાખવાની વિધિમાં કુશળપણું.), [૩] કૃતિકર્મ (બે વાંદણાં દેવાં.), [૪] વિનયકર્મ (ગુરુ પ્રત્યે અનુકૂલ પ્રવૃત્તિ), અને [૫] પૂજાકર્મ (મન–વચન–કાયાનો શુભ વ્યાપાર.) એ ગુરુવંદનનાં પાંચ નામો છે. તે દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારે, ઓઘથી (સામાન્યથી) છે.

૧૧મી ગાથામાં— **વંદનકર્મ પર પાંચ દૃષ્ટાંતનું દ્વાર બીજું.**

(૧) પ્રથમ વંદનકર્મ પર દ્રવ્યથી અને ભાવથી **શીતલાચાર્યનું** દૃષ્ટાંત.

(૨) બીજા ચિતિકર્મ પર દ્રવ્યથી અને ભાવથી **ક્ષુલ્લકાચાર્યનું** દૃષ્ટાંત.

(૩) ત્રીજા કૃતિકર્મ પર દ્રવ્યથી અને ભાવથી **વીરાશાલવી** અને **કૃષ્ણનું** દૃષ્ટાંત.

(૪) ચોથા વિનયકર્મ પર દ્રવ્યથી અને ભાવથી **બે રાજસેવકોનું** દૃષ્ટાંત.

(૫) પાંચમા પૂજાકર્મ પર દ્રવ્યથી અને ભાવથી **પાલક** અને **શાંબકુમારનું** દૃષ્ટાંત.

૧૨મી ગાથામાં— **પાસત્થાદિક પાંચ અવનંદનીયનું દ્વાર ત્રીજું.**

(૧) **પાર્શ્વસ્થ** (જ્ઞાનાદિક પાસે રાખે પણ લાભ ન લે તે.) તેના '**દેશપાર્શ્વસ્થ**' અને '**સર્વપાર્શ્વસ્થ**' એમ બે ભેદ છે.

(૨) **અવસન્ન** (સાધુક્રિયામાં શિથિલ હોય તે.) '**દેશઅવસન્ન**' અને '**સર્વ અવસન્ન**' એમ બે ભેદ છે.

(૩) **કુશીલ** (જ્ઞાન, દર્શન અને ચારિત્રની વિરાધના કરનાર હોય તે.) તેના '**જ્ઞાનકુશીલ**' '**દર્શનકુશીલ**' અને '**ચારિત્રકુશીલ**' એમ ત્રણ ભેદ છે.

(૪) **સંસક્ત** ( જેની સોબતે જેવો થાય તે. ) તેના '**સંક્લિષ્ટ સંસક્ત**' અને '**અસંક્લિષ્ટ સંસક્ત**' એમ બે ભેદ છે.

(૫) **યથાછંદ** ( પોતાની મરજી મુજબ વર્તનાર હોય તે. ) તેના અનેક ભેદ છે.

ઉક્ત એ પાંચે જૈનદર્શનમાં વંદન કરવાલાયક નથી.

૧૩મી ગાથામાં— **આચાર્યાદિક પાંચ વંદનીયનું દ્વાર છઠું.**

[૧] **આચાર્ય** ( છત્રીશ ગુણ યુક્ત, સૂત્ર–અર્થના જ્ઞાતા અને જ્ઞાનાદિ પંચાચાર પાળે ને પળાવે તે. )

[૨] **ઉપાધ્યાય** ( ૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ચરણ-સિત્તરી અને કરણસિત્તરી એ પચીશ ગુણે કરી સહિત, અને પોતાની કળાકુશળતાથી અવિનીત એવા શિષ્યને પણ સૂત્ર ભણાવે તે ).

[૩] **પ્રવર્તક** (તપ અને સંયમ વગેરેના સમ્યગ્ યોગમાં સાધુ સમુદાયને જે પ્રવર્તાવે તે ).

[૪] **સ્થવિર** ( ચારિત્રમાર્ગમાં સીદાતા સાધુઓને આલોક અને પરલોકનાં દૃષ્ટાંતો આપી સંયમના પુનિત પંથમાં જે સ્થિર કરે તે. તેના ત્રણ ભેદ છે.

(૧) **વયસ્થવિર** ( ૬૦ વર્ષ જેટલા વયોવૃદ્ધ થયેલા હોય તે ).

(૨) **પર્યાયસ્થવિર** ( ૨૦ વર્ષના દીક્ષાપર્યાયવાળા હોય તે ).

(૩) **જ્ઞાનસ્થવિર** (જઘન્યથી સમવાયાંગ વગેરે સૂત્રના જ્ઞાતા હોય, અને ઉત્કૃષ્ટથી મહાનિશીથ પ્રમુખ છેદસૂત્રના જ્ઞાતા–જાણનાર હોય તે).

(૪) **રત્નાધિક** (વયમાં જ્યેષ્ઠ કે લઘુ હોય તો પણ જ્ઞાનાદિ ગુણે કરી અધિક હોય તે. અથવા ગચ્છના–સમુદાયના હિતની ખાતર પોતાનાથી બનતો પુરુષાર્થ ફોરવે તે ગણાવચ્છેદક પણ રત્નાધિક કહેવાય છે).

ઉક્ત એ પાંચેને નિર્જરાના લાભ અર્થે અવશ્ય વંદન કરવું જ જોઈએ.

૧૪મી ગાથામાં— **વંદનના અદાતાનું દ્વાર પાંચમું અને વંદનના દાતાનું દ્વાર છઠ્ઠું.**

માતા, પિતા અને વડીલબંધુ (મોટાભાઈ) પાસે તેમજ ન્યૂન (ઓછા) દીક્ષા પર્યાયવાળા સર્વ રત્નાધિક પાસે વંદન કરાવવું નહીં. એ સિવાય શેષ સર્વ પાસે વંદન કરાવે. અર્થાત્ બાકીના સાધુ વગેરે [ચતુર્વિધ સંઘ પરસ્પર] વંદના કરે.

૧૫મી ગાથામાં— **વંદન કરવાના અનવસરનું દ્વાર સાતમું.**

(ધર્મમાં–) વ્યગ્રચિત્તવાળા હોય, પરાઙ્મુખ (સમ્મુખ બેઠેલા ન) હોય, પ્રમાદમાં વર્તતા હોય, આહાર કે નિહાર (લઘુનીતિ કે વડીનીતિ) કરતા હોય, અથવા આહાર કે નિહાર કરવાની તૈયારીમાં હોય ત્યારે કદી પણ વંદન કરવું નહીં.

૧૬મી ગાથામાં— **વંદન કરવાના અવસરનું દ્વાર આઠમું.**

**શાંતચિત્તવાળા હોય, આસન પર બેઠેલા હોય, ક્રોધાદિકે કરી રહિત હોય અને છંદેણ ઈત્યાદિ આદેશ કહેવાને તત્પર હોય એવા ગુરુને, અનુજ્ઞા પામેલ બુદ્ધિમાન શિષ્યે વંદન કરવું.**

૧૭મી ગાથામાં— **આઠ કારણે વંદન કરવાનું દ્વાર નવમું.**

[૧] પ્રતિક્રમણમાં

[૨] સ્વાધ્યાય અર્થે

[૩] કાઉસ્સગ્ગ-કાયોત્સર્ગ માટે

[૪] અપરાધ ખમાવવા અર્થે

[૫] બહારથી પધારેલા નવા મોટા મુનિને

[૬] આલોયણ-આલોચના (લાગેલા અપરાધની શુદ્ધિ) માટે

[૭] ઉપવાસાદિ પચ્ચક્ખાણ-પ્રત્યાખ્યાન અર્થે

[૮] અનશન (સંલેખનાદિક મહાન્ કાર્ય) માટે

એ આઠ કારણે-નિમિત્તે દ્વાદશાવર્ત વંદન કરવું.

૧૮મી ગાથામાં— **વંદન કરતાં સાચવવા યોગ્ય ૨૫ આવશ્યકનું દ્વાર દશમું.**

(૨) બે અવનત (કેડ ઉપરનો ભાગ નમાવવો તે)

(૧) **એક યથાજાત (જન્મ સમયની આકૃતિ કે દીક્ષા લેતી વખતની મુદ્રા તે)**

(૧૨) બાર આવર્ત (ગુરુને પગે અને પોતાના મસ્તકે હાથ લગાડવા તે)

(૪) ચાર શીર્ષનમન (માથા વડે નમન તે)

(૩) ત્રણ ગુપ્તિ (મન, વચન, કાયાની એકાગ્રતા તે)

(૨) બે વાર પ્રવેશ

(૧) એક વાર નિષ્ક્રમણ (બહાર નીકળવું તે)

કુલ એ પચીશ આવશ્યક દ્વાદશાવર્તવંદનમાં થાય છે.

૧૯મી ગાથામાં— **પચીશ આવશ્યક ન સાચવવાથી કર્મ નિર્જરા થાય નહીં.**

ઉક્ત એ પચીશ આવશ્યકમાંથી એક પણ આવશ્યકને વિરાધતાં, વંદન કરનાર સાધુ વંદનથી થતી કર્મનિર્જરાનો (સંપૂર્ણ) ભાગી થતો નથી.

૨૦મી ગાથામાં— **મુહપત્તિની પચીશ પડિલેહણાનું દ્વાર અગિયારમું.**

(૧) એક દૃષ્ટિ પડિલેહણા–પ્રતિલેખના

(૬) છ ઊર્ધ્વપપ્ફોડા–પ્રસ્ફોટક (ઊંચેથી મુહપત્તિના છેડા ખંખેરવા તે)

(૯) ત્રણ ત્રણને આંતરે નવ અક્ખોડા–આસ્ફોટક (આદરવું અંદર લેવું તે)

(૯) ત્રણ ત્રણ અક્ખોડાને આંતરે ત્રણ ત્રણ પક્ખોડા એટલે નવ પ્રમાર્જના (પૂંજવું, ઘસીને કાઢવું.)

કુલ એ પચીશ પડિલેહણા [ સૂત્ર, અર્થ, તત્ત્વ કરી સદ્દહું૦ વગેરે ૨૫ બોલપૂર્વક ] મુહપત્તિની છે.

૨૧મી ગાથામાં— **શરીરની પચીશ પડિલેહણાનું દ્વાર બારમું.**

(૩) પ્રદક્ષિણા ક્રમે ડાબા હાથની ત્રણ વાર પડિલેહણા
(૩) પ્રદક્ષિણા ક્રમે જમણા હાથની ત્રણવાર પડિલેહણા
(૩) મસ્તકની ત્રણ પડિલેહણા
(૩) મુખની „
(૩) છાતી–હૃદયની „
(૪) ખભાની ઉપર નીચે પીઠ પરની ચાર પડિલેહણા
(૬) પગની છ પડિલેહણા

કુલ એ પચીશ પડિલેહણા [ હાસ્ય–રતિ–અરતિ પરિહરું૰ વગેરે ૨૫ બોલપૂર્વક ] શરીરની છે.

૨૨મી ગાથામાં— **૨૫ આવશ્યક વગેરે વિધિપૂર્વક કરવાથી થતું ફળ.**

પચીશ આવશ્યક, મુહપત્તિ અને શરીરની પચીશ પડિલેહણામાં ત્રણ પ્રકારના કરણ ( મન–વચન–કાયા ) વડે ઉપયોગવંત થઈને અન્યૂનાધિક ( હીન અને અધિક રહિત ) જેમ જેમ પ્રયત્ન કરે તેમ તેમ તેને ( તે જીવને ) નિર્જરા થાય છે.

૨૩–૨૪–૨૫મી ગાથામાં— **વંદનમાં ટાળવા યોગ્ય ૩૨ દોષોનું દ્વાર તેરમું.**

બત્રીશ દોષ—

[૧] અનાદૃત દોષ (આદર રહિત વંદન કરે તે.)

[૨] સ્તબ્ધ દોષ ( અક્કડતા રાખીને વંદન કરે તે.)

[૩] અપવિદ્ધ દોષ (ભાડૂતની જેમ વંદન કરીને તરત નાસી જાય તે.)

[૪] પરિપિંડિત દોષ (એક જ વંદનથી સર્વને વાંદે તે.)

[૫] ટોલગતિ દોષ (તીડની જેમ કૂદકા મારતો વંદન કરે, અથવા ઢોલની જેમ ઊપડીને વંદન કરે તે.)

[૬] અંકુશ દોષ (રજોહરણને અંકુશની જેમ ગ્રહણ કરીને વંદન કરે તે.)

[૭] કચ્છપરિંગિત દોષ (કાચબાની જેમ રીંગતો શરીરને ચલાયમાન કરતો વંદન કરે તે.)

[૮] મત્સ્યોદ્વર્ત દોષ (માછલાની જેમ ઊછળતો વંદન કરે તે.)

[૯] મનઃપ્રદુષ્ટ દોષ (મનમાં આચાર્ય વગેરેના દોષ ચિંતવીને વંદન કરે તે.)

[૧૦] વેદિકાબદ્ધ દોષ (હાથની રચનાપૂર્વક વાંદે એટલે હાથને બહાર રાખીને વંદન કરે તે.)

[૧૧] ભજંત દોષ (વિદ્યામંત્ર વગેરેની લાલચથી વંદન કરે તે.)

[૧૨] ભય દોષ (સંઘ બહાર મૂકવાના ભયથી વંદન કરે તે.)

[૧૩] ગારવ દોષ (પોતે સમાચારીમાં કુશળ છે એવા અહંકાર—અભિમાનથી વંદન કરે તે.)

[૧૪] મિત્ર દોષ (મિત્રપણાના કારણથી વંદન કરે તે.)
[૧૫] કારણ દોષ (વસ્ત્રાદિકના કારણે વંદન કરે તે.)
[૧૬] સ્તેન દોષ (ચોરની જેમ છુપાતો વંદન કરે તે.)
[૧૭] પ્રત્યનીક દોષ (અનવસરે વંદન કરે તે.)
[૧૮] રુષ્ટ દોષ (પોતે અથવા ગુરુ ક્રોધવાળા હોય ત્યારે વંદન કરે તે.)
[૧૯] તર્જિત દોષ (આંગળીથી તર્જના કરતો વંદન કરે તે.)
[૨૦] શઠ દોષ (વિશ્વાસ ઉત્પન્ન કરવા માટે કપટથી વંદન કરે તે.)
[૨૧] હીલિત દોષ (હેલના–અવજ્ઞા કરતો વંદન કરે તે.)
[૨૨] વિપરીકુંચિત દોષ (વંદન કરતાં વચમાં વિકથાઓ કરતો વાંદે તે.)
[૨૩] દૃષ્ટાદૃષ્ટ દોષ (કોઈ દેખે તો વાંદે અને ન દેખે તો ન વાંદે તે.)
[૨૪] શૃંગ દોષ (પશુના શીંગડાની પેઠે કપાલના બે પડખે વંદન કરે તે.)
[૨૫] કર દોષ (રાજાના કરની પેઠે વેઠથી વંદન કરે તે.)
[૨૬] તન્મોચન દોષ (તેમનાથી હવે ક્યારે છૂટીશું ? એમ સમજીને વંદન કરે તે.)
[૨૭] આશ્લિષ્ટાનાશ્લિષ્ટ દોષ (રજોહરણ અને મસ્તકે પોતાના હાથ અડાડે ન અડાડે તે.)

[૨૮] ઊણુ દોષ (ઓછા અક્ષરો બોલીને વંદન કરે તે.)

[૨૯] ઉત્તરચૂડ દોષ (છેલ્લું પદ મોટેથી બોલવું તે. અર્થાત્ મોટા સાદે '**મત્થએણ વંદામિ**' કહેવું તે.)

[૩૦] મૂક દોષ (મૂંગાની જેમ મનમાં બોલીને વંદન કરે તે.)

[૩૧] ઢઢ્ઢર દોષ (સમસ્ત વંદન મોટા સાદે બોલે તે.)

[૩૨] ચૂડલિક દોષ (રજોહરણને ઉંબાડિયાની જેમ ભમાડીને વંદન કરે તે.)

ઉક્ત એ ૩૨ દોષ વંદનમાં વર્જવાના છે.

૨૬મી ગાથામાં— નિર્દોષ વંદન કરવાનું ફલ.

જે ગુરુમહારાજને [ઉક્ત એ-] બત્રીશ દોષ રહિત દ્વાદશાવર્ત વંદન કરે છે તે અલ્પકાળમાં મોક્ષ અથવા સ્વર્ગને પામે છે.

૨૭મી ગાથામાં— વંદનથી ઉત્પન્ન થતા છ ગુણનું દ્વાર ચૌદમું.

છ ગુણ—

(૧) વિનયોપચાર (વિનયનું આરાધન તે.)

(૨) માનાદિભંગ (અભિમાન વગેરેનો વિનાશ તે.)

(૩) ગુરુપૂજા (ગુરુજનની ભક્તિ.)

(૪) તીર્થંકરાજ્ઞાપાલન (શ્રીજિનેશ્વર ભગવંતની આજ્ઞાનું પાલન તે.)

(૫) શ્રુતધર્મારાધન (શ્રુતધર્મનું આરાધન તે.)
(૬) અક્રિયા (મોક્ષ)

ઉક્ત એ ૬ ગુણો વંદન કરવાથી પ્રાપ્ત થાય છે.

૨૮-૨૯મી ગાથામાં— **ગુરુની સ્થાપનાનું દ્વાર પંદરમું.**

સાક્ષાત્ ગુરુના અભાવે ગુરુમહારાજ જેવા ગુણવાળા ગુરુ સ્થાપવા, અથવા તેના સ્થાને અક્ષ વગેરે (સ્થાપનાચાર્યજી વગેરે), અગર જ્ઞાનાદિક ત્રણ (જ્ઞાન, દર્શન અને ચારિત્રના સાધન-ઉપકરણ) સ્થાપવાં.

ગુરુની સ્થાપના-અક્ષમાં, કોડામાં, કાષ્ઠમાં, પુસ્તકમાં અને ચિત્રકામમાં કરાય છે.

તે સ્થાપના સદ્ભાવ (આકારવાળી મૂર્તિ કે છબી) અને અસદ્ભાવ (આકાર વિનાની સ્થાપનાચાર્યજી કે પુસ્તક), ઇત્વર (અલ્પકાળની) અને યાવત્કથિક (લાંબા કાળની) એમ બે બે પ્રકારની છે.

૩૦મી ગાથામાં— **સ્થાપનાનું ઉદાહરણ.**

સાક્ષાત્ શ્રી જિનેશ્વર દેવના અભાવે જેમ શ્રીજિનેશ્વર દેવની પ્રતિમા-મૂર્તિની કરેલ સેવા અને આમંત્રણ સફળ થાય છે, તેમ સાક્ષાત્ ગુરુમહારાજના અભાવે ગુરુના ઉપદેશ અને દર્શન માટે સ્થાપેલ સ્થાપના પણ સફળ થાય છે.

૩૧મી ગાથામાં— **બે પ્રકારના અવગ્રહનું દ્વાર સોળમું.**

અહીં ચારે દિશામાં ગુરુમહારાજનો અવગ્રહ સ્વપક્ષમાં

સાડાત્રણ હાથ, અને પરપક્ષમાં તેર હાથ છે. તેમાં આજ્ઞા લીધા વિના પ્રવેશ કરવાનું કોઈવાર પણ કલ્પે નહીં.

૩૨મી ગાથામાં— વંદનસૂત્રની અક્ષર સંખ્યાનું દ્વાર સત્તરમું અને પદસંખ્યાનું દ્વાર અઢારમું.

અક્ષરસંખ્યાનું ૧૭મું દ્વાર સુગમ હોવાથી ગાથામાં કહેલ નથી. તે આ રીતે જાણવું.

વંદનસૂત્રમાં સર્વ અક્ષર ૨૨૬ છે. તેમાં લઘુ અક્ષર ૨૦૧ અને ગુરુ અક્ષર (જોડાક્ષર) ૨૫ છે.

૧૮મું પદસંખ્યાનું દ્વાર આ પ્રમાણે—

આગળ ૩૩મી ગાથામાં જણાવેલા ૬ સ્થાનમાં ક્રમશઃ પાંચ, ત્રણ, બાર, બે, ત્રણ અને ચાર મળી ઓગણત્રીશ પદો, અને બાકીનાં 'આવસ્સિયાએ' આદિ ઓગણત્રીશ પદો છે. આ રીતે બન્નેનાં મળી કુલ વંદનસૂત્રનાં ૫૮ પદો છે.

૩૩મી ગાથામાં— વંદન કરનાર શિષ્યના પ્રશ્નરૂપ છ સ્થાનનું દ્વાર ઓગણીશમું.

શિષ્યનાં છ સ્થાન—

(૧) પહેલું સ્થાન—ઈચ્છા (વંદન કરવાની ઈચ્છા જણાવે છે.)

(૨) બીજું સ્થાન—અનુજ્ઞા (અવગ્રહમાં પેસવાની આજ્ઞા માગે છે.)

(૩) ત્રીજું સ્થાન—**અવ્યાબાધ** ( ગુરુને સુખશાતા પૂછે છે. )

(૪) ચોથું સ્થાન—**સંયમયાત્રા** (તપસંયમરૂપ યાત્રા સુખે થાય છે ? )

(૫) પાંચમું સ્થાન—**દેહસમાધિ** (ઔષધ વડે ઇંદ્રિય અને મનથી અપીડિત દેહ-શરીર છે ? )

(૬) છઠ્ઠું સ્થાન—**અપરાધખામણા** ( થયેલ અપરાધને ખમાવે છે. )

ઉક્ત એ છ સ્થાનો વંદન કરનાર શિષ્યનાં છે.

૩૪મી ગાથામાં— **ગુરુના ઉત્તરરૂપ ૬ વચનનું દ્વાર વીસમું.**

ગુરુનાં છ વચન—

(૧) પહેલું વચન—**છંદેણ** ( જેવી તારી ઈચ્છા. )

(૨) બીજું વચન—**અણુજાણામિ** (હું આજ્ઞા આપું છું.)

(૩) ત્રીજું વચન—**તહત્તિ** ( તેમજ છે. )

(૪) ચોથું વચન—**તુબ્ભં પિ વટ્ટએ** ( તમને પણ વર્તે છે. )

(૫) પાંચમું વચન—**એવં** ( એ પ્રમાણે જ છે. )

(૬) છઠ્ઠું વચન—**અહમવિ ખામેમિ તુમં** ( હું પણ તમને ખમાવું છું. )

ઉક્ત એ છ વચનો વંદન (વાંદણાં) ને યોગ્ય ગુરુનાં છે.

[ વંદન ન કરાવવું હોય તો ગુરુ **'પડિક્કમહ'** ( રાહ

જો ) અથવા 'તિવિહેણ' ( મન વચન કાયાથી નિષેધું છું. ) એમ કહે. ]

૩૫-૩૬-૩૭મી ગાથામાં— **૩૩ આશાતના ટાળવાનું દ્વાર એકવીશમું.**

તેત્રીશ આશાતના--

[૧] પહેલી આશાતના--**પુરોગમન** ( ગુરુની આગળ કારણ વિના ચાલે તે. )

[૨] બીજી આશાતના--**પક્ષગમન** ( ગુરુની પડખે નજીકમાં ચાલે તે. )

[૩] ત્રીજી આશાતના--**પૃષ્ઠગમન** ( ગુરુની પાછળ સમીપમાં ચાલે તે. )

[૪] ચોથી આશાતના--**પુરઃસ્થ**( ગુરુની આગળ ઊભા રહેવું તે. )

[૫] પાંચમી આશાતના--**પક્ષસ્થ** ( ગુરુની પડખે નજીકમાં ઊભા રહેવું તે. )

[૬] છઠ્ઠી આશાતના--**પૃષ્ઠસ્થ** (ગુરુની પાછળ સમીપમાં ઊભા રહેવું તે. )

[૭] સાતમી આશાતના--**પુરોનિષીદન** ( ગુરુની આગળ બેસવું તે. )

[૮] આઠમી આશાતના--**પક્ષનિષીદન** (ગુરુની પડખે નજીકમાં બેસવું તે. )

[૯] નવમી આશાતના--**પૃષ્ઠનિષીદન** (ગુરુની નજીકમાં બેસવું તે. )

[૧૦] દશમી આશાતના—**આચમન** (વડીનીતિ અર્થે સાથે ગયેલ શિષ્ય ગુરુની પહેલાં હાથ–પગની શુદ્ધિ કરે, અથવા આહારાદિ વખતે પણ ગુરુની પહેલાં ચળુ કરે–મુખ વગેરેની શુદ્ધિ કરે તે.)

[૧૧] અગિયારમી આશાતના—**આલોચન** (બહારથી ઉપાશ્રયે ગુરુની સાથે આવ્યા છતાં ગુરુની પહેલાં ઈરિયાવહિ–ગમનાગમન આલોવે તે.)

[૧૨] બારમી આશાતના—**અપ્રતિશ્રવણ** (રાત્રે ગુરુએ બોલાવ્યા છતાં ઉત્તર–જવાબ ન આપે તે.)

[૧૩] તેરમી આશાતના—**પૂર્વાલાપન** (આવેલ ગૃહસ્થને ગુરુના પહેલાં બોલાવે તે.)

[૧૪] ચૌદમી આશાતના—**પૂર્વાલોચન** (લાવેલ ગોચરી બીજા સાધુ પાસે આલોવીને પછી ગુરુ પાસે આલોવે તે.)

[૧૫] પંદરમી આશાતના—**પૂર્વોપદર્શન** (લાવેલ ગોચરી ગુરુને દેખાડયા પહેલાં બીજા સાધુને દેખાડે તે.)

[૧૬] સોળમી આશાતના—**પૂર્વનિમંત્રણ** (લાવેલ આહાર પાણી વાપરવા માટે ગુરુને નિમંત્રણ કર્યા પહેલાં બીજા સાધુને નિમંત્રણ કરે તે.)

[૧૭] સત્તરમી આશાતના—**અદ્ધદાન** (ગુરુ પહેલાં બીજા સાધુને ખવરાવે તે.)

[૧૨] અઢારમી આશાતના—**અદ્ધાદન** (સારો આહાર ગુરુને નહિ આપતાં પોતે વાપરે તે.) **અદ્ધાદાન** (લાવેલ આહારમાંથી ગુરુને કાંઈક અલ્પ આપીને બાકીનો મધુર આહાર પોતે વાપરે તે.)

[૧૯] ઓગણીશમી આશાતના—**અપ્રતિશ્રવણ** (દિવસે ગુરુએ બોલાવ્યા છતાં જવાબ ન આપે તે.)

૨૦] વીશમી આશાતના—**અદ્ધભાષણ** (ગુરુની સાથે કઠિન, કર્કશ અને મોટા ઘાંટા પાડીને બોલે તે.)

[૨૧] એકવીશમી આશાતના—**તત્રગત ભાષણ** (ગુરુ જ્યારે બોલાવે ત્યારે પોતાના આસને બેસીને જવાબ આપે તે.)

[૨૨] બાવીશમી આશાતના—**કિંભાષણ** (ગુરુ જ્યારે બોલાવે ત્યારે 'કેમ ?, શું છે ?, શું કહો છો' વગેરે બોલે તે.)

[૨૩] તેવીશમી આશાતના—**તું ભાષણ** (ગુરુને 'તું તને, તારા' ઇત્યાદિ તોછડાઈથી કહે તે.)

[૨૪] ચોવીશમી આશાતના—**તજ્જાત ભાષણ** (જે રીતે ગુરુએ કહેલ હોય તે રીતે સામો જવાબ આપે-તર્જના કરે તે.)

[૨૫] પચીશમી આશાતના—**નોસુમન** (ગુરુના વ્યાખ્યાનમાં સારા મનવાળો ન થાય તે.)

[૨૬] છવીશમી આશાતના—**નોસ્મરણ** (ગુરુ ધર્મકથા કહેતા હોય ત્યારે તમને અર્થ સ્મરણમાં–યાદ નથી, એ અર્થ એ પ્રમાણે ન હોય ' ઈત્યાદિ જે કહેવું તે.)

[૨૭] સત્તાવીશમી આશાતના—**કથાછેદ** (ગુરુ ધર્મકથા કહેતા હોય ત્યારે સભાજનોને ' એ કથા હું તમને પછીથી સારી રીતે સમજાવીશ ' એમ કહી કથાનો છેદ કરે તે.)

[૨૮] અઠ્ઠાવીશમી આશાતના—**પરિષદભેદ** (ગુરુ ધર્મકથા કહેતા હોય ત્યારે ગોચરીની વેળા થઈ છે એમ કહી પર્ષદાનો–સભાનો ભંગ કરે તે.)

[૨૯] ઓગણત્રીશમી આશાતના—**અનુત્થિત કથા** (ગુરુ ધર્મકથા કહી રહ્યા બાદ સભા હજી ઊઠી ગઈ ન હોય ત્યાં તો પોતાની ચતુરાઈ દર્શાવવા તેજ કથાનો વિસ્તાર કહે તે.)

[૩૦] ત્રીશમી આશાતના—**સંથારપાદઘટ્ટન** (ગુરુના સંથારાદિકને પગ અડાડે તે.)

[૩૧] એકત્રીશમી આશાતના—**સંથારાવસ્થાન** (ગુરુની શય્યા તથા સંથારાદિ પર ઊભા રહે, બેસે, સૂએ તે.)

[૩૨] બત્રીશમી આશાતના—**ઉચ્ચાસન** ( ગુરુથી અથવા ગુરુની આગળ તેમના કરતાં ઊંચા આસન પર બેસે તે. )

[ ઉપલક્ષણથી– ગુરુના જેવાં કે અધિક મૂલ્યવાળાં વસ્ત્રો વગેરે વાપરે તે પણ આશાતના એમાં અંતર્ગત સમજવી. ]

[૩૩] તેત્રીશમી આશાતના—**સમાસન** (ગુરુથી અથવા ગુરુની આગળ સરખા આસને બેસે તે.)

ગુરુ પ્રત્યે થતી ઉક્ત એ ૩૩ આશાતના શિષ્યે અવશ્ય વર્જવાની છે.

૩૮–૩૯મી ગાથામાં— **સવાર અને સાંજના સંક્ષિપ્ત ગુરુવંદન [ લઘુપ્રતિક્રમણ ] વિધિનું દ્વાર બાવીશમું.**

## સવારનું સંક્ષિપ્ત ગુરુવંદન [ લઘુપ્રતિક્રમણ ]

ઇરિયાવહિ ( ખમા૦ થી લોગસ્સ૦ સુધી ), કુસુમિણ દુસુમિણનો કાઉસગ્ગ, ચૈત્યવંદન ( જગચિંતામણિથી જયવીઅરાય સુધી ), મુહપત્તિ, બે વાંદણાં, ઇચ્છા૦ સંદિસહ રાઈઅં આલોઉં ? બે વાદણાં, અબ્ભુઠિઓ, બે વાંદણાં, પચ્ચક્ખાણ, ચાર થોભવંદન અને

સજ્ઝાયના બે આદેશ માગી સજ્ઝાય કરે. તે સવારનું લઘુપ્રતિક્રમણ એટલે સંક્ષિપ્ત ગુરુવંદન કહેવાય છે.

## સાંજનું સંક્ષિપ્ત ગુરુવંદન [ લઘુપ્રતિક્રમણ ]

ઈરિયાવહિ ( ખમા૦ થી લોગસ્સ સુધી ), ચૈત્યવંદન, મુહપત્તિ, બે વાંદણાં, દિવસ ચરિમનું પચ્ચક્ખાણ, બે વાંદણાં, ઇચ્છા૦ દેવસિઅં આલોઉં ?, બે વાંદણાં અબ્ભુટ્ઠિઓ, ચાર થોભવંદન પાયચ્છિત્તનો કાઉસ્સગ્ગ, અને સજ્ઝાયના બે આદેશ માગી સજ્ઝાય કહેવી. એ સાંજનું લઘુપ્રતિક્રમણ એટલે સંક્ષિપ્ત ગુરુવંદન કહેવાય છે.

૪૦મી ગાથામાં— ઉપસંહાર અને ફળ.

ઉક્ત એ ગુરુવંદનનો વિધિ કરનારા અને ચરણસિત્તરી ને કરણસિત્તરીમાં ઉપયોગવંત એવા મુનિરાજ અનેક ભવોમાં એકત્ર કરેલાં અનંત કર્મોને ખપાવે છે. અર્થાત્ મોક્ષ ફળરૂપ સાદિ અનંત સ્થિતિ પામે છે.

૪૧મી ગાથામાં— ગ્રંથકાર શ્રીદેવેન્દ્રસૂરિ મહારાજનું અંતિમ વચન.

અલ્પમતિવંત ભવ્ય જીવોના બોધને માટે જે મેં ( દેવેન્દ્રસૂરિએ ) આ ગુરુવંદન ભાષ્યમાં કહ્યું છે, તેમાં

જે કંઈ વિપરીત કહેવાયું હોય તેને કદાગ્રહ અને ઇર્ષ્યા વિનાના હે ગીતાર્થ (સૂત્ર અને અર્થના જ્ઞાતા) પુરુષો ! સુધારશો.

વીર સં. ૨૪૮૩, વિક્રમ સં. ૨૦૧૩ના શ્રાવણ શુદિ ૧૫ ને શનિવાર.
તા. ૧૦–૮–૫૭
[ બળેવ–પૂર્ણિમા ]
સ્થળ—
**બીલીમોરા,**
**જૈન ઉપાશ્રય.**
[ નવાપરા, જિ. સુરત. ]
ગુજરાત.

લેખક—

શાસનસમ્રાટ્–સૂરિચક્રચક્રવર્તિ-તપોગચ્છાધિપતિ–**શ્રીમદ્ વિજય-નેમિસૂરીશ્વરજી** મ.ના પટ્ટાલંકાર વ્યાકરણ વાચસ્પતિ–કવિરત્ન-શાસ્ત્ર-વિશારદ **શ્રીમદ્ વિજયલાવણ્ય-સૂરીશ્વરજી** મ. ના પ્રધાનશિષ્ય-રત્ન–**પન્યાસપ્રવર શ્રીદક્ષવિજ-યજી** ગણિવરના શિષ્યરત્ન **પંન્યાસ સુશીલવિજય ગણી.**

[ ઇતિ શ્રીગુરુવંદન ભાષ્યનો સંક્ષિપ્તસાર સમાપ્ત. ]

## પરિશિષ્ટ – ચોથું.

# શ્રીગુરુવંદન ભાષ્યનો છંદોબદ્ધ ભાષાનુવાદ.

( હરિગીત–છંદમાં )

[ ગ્રંથસંબંધ અને ગુરુવંદનના ત્રણ પ્રકાર ]

દેવવંદન આદિ હવે, ગુરુવંદન કહેવાય છે,
ફેટા૦ છોભ૦ દ્વાદશા૦ એમ, ત્રણ રીતે તે થાય છે;

( ફેટા વંદન આ રીતે થાય– )

તેમાં પહેલું ફેટા વંદન, શિર નમનાદિ વડે,

( છોભવંદન આ રીતે થાય– )

ને છોભ બીજું પૂર્ણ બે, ખમાસમણ દેવા વડે (૧)

( બે વાર વંદના કરવાનું કારણ )

જિમ દૂત રાજાને નમી, કાર્ય જણાવ્યા પછી,
રાજાએ વિસર્જ્યો થકી પણ, જાય નમીને પછી;
તિમ થોભ ને દ્વાદશાવર્ત – વંદનમાંહિ માનીએ,
દૂત તણા દૃષ્ટાંત જિમ, બે વાર વંદના જાણીએ. (૨)

( ગુરુને વંદના કરવાની આવશ્યકતા )

આચારનું વળી મૂળ વિનય, કથન જે કરાય છે,
ગુણવંત એવા ગુરુતણી તે, ભક્તિરૂપ ગણાય છે;
વિધિપૂર્વક ભક્તિ તે, વંદન થકી થાય છે,
આગળ દ્વાદશાવર્તમાં, એ વિધિ જણાવાય છે. (૩)

( દ્વાદશાવર્તન વંદન કેવી રીતે કરાય ? )

બે વાંદણાં દેવા વડે, વંદન ત્રીજું કરાય છે,

( ત્રણે વંદન કોને કોને થાય ? )

તેમાં પહેલું માંહોમાંહે, સર્વ સંઘમાં થાય છે;
સાધુ–સાધ્વીને જ વંદન, બીજું થોભ કરાય છે,
ને ત્રીજું આચાર્ય આદિ, પદવીધરને થાય છે. (૪)

[ વંદનનાં પાંચ નામ અને તેને લગતું આવશ્યક નિર્યુક્તિનું કથન ]

આવશ્યક નિર્યુક્તિમાં, વર્ણવેલ વંદન વિધિનાં,
નામ પાંચ ને દ્વાર નવ, છે અહીં પણ તેહનાં;
વંદન કર્મ ચિતિકર્મ, કૃતિકર્મને જાણીએ,
તથા પૂજા કર્મને, વિનયકર્મ જ માનીએ. (૫)

તે કોને કરવું ? કોણે કરવું ? ક્યારે કરવાનું વળી ?,
કરવું કેટલી વાર એ ? કેટલા અવનતો વળી;
શિર નમન કેટલાં ? અને, કેટલા આવશ્યક વડે–
કરાય શુદ્ધ ? ને રહિત, કેટલાં દોષો વડે ? (૬)

કૃતિકર્મ શા માટે કરાય ? સર્વ એ પ્રશ્નો તણા,
જવાબ ગાથામાં નથી તે, જાણવા નીચે તણા;
આચાર્યાદિને સંઘે શાંત, હોય તો વંદન કરે,
બે વારની ગણતરીમાંહે, તેહને એ અનુસરે. (૭)

નમન બે વાર શિષ્યનું, સિદ્ધાંતથી એ જાણવું,
નમન શિરનું ચાર વારે, વંદનમાંહે માનવું;
વંદન શુદ્ધ કરાય છે, પચ્ચીશ આવશ્યકથી,
ને નિર્જરાર્થે થાય છે એ, દોષ બત્રીશ શૂન્યથી. (૮)

[ વંદનનાં ૨૨ દ્વાર અને તેમાં આવતી
હકીકતનું સંક્ષિપ્ત સ્પષ્ટીકરણ. ]

પ્રથમ[૧] દ્વારે આવશે, વંદન પાંચ નામનાં,
બીજા[૨] દ્વારે આવશે, દૃષ્ટાંત પાંચ જ તેહનાં;
વંદન અયોગ્ય પાંચ મુનિ, કહેશે ત્રીજા[૩] દ્વારમાં,
વંદનયોગ્ય પાંચ મુનિ, કહેશે ચોથા[૪] દ્વારમાં. (૯)

અદાતા ચાર વંદનાના, કહેશે પાંચમા[૫] દ્વારમાં,
ચાર દાતા વંદનાના, કહેશે છઠ્ઠા[૬] દ્વારમાં;
નિષેધ વંદન પાંચ સ્થાને, કહેશે સાતમા[૭] દ્વારમાં,
અનિષેધ વળી ચાર સ્થાને, કહેશે આઠમા[૮] દ્વારમાં. (૧૦)

વંદનતણા એ આઠ કારણ, કહેશે નવમા[૯] દ્વારમાં,
પચ્ચીશ આવશ્યક વળી, કહેશે દશમા[૧૦] દ્વારમાં;
પચ્ચીશ પડિલેહણા, મુહપત્તિની અગિયારમાં[૧૧];
દેહની પણ તેજ રીતે, કહેશે બારમા[૧૨] દ્વારમાં. (૧૧)

તજવા યોગ્ય દોષ બત્રીશ, કહેશે તેરમા[૧૩] દ્વારમાં,
છ ગુણ વંદનથી થતા, કહેશે ચૌદમા[૧૪] દ્વારમાં;
કહેશે સ્થાપના ગુરુની, પંદરમા[૧૫] એ દ્વારમાં,
અવગ્રહ બે રીતનો એ, કહેશે સોળમા[૧૬] દ્વારમાં. (૧૨)

કહેશે વંદનસૂત્રના, અક્ષર બસો છવ્વીશને,
સત્તરમા[૧૭] દ્વારે વળી, પચ્ચીશ ગુરુ વર્ણને;
કહેશે દ્વાર [૧૮]અઢારમામાં, પદ અઠ્ઠાવન તેહનાં,
ઓગણીશમા[૧૯] એ દ્વારમાં, છ સ્થાન શિષ્ય પ્રશ્નનાં. (૧૩)

કહેશે છ ગુરુનાં વચણ, વીશમા[૨૦] એ દ્વારમાં,
આશાતના તેત્રીશ કહેશે, એકવીશમા[૨૧] એ દ્વારમાં,

વંદન તણી બે વિધિ કહેશે, બાવીશમા[૨૨] એ દ્વારમાં,
એ રીતે બાવીશ દ્વારો, અહીં કહ્યાં સંક્ષેપમાં. (૧૪)
વંદનતણા કહેવાયેલાં એ, મૂળ બાવીશ દ્વાર છે,
ઉત્તરભેદો તેહના એ, ચારસો ને બાણું છે;
વિસ્તારથી એ વંદનનાં, દ્વાર બાવીશ વર્ણવું,
ક્રમથી વર્ણન તેહનું, નીચે પ્રમાણે જાણવું. (૧૫)

[ ગુરુવંદનનાં પાંચ નામને પ્રતિપાદન કરતું દ્વાર પહેલું. ]

પહેલું વંદન[૧] કર્મ વળી, બીજું ચિત્તિકર્મ[૨] છે,
ત્રીજું કૃતિ[૩] કર્મ અને, ચોથું વિનય[૪] કર્મ છે;
પૂજા[૫] કર્મ પાંચમું એ, પાંચ વંદન નામ છે,
તે સર્વના દ્રવ્ય-ભાવથી, ઓઘે કરી બે ભેદ છે. (૧૬)

[ વંદનનાં પાંચ દૃષ્ટાંતને બતાવતું દ્વાર બીજું. ]

વંદન કર્મ પરે કહ્યું, દષ્ટાંત શીતલાચાર્યનું,
ચિતિકર્મ પરે કહ્યું, દષ્ટાંત [૨]ક્ષુલ્લકાચાર્યનું;
દષ્ટાંત કૃતિકર્મ પરે, વીરકશાલવી [૩]કૃષ્ણનું,
કહ્યું વિનય કર્મ પરે, દષ્ટાંત બે [૪]સેવકનું. (૧૭)
દષ્ટાંત પાલક- [૫]શામ્બનું, પૂજા કર્મ પરે જાણીએ,
પાંચ એ કૃતિકર્મમાંહે, દ્રવ્ય-ભાવથી માનીએ;

[ પાસત્થાદિક પાંચ અવંદનીયનું દ્વાર ત્રીજું. ]

પાસસ્થ[૧] પહેલો ઓસન્ન[૨] બીજો, કુશીલ[૩] ત્રીજો જાણીએ,
સંયુક્ત[૪] ને યથાછંદ એ, ચોથો પાંચમો માનીએ. (૧૮)
ભેદ તેના ક્રમથી બે બે, ત્રણ બે અનેક છે,
નથી નામ એ ગાથા મહીં, તે અહીં જણાવેલ છે;

દેશથી અને સર્વથી, પાસસ્થના બે ભેદ છે.
એ રીતે ઓસન્નના પણ, બે જ ભેદ કહેલ છે. (૧૯)
કુશીલના ત્રણ ભેદ એ, દર્શન–જ્ઞાન–ચારિત્ર છે,
સંસક્તના પણ ભેદ બે, સંકિલષ્ટ અસંકિલષ્ટ છે;
પાંચમા યથાછંદના, અનેક ભેદ કહેલ છે,
અવંદનીય ઉક્ત પાંચે, જિનદર્શને જણાવેલ છે. (૨૦)

[ આચાર્યાદિક પાંચ વંદનીયનું દ્વાર ચોથું. ]

આચાર્ય પહેલા બીજા વાચક, ત્રીજા પ્રવર્તક જાણીએ,
ચોથા સ્થવિર ને પાંચમા રત્નાધિકને માનીએ;
નિર્જરાર્થે પાંચ એ, આચાર્ય આદિને વાંદવા,

[ દીક્ષિત ચાર પાસે વંદના ન કરાવવી, તે સંબંધી દ્વાર પાંચમું. ]

વળી દીક્ષિત ચાર પાસે, વંદના ન કરાવવા. (૨૧)
તે માતા પિતા વડીલ બન્ધુ, દીક્ષિત થયેલા કહ્યા,
તેમજ વયે લઘુ છતાં, સર્વ રત્નાધિક ગ્રહ્યા;

[ ચાર પાસે વંદના કરાવવી, તે સંબંધી દ્વાર છઠું. ]

એ ચાર વિના શેષ સર્વે, શ્રમણ ઈત્યાદિકને,
શાસ્ત્રે કહ્યું કરાવવું, અવશ્ય એ વંદનને. (૨૨)

[ પાંચ સ્થાને વંદન ન કરવાનું દ્વાર સાતમું. ]

જ્યારે ગુરુ ધર્મકાર્યમાં, વ્યગ્ર મનના હોય તો,
વળી પરાઙ્ગમુખ ને, પ્રમાદમાં એ હોય તો;
આહાર યા નિહાર કરતા, અથવા ઈચ્છા હોય તો,
ત્યારે નહિ કદી વાંદવા, વાંદે દોષિત થાય તો. (૨૩)

[ ચાર સ્થાને વંદન કરવાનું દ્વાર આઠમું. ]

ગુરુ જ્યારે પ્રશાંતચિત્તે વર્તતા સ્થિર હોય ને,
સુખાસને બેઠેલા વળી, જણાતા ઉપશાંત હોય ને;
છંદેણુ આદિ વચન કહેવા, તત્પર જો એ હોય તો,
ત્યારે આજ્ઞા માગી ગુરુને, વાંદે મેધાવી શિષ્ય તો. (૨૪)

[ આઠ કારણે વંદના કરવાનું દ્વાર નવમું. ]

પ્રતિક્રમણ[૧] સજ્ઝાય[૨]ને, કાયોત્સર્ગમાંહે[૩] અને,
અપરાધને[૪] ખમાવવા, આવેલ મોટા [૫]સાધુને;
આલોચના[૬] સંવર[૭]વળી, સંલેખનાદિ[૮] કાર્યમાં,
ગુરુવંદન કરવા કહ્યું, એ જ આઠ નિમિત્તમાં. (૨૫)

[ દ્વાદશાવર્તવંદનના પચીસ આવશ્યકનું દ્વાર દશમું. ]

અવનત બે યથાજાત એક, અને આવર્ત્ત બાર છે,
ચાર વાર શીર્ષ નમન, તથા ગુપ્તિ ત્રણ છે;
પ્રવેશ બે વાર વળી, નિષ્ક્રમણ એકવાર છે,
વંદન દ્વાદશાવર્તમાં, આવશ્યક પચીશ એ જ છે. (૨૬)

( પૂર્વોક્ત પચીશ આવશ્યકમાંથી એક પણ
આવશ્યકને વિરાધવાથી કર્મનિર્જરા થતી નથી. )

જે સાધુ દ્વાદશાવર્તથી, વંદન કરતાં ગુરુને,
ઉક્ત એ પચીશમાંથી, વિરાધતાં એક સ્થાનને;
વંદન વડે થતી કર્મની જે, નિર્જરાના ફળતણો,
ભાગી તે બનતો નથી, ઉપયોગ રાખો તે તણો. (૨૭)

[ મુહપત્તિની પચ્ચીશ પડિલેહણાનું દ્વાર અગિયારમું. ]

દૃષ્ટિતણી પડિલેહણા, એકવાર કરવાની જ છે,
પપ્ફોડા છ ઊર્ધ્વ વળી, કરવાના પછી તેહ છે;

અખોડા પખોડા નવ નવ, ત્રણ ત્રણને આંતરે,
કરતાં મુહપત્તિની, પડિલેહ પચ્ચીશ થાય રે. (૨૮)

[ શરીરની પચીશ પડિલેહણાનું દ્વાર બારમું. ]

પ્રથમ ડાબા હાથની, ત્યાર બાદ જમણા હાથની,
પછી શિરની વળી મુખની, તે પછી હૃદયતણી;
ત્રણ ત્રણ પડિલેહણા, એ પ્રદક્ષિણાક્રમે કહી,
પછી ખભાની ઉપર નીચે, પીઠ પર ચાર ગ્રહી (૨૯)
બાદ છ પડિલેહણા, એ પગની કરવી કહી,
એમ એ પચ્ચીશ દેહની, પડિલેહણા છે સહી;

( પૂર્વોક્ત ૨૫ આવશ્યક, મુહપત્તિની અને શરીરની,
૨૫ પડિલેહણા કરવાથી શું ફળ થાય ? )

એ જ ગુરુવંદન તણા, પચ્ચીશ આવશ્યક વિષે,
વળી ઉપલક્ષણ થકી, મુહપત્તિ ને કાયા વિષે. (૩૦)
કહેલા ક્રમે પડિલેહણા, પચ્ચીશ પચ્ચીશમાં વળી,
ત્રિવિધ કરણે કરી, ઉપયોગવંત થઈ વળી;
અન્યૂનાધિક યત્ન, જિમ જિમ જે જીવ આદરે,
તિમ તિમ કર્મનિર્જરા, તે જીવને થયા કરે (૩૧)

[ ગુરુવંદનમાં ( દ્વાદશાવર્ત્તવંદનમાં ) ટાળવા
યોગ્ય ૩૨ દોષને જણાવતું દ્વાર તેરમું. ]

દોષ અનાદૃત[૧] સ્તબ્ધ[૨] પ્રવિદ્ધ[૩] પરિપિંડિત[૪] છે,
ટોલગતિ[૫]ને અંકુશ,[૬] કચ્છપરિંગિત[૭] દોષ છે,
મત્સ્યોદ્વૃત્ત[૮] મનઃપ્રદુષ્ટ,[૯] અને વેદિકાબદ્ધ[૧૦] છે,
ભજન્ત[૧૧]ને ભય[૧૨] ગૌરવ[૧૩] મૈત્રી[૧૪]ને કારણ[૧૫]છે. (૩૨)

વળી સ્તેન[16] પ્રત્યનીકને,[17] રુષ્ટ[18] અને તર્જિત[19] છે,
શઠ[20] તથા હીલિત[21]ને, વિપરિકુંચિત[22] દોષ છે;
દૃષ્ટાદૃષ્ટ[23] શૃંગ[24]ને, કર[25]ને કરમોચન[26] છે,
આશ્લિષ્ટ [27]અનાશ્લિષ્ટ ને, ઊન[28]ઉત્તરચૂડ[29]છે. (૩૩)
મૂક[30]ને ઢઢ્ઢર[31] તથા, ચૂડલિક[32] ચરમ દોષ છે,
ગુરુવંદને બત્રીશ એ, દોષ તજવા યોગ્ય છે;
એ દોષ બત્રીશ શૂન્ય જે, કૃતિકર્મ કરે ગુરુને,
પામે તે અલ્પકાળમાં, મોક્ષ કે વળી સ્વર્ગને. (૩૪)

[ વંદનથી ઉત્પન્ન થતા છ ગુણને જણાવનારું દ્વાર ચૌદમું. ]

વિનયોપચાર માનાદિભંગ, ને પૂજા ગુરુજનની,
તીર્થંકર આજ્ઞા–પાલન, આરાધના શ્રુતધર્મની;
પરંપરાએ પ્રાપ્તિ વળી, પરમપદની હોય છે,
વંદનથી એ છ ગુણો, અવશ્ય ઉત્પન્ન થાય છે. (૩૫)

[ ગુરુના અભાવમાં ગુરુસ્થાપના સ્થાપવા સંબંધી દ્વાર પંદરમું ]

પ્રત્યક્ષ ગુરુતણા અભાવે, ગુરુગુણ યુક્ત ગુરુની,
સદ્ભૂત સ્થાપના સ્થાપવી, અથવા કહેલી નીચેની;
તત્સ્થાને અક્ષાદિકની, અથવા જ્ઞાનાદિકના–
સાધનતણી એ સ્થાપવી, અસદ્ભૂત સ્થાપના. (૩૬)

કયા કયા પદાર્થોમાં ગુરુસ્થાપનના કરાય ? તેમજ તે સ્થાપના કેવા પ્રકારની? અને કેટલા કાળ સુધીની ગણવી ? )

કરાય છે ગુરુ સ્થાપના, અક્ષમાં ને કોડામાં,
કરાય છે વળી કાષ્ઠમાં, પુસ્તકમાં ને ચિત્રમાં;
સદ્ભાવ–અસદ્ભાવની, તે બે રીતે છે સ્થાપના,
ફરી ભેદ બે ઇત્વર અને, યાવત્કથિત બેઉના. (૩૭)

( ગુરુના અભાવે ગુરુની સ્થાપના કરવાનું કારણ શું ?
અને તેની દ્વારા કાર્યસિદ્ધિ કેવી રીતે મનાય ?
એ દૃષ્ટાંત સહિત દર્શાવાય છે. )

ગુરુના વિરહે ગુરુની, જે સ્થાપના કરાય છે,
ઉપદેશ તે ગુરુતણો, દર્શાવવા અર્થે જ છે;
જિનવિરહે જિનબિંબની, સેવા અને આમંત્રણ–
જિમ સફળ થાય છે, તિમ જાણવું અહીં પણ. (૩૮)

[ એ પ્રકારના અવગ્રહને જણાવનારું દ્વાર સોળમું. ]

ચઉદિશિ ગુરુ અવગ્રહ, સાડા ત્રણ જ હાથનો,
સ્વપક્ષે અહીં કહ્યો, પરપક્ષે તેર હસ્તનો;
કહેલ એ અવગ્રહમાં, લીધા વિના ગુરુ આજ્ઞાને,
પ્રવેશ કરવો કલ્પે નહિ, સર્વ સાધુ આદિને. (૩૯)

[ વંદનસૂત્રના સર્વ વર્ણ સંખ્યાનું દ્વાર સત્તરમું. ]

અક્ષર દ્વાર સત્તરમું, સુગમ હોવાથી અહીં,
ગાથામાં કહેલું જે નથી, તે કહ્યું નીચે સહી;
વંદનસૂત્રમાંહિ સર્વે, વર્ણ બસો છવ્વીશ છે,
તેમાં લઘુ બસો એક ને, ગુરુ અક્ષર પચ્ચીશ છે. (૪૦)

[ વંદનસૂત્રની પદસંખ્યાનું દ્વાર અઢારમું. ]

ક્રમે પાંચ ત્રણ બાર બે ને ત્રણ ચાર જાણીએ,
પદ ઓગણત્રીશ એ, છ સ્થાનમાંહે માનીએ;
બાકીના આવસ્સિઆ એ, આદિ ઓગણત્રીશ છે,
સર્વે મળી અઠ્ઠાવન, પદ સૂત્ર વંદનમાંહિ છે. (૪૧)

[ વંદન કરનાર શિષ્યનાં છ સ્થાનનું દ્વાર ઓગણીસમું. ]

ઈચ્છા અનુજ્ઞા સુખશાતા, સંયમયાત્રા વળી,

શરીર સમાધિ અને, અપરાધ ખામણા વળી;
છ સ્થાન એ વંદન કરતાં શિષ્ય–પ્રશ્નનાં જાણીએ;

[ વંદનનાં છ સ્થાનમાં ગુરુના છ વચનનું દ્વાર વીશમું. ]

ગુરોત્તર રૂપ વયણ છ, છ એ સ્થાને જણાવીએ. (૪૨)
છંદેણને અણુજાણામિ, તહત્તિ ત્રીજું જાણવું,
ચોથું તુબ્ભંપિ વટ્ટએ, પાંચમું એવં માનવું;
અહમવિ ખામેમિ તુમં, વયણ છઠ્ઠું એહ છે,
વંદન યોગ્ય ગુરુના, ક્રમથી એ છ વયણ છે. (૪૩)

[ગુરુ પ્રત્યે થતી તેત્રીશ આશાતના ટાળવાનું દ્વાર એકવીશમું.]

ગુરુની થતી આશાતના, તેત્રીશ જણાવાય છે,
તેમાં પુરોગમન[1] પહેલી, બીજી પક્ષગમન[2] છે;
ત્રીજી પૃષ્ઠગમન[3] ને, ચોથી પુરઃસ્થ[4] છે,
પાંચમી પક્ષસ્થ[5] ને, છઠ્ઠી પૃષ્ઠસ્થ[6] છે. (૪૪)
પુરોનિષીદન[7] સાતમી, પક્ષનિષીદન[8] આઠમી,
પૃષ્ઠનિષીદન[9] નવમી, ને આચમન[10] દશમી;
આલોચન[11] અગિયારમી, અપ્રતિશ્રવણ[12] બારમી,
પૂંર્વાલાપન[13] તેરમી, પૂર્વાલોચન[14] ચૌદમી. (૪૫)
પંદરમી પૂર્વોપદર્શન,[15] પૂર્વનિમંત્રણ[16] સોળમી
ખદ્ધદાન[17] એ સત્તરમી, ખદ્ધાદન[18] અઢારમી;
ઓગણીશમી અપ્રતિશ્રરણ,[19] વીશમી ખદ્ધભાષણ,[20]
વળી એ એકવીશમી, તત્રગત ભાષણ.[21] (૪૬)
બાવીશમી કિંભાષણ,[22] તું ભાષણ[23] તેવીશમી,
ચોવીશમી તજ્જાત ભાષણ,[24] નોસુમન[25] પચ્ચીશમી;
નોસ્મરણ[26] છવ્વીશમી, કથાછેદ[27] સત્તાવીશમી,
પરિષદ્ભેદ[28] આશાતના, એ છે અઠ્ઠાવીશમી. (૪૭)

પંન્યાસ શ્રી સુશીલવિજયગણી કૃત

## પ્રકાશિત થયેલી પુસ્તિકાઓ

*　　*　　*

1. શ્રીમહાવીર-સ્તવનમાલા.
2. શ્રીમહાવીર-છત્રીશી.
3. શ્રીનૂતનતીર્થ-સ્તવનમાલા.
4. સ્તુતિ-ચોવીશી. [ દ્વિતીયાવૃત્તિ ]
5. નૂતનજિનસ્તુતિ-સ્તવનાદિ સંગ્રહ. [પાંચ વિભાગમાં] ૦-૬-૦
6. રાત્રિભોજનનો નિષેધ ૦-૫-૦
7. પરમાર્હત મહાકવિ શ્રી ધનપાલ. [ જીવન-ચરિત્ર ] ૦-૮-૦
8. શ્રીચૈત્યવંદનભાષ્યનો છંદોબદ્ધ ભાષાનુવાદ. [ વિવેચન સહિત ] ૦-૮-૦
9. શ્રીવર્દ્ધમાન જિનસ્તોત્ર-દીપિકા. [ શબ્દાર્થ-સ્પષ્ટાર્થ સહિત ] ૦-૪-૦
10. શ્રીસિદ્ધગિરિ-પંચાશિકા. [ ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિઓ અને દુહાઓના સંગ્રહ સહિત ] ૦-૮-૦
11. શ્રીહેમશબ્દાનુશાસન-સુધા. [ પ્રથમ વિભાગ ] [ 'શ્રીસિદ્ધહૈમ' વ્યાકરણોપયોગી અપૂર્વ ગ્રંથ ] ૫-૪-૦
12. સૂરિસમ્રાટ્‌નો પરિચય.
13. તેર કાઠીયા. ૦-૯-૦
14. શ્રીવિજયનેમિસૂરીશ્વર-સ્વાધ્યાય.
15. એ તારા જ પ્રતાપે. [ કર્મસત્તાનો આબેહૂબ ચિતાર ] ૦-૬-૦

૧૬. એ ધર્મના જ પ્રતાપે.
[ધર્મસત્તાનો આબેહૂબ ચિતાર] ૨–૦–૦

૧૭. श्रीरत्नाकर-पञ्चविंशतिका-वृत्तिः ૧–૦–૦

૧૮. श्रीगौतमस्वाम्यष्टक-वृत्तिः
[स्तोत्र–स्तवन–छन्दः–देववन्दन–रासादिसहिता] ૧–૦–૦

૧૯. જૈનધર્મ અને તેની પ્રાચીનતા.
[વેદો અને પુરાણોના પુરાવાઓ તથા વિશ્વવિખ્યાત પાશ્ચાત્ય વિદ્વાનો અને મહાન્ તત્ત્વજ્ઞાનીઓના અભિપ્રાયો સહિત] ૦–૧૨–૦

(जैनधर्म और उसका प्राचीनत्व [અનુ૦ રંજન પરમાર, પૂના સિટી] એ નામે હિંદી અનુવાદ પણ આ પુસ્તિકાનો પ્રસિદ્ધ થયેલ છે.)

૨૦. आत्मनिन्दाद्वात्रिंशिका [प्रकाशवृत्तिसहिता] ૧–૪–૦

૨૧. વર્દ્ધમાન–પંચાશિકા. ૦–૮–૦

૨૨. પ્રભુ મહાવીર-જીવનસૌરભ.
[શ્રમણ ભગવાન્ મહાવીર પરમાત્માના અજોડ જીવનનો આબેહૂબ ચિતાર] ૧–૪–૦

૨૩. શ્રીસિદ્ધચક્ર કુસુમ-વાટિકા. ૦–૫–૦

૨૪. દીક્ષાનો દિવ્ય–પ્રકાશ.
[વિભાગ ૧–૨–૩, પરિશિષ્ટ ૪ સહિત] ૧–૦–૦

૨૫. પ્રભુપ્રાર્થના–અષ્ટક.

૨૬. काव्यानुशासनम् [अवचूरिसहित] ૨–૮–૦

૨૭. આત્મજાગૃતિશતક ૦–૪–૦

૨૮. શ્રીગુરુવંદનભાષ્યનો છંદોબદ્ધ ભાષાનુવાદ.
[ વિવેચનાદિ સહિત ] ૧–૪–૦

卐

## પંન્યાસ શ્રી સુશીલવિજયગણી કૃત
## અન્ય અન્ય ગ્રંથોમાં પ્રકાશિત થયેલા

# અનુવાદો

૧. તાર્કિકશિરોમણિ શ્રીસિદ્ધસેનદિવાકરજી મહારાજ કૃત '**દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકા**'નો **ભાવાર્થ:** ( ૧–૨–૩–૪ નો )

૨. યાકિનીમહત્તરાધર્મસૂનુ શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજ વિરચિત '**શાસ્ત્રવાર્તાસમુચ્ચય**' ગ્રંથનો સંક્ષિપ્ત **ભાવાર્થ:** ( ૧–૨–૩ સ્તબક સુધીનો )

૩. પરમાર્હત મહાકવિ શ્રી ધનપાલ કૃત '**તિલકમંજરી**' કથાનો અતિસંક્ષિપ્ત **ભાવાર્થ:** ( અપૂર્ણ )

૪. કલિકાળસર્વજ્ઞ શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજકૃત '**કાવ્યાનુશાસન**'નો સંક્ષેપાર્થઃ ( પ્રથમાધ્યાયનો )

૫. '**ન્યાયસમુચ્ચય** ન્યાયસંગ્રહ' ગ્રંથનો **સંક્ષિપ્તાર્થ.** )

૬. પરમાર્હત શ્રીકુમારપાલ ભૂપાલ પ્રણીત '**આત્મનિન્દા દ્વાત્રિંશિકા**'-નો **ભાવાર્થ:**

૭. 'શ્રીગૌતમસ્વામ્યષ્ટક'નો **અર્થ:**

૮. શ્રીરત્નાકરપચ્ચીશી'નો **અર્થ:**

卐

# સંપાદિત ગ્રંથો

[१-४] **द्वात्रिंशद्-द्वात्रिंशिकाः** [ श्रीसिद्धसेनदिवाकरसूरीश्वरकृताः ] [ प्रथमा-द्वितीया-तृतीया-चतुर्थी ] ( ગૂર્જર અનુવાદ સહિત )

[५-६] **शास्त्रवार्तासमुच्चयः** [ श्रीहरिभद्रसूरीश्वरकृतः ] [ तत्र प्रथमा विभागः, द्वितीय विभागश्च ] ( ગૂર્જર અનુવાદ સહિત )

[ ७ ] **धातुरत्नाकरः** [ प्रथमो विभागः ] श्रीविजयलावण्यसूरीश्वरकृतः [ द्वितीयावृत्तिः ]

[ ८ ] **धातुरत्नाकरः** [ अष्टमो विभागः ] „

[ ९ ] **न्यायसमुच्चयः सटीकः**

[१०] **काव्यानुशासन-सटीकः** [ प्रथमो भागः ]

卐

## પ્રેસમાં છપાતી પુસ્તિકાઓ

[ ૧ ]

**એ જ અંતરની શુભેચ્છા.**

[ ૨ ]

**શુભનામસ્મરણ-સ્તોત્ર.**

[ ૩ ]

**શ્રીનમસ્કાર-બત્રીશી.**

[ ૪ ]

**સંસ્કૃત ચૈત્યવંદન ચોવીશીનો અર્થ.**

[ ૫ ]

**શ્રીસંઘોપમાસ્તવ-બત્રીશી.**

卐